નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે
GUJARAT TODAY
(Daily)
AHMEDABAD • SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૮.૧૧ |
| પાઉન્ડ | ૧૧૯.૪૬ |
| યુરો | ૧૦૩.૩૨ |
| સઉદી રિયાલ | ૨૩.૪૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૧૩,૦૦૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૪૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૪૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# દેશભરમાં ઓક્ટોબર સુધીમાં વિશેષ સઘન મતદાર યાદી સુધારણા (SIR) શરૂ થવાની શક્યતા

## બિહારની વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થાય એ પહેલા જ રાષ્ટ્રવ્યાપી SIR અંગે ચૂંટણી પંચ જાહેરાત કરી શકે છે અને ઓક્ટોબર સુધીમાં આખા દેશમાં કવાયત શરૂ થઈ જશે તેવું દર્શાવતા ચૂંટણી પંચના સૂત્રો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

બિહારમાં વિરોધ પક્ષો દ્વારા જેની સખત ટીકા કરવામાં આવી રહી છે અને જબરા વિવાદો દેશમાં ઊભા થયા છે એવી વિશેષ મતદાર યાદી સઘન સુધારણાની કવાયત પછી હવે રાષ્ટ્રવ્યાપી મતદાર યાદી સઘન સુધારણા (SIR) કવાયત પણ શરૂ કરવાનું ચૂંટણી પંચે મન બનાવી લીધું હોવાનું જાહેર થયું છે. આજે ચૂંટણી પંચ દ્વારા યોજાયેલી રાજ્યોના ચૂંટણી અધિકારીઓ સાથેની ખાસ મહત્વની અને નિર્ણાયક બેઠકમાં રાષ્ટ્રવ્યાપી કવાયત શરૂ કરવાની તૈયારીઓ પર ઊંડું વિચાર મંથન થયું હતું અને રાષ્ટ્રવ્યાપી કવાયતને આખરી ઓપ આપવામાં આવ્યો છે તેમ જાણવા મળ્યું છે અને ઓક્ટોબર સુધીમાં રાષ્ટ્રવ્યાપી SIRની કવાયત શરૂ થવાની શક્યતા છે તેવું બેઠક પછી ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું.

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશકુમાર દ્વારા હોદ્દો સંભાળવામાં આવ્યા બાદ આવી આ ત્રીજી નિર્ણાયક અને મહત્વની બેઠક યોજાઇ હતી જેમાં પંચના સિનિયર અધિકારીઓએ સઘન સુધારણા કવાયત અંગે અને તેની નીતિ અંગે પંચ સમક્ષ પોતાની વાત રજૂ કરી હતી તેમ જાણવા મળ્યું છે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીએ પણ તેમના અનુભવ વિશેની વિગતો પંચની બેઠકમાં દર્શાવી હતી અને પંચને બિહારની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો.



**બિહાર SIR મામલો અદાલતમાં છે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનરે દેશભરની કવાયત માટે બેઠક બોલીવી અને નિર્ણય પણ લેવાયો**

**દેશના તમામ રાજ્યોના ચૂંટણી અધિકારીઓ સાથે યોજાયેલી નિર્ણાયક અને મહત્ત્વની અને દિવસભર ચાલેલી બેઠક પછી રાષ્ટ્રવ્યાપી SIR અંગે ઊંડું મંથન કરવામાં આવ્યું અને નિર્ણય લેવાયો હોવાનું દર્શાવતા પંચના સૂત્રો**

ચૂંટણી પંચ અગાઉ પણ જાહેર કરી ચૂક્યું છે કે બિહારની મતદાર યાદી સઘન સુધારણા કવાયત પછી રાષ્ટ્રવ્યાપી કવાયત શરૂ કરવામાં આવશે. બેઠકમાં નક્કી થયા મુજબ ઓક્ટોબરમાં આ કાર્યવાહી દેશવ્યાપી ધોરણે શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. પંચના સુત્રો જણાવે છે કે સઘન સુધારણાની કવાયત પાછળનો હેતુ ગેરકાયદે વિદેશી વસાહતીઓને શોધી કાઢીને એમને મતદાર યાદીમાંથી દૂર કરવાનો છે એટલે જ દરેક મતદારના જન્મસ્થળની વિગતો મેળવવામાં આવી રહી છે. પંચના સૂત્રો કહે છે કે મતદાર યાદીઓની પ્રમાણિકતા જાળવી રાખવા માટે ચૂંટણી પંચ પોતાની બંધારણીય ફરજ પરિપૂર્ણ કરવા માટે રાષ્ટ્રવ્યાપી ધોરણે એસઆઈઆરનો પ્રારંભ કરશે. મતદાર યાદીમાં કોઈ ખામીઓ કે ક્ષતિઓ રહે નહીં એ માટે ચૂંટણી અધિકારીઓ એકે એક ઘર સુધી પહોંચીને ચકાસણી કરશે અને વિગતોને એકત્ર કરશે.

વિરોધ પક્ષોએ ભાજપને મદદ કરવા માટે મતદારયાદીઓમાં ફેરફારો કરવામાં આવી રહ્યાના આક્ષેપો કર્યા છે એટલે ચૂંટણી પંચે ગેરકાયદે વસાહતીઓના નામો યાદીમાં સામેલ થઈ ન જાય એ માટે વધારાનું ડેકલરેશન ફોર્મ પણ તૈયાર કર્યું છે જેમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા માંગતા નવા મતદારો અથવા તો રાજયની બહાર ગયેલા કે જવા માંગતા મતદારોએ એ ફોર્મમાં પોતાની વિગતો આપવાની રહેશે. ડેકલેરેશન ફોર્મ એ તમામ નવા નોંધાવવા માંગતા મતદારોએ એવી બાંહેધરી આપવાની રહેશે કે તેમનો જન્મ પહેલી જુલાઈ ૧૯૮૭ પહેલા ભારતમાં થયો હતો અને એમના જન્મની તારીખ અને જન્મસ્થળના પ્રમાણપત્રો પણ આપવાના રહેશે. ફોર્મમાં એક વિકલ્પ એવો પણ છે કે અરજદારનો જન્મ પહેલી જુલાઈ ૧૯૮૭ અને બીજી ડિસેમ્બર ૨૦૦૪ની વચ્ચે ભારતમાં થયો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ કોઈ ખરેખર આ યથાર્થ અને સાચા મતદાર નાગરિકના નામો રહી ન જાય તે સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચને આદેશ આપવામાં આવ્યો છે.

CELEBRATING EXCELLENCE 35 years GT

## બિહારમાં આધારકાર્ડને ઓળખ માટેના ''બારમા દસ્તાવેજ'' તરીકે માન્ય રાખવા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને ચૂંટણી પંચની સૂચના

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ચૂંટણી પંચે બિહારમાં મતદારોની ઓળખ માટેના પુરાવા તરીકે આધારકાર્ડને ''બારમા દસ્તાવેજ તરીકે'' માન્ય રાખવા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને સુચના આપી છે. હવે દરેક મતદાર માટે ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડને પણ બારમા નંબરના દસ્તાવેજ તરીકે માન્ય રાખવામાં આવશે અને બિહારમાં ચાલી રહેલી સઘન મતદાર યાદી સુધારણા કવાયત દરમિયાન આધાર કાર્ડને પણ ઓળખના પુરાવા તરીકે માન્ય રાખવામાં આવશે તેમ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે અને બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ચૂંટણી પંચે એવી પણ સ્પષ્ટતા કરી છે કે માત્ર વ્યક્તિની ઓળખ તરીકે અને તેના પુરાવા તરીકે જ આધાર કાર્ડને સ્વીકારવામાં આવશે પણ એ તેની નાગરિકતાનો પુરાવો ગણવામાં આવશે નહીં. બિહારના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા પંચની કામગીરી કરી રહેલા તમામ અધિકારીઓને પણ પંચના આદેશની જાણ કરી દેવા માટે ચૂંટણી પંચે બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીને આદેશ આપ્યો છે અને કડક અમલ કરવા માટેની સૂચના પણ આપી છે. પંચે જાહેર કર્યું છે કે ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ સ્વીકારવાનો ઈન્કાર કરવાની કોઈપણ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવશે.

## આસામમાં બંગાળી ભાષા બોલતા મુસ્લિમ પરિવારોના ૬૬૭ મકાનો પર બુલડોઝર ફેરવી દેવાયા, માત્ર બે દિવસની નોટિસ આપીને કાર્યવાહી

**ભારતીય સમાજવાદી પાર્ટીના ડેલિગેશને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને અધિકારોના ઉલ્લંઘન તેમજ માનવીય કટોકટી અંગે ઊંડી ચિંતાઓ વ્યક્ત કરી**



(એજન્સી) ગુવાહાટી, તા.૧૦

આસામમાં મુસ્લિમ સમુદાયના અધિકારોનું મોટા પ્રમાણમાં વ્યાપક રીતે ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે અને એ દર્શાવતી વધુ એક ઘટના બની છે. આસામમાં બંગાળી ભાષા બોલતા મુસ્લિમોના ૬૬૭ મકાનોને માત્ર બે દિવસની નોટિસ આપીને તોડી પાડવામાં આવ્યા હતા જેના અંગે સોશિયાલીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાએ ઘેરી ચિંતા દર્શાવી છે અને આ કામગીરીને આ માનવીય તથા ગેરકાનૂની ગણાવીને સખત રીતે વખોડી કાઢી છે. SBI એટલે કે સોશિયાલીસ્ટ પાર્ટીના સંસદીય બોર્ડના ચેરમેન સૈયદ તહેસીન અહેમદે સમગ્ર પરિસ્થિતિને ખૂબ જ ચિંતાજનક અને ઉચાટભરી ગણાવી હતી અને કહ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારો પાસે તેમના મકાનોની માલિકીને લગતા તમામ જરૂરી દસ્તાવેજો હતા છતાં એમના મકાનો અને ધંધા રોજગારના સ્થળોનો નાશ કરી દેવામાં આવ્યો છે અને જાણી જોઈને ઈરાદાપૂર્વક તેમના મકાનોની નિશાન બનાવવામાં આવ્યા છે. આ લોકો અહીં દાયકાઓથી વસવાટ કરતા હતા અને એમના તમામ દસ્તાવેજો પણ યોગ્ય અને કાયદેસરના હતા. કયા કાયદા હેઠળ માત્ર બે દિવસથી નોટિસ આપીને એક આખા ગામનો નાશ કરી નાખવામાં આવ્યો છે તો શું એ વાજબી છે? આસામના એ વિસ્તારની એસપીઆઈના ડેલીગેશનને મુલાકાત લીધી હતી અને જાત માહિતી મેળવી હતી. ડેલિગેશનના સભ્યોએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતો લઈને તેના લોકો સાથે વાતચીત કરી હતી ત્યારે એ લોકોએ તેમની પીડા અને વ્યથાનું વર્ણન કર્યું હતું. સરકારના પગલાઓથી કેવી માનવીય કટોકટી ઉભી થઈ છે તેનો આ નવી કામગીરી પુરાવો છે. અહેમદ જણાવે છે કે હસીલા ભાલ વિસ્તારમાં માત્ર બે દિવસની નોટિસ આપીને ૬૬૭ મુસ્લિમ પરિવારના મકાનો પર બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવ્યા હતા. જેના કારણે ત્રણ લોકોના મૃત્યુ પણ થયાનું ધ્યાનમાં આવ્યું છે. હવે ૩૦૦ એટલા પરિવારો કામ ચલાવવું તંબુઓમાં કરબલા વિસ્તારમાં વસવાટ કરવા માટે મજબૂર બની રહ્યા છે અને આ જગ્યા પણ એક મુસ્લિમ ખેડૂતે એમના માટે આપી હતી. આ ખેડૂત પણ સત્તાવાળાઓ તરફથી હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. જન્નતપુરમાં સ્થાનિક ખેડૂત દ્વારા આપવમાં આવેલી જમીન પર મકાન બનાવનાર ૧૬૧ પરિવારોએ એમના મકાનો ગુમાવી દીધા છે. ધુબરી જિલ્લાના બલસી પારા વિસ્તારમાં ૨૦૦૦ જેટલા પરિવારો વિસ્થાપિત થઈ ગયા છે અને ૧૦,૦૦૦ જેટલા લોકો માટે રહેવા માટેની યોગ્ય વ્યવસ્થા રહી નથી અને ઉપર આભ તથા નીચે ધરતી એવી સ્થિતિમાં જીવી રહ્યા છે. અહેમદ કહે છે કે હજારો લોકો આવી રીતે ખુલ્લા આકાશની નીચે જીવવી રહ્યા છે અને કામચલાઉ તંબુઓ એટલે કે ઝૂંપડા જેવા આશ્રયસ્થાનો એમને આપવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ૨૦૦થી વધુ પોલીસને ગોઠવવામાં આવી છે એટલે અમને અંદર જવા દેવાયો નહોતા પરંતુ એ છાવણીઓમાંથી ૧૦૦ લોકો બહાર આવ્યા હતા અને એમની વ્યથાનું અમારી સમક્ષ વર્ણન કર્યું હતું. SBIનું ડેલીગેશન આસામ સરકારને પણ મળ્યું હતું અને વધુ ડિમોલિશન અટકાવી દેવા માટે તથા વિસ્થાપિત થયેલા પરિવારો માટે પુનઃ વસવાટની અને રહેણાંકની વ્યવસ્થા કરવા માટે રાજ્ય સરકારને અનુરોધ કર્યો હતો.

અહેમદે કહ્યું હતું કે આ માત્ર મકાનો કે મિલકતોનો મામલો નથી પરંતુ એક માનવી ગરિમા અને માન સન્માન સાથે જીવન વિતાવી શકે એ મુદ્દો છે અને તેમની યાતનાની અવગણના કરવી એ સામાજિક અને માનવીય કટોકટી છે. આસામની સરકાર દ્વારા બંગાળી ભાષા મુસ્લિમો સામે કરવામાં આવી રહેલી પક્ષપાતી કાર્યવાહી સામે સોશિયલ મીડિયામાં જબરદસ્ત રોશની લાગણી જન્મી છે અને લોકો આ કાર્યવાહીને પદ્ધતિસરની પક્ષપાતી અને ભેદભાવભરી કાર્યવાહી કરાવી રહ્યા છે જે મુસ્લિમ સમુદાયની લાગણીઓની અવગણના કરતી કામગીરી દર્શાવવામાં આવી રહી છે. અહેમદે આંતરરાષ્ટ્રીય સમાજને તથા સામાજિક સંગઠનોને આ ઘટનાઓની નોંધ લેવા અને મુસ્લિમ સમુદાયને થઈ રહેલો અન્યાય તથા એમની પીડા અને યાતનાઓને અટકાવવા માટે આગળ આવા અનુરોધ કર્યો છે.

## 'અમે દેશભરમાં નાટકીય રીતે વધુ 'મત ચોરી' સાબિત કરીશું' : રાહુલ ગાંધી રાયબરેલીની મુલાકાતે

(એજન્સી) લખનૌ, તા.૧૦

લોકસભામાં વિપક્ષના નેતા (LoP) અને કોંગ્રેસના રાયબરેલીના સાંસદ રાહુલ ગાંધીએ બુધવારે 'મત ચોરી'ના આરોપને પુનરાવર્તિત કરીને ભારતના ચૂંટણી પંચ (ECI) પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધી તેમના સંસદીય મતવિસ્તારની બે દિવસની મુલાકાતે આવ્યા છે. એક કાર્યક્રમ સ્થળે પ્રવેશતા પહેલા પત્રકારો સાથે વાત કરતા ગાંધીએ કહ્યું કે, "મુખ્ય સૂત્ર 'વોટ ચોર, ગદ્દી છોડ' છે અને તે દેશભરમાં સાબિત થઈ રહ્યું છે. અમે તેને વધુને વધુ નાટકીય રીતે વારંવાર સાબિત કરીશું. રાયબરેલી જતા સમયે, તેઓ એક ભોજનશાળા પર રોકાયા અને કોંગ્રેસના કાર્યકરોને સંબોધતા કહ્યું કે પહેલા લોકો ચૂંટણી પ્રક્રિયામાં શંકા અનુભવતા હતા પરંતુ તેમની પાસે પુરાવા ન હતા. પરંતુ હવે અમારી પાસે પુરાવા છે અને મત ચોરી ચાલી રહી છે. આપણે તેને રોકવું પડશે. તેમણે કહ્યું કે પુરાવા રજૂ કરવા અને મત ચોરીનો વિરોધ કરવા છતાં, ચૂંટણી પંચ નિરંકુશ રીતે કાર્ય કરી રહ્યું છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં, તમે કોંગ્રેસનો હાથ છોડ્યો નહીં, અને તે પ્રશંસનીય છે. આ પહેલા, રાયબરેલીમાં ઉત્તર પ્રદેશના બાગાયતી મંત્રી દિનેશ પ્રતાપ સિંહ અને તેમના સમર્થકોએ બુધવારે "રાહુલ ગાંધી પાછા જાઓ" જેવા નારા લગાવતા ધરણા કર્યા ત્યારે તેમને વિરોધનો સામનો કરવો પડ્યો હતો. રાહુલ ગાંધી હરચંદપુર જઈ રહ્યા હતા ત્યારે મંત્રી અને તેમના સમર્થકો કઠવારા ખાતે હાઈવે પર ધરણા પર બેઠા હતા. વિરોધને કારણે ગાંધીના કાફલાને તેના ગંતવ્ય સ્થાનથી લગભગ એક કિલોમીટર દૂર રોકવાની ફરજ પડી હતી.



**લોકસભામાં વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો કે પુરાવા રજૂ કરવા અને મત ચોરીનો વિરોધ કરવા છતાં, ચૂંટણી પંચ સરમુખત્યારશાહીથી વર્તી રહ્યું છે**

## બંધારણમાં સુધારો અથવા સંપૂર્ણ પુનર્લેખન કરવામાં આવે, ૩ દાયકાની લૂંટની તપાસ કરવામાં આવે : નેપાળમાં જનરેશન Z વિરોધીઓની માંગણીઓ

**નેપાળના લશ્કરે દેશભરમાં કફર્યુ લાગુ કર્યો અને પ્રતિબંધક આદેશો અમલમાં મૂકી આગજની હુમલાઓને કાબૂમાં લેવા પગલાં લીધા, સવારથી સાંજે પાંચ વાગ્યા સુધી પ્રતિબંધક આદેશો અને સાંજે છ સુધી કફર્યુ અમલમાં રહેશે**

(એજન્સી) તા.૧૦

નેપાળમાં હિંસક સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો થયાના એક દિવસ પછી બુધવારે વહેલી સવારે સેનાના સૈનિકો કાઠમંડુ અને અન્ય મોટા શહેરોમાં દોડી આવ્યા હતા, પ્રતિબંધો લાગુ કર્યા હતા અને શાંતિ પુનઃસ્થાપિત કરી હતી. નેપાળની સેનાએ મંગળવારે રાત્રે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા કામગીરીની કમાન સંભાળી હતી, તેણે કાઠમંડુ, લલિતપુર અને ભક્તપુર સહિતના શહેરોમાં પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં ''સામાન્ય નાગરિકો અને જાહેર સંપત્તિને ગંભીર નુકસાન'' પહોંચાડતા જૂથોની ચિંતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન કેપી શર્મા ઓલીની આગેવાની હેઠળની સરકારને ઉથલાવી દીધા પછી પણ, નેપાળમાં સ્થિતિ તણાવપૂર્ણ છે કારણ કે Gen-Z વિરોધીઓએ બંધારણીય સુધારા માટે દબાણ કર્યું છે અને દેશની લૂંટાયેલી સંપત્તિની તપાસની માંગ કરી છે. વડાપ્રધાન કેપી શર્માની આગેવાની હેઠળની સરકારને હાંકી કાઢવા માટે મજબૂર કરનારા નેપાળના Gen-Z વિરોધીઓએ રાજકીય અને સામાજિક માંગણીઓ રજૂ કરી છે, જેમાં શાસનમાં વ્યાપક સુધારા અને છેલ્લા ત્રણ દાયકામાં રાજકારણીઓ દ્વારા લૂંટાયેલી સંપત્તિની તપાસની હાકલ કરવામાં આવી છે. તેમણે જાહેર કર્યું છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન જીવ ગુમાવનારા તમામ લોકોને સત્તાવાર રીતે શહીદ તરીકે માન્યતા આપવામાં આવશે, તેમના પરિવારોને રાજ્ય સન્માન, માન્યતા અને રાહત મળશે. આયોજકોએ બેરોજગારી સામે લડવા, સ્થળાંતર રોકવા અને સામાજિક અન્યાયને દૂર કરવા માટે ખાસ કાર્યક્રમોનું પણ વચન આપ્યું હતું. આ આંદોલન કોઈ પક્ષ કે વ્યક્તિ માટે નથી પરંતુ સમગ્ર પેઢી અને રાષ્ટ્રના ભવિષ્ય માટે છે. શાંતિ જરૂરી છે, પરંતુ તે ફક્ત નવી રાજકીય વ્યવસ્થાના પાયા પર જ શક્ય છે. આ જૂથે આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રપતિ અને નેપાળી સેના તેમના પ્રસ્તાવોને સકારાત્મક રીતે અમલમાં મૂકશે.



**તેમની મુખ્ય માંગણીઓ**

- વર્તમાન પ્રતિનિધિ ગૃહનું તાત્કાલિક વિસર્જન, વિરોધીઓ કહે છે કે તેણે જાહેર વિશ્વાસ ગુમાવ્યો છે
- નાગરિકો, નિષ્ણાતો અને યુવાનોની સક્રિય ભાગીદારી સાથે બંધારણમાં સુધારો અથવા સંપૂર્ણ પુનર્લેખન
- વચગાળાના સમયગાળા પછી નવી ચૂંટણીઓ યોજવી, ખાતરી કરવી કે તે સ્વતંત્ર, ન્યાયી અને સીધી જાહેર ભાગીદારી પર આધારિત છે
- સીધા ચૂંટાયેલા કારોબારી નેતૃત્વની સ્થાપના
- છેલ્લા ત્રણ દાયકામાં લૂંટાયેલી સંપત્તિઓની તપાસ, ગેરકાયદેસર મિલકતોનું રાષ્ટ્રીયકરણ
- પાંચ મૂળભૂત સંસ્થાઓમાં માળખાકીય સુધારા અને પુનર્ગઠનઃ શિક્ષણ, આરોગ્ય, ન્યાય, સુરક્ષા અને સંદેશાવ્યવહાર

**નેપાળની અંધાધૂંધીનો દાખલો આપીને મુખ્ય ન્યાયમૂર્તિ ગવઈએ કહ્યું કે આપણા પડોશીઓ તરફ જુઓ, આપણા બંધારણનું મને ગૌરવ છે : તેમણે નેપાળ,બાંગ્લાદેશની સ્થિતિ બતાવીને ભારતીય બંધારણીય શક્તિનો ખ્યાલ આપ્યો**

નેપાળમાં હિંસક સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો થયાના એક દિવસ પછી, વડાપ્રધાન કેપી ઓલીને રાજીનામું આપીને દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી હતી. વર્તમાન શાસનના પતન છતાં, વિરોધીઓ દેશના સંસદ ભવનમાં પ્રવેશ કરીને તેને આગ લગાવી દીધી હતી. સેનાએ ગઈકાલે રાત્રે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા કામગીરીની કમાન સંભાળી લીધી અને અશાંતિને કાબૂમાં રાખવા માટે કાઠમંડુ, લલિતપુર અને ભક્તપુર શહેરો સહિત દેશભરના અનેક વિસ્તારોમાં પ્રતિબંધો લાદ્યા છે. એક નિવેદનમાં, સેનાએ કેટલાક જૂથોની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરી, જે મુશ્કેલ પરિસ્થિતિનો અયોગ્ય લાભ લઈ રહ્યા છે અને સામાન્ય નાગરિકો અને જાહેર સંપત્તિને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યા છે. સોમવારે Gen-Zની આગેવાની હેઠળ ભ્રષ્ટાચાર અને ટૂંકા ગાળાના સોશિયલ મીડિયા પ્રતિબંધ સામેના પ્રદર્શનો દરમિયાન ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત માટે જવાબદારીની માંગણી કરતા સેંકડો વિરોધીઓએ ઓલીના કાર્યાલય પર હુમલો કર્યા બાદ તેઓએ તરત જ રાજીનામું આપી દીધું હતું.

**ક્યા બાત હૈ ?!**

**લે, આ જેન્ટસ છત્રી તું રાખ અને એ લેડીસ છત્રી મને આપી દે !**



- જામી

## કેન્દ્ર સરકારે ઓટો ઉત્પાદક કંપનીઓને GSTના ભાવ દર્શાવતા પોસ્ટર PM મોદીના ફોટા સાથે વિક્રેતા શો-રૂમ પર પ્રદર્શિત કરવાનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૦

કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (KPCC)એ બુધવારે ઓટોમોબાઈલ કંપનીઓ માટે GST ભાવમાં ફેરફાર દર્શાવતા પોસ્ટરો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા પ્રદર્શિત કરવા ફરજિયાત બનાવવાના સરકારના નિર્ણયની ટીકા કરી હતી. ઉદ્યોગ મંત્રાલય (MHI)એ કાર ઉત્પાદકો અને ટુ-વ્હીલર ઉત્પાદકોને તમામ ડીલરશીપ પર આવા પોસ્ટરો લગાવવાનો નિર્દેશ આપ્યો હતો. KPCCએ X પર લખ્યું કે, મોદીએ કાર કંપનીઓ માટે જૂની અને નવી કિંમત યાદીઓ સાથે તેમનો ફોટો પ્રદર્શિત કરવાનું ફરજિયાત બનાવ્યું છે. અમે બધી કંપનીઓને વિનંતી કરીએ છીએ કે તેઓ મોદીજીનો ફોટો ડાબી બાજુ મૂકે, જેઓ જૂના અને ઉચ્ચ GST દરો લાગુ કરવા માટે જવાબદાર હતા. ફૂટવેર કંપનીઓ અને અંડરગાર્મેન્ટ કંપનીઓ ઓર્ડર જારી થાય તેની રાહ જોતા પહેલા તેમના ઉત્પાદનો પર મોદીના ફોટા મૂકવાનું ફરીથી આયોજન કરી રહી છે. મંત્રાલયે સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (SIAM) દ્વારા સૂચનાઓ જારી કરી અને કહ્યું કે, પોસ્ટરોમાં વડાપ્રધાનનો ફોટો પણ શામેલ હોવો જોઈએ. બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલ મુજબ ઓટોમોબાઇલ કંપનીઓના એક્ઝિક્યુટિવ્સે પુષ્ટિ આપી છે કે તેઓ આ પોસ્ટરો ડિઝાઇન કરી રહ્યા છે અને પ્રદર્શન પહેલાં મંજૂરી માટે મંત્રાલયને મોકલી રહ્યા છે. ઉદ્યોગના અન્ય એક સૂત્રએ કહ્યું હતું કે, આ કવાયતથી સેક્ટરને ૨૦-૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે.



**'મોદીજીનો ફોટો ડાબી બાજુ પણ લગાવો' : કોંગ્રેસે વડાપ્રધાનના ફોટા સાથે GST પોસ્ટરો માટેના 'આદેશ'ની ટીકા કરી**

આ અઠવાડિયાના અંત સુધીમાં પોસ્ટરો પ્રદર્શિત થવાની ધારણા છે, જોકે લક્ઝરી કાર કંપનીઓને આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે. મારૂતિ સુઝુકી, હ્યુન્ડાઇ, મહિન્દ્રા અને મહિન્દ્રા, ટાટા મોટર્સ, ટોયોટા અને કિયા જેવા ઓટો ઉત્પાદકોએ પહેલાથી જ પુષ્ટિ કરી છે કે તેઓ GST દરમાં ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને આપશે. GST કાઉન્સિલે નાની કાર (૪ મીટરથી ઓછી, 1200 cc પેટ્રોલ અથવા 1500 cc ડીઝલથી ઓછી) પરનો ટેક્સ ૨૯-૩૧ ટકાથી ઘટાડીને ૧૮ ટકા અને મોટી કાર (૪ મીટરથી વધુ, 1500 cc એન્જિન અને 170 mmથી વધુ ગ્રાઉન્ડ ક્લિયરન્સ) પરનો ટેક્સ ૫૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કર્યો છે. કેન્દ્રએ વળતર સેસ પણ પાછો ખેંચી લીધો છે.

## કોર્બેટના પૂર્વ નિયામક સામે કામ ચલાવવાના CBIના પ્રયાસને ઉત્તરાખંડ દ્વારા નકારી કાઢવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા ટકોર કરવામાં આવી કે 'એ તમારા માટે ખાસ લાગે છે'

નવી દિલ્હી : અનામત કોર્બેટ વન વિસ્તારમાં ગેરકાયદેસર વૃક્ષો કાપવાના અને ગેરકાયદે બાંધકામના કેસમાં વન અધિકારી રાહુલ સામે ઉત્તરાખંડની સરકારે ખુદ ચાર્જશીટ દાખલ કર્યો હતો પરંતુ ગેરકાયદે વૃક્ષોના છેદન અને બાંધકામને લગતા કેસમાં કોર્બેટ ટાઈગર રિઝર્વ વિસ્તારના પૂર્વ નિયામક સામે કેસ ચલાવવાની સીબીઆઈની માગણી ઉત્તરાખંડ સરકારે નકારી કાઢી છે. ઉત્તરાખંડ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના અલગ-અલગ આદેશોને પગલે સીબીઆઈ દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી હતી અને એક સરકારી નોકર દ્વારા વૃક્ષોની ગેરકાયદે કાપણી અને અનામત જંગલ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામોના મામલામાં સંડોવણીની અદાલતે ગંભીર નોંધ લીધી હતી. ઉત્તરાખંડ સરકારે સુપ્રીમમાં એવી એફિડેવિટ કરી હતી કે, રાજ્ય સરકારે ભારતીય વન વિભાગ સેવામાં ફરજ બજાવી રહેલા રાહુલ સામે અગાઉ ચાર્જશીટ દાખલ કરી હતી. સીબીઆઈએ કેસ ચલાવવા માટેની મંજૂરીનો ઈન્કાર કરીને રાજ્ય સરકારે એવી દલીલ કરી છે કે, સીબીઆઈએ કરેલી માગણી માટે કોઈ આધાર નથી સુપ્રીમ કોર્ટે સોમવારે રાજ્ય સરકારના વલણની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે, આ અધિકારી રાજ્ય સરકારને ખાસ લાગે છે. સુપ્રીમે આવતા અઠવાડિયા સુધીમાં આ ખાસ અધિકારી સામે કાર્યવાહીનો નિર્ણય ન લેવાય તો પગલાં લેવાની પણ ચેતવણી આપી છે.

## AI મારફત ઊભા કરવામાં આવેલા પોતાના કથિત અશ્લીલ વીડિયો અને ચિત્રો સામે રક્ષણ આપવા માટે ઐશ્વર્યા રાયનો અદાલતને અનુરોધ, દિલ્હી હાઈકોર્ટ મામલો હાથમાં લેશે

નવી દિલ્હી : વિખ્યાત અભિનેત્રી ઐશ્વર્યા રાય દ્વારા AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગેરકાયદે રીતે પોતાની તસવીરો અને વીડિયો મુકવામાં આવી રહ્યા હોવાની પ્રવૃત્તિઓ સામે દિલ્હી હાઈકોર્ટમાં રક્ષણની અરજી કરી હતી અને પોતાની ગોપનીયતાના વ્યક્તિગત અધિકારોના રક્ષણની માગણી કરી હતી અને બિનઅધિકૃત રીતે પોતાનું નામ કે પોતાની તસવીરો કે AI પ્રેરિત અશ્લીલ સાહિત્ય વાયરલ કરતા લોકોને અટકાવવા હાઈકોર્ટને અપીલ કરી હતી. જસ્ટિસ તેજસ કારિયાએ આ અંગે વચગાળાનો આદેશ આપવાની મૌખિક ખાતરી પણ આપી હતી. સિનિયર એડવોકેટ સંદીપ સેઠીએ ઐશ્વર્યા વતી હાઈકોર્ટમાં અરજી કરી હતી કે, બિનઅધિકૃત રીતે એમની AI પ્રેરિત તસવીરો બનાવીને અને અશ્લીલ વીડિયો બનાવીને ઈન્ટરનેટ પર મુકવામાં આવી રહ્યા છે એટલે એમના વ્યક્તિગત અને અંગત અધિકારોનું રક્ષણ કરવા માટે અભિનેત્રીએ અદાલતમાં અરજ કરી હતી. આવા અશ્લીલ વીડિયો અને તસવીરો સાથે મારા અસીલને કોઈ લેવાદેવા નથી એટલે AIથી આ બધું ઊભું કરવામાં આવે છે તેની સામે ઐશ્વર્યાના ધારાશાસ્ત્રીએ પોતાના અસીલના વ્યક્તિગત અને ગોપનીયતાના અધિકારોનું રક્ષણ કરવા આદેશ આપવાનો હાઈકોર્ટને અનુરોધ કર્યો હતો. વકીલે કહ્યું હતું કે, અન્ય કોઈની જાતીય ઈચ્છાઓને સંતોષવા માટે મારા અસીલનું નામ અને એમના જેવી તસવીરો AIથી જનરેટ કરીને મુકવામાં આવે એ ઘણું જ કમનસીબ છે.

## કેરળમાં કરૂણ રોડ અકસ્માત : પૂરઝડપે જતી બાઈકથી દીકરાને બચાવવા જતા પિતાનું મૃત્યુ થયું, CCTV પર ઘટના વાયરલ

મલપ્પુરમ : કેરળના મલપ્પુરમ જિલ્લામાં રસ્તા પરના અકસ્માતની એક અધિકરણ ઘટના બની હતી જ્યાં રાક્ષસી ઝડપે જઈ રહેલા એક બાઈકથી પોતાના યુવાન દીકરાને બચાવનાર પિતા પોતે બાઈકની ઝપટે ચઢી જતા પિતાનું મૃત્યુ થયું હતું અને આખો વીડિયો પણ વાયરલ થયો છે. મલપ્પુરમ સિટીમાં એક વ્યક્તિએ પોતાની કાર પાર્ક કરી હતી અને પોતાના દીકરાનો હાથ પકડીને રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે ટ્રાફિક લાઈટ પણ બંધ હતી દરમિયાન એક બાઈક સવાર રાક્ષસી ઝડપે ધસી આવ્યો હતો ત્યારે એક જ સેકન્ડમાં પોતાના દીકરાને એ વ્યક્તિએ બાજુએ હડસેલી દીધો હતો અને પોતે ઝપટે ચઢી ગયા હતા અને ગંભીર ઈજાઓને કારણે એ વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

## દિલ્હીના બવાના વિસ્તારમાં સગીરો વચ્ચે છરાબાજીની ઘટનામાં ગંભીર રીતે ઘાયલ; બે સગીરનું હોસ્પિટલમાં મૃત્યુ અને એકને ગંભીર ઈજા

નવી દિલ્હી : દિલ્હીના બવાના વિસ્તારમાં સગીરો વચ્ચે ઝઘડામાં છરાબાજી થઈ જતા રહીમુલ અને ઈમરાન નામના બે તરૂણોનું ગંભીર ઈજા થવાને કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું જ્યારે અબ્દુલ્લા નામના અન્ય એકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો ત્યાં તેની હાલત ગંભીર હોવાનું પોલીસે જાહેર કર્યું હતું. અબ્દુલ્લા નામના તરૂણને અન્ય તરૂણો સાથે કોઈ બાબતે માથાકૂટ થઈ હતી તેના કારણે છરીઓથી એકબીજા પર હુમલા કર્યા હતા જેમાં ત્રણને છરી લાગી ગઈ હતી.

## વડાપ્રધાન મોદીએ પૂરગ્રસ્ત પંજાબ માટે રૂા.૧,૬૦૦ કરોડની સહાયની જાહેરાત કરી

**વડાપ્રધાન પૂરગ્રસ્ત રાજ્ય પંજાબમાં મૃતકોના પરિવારજનોને રૂા. ૨ લાખ અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને રૂ. ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત પણ કરી છે.**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પૂરગ્રસ્ત પંજાબ માટે રૂા. ૧,૬૦૦ કરોડની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી અને તેમણે રાજ્યમાં પૂરથી થયેલા નુકસાનની સમીક્ષા કરી હતી. મોદીએ રાજ્યના બાકી રહેલા ૧૨,૦૦૦ કરોડ રૂપિયા ઉપરાંત સરકારી રાજ્ય માટે આ સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રીએ પૂર અને કુદરતી આફતમાં મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે. અગાઉ, તેમણે પૂરની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પંજાબમાં પૂરગ્રસ્ત વિસ્તારોનો હવાઈ સર્વે પણ કર્યો હતો. મોદીએ પૂરની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પંજાબ અને પડોશી હિમાચલ પ્રદેશની એક દિવસની મુલાકાત લીધી હતી, તેમણે હવાઈ સર્વે કર્યા પછી રાજ્યના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાંના એક ગુરદાસપુર પહોંચ્યા હતા. આ પહેલા, તેમણે હિમાચલની મુલાકાત લીધી અને ત્યાં પૂર અને ભૂસ્ખલનને કારણે થયેલી પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો. ગુરદાસપુરમાં, મોદીએ પૂરગ્રસ્ત લોકો તેમજ NDRF અને SDRF ટીમોને મળ્યા હતા.

## નેપાળમાં જનરેશન ઝેડના આંદોલનની પાછળ આંતરરાષ્ટ્રીય કાવતરાની શક્યતા વિશે લાલબત્તી ધરતા ધાર્મિક નેતા શ્રી શ્રી રવિશંકર

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રી શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે નેપાળમાં થયેલી જાનહાનિ અને જાહેર માલમિલકતોને થયેલું નુકસાન અત્યંત દુઃખદ છે અને હું નેપાળની જનતાને શાંતિ જાળવવા તથા સર્વમાન્ય ઉકેલ માટે શાંતિપૂર્ણ વાટાઘાટો કરવા માટેની અપીલ કરું છું**

નાગપુર : જાણીતા આધ્યાત્મિક નેતા શ્રી શ્રી રવિશંકરે નેપાળમાં થઈ રહેલી સતત હિંસા અંગે ઊંડી ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી અને એવી શક્યતા દર્શાવી હતી કે જનરેશન ઝેડના આંદોલન અને દેખાવો જેનાથી હિમાલયની ગોદમાં આવેલો દેશ હચમચી ગયો છે તેની પાછળ આંતરરાષ્ટ્રીય કાવતરું હોવાની શક્યતા છે. શ્રી શ્રી રવિશંકરે પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે યુવાનોને કોઈ નેતૃત્વ કે દિશા આપવામાં આવ્યા નથી તેથી આશા અને નિરાશા વધતા રહ્યા છે પરંતુ જ્યારે જ્યારે કોઈ લોકચળવળ શરૂ થતી હોય છે ત્યારે અસામાજિક તત્ત્વો તેમાં ઘૂસી જતા હોય છે અને નેપાળના આંદોલનમાં પણ આંતરરાષ્ટ્રીય કાવતરું હોવાની શક્યતા દેખાય છે. આ પહેલા તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર લખ્યું હતું કે નેપાળમાં થયેલી જાનહાનિ અને મિલકતોને થયેલા નુકસાનની ઘટનાઓ અત્યંત કમનસીબ છે અને હું શાંતિ જાળવવા તથા સર્વ સામાન્ય ઉકેલ માટે શાંતિપૂર્ણ વાટાઘાટોને પસંદ કરવાની નેપાળની જનતાને અપીલ કરું છું.

## બળવાખોર નેતામાંથી રાજકારણી બનેલા કેપી શર્મા ઓલી નેપાળને રાજકીય સ્થિરતા આપવામાં નિષ્ફળ રહ્યા છે

**આ ૭૩ વર્ષીય નેતાની હકાલપટ્ટીએ ફરી એકવાર નેપાળને રાજકીય અસ્થિરતામાં ધકેલી દીધું છે, જ્યાં છેલ્લા ૧૭ વર્ષમાં ૧૪ સરકારો બદલી ગઈ છે. નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ મંગળવારે દેશભરમાં સરકાર વિરુદ્ધ ભારે વિરોધ પ્રદર્શનો વચ્ચે રાજીનામું આપ્યું હતું.**

કાઠમંડુ: નેપાળમાં ભૂતકાળમાં ઘણી સરકારોને તોડી પાડનારા અનુભવી રાજકારણી કેપી શર્મા ઓલીએ ૨૦૨૪ માં ત્રીજી વખત સત્તા સંભાળી ત્યારે નેપાળમાં રાજકીય સ્થિરતાની આશા જગાવી હતી, પરંતુ તે તેમના પોતાના કાર્યોને કારણે અલ્પજીવી સાબિત થયું છે. ચીન તરફી વલણ માટે જાણીતા, ઓલીને ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર સરકારી પ્રતિબંધ અંગે યુવાનો દ્વારા કરવામાં આવેલા ભારે વિરોધ પ્રદર્શનો બાદ રાજીનામું આપવાની ફરજ પડી હતી. ૭૩ વર્ષીય નેતાની હકાલપટ્ટીએ ફરી એકવાર નેપાળને રાજકીય અસ્થિરતામાં ધકેલી દીધું છે, જ્યાં છેલ્લા ૧૭ વર્ષમાં ૧૪ સરકારો રહી છે.



તેઓ જુલાઈ ૨૦૨૪ માં સત્તામાં આવ્યા હતા જ્યારે તેમણે તેમના એક સમયના મિત્ર પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' ને પાછળ છોડી દીધા હતા અને તેમના દુશ્મનમાંથી મિત્ર બનેલા શેર બહાદુર દેઉબા સાથે હાથ મિલાવ્યા હતા, જે પ્રતિનિધિ ગૃહમાં સૌથી મોટા પક્ષ (નેપાળી કોંગ્રેસ) નું નેતૃત્વ કરી રહ્યા હતા.

નેપાળમાં ઈન્ટરનેટ પર કડક કાર્યવાહી ઓનલાઈન સ્વતંત્રતાને દબાવવાના વૈશ્વિક વલણનો એક ભાગ છે.

ઓલીએ કિશોરાવસ્થામાં વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને હવે નાબૂદ થયેલી રાજાશાહીનો વિરોધ કરવા બદલ ૧૪ વર્ષ જેલમાં વિતાવ્યા હતા, તેઓ ઓક્ટોબર ૨૦૧૫ માં પ્રથમ વખત નેપાળના વડા પ્રધાન બન્યા હતા. તેમના ૧૧ મહિનાના કાર્યકાળ દરમિયાન, કાઠમંડુના નવી દિલ્હી સાથેના સંબંધો વણસ્યા હતા. તેમણે જાહેરમાં નેપાળની આંતરિક બાબતોમાં દખલ કરવા બદલ ભારતની ટીકા કરી હતી અને તેના પર તેમની સરકારને ઉથલાવી પાડવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, તેમણે બીજા કાર્યકાળ માટે પદ સંભાળતા પહેલા આર્થિક સમૃદ્ધિના માર્ગે આગળ વધવા માટે ભારત સાથે ભાગીદારી કરવાનું વચન આપ્યું હતું.

ઓલી ફેબ્રુઆરી ૨૦૧૮ માં બીજી વખત વડા પ્રધાન બન્યા હતા જ્યારે ઝ્દ્ગ (યુનિફાઇડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ) અને પ્રચંડની આગેવાની હેઠળના ઝ્દ્ગ (માઓવાદી સેન્ટર) વચ્ચેના જોડાણને ૨૦૧૭ ની ચૂંટણીમાં પ્રતિનિધિ ગૃહમાં બહુમતી મળી હતી. તેમની જીત પછી, બંને પક્ષો મે ૨૦૧૮ માં ઔપચારિક રીતે મર્જ થઈ ગયા હતા.

તેમના બીજા કાર્યકાળ દરમિયાન, ઓલીએ દાવો કર્યો હતો કે તેમની સરકારે ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ભારતીય પ્રદેશોનો સમાવેશ કરીને નેપાળના રાજકીય નકશાને ફરીથી બનાવ્યા પછી તેમને હાંકી કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, આ પગલાથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો હતો.

ભારતે નેપાળ દ્વારા તેના સંસદ દ્વારા સર્વાનુમતે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા વિસ્તારો દર્શાવતા દેશના નવા રાજકીય નકશાને મંજૂરી આપવા અને આ પ્રાદેશિક દાવાઓના "કૃત્રિમ વિસ્તરણ"ને "અસહ્ય" ગણાવ્યું હતું.

ઓલીએ પક્ષમાં તેમના હરીફો પર તેમની સરકારને ઉથલાવવાના પ્રયાસો કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ થી ૧૩ મે, ૨૦૨૧ સુધી વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. તેઓ ૧૩ મે, ૨૦૨૧ થી ૧૩ જુલાઈ, ૨૦૨૧ સુધી સેવા આપતા રહ્યા હતા. બાદમાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે ઓલીનો વડા પ્રધાન પદનો દાવો ગેરબંધારણીય હતો.

૨૨ ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ પૂર્વી નેપાળ જિલ્લાના તેરહાથુમમાં જન્મેલા ઓલી મોહન પ્રસાદ અને મધુમાયા ઓલીના સૌથી મોટા સંતાન છે. તેમની માતા શીતળાથી મૃત્યુ પામ્યા પછી તેમની દાદીએ તેમનો ઉછેર કર્યો હતો. તેમણે ધોરણ ૯ માં શાળા છોડી દીધી હતી અને રાજકારણમાં જોડાયા હતા. જોકે, તેમણે જેલમાંથી આર્ટ્સમાં ઈન્ટરમીડિયેટ સ્તરનું શિક્ષણ મેળવ્યું હતું. તેમની પત્ની, રચના શક્ય પણ એક સામ્યવાદી કાર્યકર છે, અને તેઓ બંને પાર્ટી પ્રવૃત્તિઓ દરમિયાન મળ્યા હતા.

ઓલીએ ૧૯૬૬ માં રાજાના સીધા શાસન હેઠળની નિરંકુશ પંચાયત વ્યવસ્થા સામેની લડાઈમાં જોડાઈને વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ ફેબ્રુઆરી ૧૯૭૦ માં નેપાળની કોમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા હતા. પાર્ટીનું સભ્યપદ લીધા પછી તરત જ તેઓ ભૂગર્ભમાં ગયા. તે જ વર્ષે, પંચાયત સરકારે તેમની પહેલી વાર ધરપકડ કરી હતી. ૧૯૭૧ માં, તેમણે ઝાપા બળવાનું નેતૃત્વ સંભાળ્યું હતું.

ઓલી નેપાળના એવા રાજકીય નેતાઓમાંના એક છે જેમણે ઘણા વર્ષો જેલમાં વિતાવ્યા. ૧૯૭૩ થી ૧૯૮૭ સુધી તેમને સતત ૧૪ વર્ષ જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલમાંથી મુક્ત થયા પછી, તેઓ ૧૯૯૦ સુધી લુમ્બિની ઝોનના પ્રભારી તરીકે યુએમએલના કેન્દ્રીય સમિતિના સભ્ય બન્યા હતા. ૧૯૯૦ ની લોકશાહી ચળવળ બાદ ઓલી દેશમાં એક લોકપ્રિય નેતા બન્યા હતા.

૧૯૯૧ માં, તેઓ પ્રજાતાંત્રિક રાષ્ટ્રીય યુવા સંઘના સ્થાપક અધ્યક્ષ બન્યા. એક વર્ષ પછી, તેઓ પાર્ટીના પ્રચાર વિભાગના વડા બન્યા અને નેપાળી રાજકારણમાં પોતાને એક મુખ્ય વ્યક્તિ રહ્યા છે. તેઓ ૧૯૯૧ માં ઝાપા જિલ્લામાંથી પ્રથમ વખત પ્રતિનિધિ ગૃહના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

ઓલી ૧૯૯૪ અને ૧૯૯૫ માં ગૃહમંત્રી તરીકે પણ સેવા આપી હતી. તેઓ ૧૯૯૯ માં ઝાપા મતદારક્ષેત્ર નંબર ૨ થી પ્રતિનિધિ ગૃહમાં ફરીથી ચૂંટાયા હતા. બીજા જન આંદોલનના સફળ સમાપન પછી ૨૦૦૬ માં ગિરિજા પ્રસાદ કોઈરાલાના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન તેમણે નાયબ વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. ઓલી ૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ ના રોજ બીજી બંધારણ સભામાં ઝ્દ્ગ-સ્ન્ સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટાયા હતા, અને ઓક્ટોબર ૨૦૧૫ માં પ્રથમ વખત વડા પ્રધાન બન્યા ત્યારે તેમણે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું હતું.

## આ કારણોસર ટીવીએસ જેવા સ્કૂટર અને ટુ-વ્હીલર ઉત્પાદકો વર્ષોમાં શ્રેષ્ઠ તહેવારોની મોસમ જોઈ શકે છે

**૨૦૨૦થી ઘટતા વેચાણથી ફસાયેલા ટુ-વ્હીલર ઉત્પાદકો માટે ૨૦૨૫ની તહેવારોની મોસમ વર્ષોમાં શ્રેષ્ઠ હોઈ શકે છે**

(એજન્સી) તા.૧૦

૨૦૧૮-૧૯ નાણાકીય વર્ષમાં ભારતમાં ટુ-વ્હીલરનું વેચાણ ટોચ પર હતું, પરંતુ છ વર્ષ પછી પણ તે તે સ્તરથી નીચે છે. છેલ્લા કેટલાક મહિનામાં વેચાણ ખાસ કરીને ધીમું રહ્યું છે, વધતા ખર્ચ અને ચોમાસાના વહેલા વરસાદને કારણે નુકસાન થયું છે. તાજેતરમાં જાહેર કરાયેલા GST કાપ આ બાબતને બદલી શકે છે, ઉદ્યોગ અધિકારીઓ આને કેટલાક સમયમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ તહેવારોની મોસમ હોવાની અપેક્ષા રાખે છે.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટો મેન્યુફેક્ચરર્સ (SIAM)ના જણાવ્યા અનુસાર માર્ચ ૨૦૧૯માં પૂરા થયેલા વર્ષમાં ભારતમાં ૨.૧૧ કરોડથી થોડા વધુ ટુ-વ્હીલર વેચાયા હતા. માર્ચ ૨૦૨૫માં પૂરા થયેલા વર્ષમાં, તે આંકડો ૧.૯૬ કરોડ હતો.

આ વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં, ટુ-વ્હીલરનું વેચાણ ૬ ટકાથી વધુ ઘટીને લગભગ ૪૭ લાખ યુનિટ થયું. કાચા માલના ખર્ચ તેમજ સમય જતાં નિયમનકારી ફેરફારોને કારણે વધતા ભાવે ટુ-વ્હીલર્સની માંગ પર અસર કરી છે, ખાસ કરીને એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં. આ વર્ષે મે મહિનામાં અણધાર્યા ભારે વરસાદને કારણે ગ્રામીણ વેચાણ પર પણ અસર પડી છે.

GST કાઉન્સિલે ગયા અઠવાડિયે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સના સંપૂર્ણ સુધારાને મંજૂરી આપી હતી, જે તેને ૫ ટકા અને ૧૮ ટકાના બે મુખ્ય સ્લેબમાં સરળ બનાવશે અને કેટલાક લક્ઝરી સિન ગુડ્સ પર ૪૦ ટકા વસૂલવામાં આવશે. 350cc એન્જિન ક્ષમતાથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હીલર પર હવે ૧૮ ટકા GST લાગશે, જે પહેલા ૨૮ ટકા હતો.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ ઘટાડા સાથે મોટાભાગની દૈનિક જરૂરિયાતો પર વ્યાપક આધારિત કર ઘટાડાથી ગ્રાહકોના હાથમાં વધુ પૈસા રહેશે, જે માંગને વેગ આપશે.

ટીવીએસ મોટર કંપનીના એસવીપી અને કોમ્યુટર અને ઈવી બિઝનેસના વડા અનિરૂદ્ધ હલદારે જણાવ્યું હતું કે, 'આ વર્ષે અમે શ્રેષ્ઠ તહેવારોની મોસમ બનવાની રાહ જોઈ રહ્યા છીએ,'. 'આ (GST કાપ) ફક્ત એક ઉદ્યોગ પૂરતો મર્યાદિત નથી અને વધુ મહત્ત્વનું એ છે કે [GST સુધારા] જે પ્રકારની ભાવના લાવે છે - મારા ખિસ્સામાં પૈસા હશે. તે પ્રકારની સકારાત્મકતા પછી સંપત્તિમાં ફેરવાય છે, જે તહેવારોની ખરીદીમાં ખાસ કરીને ઓટોમોટિવમાં, નોંધપાત્ર બને છે.'

ટીવીએસે સ્કૂટરમાં બજાર હિસ્સો મેળવવાનું ચાલુ રાખ્યું છે, તેના જ્યુપિટર પેટ્રોલ સ્કૂટર અને આઈક્યુબ ઈલેક્ટ્રિક સ્કૂટરને મજબૂત આકર્ષણ મળ્યું છે.

હલદારે GST કાપ મુદ્દે ઉમેર્યું કે, 'અમે છેલ્લા ૬ વર્ષોમાં વિવિધ પ્રકારના કારણોસર, વિવિધ નિયમોને કારણે ટુ-વ્હીલરના સંપાદન ખર્ચમાં ૪૦-૫૦ ટકાનો વધારો થયો છે. આ તેના પર એક મોટો ફેરફાર છે,'.

કંપનીએ ગયા અઠવાડિયે તેનું નવીનતમ સ્કૂટર Ntorq 150 રજૂ કર્યું હતું, જે સ્પોર્ટી ટુ-વ્હીલર ઈચ્છતા લોકોને લક્ષ્ય બનાવે છે. આ સ્કૂટર, જે લગભગ ૬.૩ સેકન્ડમાં ૦-૬૦ કિમી સુધી દોડી શકે છે અને તેમાં ABS અને ટ્રેક્શન કંટ્રોલ સિસ્ટમ, રેસ અને સ્ટ્રીટ મોડ, ૫૦થી વધુ કનેક્ટેડ ફીચર્સ સાથે TFT સ્ક્રીન જેવી સેગમેન્ટ-ફર્સ્ટ ફીચર્સ છે, તેની કિંમત રૂા.૧.૧૯ લાખ એક્સ-શોરૂમ છે. GST પહેલાના ઘટાડાથી કિંમતોમાં ઘટાડો થયો છે, તેથી ૨૨ સપ્ટેમ્બરથી કિંમતોમાં ઘટાડો થશે.

હલ્દરના મતે, આ સેગમેન્ટ સૌથી ઝડપથી વિકસતું રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટુ-



વ્હીલરના વેચાણમાં વાર્ષિક ૨ ટકાનો ચક્રવૃદ્ધિ દર નોંધાયો છે, જ્યારે સ્કૂટર ત્રણ ગણા ઝડપથી વધ્યા છે અને સ્પોર્ટી સ્કૂટર છ ગણા ઝડપથી વધ્યા છે.

મજબૂત વૃદ્ધિથી ઉત્સાહિત, સ્કૂટર (પેટ્રોલ અને ઈલેક્ટ્રિક સહિત) હવે કુલ ટુ-વ્હીલર ઉદ્યોગમાં ૩૯ ટકા હિસ્સો ધરાવે છે. હલદર અપેક્ષા રાખે છે કે આ વલણ વેગ પકડશે.

તેમણે કહ્યું, 'જેમ-જેમ આપણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધરે છે, જેમ-જેમ શહેરીકરણ સુધરે છે, જેમ-જેમ કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી સુધરે છે, તેમ-તેમ આ બધું ભારતીય રસ્તા પર વધુ મજબૂત સ્કૂટરાઈઝ્ડ વાતાવરણ તરફ ઈશારો કરે છે,'.

ટીવીએસ પહેલાથી જ સ્પોર્ટી સ્કૂટર સેગમેન્ટમાં આગળ છે, જે ઉદ્યોગમાં લગભગ ૧ લાખ યુનિટ ધરાવે છે અને હલદરને વિશ્વાસ છે કે તે Ntorq 150 સાથે આ હિસ્સાને મજબૂત બનાવશે.

ટીવીએસ ઈલેક્ટ્રિક સ્કૂટર ક્ષેત્રમાં પણ ઝડપથી ગતિશીલ રહ્યું છે, છેલ્લા સતત પાંચ મહિનાથી ટોચનું સ્થાન મેળવ્યું છે. તેણે તાજેતરમાં રોજિંદા મુસાફરોને લક્ષ્ય બનાવતું નવું ઓર્બિટર ઈલેક્ટ્રિક સ્કૂટર લોન્ચ કર્યું છે અને તેની એક્સ-શોરૂમ કિંમત રૂા.૯૯,૯૦૦ છે.

હલદરએ ભાર મૂક્યો કે, 'અમે ખાતરી કરીએ છીએ કે અમે અમારા ગ્રાહકોનો ટ્રેક રાખીએ અને દરેક નોંધપાત્ર ઉભરતા ગ્રાહક સેગમેન્ટમાં સંબંધિત ઓફરો ઓફર કરતા રહીએ... જીએસટી (કટ)ના રૂપમાં આવેલા આ દિવાળી બોનાન્ઝા સાથે, અમે આ વર્ષ આગળ વધવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ,'.

ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલે જણાવ્યું છે કે, જીએસટીમાં ઘટાડાથી માંગ પહેલા કરતા ૨૦૦ બેસિસ પોઈન્ટ (૨ ટકા પોઈન્ટ) વધશે. તે ચાલુ નાણાકીય વર્ષમાં ટુ-વ્હીલર વેચાણ વોલ્યુમ ૫-૬ ટકા વધવાની ધારણા રાખે છે.

GST ઘટાડાને સંપૂર્ણપણે પસાર કરવામાં આવ્યા બાદ, ટુ-વ્હીલરના ભાવમાં ૩,૦૦૦-૭,૦૦૦ રૂપિયાનો ઘટાડો થવાની ધારણા હોવાનું ક્રિસિલ રેટિંગ્સના સિનિયર ડિરેક્ટર અનુજ સેઠીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, 'નવરાત્રી અને તહેવારોની મોસમ સાથે દર ઘટાડાથી, ભાવનાને સમયસર વેગ મળશે. નવા લોન્ચ હળવા વ્યાજ દર અને સુધારેલી પરવડે તેવી ક્ષમતા સાથે, આ ઓટોમોબાઈલ ક્ષેત્ર માટે બીજા ભાગમાં મજબૂતી લાવશે,'.

એન્ટ્રી-લેવલ મોટરસાયકલો અને સ્કૂટર પર GST ઘટાડવાથી નોંધપાત્ર ફાયદો થશે. એક્સિસ સિક્યોરિટીઝના શ્રીધર કલાનીના મતે, ખાસ કરીને 100-125cc કોમ્યુટર સેગમેન્ટમાં, જે ભાવ-સંવેદનશીલ ખરીદદારોને પૂરી પાડે છે, તેમાં પરવડે તેવી ક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે.

તેમણે જણાવ્યું હતું કે, હીરો મોટોકોર્પ, બજાજ ઓટો અને ટીવીએસ મોટર જેવા બજારના નેતાઓને આ સુધારાથી સીધો ફાયદો થશે, કારણ કે, ગ્રામીણ અને અર્ધ-શહેરી બજારોમાં વોલ્યુમ રિકવરી બીજા અર્ધવાર્ષિક ગાળાથી અર્થપૂર્ણ રીતે ઝડપી થઈ શકે છે.

## કેનેડાએ ૨૦૨૫માં ૮૦% ભારતીય વિદ્યાર્થી વિઝા નકારી કાઢ્યા, વિદ્યાર્થીઓ માટે હવે આ દેશ ટોચની પસંદગી રહ્યો નથી

**કેનેડા, જે એક સમયે વિદેશમાં અભ્યાસ કરવા માંગતા લોકો માટે ટોચનું સ્થળ હતું, તેણે ૨૦૨૫માં ભારતીય વિદ્યાર્થીઓ માટે ૮૦% વિઝા અરજીઓ નકારી કાઢી છે, જે આ એક દાયકામાં સૌથી વધુ છે. વિદેશમાં અભ્યાસ કરવા માંગતા ભારતીયોમાંથી માંડ ૯% લોકો હવે તેને ટોચની પસંદગી તરીકે જુએ છે. વધતી જતી અનિશ્ચિતતા અને વધતા પડકારો સાથે, કેનેડામાં અભ્યાસ મુશ્કેલ છે અને ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા માટે કયા નવા માર્ગો અપનાવી રહ્યા છે ?**

(એજન્સી) તા.૧૦

કેનેડા, જે એક સમયે વિદેશમાં અભ્યાસ કરવા માંગતા લોકો માટે ટોચનું સ્થળ હતું, તેણે ૨૦૨૫માં ૬૨% વિઝા અરજીઓ નકારી કાઢી છે, જે એક દાયકામાં સૌથી વધુ છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) અનુસાર, ૨૦૨૫માં, કેનેડાએ ૮૦% ભારતીય વિદ્યાર્થી વિઝા અરજીઓ નકારી કાઢી હતી, જે એક દાયકામાં સૌથી વધુ છે. ડેટા મુજબ, ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે. આ ફેરફાર પ્રવેશના આંકડામાં જોઈ શકાય છે. કેનેડિયન સરકાર દ્વારા રજૂ કરાયેલા ડેટાના આધારે, કેનેડાએ ૨૦૨૪માં ફક્ત ૧.૮૮ લાખ નવા ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો. બે વર્ષ પહેલાં, આ સંખ્યા બમણી હતી. ભારતીય વિદ્યાર્થીઓની ટોચની પસંદગી પણ બદલાઈ ગઈ છે, જર્મનીએ ૩૧% સાથે કેનેડાને પાછળ છોડી દીધું છે. કેનેડાની પસંદગી ૨૦૨૨માં ૧૮%થી ઘટીને ૨૦૨૪માં ૯% થઈ ગઈ છે. દશકોથી, યુએસ અને કેનેડા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક આકર્ષણ રહ્યા છે. એ વાસ્તવિકતાને નકારી શકાય નહીં કે જ્યારે યુએસએ વિદેશી વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂક્યો છે અને વિઝા નિયમો કડક કર્યા છે, ત્યારે ઉત્તર અમેરિકન દેશ, વધારાનું સ્વાગત કરવાને બદલે, તેના દરવાજા વધુ ઝડપથી બંધ કરી રહ્યો છે.

**કેનેડા શા માટે આ દરવાજા બંધ કરી રહ્યું છે**

ઘરેલુ રહેઠાણની અછત, માળખાગત સુવિધાઓના દબાણ અને સ્થાનિક રાજકીય માંગણીઓએ ઓટાવાને આ કાર્યવાહી કરવાની ફરજ પાડી છે. વિદ્યાર્થીઓએ હવે મજબૂત નાણાકીય દસ્તાવેજો, વિગતવાર અભ્યાસ યોજનાઓ અને ભાષા પરીક્ષણ પરિણામો પ્રદાન કરવા પડશે. લઘુત્તમ નાણાકીય જરૂરિયાત બમણી થઈને CA$૨૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે. કાર્યના નિયમો પણ કડક છે. કોલેજોના સ્નાતકો માટે ભાષા આવશ્યકતાઓ કડક છે, અને કેટલીક પોસ્ટ-ગ્રેજ્યુએશન રોજગાર તકો દૂર કરવામાં આવી છે. ઓટાવાએ વિદ્યાર્થી ડાયરેક્ટ સ્ટ્રીમ પણ બંધ કરી દીધી છે, જે અગાઉ ઝડપી વિઝા મંજૂરીઓની સુવિધા માટે ઉપલબ્ધ હતી. સરકાર ૨૦૨૫માં ૪૩૭,૦૦૦ અભ્યાસ પરમિટ આપશે, જે ગયા વર્ષ કરતા લગભગ ૧૦% ઓછી છે. આમાંથી, ૭૩,૦૦૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે, ૨,૪૩,૦૦૦ અંડરગ્રેજ્યુએટ અને અન્ય વિદ્યાર્થીઓ માટે, અને લગભગ ૧,૨૦,૦૦૦ નવીકરણ અને શાળાના વિદ્યાર્થીઓ માટે હશે.

**વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીઓ પર અસર**

કેટલાક લોકો માટે, કેનેડામાં કોલેજ કાયમી નિવાસનો માર્ગ હતો. તેમનું ભવિષ્ય શંકામાં છે. વિદેશી ટ્યુશન ફી પર આધાર રાખતી યુનિવર્સિટીઓ હવે નાણાકીય દબાણ હેઠળ છે. નાની કોલેજો વ્યવસાયમાંથી બહાર નીકળી શકે છે અથવા મોટી કોલેજો સાથે મર્જ કરવી પડી શકે છે. નિષ્ણાતોએ ચેતવણી અને મુખ્ય મુદ્દા એ છે કે જેમ જેમ વધુ વિદેશી યુનિવર્સિટીઓ વિવિધ દેશોમાં કેમ્પસ સ્થાપી રહી છે, તેમ તેમ વિદેશ જવાની યોજના બનાવી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા પર અસર પડી રહી છે. ભૌગોલિક રાજકીય મુશ્કેલીઓ અને કાયદાકીય પડકારો વચ્ચે, ઘણી બધી ટોચની ૫૦ યુએસ યુનિવર્સિટીઓએ મધ્ય પૂર્વ અને APACમાં વૈશ્વિક કેમ્પસ સ્થાપ્યા છે,

**નવા કેન્દ્ર તરીકે જર્મનીનો ઉદય**

અપગ્રેડ રિપોર્ટમાં જણાવાયું છે કે કેનેડા તેના દરવાજા બંધ કરી રહ્યું છે, ત્યારે જર્મની વિદેશી વિદ્યાર્થીઓ માટે પ્રિય સ્થળ બની ગયું છે. તેની અર્થવ્યવસ્થા, ઓછી કે મફત જાહેર યુનિવર્સિટીઓ અને વધતા જતા અંગ્રેજી ભાષાના કાર્યક્રમો રેકોર્ડ સંખ્યામાં વિદ્યાર્થીઓને આકર્ષી રહ્યા છે. જર્મનીમાં ઉછાળો જોવા મળી રહ્યો છેઃ જર્મનીના ફેડરલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણી બમણી થઈ ગઈ છે, અને ૪૯,૫૦૦ (૨૦૨૩)થી લગભગ ૬૦,૦૦૦ (૨૦૨૫) સુધી નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ટેકનોલોજી, મેનેજમેન્ટ અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રો માટે, જર્મની ઉત્તર અમેરિકાની તુલનામાં ઓછા ખર્ચે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડે છે. અહીં નીતિઓ પણ વધુ અનુકૂળ છે. આ ફક્ત દેશોના દરવાજા બંધ કરવા વિશે નથી, પરંતુ માંગમાં પરિવર્તન વિશે છે. ભારતીય વિદ્યાર્થીઓ વધુને વધુ એવા સ્થળો તરફ જોઈ રહ્યા છે જ્યાં રોજગાર અને લાંબા ગાળાના કારકિર્દી માટે વધુ સારા માર્ગો છે. યુએસ, યુકે અને કેનેડા જેવા સ્થાપિત નેતાઓ સ્થાનિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાથી તેમનું આકર્ષણ ગુમાવી રહ્યા છે, વિદ્યાર્થીઓ ગુણવત્તા અને ખર્ચને સંતુલિત કરીને ઝડપથી અનુકૂલન કરી રહ્યા છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે ભારતે પણ પુનર્વિચાર કરવાની જરૂર છે. "આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક રહેવા માટે, ભારતે તેની સંશોધન તીવ્રતા વધારવી પડશે, હાલમાં GDPના માત્ર ૦.૭% છે, જ્યારે વૈશ્વિક સરેરાશ ૨.૫% છે," જર્મનીનો ઉદય એક નવા યુગનું ચિહ્ન છે. માતાપિતા માટે, સંદેશ સ્પષ્ટ છેઃ વિદેશી શિક્ષણ હવે સરળ નથી. વિશ્વ શિક્ષણનો નકશો બદલાઈ રહ્યો છે, અને વિદ્યાર્થીઓએ હવે ઝડપથી આગળ વધવાની જરૂર છે.

## અમેરિકામાં વિમાન ઈજનેર તરીકે અંધ ચીની અનાથને નવું જીવન મળ્યું

**● ચીનમાં એક વખત ત્યજી દેવાયેલા અંધ ચીની અનાથને દત્તક લીધા પછી તેણે અમેરિકામાં વિમાન ઈજનેર તરીકે કારકિર્દી બનાવી ● ગુઆંગસીની શેરીઓમાં અંધ અને ત્યજી દેવાયેલા એક ચીની વ્યક્તિને અમેરિકન પરિવાર દ્વારા દત્તક લીધા પછી યુનાઈટેડ સ્ટેટ્સમાં વિમાન ઈજનેર બનવા માટે તમામ અવરોધોનો સામનો કર્યો છે. હવે અલાબામામાં રહેતા વેઈ મીન પેટ્રિકે વર્ષોની ઉપેક્ષા અને મુશ્કેલીઓનો સામનો કરીને અડગતાં અને સિદ્ધિ દ્વારા જીવન સાર્થક કરી બતાવ્યું**

(એજન્સી) તા.૧૦

મીડિયા અહેવાલ મુજબ પેટ્રિકે મેઈનલેન્ડ સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો કે, તેના દાદાએ તેને ત્રણ વખત ત્યજી દેવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં એક વખત તેને તળાવમાં ધકેલી દેવામાં આવ્યો હતો અને પછી તેને બચાવી લેવામાં આવ્યો હતો અને અનાથાશ્રમમાં મોકલવામાં આવ્યો હતો. તેની બહેન જોકે દૂર રહેતી હતી, તે શરૂઆતના વર્ષો દરમિયાન તેનો એકમાત્ર પ્રેમનો સ્ત્રોત હતી.

**બાળપણમાં એક વળાંક :** સાત વર્ષની ઉંમરે, પેટ્રિકને એક અનાથાશ્રમમાં મૂકવામાં આવ્યો હતો જ્યાં તેણે આખરે તેની દૃષ્ટિ સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી. ત્યાં તે યુએસના એક અંગ્રેજી શિક્ષકને મળ્યો જે લાંબા સમયથી ચાર બાળકોની ઈચ્છા રાખતો હતો. તેણે તરત જ પેટ્રિકને તે બાળક તરીકે ઓળખી કાઢ્યો જેને તે શોધી રહી હતી. ૧૦ વર્ષની ઉંમરે, તેને દત્તક લેવામાં આવ્યો, યુનાઈટેડ સ્ટેટ્સ લાવવામાં આવ્યો અને તેના ત્રણ જૈવિક બાળકો સાથે ઉછેરવામાં આવ્યો. તેની દત્તક માતા વિશે બોલતા, પેટ્રિકે કહ્યું કે, તેણે ક્યારેય તેની સાથે અલગ વર્તન કર્યું નહીં. તેના બદલે, તેણે તેને સ્વતંત્રતા શીખવી, તેને ઘરકામની ફરજો વહેંચવા માટે પ્રોત્સાહિત કરી અને તેના બધા બાળકોને ભાષાઓ, ગણિત અને ઈતિહાસમાં ઘરે શિક્ષણ આપ્યું. તેણે ચર્ચમાં સ્વયંસેવા પણ આપી, બેઘર લોકોને મદદ કરી અને બીમાર લોકોની સંભાળ રાખી.

**શૈક્ષણિક અને વ્યાવસાયિક સફળતા પ્રાપ્ત કરી :** તેના ટેકાથી, પેટ્રિકે માધ્યમિક શાળામાંથી સ્નાતક થયા અને પિયાનો પ્રદર્શન અને એરોસ્પેસ એન્જિનિયરિંગ બંનેમાં ડિગ્રી મેળવી. તેમણે WKRG-TV સાથેની એક મુલાકાતમાં સમજાવ્યું કે, એક અંધ વિદ્યાર્થી માટે, પિયાનો શીખવાનો અર્થ દરેક નોંધ યાદ રાખવી. તેમના એન્જિનિયરિંગ પ્રોફેસરે તેમને એક 'અપવાદરૂપ વિદ્યાર્થી' તરીકે વર્ણવ્યા જેમણે ક્યારેય અંધત્વને બહાનું તરીકે ઉપયોગ કર્યો નહીં. પેટ્રિકે સ્વીકાર્યું કે, તેમને ઘણીવાર તેમના સાથીદારો કરતાં વધુ મહેનત કરવી પડતી હતી, તેમના અભ્યાસ ચાલુ રાખવા માટે વિમાનની રચનાની કલ્પના કરવાનું શીખવતા હતા. આજે તે એરબસમાં કામ કરે છે પરંતુ એક દિવસ નાસામાં જોડાવાનું સ્વપ્ન જુએ છે.

**પોતાના વતન તરફ :** પેટ્રિક તાજેતરના વર્ષોમાં ચીન પણ પાછો ફર્યો છે, શાંઘાઈ, બેહાઈ અને તેના વતન ગુઈલિનની મુલાકાત લીધી છે. તેણે લોકોની હૂંફની પ્રશંસા કરી અને હોટપોટ, લુઓસિફેન અને પરંપરાગત મસાજનો આનંદ માણવા વિશે પ્રેમથી વાત કરી. તે ચાઈનીઝ શીખી રહ્યો છે અને દર વર્ષે તેની મુલાકાત લેવાની આશા રાખે છે. પોતાના જન્મદાતા માતાપિતાને શોધતો ન હોવા છતાં, તેણે તેની મોટી બહેનને શોધવાની આશામાં ગુઆંગશી પોલીસને ડીએનએ સબમિટ કર્યું છે.

## સોનાનો ભાવ ૫,૦૮૦ રૂપિયા વધીને ૧.૧૨ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની વિક્રમી સપાટીએ

**ચાંદીના ભાવ પણ ૨,૮૦૦ રૂપિયા વધીને ૧,૨૮,૮૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામની નવી ટોચે પહોંચ્યા**

(એજન્સી) તા.૧૦

મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૫,૦૮૦ રૂપિયા વધીને ૧,૧૨,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યા, જે વૈશ્વિક સ્તરે મજબૂત વલણોને અનુરૂપ છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું સોમવારે ૧,૦૭,૬૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. ચાંદીના ભાવ પણ મંગળવારે ૨,૮૦૦ રૂપિયા વધીને ૧,૨૮,૮૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત)ની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. પાછલા બજાર સત્રમાં આ કિંમતી ધાતુ ૧,૨૬,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર સ્થિર થઈ હતી. મંગળવારે વૈશ્વિક બજારોમાં સોનાનો ભાવ ઔંસ દીઠ $3,659.27ની સર્વકાલીન સપાટીએ પહોંચ્યો. બાદમાં આ કિંમતી ધાતુ $16.81 અથવા ૦.૪૬ ટકા વધીને $3,652.72 પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે, ગયા અઠવાડિયે યુએસમાં નબળા શ્રમ બજારના ડેટાએ નાણાકીય નીતિમાં સરળતા લાવવાની શક્યતા વધારી છે, જેના કારણે રોકાણકારો સોના જેવી સલામત સંપત્તિ તરફ આગળ વધ્યા છે. ડોલરના ઘટાડાથી બુલિયનના ભાવમાં વધારાને વધુ ટેકો મળ્યો. દરમિયાન ડોલર ઈન્ડેક્સ, જે છ ચલણોની ટોપલી સામે ગ્રીનબેકની મજબૂતાઈનું માપન કરે છે, તે ૯૭.૨૯ પર ટ્રેડ થઈ રહ્યો હતો, તે ૦.૧૭ ટકા ઘટ્યો હતો.

## કરિશ્મા કપૂરના બાળકોસંજય કપૂરની રૂા.૩૦,૦૦૦ કરોડની સંપત્તિમાં હિસ્સો મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટના દ્વારે; સાવકી માતા પર વસિયતનામામાં ફેરફાર કરવાનો આરોપ

**● કરિશ્મા કપૂરના બાળકો, કિયાન અને સમાયરા, તેમના પિતાના મૃત્યુ અંગે દિલ્હી હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો છે ● કરિશ્મા કપૂરના પુત્ર કિયાન અને પુત્રી સમાયરા, સંજય કપૂરના મૃત્યુ કેસમાં એક નવો વળાંક લઈને દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. સોના કોમસ્ટારના દિવંગત ચેરમેનના મૃત્યુ સમયે પ્રિયા સચદેવ સાથે લગ્ન થયા હતા અને તેમનાથી તેમનો એક પુત્ર હતો. તે પહેલાં તેમના લગ્ન કરિશ્મા સાથે થયા હતા અને તેમના થકી કિયાન અને સમાયરા હતા**

(એજન્સી) તા.૧૦

**પ્રિયા સચદેવ સામે ગંભીર આરોપો :** બાર અને બેન્ચના અહેવાલ મુજબ ભાઈ-બહેનોએ આરોપ લગાવ્યો છે કે, તેમની સાવકી માતા પ્રિયા કપૂર, સંજય કપૂરની ત્રીજી પત્ની, સંપત્તિ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં તેમની વસિયતનામામાં બનાવટ કરી હતી. તેઓ હવે તેમના પિતાની સંપત્તિમાં પણ હિસ્સો મેળવવા માંગે છે. બાળકોએ આરોપ લગાવ્યો છે કે, તેમની સાવકી માતાએ, બે સહયોગીઓ, દિનેશ અગ્રવાલ અને નીતિન શર્મા સાથે મળીને, ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક કૌટુંબિક બેઠકમાં રજૂ કરતા પહેલા સાત અઠવાડિયાથી વધુ સમય માટે વસિયતનામાને રોકવાનું કાવતરૂં ઘડ્યું હતું. દાવામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 'વાદીઓએ દલીલ કરી છે કે વાદીના પિતા દ્વારા કથિત રીતે અમલમાં મુકવામાં આવેલ વસિયતનામા કાયદેસર અને માન્ય દસ્તાવેજ નથી, તે નકલી અને બનાવટી છે અને કોઈપણ સંજોગોમાં શંકાસ્પદ સંજોગોમાં ઘેરાયેલો છે. આ કારણોસર ન તો વાદીઓને કથિત વસિયતનામાનું મૂળ દસ્તાવેજ બતાવવામાં આવ્યું છે કે ન તો કથિત વસિયતનામાની નકલ પૂરી પાડવામાં આવી છે,'. બાળકોએ કોર્ટને વિનંતી કરી છે કે તેઓને ઔપચારિક રીતે વર્ગ Iના કાનૂની વારસદાર તરીકે માન્યતા આપવામાં આવે અને તેમના પિતાની વિશાળ સંપત્તિના વિભાજનનો આદેશ આપવામાં આવે, જેમાં દરેકને પાંચમા ભાગનો હિસ્સો મળે.

**સંજય કપૂરનું બાળકોને વચન :** વાદીઓ દલીલ કરે છે કે ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ યુકેના વિન્ડસરમાં પોલો રમતી વખતે તેમના પિતાના અચાનક અવસાન સુધી, તેઓ તેમની સાથે ગાઢ સંબંધો ધરાવતા હતા, જેમાં વારંવાર મુસાફરી, રજાઓ અને તેમના વ્યવસાય અને વ્યક્તિગત સફળતાઓમાં નિયમિત સામેલગીરીનો સમાવેશ થાય છે. કેસના વાદીઓએ પ્રિયા કપૂર પર શરૂઆતમાં કોઈપણ વસિયતનામાના અસ્તિત્વને નકારવાનો અને એવો દાવો કરવાનો આરોપ મૂક્યો છે કે સંજય કપૂરની બધી સંપત્તિ આર.કે. ફેમિલી ટ્રસ્ટ હેઠળ રાખવામાં આવી હતી. જોકે, તેઓ દાવો કરે છે કે તેણે પાછળથી ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ એક દસ્તાવેજ રજૂ કર્યો હતો, જેને તેણે વસિયતનામા તરીકે વર્ણવ્યો હતો, જેનાથી બનાવટી અને હેરાફેરીની શંકા ઉભી થઈ હતી.

# ગેરકાયદેસર આંતરધાર્મિક લગ્નો રદ કરી શકાય છે, પુરાવાનો સમગ્ર ભાર આરોપી પર મૂકવામાં આવ્યો : રાજસ્થાનમાં ધર્માંતરણ વિરોધી બિલ પસાર કરવામાં આવ્યું

### મંગળવારે પસાર થયેલા બિલમાં બળજબરીથી કરવામાં આવતા, કપટપૂર્ણ ધાર્મિક પરિવર્તનોને રોકવા માટે આજીવન કેદની સજા અને મિલકતોનો નાશ કરવાનો પણ પ્રસ્તાવ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

રાજસ્થાન ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ બિલ ૨૦૨૫માં કડક કલમો અને આજીવન કેદ અને બળજબરીથી કરવામાં આવતા અને કપટપૂર્ણ ધાર્મિક પરિવર્તનને રોકવા માટે બુલડોઝર કાર્યવાહી સહિત કડક સજાઓ છે. રાજસ્થાન વિધાનસભામાં મંગળવારે પસાર થયેલા બિલ અનુસાર પૂર્વજોના ધર્મમાં ફરીથી રૂપાંતર એ ધાર્મિક પરિવર્તનની વ્યાખ્યામાં સામેલ નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ વ્યક્તિ મૂળ ધર્મ એટલે કે પૂર્વજોના ધર્મમાં ફરીથી ધર્માંતર કરે છે, તો તેને આ કાયદા હેઠળ ધર્માંતરણ માનવામાં આવશે નહીં. આ પેટા-કલમના હેતુ માટે મૂળ ધર્મ એટલે કે પૂર્વજોનો ધર્મ એટલે એવો ધર્મ જેમાં વ્યક્તિના પૂર્વજો/પૂર્વજો શ્રદ્ધા, માન્યતા ધરાવતા હતા અથવા તે વ્યક્તિના પૂર્વજો/પૂર્વજો દ્વારા સ્વેચ્છાએ અને મુક્તપણે પાળવામાં આવતો હતો. બિલમાં કહેવામાં આવ્યું છે કે, 'ગેરકાયદેસર ધર્માંતરણ અથવા તેનાથી વિપરીત' હેતુ માટે કરવામાં આવેલા લગ્નોને રદબાતલ જાહેર કરવામાં આવશે અને 'પુરાવાનો બોજ' આરોપી પર રહેશે. આ ધર્માંતરણ ખોટી રજૂઆત, ખોટી માહિતી, બળજબરી, અનુચિત પ્રભાવ, બળજબરી, પ્રચાર, સમજાવટ, ઉશ્કેરણી, લાલચ, ઓનલાઈન વિનંતી અથવા કોઈપણ કપટપૂર્ણ માધ્યમથી અથવા લગ્ન અથવા લગ્નના બહાના દ્વારા કરવામાં આવ્યું ન હતું તે સાબિત કરવું તે વ્યક્તિ પર છે જેણે ધર્માંતરણ કરાવ્યું છે અને આવા ધર્માંતરણમાં મદદ કરનાર અથવા પ્રોત્સાહન આપનાર પર છે. આ બિલ ડિજિટલ માધ્યમો દ્વારા ધર્માંતરણના પ્રયાસોની નોંધ લે છે. ખોટી રજૂઆત, ખોટી માહિતી, બળજબરી, અનુચિત પ્રભાવ, બળજબરી, લાલચ, ઓનલાઈન વિનંતી અથવા કોઈપણ કપટપૂર્ણ માધ્યમથી અથવા લગ્ન અથવા લગ્નના બહાના દ્વારા એક ધર્મથી બીજા ધર્મમાં ગેરકાયદેસર ધર્માંતરણ પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવા અને તેની સાથે જોડાયેલા અથવા આનુષંગિક બાબતો માટે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વિશ્વ હિન્દુ પરિષદ સહિત તેના આનુષંગિક સંગઠનો (VHP) રાજસ્થાનમાં ધર્માંતરણ તેમજ 'લવ જેહાદ'ના કેસોને ઉજાગર કરી રહ્યા છે. જુલાઈમાં VHPના કેન્દ્રીય પ્રમુખ આલોક કુમારે 'ધર્માંતરણ વિરોધી કાયદો'ની માગણી કરવા માટે મુખ્યમંત્રી ભજનલાલ શર્માને મળ્યા હતા. આ બિલ પસાર થતાં રાજસ્થાન ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત જેવા રાજ્યોની યાદીમાં જોડાઈ ગયું છે જ્યાં પહેલાથી જ ધર્માંતરણ વિરોધી કાયદાઓ છે. વિપક્ષ કોંગ્રેસ ધર્માંતરણ વિરોધી બિલની ટીકા કરી રહી છે અને રાજસ્થાન વિધાનસભામાં ચર્ચામાં ભાગ લીધો નથી. નવા બિલમાં અગાઉના બિલની તુલનામાં વધુ કડક દંડની જોગવાઈ છે, જે અગાઉના સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ આ વર્ષની શરૂઆતમાં પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. દાખલા તરીકે કોઈના પૂર્વજોના ધર્મમાં ફરીથી ધર્માંતરણ બિલના પાછલા સંસ્કરણનો ભાગ નહોતું. ઉપરાંત મંગળવારે પસાર થયેલા બિલમાં, ધર્માંતરણ અથવા કોઈપણ ફરિયાદ સંબંધિત કોઈપણ માહિતી ફક્ત પીડિત વ્યક્તિ અથવા તેમના લોહીના સંબંધીઓ દ્વારા જ નોંધાવી શકાય છે, પરંતુ હવે તે 'કોઈપણ વ્યક્તિ' દ્વારા કરી શકાય છે. તેમાં એ પણ સામેલ હતું કે ગેરકાયદેસર ધાર્મિક ધર્માંતરણના સંબંધમાં કોઈપણ વિદેશી અથવા ગેરકાયદેસર સંસ્થાઓ પાસેથી પૈસા મેળવનારને સખત સજા થઈ શકે છે. ૧૦ વર્ષથી ઓછી નહીં તેવી સજા જે ૨૦ વર્ષ



સુધી વધી શકે છે અને ૨૦ લાખ રૂપિયાનો દંડ છે. બળજબરીથી ધર્મ પરિવર્તન માટે સજા વધુ કડક છે અને કેટલાક કિસ્સાઓમાં તેમાં આજીવન કેદનો પણ સમાવેશ થાય છે. બિલ મુજબ ધાર્મિક પરિવર્તનમાં સામેલ સંસ્થાઓની ઈમારતો પર બુલડોઝર કાર્યવાહી કરી શકાય છે. જો કે, આ કાર્યવાહી સામૂહિક ધર્મ પરિવર્તન માટે ઉપયોગમાં લેવાતી અથવા અતિક્રમણ માટે દોષિત ઠરેલી મિલકતો પર કરવામાં આવશે. એ જ રીતે ગેરકાયદેસર ધર્મ પરિવર્તન માટે ઉપયોગમાં લેવાતી મિલકત તપાસ પછી જપ્ત કરવામાં આવશે પછી ભલે તે કૃત્યો માલિકની સંમતિથી કરવામાં આવ્યા હોય કે વગર કરવામાં આવ્યા હોય. આ મિલકતમાં એવી મિલકતનો સમાવેશ થાય છે જે આ કાયદા હેઠળ દોષિત વ્યક્તિની છે અથવા અન્યની છે પરંતુ વપરાયેલી મિલકતના માલિકની સંમતિથી અથવા વગર દોષિત ઠરેલી વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર ધર્મ પરિવર્તન માટે ઉપયોગમાં લેવાય છે. ગેરકાયદેસર ધર્મ પરિવર્તન કરવાના દોષિતોને '૭ વર્ષથી ઓછી નહીં પરંતુ ૧૪ વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે અને પાંચ લાખ રૂપિયાથી ઓછું નહીં તેવા દંડને પણ પાત્ર હોઈ શકે છે.' જો આવા કિસ્સાઓમાં સગીર, અપંગ વ્યક્તિ, મહિલા અને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના વ્યક્તિનો સમાવેશ થાય છે, તો ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને ૨૦ વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે. દંડ ઓછામાં ઓછો ૧૦ લાખ રૂપિયા હશે. સામૂહિક ધર્મ પરિવર્તનના કિસ્સામાં સજા '૨૦ વર્ષથી ઓછી નહીં પરંતુ આજીવન કેદ સુધીની કેદની સજા હશે, જેનો અર્થ તે વ્યક્તિના કુદરતી જીવનના બાકીના સમય માટે કેદ થશે અને દંડ પણ ૨૫ લાખ રૂપિયાથી ઓછો નહીં હોય'. આ કાયદા અથવા તેના હેઠળ બનાવેલા કોઈપણ નિયમ અથવા આદેશ અનુસાર કોઈપણ બાબત માટે કોઈપણ અધિકારી અથવા ફરિયાદી સામે કોઈ દાવો, કાર્યવાહી અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં. પાછલા સંસ્કરણથી વિપરીત આ નવું બિલ સંસ્થાઓને બધી કાનૂની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, અનાથાલયો, વૃદ્ધાશ્રમ, હોસ્પિટલો, ધાર્મિક મિશનરીઓ, બિન-સરકારી સંસ્થાઓ અને જાહેર પાત્રના આવા અન્ય સંગઠનો તરીકે વ્યાખ્યાયિત કરે છે. બિલના નવીનતમ સંસ્કરણમાં 'પ્રચાર' શબ્દનો સમાવેશ થાય છે. તે 'ખોટી રજૂઆત, બળજબરી દ્વારા ગેરકાયદેસર રૂપાંતરણનું કારણ બને છે અથવા તેને સરળ બનાવવાના હેતુથી, કોઈપણ માધ્યમ (મુદ્રિત સામગ્રી, પ્રિન્ટ મીડિયા, સોશિયલ મીડિયા, મેસેજિંગ એપ્લિકેશન્સ અથવા કોઈપણ અન્ય ડિજિટલ મોડ) દ્વારા ખોટી માહિતી સહિત માહિતી, વિચારો અથવા માન્યતાઓનો પ્રસાર' છે.

# રાજસ્થાનના ભાજપના ધારાસભ્યએ કોંગ્રેસના નેતાઓ રફીક ખાન અને અમીન કાગઝીને તેમના મૂળ ધર્મ (હિન્દુ ધર્મ)માં પાછા ફરવા અંગે ટિપ્પણી કરી : વિધાનસભામાં વિવાદ

### કોંગ્રેસના હોબાળા વચ્ચે ભાજપ-નિયંત્રિત વિધાનસભા દ્વારા પસાર કરાયેલા રાજસ્થાન ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ બિલ (૨૦૨૫) અંગે વિવાદ થયો છે

(એજન્સી) તા.૧૦

રાજસ્થાન ભાજપના ધારાસભ્ય ગોપાલ શર્મા દ્વારા 'ધર્માંતર વિરોધી બિલ'ના સંદર્ભમાં કરાયેલી એક એવી ટિપ્પણી કે કોંગ્રેસના નેતાઓ રફીક ખાન અને અમીન કાગઝીએ 'તેમના મૂળ ધર્મમાં પાછા ફરવું જોઈએ' તે પછી આ રાજ્યના રાજકીય પરિદૃશ્યમાં વિવાદ ઊભો થયો છે. ખાને એક ઉર્દૂ શેર અને તીક્ષ્ણ ટિપ્પણી સાથે જવાબ આપ્યો કે, 'જો તમે બળજબરીથી થતાં ધર્માંતરણનો સામનો કરવા માટે ગંભીર છો, તો ગોપાલ શર્માથી જ શરૂઆત કરો.'

ખાન, જે વિપક્ષના મુખ્ય દંડક પણ છે, તેમણે આ શેર કહ્યો કે- બરબાદ એ ગુલિસ્તા કે લીએ એક હી ઉલ્લુ કાફી હૈ, યહાં હર શાખ પર ઉલ્લુ બૈઠે હૈ, અંજામ એ ગુલિસ્તા ક્યાં હોગા ('એક જ ઘુવડ સમગ્ર બગીચાને નષ્ટ કરવા માટે પૂરતું છે અને હવે દરેક ડાળી પર એક ઘુવડ બેઠેલું છે – આ બગીચાનું શું થશે ?')

કોંગ્રેસના નેતાના કાવ્યાત્મક ખંડન પછી ભાજપના ધારાસભ્ય પોતાની દલીલ પર અડગ રહ્યા કે 'મોટાભાગના મુસ્લિમો ધર્માંતરિત છે અને તેઓએ તેમના મૂળ ધર્મમાં પાછા ફરવું જોઈએ'. જો તેઓ પાછા ફરે તો તેમના પૂર્વજોના આત્માઓને શાંતિ મળશે.

વિપક્ષી ધારાસભ્યોએ આ સત્રનો બહિષ્કાર કર્યો હતો. શાસક ભાજપનો દાવો છે કે, આ બિલ 'ખોટી રજૂઆત, ખોટી માહિતી, બળજબરી, અનુચિત પ્રભાવ, બળજબરી, લાલચ, ઓનલાઈન વિનંતી, લગ્નના બહાના દ્વારા ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તનને પ્રતિબંધિત કરે છે'. તેની સજાઓમાં આજીવન કેદથી લઈને રૂા.૧ કરોડના દંડ સુધીની સજાનો સમાવેશ થાય છે. વધુમાં જ્યાં 'ગેરકાયદેસર' સામૂહિક ધર્મ પરિવર્તન થાય છે તે મિલકતો જપ્ત



અથવા તોડી પાડી શકાય છે.

ઉપરાંત જે પુરૂષો અને સ્ત્રીઓએ પોતાનો ધર્મ પસંદ કરવાના અધિકારનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું છે તેઓએ દસ દિવસની અંદર જિલ્લા કલેક્ટર સમક્ષ હાજર થઈને તેમની ઓળખ સ્થાપિત કરવી અને 'વિગતો' પૂરી પાડવી પડશે.

આ ચર્ચાના સંદર્ભમાં ગોપાલ શર્માએ ધર્માંતરણ કરનારાઓને 'પોતાના મૂળ ધર્મમાં પાછા ફરવા' વિનંતી કરી હતી અને ખાસ કરીને તેઓએ રફીક ખાન અને અમીન કાગઝીનું નામ લીધું હતું. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પોતાની પસંદગીના ધર્મનો સ્વીકાર, પાલન અને પ્રચાર કરવાના બંધારણીય રીતે ગેરંટીકૃત અધિકારોનો ઉલ્લેખ કરીને આ કાયદાનો બચાવ કર્યો છે. ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર સંબંધિત કાયદો પહેલાથી જ વિવિધ રાજ્યોમાં અસ્તિત્વમાં છે પરંતુ રાજસ્થાનમાં આ વિષય પર કોઈ કાયદો નથી. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર ધર્માંતરણ પર પ્રતિબંધ મૂકવા માટે આ કાયદો ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# 'વોટ ચોરીની ક્રોનોલોજી સમજો' : કોંગ્રેસનો આરોપ

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે ભારતના ચૂંટણી પંચ (ECI)ને બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન ઓળખ ચકાસણી માટે આધાર કાર્ડને ૧૨મા માન્ય દસ્તાવેજ તરીકે ગણવાનો નિર્દેશ આપ્યાના એક દિવસ પછી રાજ્યના કોંગ્રેસ એકમે 'વોટ ચોરી'ના ઘટનાક્રમનું પોતાનું સંસ્કરણ રજૂ કર્યું હતું.

દિલ્હીના ઈન્દિરા ભવન ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં બિહાર કોંગ્રેસના પ્રભારી કૃષ્ણા અલ્લાવરૂએ 'વોટ ચોરી'નું આયોજન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે




### પાર્ટીનો આરોપ છે કે, PM મોદી અને અમિત શાહે સુનિયોજિત ષડ્યંત્રના ભાગરૂપે દેશમાં 'મત ચોરી'ને સંસ્થાકીય બનાવી દીધી છે

જણાવ્યું કે, મત ચોરીની સમગ્ર પ્રક્રિયા ચાર વ્યવસ્થિત તબક્કામાં હાથ ધરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી અને અમિત શાહે એક સુનિયોજિત ષડ્યંત્રના ભાગરૂપે દેશમાં મત ચોરીને સંસ્થાકીય બનાવી દીધી છે.

**કોંગ્રેસના મતે આ તબક્કાઓ નીચે મુજબ છે :**

**૧. ચૂંટણી પંચની પસંદગી પ્રક્રિયામાં છેડછાડ :** નરેન્દ્ર મોદીએ ભારતના મુખ્ય ન્યાયાધીશની ભૂમિકા દૂર કરીને અને તેના બદલે ગૃહમંત્રીને સીધા સામેલ કરીને મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીની પદ્ધતિમાં ફેરફાર કર્યો હતો.

**૨. ચૂંટણી કમિશનરો માટે કાનૂની કવચ :** કાયદામાં અનુગામી ફેરફારોથી ચૂંટણી કમિશનરો સામે કોઈ કાર્યવાહી થઈ શકતી નથી, જેના કારણે જવાબદારી દૂર થઈ જાય છે.

**૩. મતદાર યાદીઓ સાથે છેડછાડ :** મતદાર યાદીઓમાં મોટા પાયે છેડછાડ કરવામાં આવી હતી જે એક હકીકત છે અને જે હવે રાષ્ટ્ર સમક્ષ ખુલ્લી પડી ગઈ છે.

**૪. મતદાન અને ગણતરી દરમિયાન હેરાફેરી :** ભાજપ માત્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જ નહીં પરંતુ મત ગણતરી દરમિયાન પણ હેરાફેરી કરે છે.

અલ્લાવરૂએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન મોદીના વારાણસી મતવિસ્તારને મત ચોરીના સૌથી સ્પષ્ટ ઉદાહરણ તરીકે દર્શાવ્યું : 'લાઈવ અપડેટ્સમાં કોંગ્રેસના ઉમેદવાર (ઉત્તરપ્રદેશ કોંગ્રેસના વડા અજય રાય) ઘણા રાઉન્ડ સુધી આગળ હતા. પરંતુ લાઈવ ફીડ બંધ થતાંની સાથે જ અંતિમ ગણતરીમાં નરેન્દ્ર મોદીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.'

તેમણે દલીલ કરી કે મત ચોરીમાં સામેલ શાસનને લોકોની પરવા નથી : 'આ મત ચોર સરકાર મોંઘવારી, બેરોજગારી, નબળી શિક્ષણ, નિષ્ફળ આરોગ્યસંભાળ, સામૂહિક સ્થળાંતર, વધતો ગુના અને પરીક્ષાના પેપર લીક જેવા મુદ્દાઓ પ્રત્યે સંપૂર્ણપણે ઉદાસીન છે. શું કોંગ્રેસ તેમના બિહાર ચૂંટણી પ્રચારનો મુખ્ય મુદ્દો મત ચોરી બનાવશે તે અંગે પૂછવામાં આવતા અલ્લાવરૂએ જવાબ આપ્યો : 'મત ચોરી એ લોકો જે દરેક સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેનું મૂળ કારણ છે. બિહારનું ભાગ્ય બદલવા માટે સરકાર બદલવી જ જોઈએ.'

બિહાર કોંગ્રેસના પ્રમુખ રાજેશ રામે કહ્યું કે, 'મત ચોરીનો અર્થ ફક્ત મતપત્રો ચોરી કરવાનો નથી. તે અધિકારો, અનામત, રોજગાર, શિક્ષણ, લોકશાહી અને આપણા યુવાનોના ભવિષ્યની ચોરી છે. સીએલપી નેતા શકીલ અખ્તરે અવલોકન કર્યું કે : તાજેતરની મતદાર અધિકાર યાત્રા દ્વારા, જનતા તેમના અધિકારો પ્રત્યે વધુ જાગૃત થઈ છે. આ યાત્રાનું સૂત્ર - 'મત ચોર, ગદ્દી છોડ' હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયો છે.

બિહાર નિરીક્ષકોના મતે મહત્ત્વપૂર્ણ રાજ્ય ચૂંટણીઓ પહેલા બિહારમાં ઈન્ડિયા બ્લોકના નેતાઓ દ્વારા શરૂ કરાયેલ મતદાર અધિકાર યાત્રા, પાર્ટી કેડર અને સમર્થકો માટે એક મહત્ત્વપૂર્ણ મનોબળ વધારનાર સાબિત થઈ હતી. રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ અને દીપાંકર ભટ્ટાચાર્યની આગેવાની હેઠળ ૧૬ દિવસીય જન સંપર્ક અભિયાન, સામાન્ય લોકો સાથે સીધા સંપર્કમાં રહેવા પર ધ્યાન કેન્દ્રિત કરતું હતું, જેમાં SIR, બેરોજગારી, ખેડૂતોની તકલીફ અને રાજ્યની JD(U)ની આગેવાની હેઠળની NDA સરકાર હેઠળ લોકશાહી અધિકારોના ધોવાણ જેવા મુખ્ય મુદ્દાઓને ઉજાગર કરવામાં આવ્યા હતા.

ઘણા લોકો માને છે કે, આ યાત્રાએ ૧૪૦ વર્ષ જૂના પક્ષના પાયાના નેટવર્કને ફરીથી જીવંત બનાવ્યું અને વર્તમાન શાસનની નિષ્ફળતાઓથી નિરાશ થયેલા મતદારોમાં આશા જગાવી છે. આ યાત્રાએ બિહારમાં કોંગ્રેસની સંગઠનાત્મક શક્તિને પુનર્જીવિત કરી અને તેને લોકો-કેન્દ્રિત વિકલ્પ તરીકે પણ રજૂ કરી છે. બિહારના નિરીક્ષકોના મતે આ યાત્રાએ કાર્યકરો, સ્વયંસેવકો અને સ્થાનિક નેતાઓમાં હેતુની નવી ભાવના પેદા કરી છે, જે તેમને SIR વિરુદ્ધ અભિયાનમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

# નેપાળના જનરેશન ઝેડ દેખાવકારો વચગાળાના પીએમ તરીકે પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સુશીલા કરકી, ૭૩ને નિયુક્ત કરવા માગણી કરે છે

### એક ધારાશાસ્ત્રીએ દેખાવકારોના આગેવાનો સાથે વાતચીત કર્યા બાદ સંકેત આપ્યો કે વચગાળાના વડાપ્રધાન તરીકે દેખાવકારો સુશીલા કરકીને જ ઈચ્છે છે

(એજન્સી) કાઠમંડુ, તા.૧૦

નેપાળમાં સરકારને ઉથલાવી દેનાર જનરેશન ઝેડ દેખાવકારો દેશના વચગાળાના વડાપ્રધાન તરીકે પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સુશીલા કરકીને નિયુક્ત કરવામાં આવે એવું ઈચ્છે છે તેમ દેખાવકારો સાથે વાતચીત કરનાર એક ધારાશાસ્ત્રીએ સમાચાર સંસ્થાને જણાવ્યું હતું. આંદોલન જગાવનાર વિદ્યાર્થી દેખાવકારોની એક ખાસ બેઠકમાં એમના નામને મંજૂરી આપવામાં આવી હતી તેમ ધારાશાસ્ત્રીએ જણાવ્યું હતું. આંદોલનકારી સંગઠનના કોઈ મોટા નેતા નથી પરંતુ એ જૂથ સાથેની વકીલની વાતચીત દરમિયાન તેમની ઈચ્છા જાણવા મળી હતી. નેપાળના ઊંડા મૂળિયા નાખી ગયેલા રાજકીય વર્ગ તરફ વિદ્યાર્થીઓને આંદોલન કરવોનો ગુસ્સો અને અસંતોષ ભડકી ઉઠ્યા છે ત્યારે સુશીલા કરકીની પસંદગી બિનરાજકીય છે. આંદોલન કરનાર જૂથનું ડેલિગેશન હવે નેપાળના લશ્કરી વડાને મળવા જનાર છે તેમ સુપ્રીમ કોર્ટ ૧૨ એસોસિએશનના મંત્રી રમણકુમાર કારનાએ જણાવ્યું હતું. વધુ માગણીઓ સાથે જે હજી પૂરી નથી થઈ તેની દરખાસ્ત સાથે આંદોલનકારી જૂથ નેપાળના



સેનાના વડાને મળશે. જનરેશન ઝેડની એટલે કે આંદોલન કરનારા યુવાનોની પસંદ બનેલા ૭૩ વર્ષના સુશીલા કરકી આંદોલન કરનાર યુવાનોની પેઢી કરતાં ઘણા બધા જૂના જોગી છે કેમ કે આંદોલન કરનારા યુવાનોની સરેરાશ ઉંમર ૨૮ વર્ષની છે. પરંતુ સુશીલાની જે પ્રતિભા છે એ રાજકીય ખેલથી અલગ છે અને એમની બિનરાજકીય કોરી પાર્ટીને કારણે તેઓ યુવાનોની પસંદ બન્યા છે કેમ કે યુવાનોને દેશના ખાઈ-બદેલા અને ઊંડા મૂળિયા નાખી ગયેલા સ્થાપિત રાજકીય હિતો સામે ગુસ્સો છે અને એમના પર વિશ્વાસ નથી. સુશીલાના પતિ દુર્ગા પ્રસાદ સુબેદી એક સમયે નેપાળ કોંગ્રેસના યુવા પાંખના નેતા હતા પરંતુ તેઓ એટલે કે સુશીલા કરકી કદી કોઈ પક્ષ સાથે જોડાયા નથી. તેઓ કાયદાની કારકિર્દીમાં ધીમે ધીમે આગળ વધ્યા પહેલા તેઓ વકીલ હતા અને એ પછી જજ બન્યા અને ત્યાંથી પ્રગતિ કરીને નેપાળ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા જે હિમાલયની ગોદમાં વસેલા દેશના પહેલા મહિલા મુખ્ય ન્યાયમૂર્તિ હતા. નેપાળમાં કદી કોઈ મહિલા વડાપ્રધાન બન્યા નથી. જોકે એક વખત એક મહિલા વિદ્યાદેવી ભંડારી રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા પરંતુ આ હોદ્દો માત્ર નામનો છે અને તેને કોઈ સત્તા હોતી નથી. હવે જોકે સુશીલા કરકી ઓલીના અનુગામી તરીકે ઉપસી રહ્યા છે. સાતમી જૂન ૧૯૫૨ના રોજ વિરાટ નગરમાં જન્મેલા સુશીલા રાજકીય વિજ્ઞાન અને કાયદાની ડિગ્રી ધરાવે છે અને કાયદાના સુધારામાં એમની ભૂમિકા ખૂબ જ અગ્રેસર વકીલ તરીકેની રહી છે. દેશના પહેલા મહિલા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે એમણે ચૂંટણીઓના વિવાદો અને કાનૂની સુધારા તથા ન્યાયિક પ્રક્રિયામાં સુધારાને લગતા અનેક મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા હતા અને લોકશાહીના રક્ષક તરીકેની ન્યાયતંત્રની ભૂમિકાને વધુ મજબૂત બનાવવામાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

# મજૂરનો દીકરો લેફ્ટનન્ટ બન્યો, IIMની PhD ઓફર નકારી અને આર્મીમાં જોડાયો

(એજન્સી) તા.૧૦

SSC ૧૨૦ અને SSC મહિલા-૩૪ બેચની પાસિંગ આઉટ પરેડ ભારતીય સેનાની ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (OTA), ચેન્નાઈ ખાતે યોજાઈ હતી. આ પરેડમાં ઘણી પ્રેરણાદાયી વાર્તાઓ બહાર આવી. કેટલાક કેડેટ્સે પરિવારની ૧૨૯ વર્ષ જૂની લશ્કરી પરંપરાને આગળ ધપાવી, જ્યારે કેટલાકે પોતાની પરંપરા બનાવી. ચેન્નાઈના રહેવાસી વરપ્રસાદે પોતાની પરંપરા બનાવી. દૈનિક વેતન મજૂર માતાપિતાના પુત્ર વરપ્રસાદ તેમના પરિવારના પ્રથમ આર્મી ઓફિસર જ નહીં, પરંતુ પ્રથમ સ્નાતક પણ છે. પાસિંગ આઉટ પરેડ પછી, વરપ્રસાદે કહ્યું કે રાજપૂત રેજિમેન્ટ મેળવવી તેમના માટે ખૂબ જ ખાસ છે કારણ કે ચેન્નાઈના શહીદ મેજર મુકુંદ વરદરાજને પણ સેવા આપી હતી. ચાલો વરપ્રસાદ વિશે વિગતવાર જાણીએ. વરપ્રસાદે લોયોલા કોલેજમાંથી



અર્થશાસ્ત્રમાં સ્નાતક થયા છે. તેમને IIMમાંથી PhD કરવાની ઓફર મળી હતી, તે પણ સંપૂર્ણ ભંડોળ પૂરૂં પાડ્યું હતું. પરંતુ તેમણે ઓલિવ ગ્રીન યુનિફોર્મ પહેરવાનું સ્વપ્ન પસંદ કર્યું. વરપ્રસાદ તેમના પરિવારમાં શાળાકીય શિક્ષણ પૂર્ણ કરનાર અને પછી ઉચ્ચ શિક્ષણ મેળવનાર પ્રથમ વ્યક્તિ છે. આર્થિક મુશ્કેલીઓને કારણે, તેમણે ૧૦મા ધોરણ પછી પોતાનો અભ્યાસ છોડી દેવો પડ્યો. પરંતુ એક વર્ષ પછી, તેમણે ફરીથી પ્રવેશ લીધો અને પાર્ટ-ટાઈમ નોકરી કરતી વખતે, માત્ર પોતાનો અભ્યાસ જ પૂર્ણ કર્યો નહીં, પરંતુ સ્કૂલ ટોપર પણ બન્યા. વરપ્રસાદે અર્થશાસ્ત્રમાં સ્નાતક અને માસ્ટર ડિગ્રી મેળવી. આ પછી, તેમણે UGC NET-JRF ક્લિયર કરીને પ્રોફેસર બનવા માટે લાયકાત મેળવી. પછી તેમને IIM તરફથી સંપૂર્ણ ભંડોળવાળી પીએચડી ઓફર પણ મળી. પરંતુ તેમણે પીએચડી પ્રવેશ છોડી દીધો અને ભારતીય સેના પસંદ કરી. તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી છોડીને ભારતીય સેનામાં જોડાવાનો નિર્ણય ઘણા યુવાનો માટે પ્રેરણાદાયક છે. સૈન્યના તાલીમ કમાન્ડે તેમને 'વિદ્વાન યોદ્ધા' તરીકે વર્ણવ્યા, જે બુદ્ધિ અને હિંમતના સંપૂર્ણ મિશ્રણનું પ્રતીક છે.

# એક સમયે ભેંસો ચરાવતી હતી, આજે IAS અધિકારી છે; સફળતા માટે સંઘર્ષની આ વાર્તા તમારા હૃદયને સ્પર્શી જશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

UPSC પરીક્ષાને સૌથી મુશ્કેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસીસના સ્વપ્ન સાથે આ પડકારજનક માર્ગ પર આગળ વધે છે, પરંતુ સફળતા ફક્ત થોડા જ વિદ્યાર્થીઓને મળે છે. તમિલનાડુની સી વનમતીની વાર્તા એવી છે, જેમણે બધી મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં હાર માની નહીં અને IAS અધિકારી બનીને લાખો યુવાનો માટે પ્રેરણા બની. વનમતીનો જન્મ તમિલનાડુના ઈરોડ જિલ્લાના સત્યમંગલમ શહેરમાં થયો હતો. અહેવાલો અનુસાર, તેના પિતા ટેક્સી ડ્રાઈવર હતા અને પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી. અભ્યાસની સાથે, વનમતીએ ઘરની જવાબદારીઓ પણ નિભાવી. શાળા પછી, તે પરિવારની ભેંસોને ચરાવવા લઈ જતી હતી અને ક્યારેક નાની નોકરીઓ કરીને ઘરની આવકમાં ફાળો આપતી હતી. ૧૨મુ ધોરણ પૂર્ણ કર્યા પછી,



સંબંધીઓએ તેના માતાપિતા પર લગ્ન માટે દબાણ કર્યું. પરંતુ વનમતીએ સ્પષ્ટપણે કહ્યું કે, તે પોતાનો અભ્યાસ ચાલુ રાખશે. તેના માતાપિતાએ તેને ટેકો આપ્યો અને તેણે કમ્પ્યુટર એપ્લિકેશનમાં અનુસ્નાતક પૂર્ણ કર્યું. આ પગલું તેના જીવનમાં મોટો ફેરફાર સાબિત થયું. વનમતીને બે જગ્યાએથી IAS બનવાની પ્રેરણા મળી. એક વખત તેમના ગામની મુલાકાત લેનાર એક મહિલા કલેક્ટરે તેમના પર ઊંડી અસર કરી. તે જ સમયે, ટીવી સિરિયલ ગંગા યમુના સરસ્વતી, જેમાં નાયિકા IAS અધિકારી હતી, એ પણ તેમના વિચારો બદલી નાખ્યા. અહીંથી, વનમતીએ નક્કી કર્યું કે તે સિવિલ સર્વિસીસનો માર્ગ પણ પસંદ કરશે. UPSCનો માર્ગ તેના માટે સરળ નહોતો. તેના પહેલા પ્રયાસમાં, તે ઈન્ટરવ્યુ સુધી પહોંચી, પરંતુ સફળ ન થઈ. પછીના પ્રયાસોમાં પણ ક્યારેક પ્રિલિમ્સમાં તો ક્યારેક મેન્સમાં અવરોધો આવ્યા. આમ છતાં, વનમતીએ હાર ન માની. કામ કરતી વખતે પણ તેણીએ અભ્યાસ ચાલુ રાખ્યો. ઈન્ડિયન ઓવરસીઝ બેંક (IOB)માં આસિસ્ટન્ટ મેનેજર તરીકે કામ કરતી વખતે, તેણીએ UPSC માટે તૈયારી કરી અને સંઘર્ષો વચ્ચે પણ અડગ રહી. છેવટે વર્ષ ૨૦૧૫માં, વનમતીએ UPSC પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૧૫૨ મેળવ્યો. આજે તે મુંબઈ, મહારાષ્ટ્રમાં રાજ્ય કરના સંયુક્ત કમિશનર (એન્ફોર્સમેન્ટ) તરીકે કાર્યરત છે.

# સુરતની વીર નર્મદ યુનિવર્સિટી ખાતે એઈડ્સ જાગૃતિ ચિત્ર સ્પર્ધા યોજાઈ




સુરત, તા.૧૦

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના, એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામમાં એચ.આઈ.વી./એઈડ્સ જાગૃતિ અને ચિત્ર સ્પર્ધા કાર્યક્રમ યોજાયો હતો. કુલપતિ ડો. કે.એન. ચાવડાની પ્રેરણાથી તથા રજિસ્ટ્રાર ડો.રમેશદાન ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના વડા ડો. એમ.એન. ગાયકવાડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ. ડબલ્યુ. પ્રોગ્રામ દ્વારા રેડ રિબન ક્લબ હેઠળ ગઈકાલે "એચ.આઈ.વી./એઈડ્સ વિષયક જાગૃતિ કાર્યક્રમ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટીના જોઈન્ટ ડાયરેક્ટર કમલેશ મેસ્વાનિયા, સુરત જિલ્લા એઈડ્સ કંટ્રોલ યુનિટના સુપરવાઈઝર યશવંત વળવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન કમલેશ મેસ્વાનિયાએ એઈડ્સ તથા એસ.ટી.આઈ. રોગોની નિવારણ પદ્ધતિઓ, સાવચેતીના ઉપાયો અંગે સચોટ માહિતી આપી હતી. ત્યારબાદ એચ.આઈ.વી./એઈડ્સ વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના ૨૫ વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક કલા દ્વારા એચ.આઈ.વી/એઈડ્સનો ચિત્રના માધ્યમ થકી અભિવ્યક્ત કરી હતી. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ઉપરાંત એકથી ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપક નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિઝાણથી ભૂજ જવાના માર્ગે ગાંડા બાવળોનું સામ્રાજ્ય : લોકોને હાલાકી



અબડાસા, તા.૧૦

અબડાસાના વિંઝાણ ગામથી ભૂજ જવાનો મુખ્ય માર્ગ જે રસ્તાથી આજુબાજુના પંદરેક ગામોની અવરજવર છે એવા મુખ્યમાર્ગ ઉપર ગાંડા બાવળોએ કબજો કરી લીધો છે તેના કારણે અઠવાડિયામાં ત્રણથી ચાર વખત માલધારીઓ અને વાહનચાલકોની તું તું મેં મેં થતી હોય છે. રોડની આજુબાજુમાં ચોમાસા રૂતુ હોવાથી જમીનો વાવેતર થયેલી હોય છે એટલે આજુબાજુના ગામના માલધારીઓને જાનવરોને ચારો ચરવા જતી આવતી વખતે સવાર સાંજના રોડ પરથી પસાર થવું પડતું હોય છે. રોડની બંને સાઈડને ગાંડા બાવળોએ ઘેરી લીધો હોવાથી દર બીજા દિવસે માલધારીઓ અને ડ્રાઈવરો વચ્ચે મચ મચ થતી હોય છે આજે વહેલી સવારે ટ્રક ડ્રાઈવર અને એક માલધારી તું તું મેં થતી હતી ત્યારે અચાનક અબડાસા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રજાકભાઈ હિંગોરા નિકળ્યા હતા અને બંને વચ્ચે જેમ તેમ કરીને સમજાવીને રવાના કર્યા હતા. વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગાંડા બાવળોની સફાઈ કરવામાં આવે એવી લોકોની માંગ છે.

### સ્ટેટ મોનિટરિંગ સેલને મળી મોટી સફળતા

# બારડોલી હાઈવે પર ૧.૧૬ કરોડનાં ડ્રગ્સ સાથે એક ઝડપાયો

## એસએમસી પોલીસે દરોડામાં કોકેઈન, બ્રાઉન સુગર સાથે એકની ધરપકડ કરી, ૩ વોન્ટેડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

રાજ્યમાં ડ્રગ્સની બદીને સંપૂર્ણપણે નેસ્તનાબુદ કરવા માટે પોલીસે કમર કસી છે. સ્થાનિક પોલીસ તેમજ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા અવાર નવાર રાજ્યના જુદા જુદા શહેરોમાંથી લાખો કરોડો રૂપિયાની કિંમતના એમડી ડ્રગ્સ, ગાંજા જેવા માદક પદાર્થો અને પેડલરોને પકડવા આવે છે. ત્યારે આ જ દિશામાં કાર્યરત સ્ટેટ મોનીટરીંગ સેલને મોટી સફળતા મળી છે. બારડોલી સુરત એનએચ ખાતેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડા પાડી રૂા.૧.૧૬ કરોડના કોકેઈન અને હેરોઈન જેવા ઘાતક ડ્રગ્સ પકડી પાડી એક પેડલરની ધરપકડ કરી છે.જયારે ઉત્તરપદેશના મુખ્ય સપ્લાયર સહીત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મળેલ બાતમીને આધારે નેશનલ હાઈવે -૫૩, ત્રણ વલ્લા બ્રિજ, બારડોલી સુરત રૂરલ ખાતે રેઈડ કરી હતી.અને સ્થળ પરથી રૂા.૯૩.૫૭ લાખનો કોકેઈન તથા રૂા.૨૩.૨૮ લાખનો બ્રાઉન સુગર, અલ્પ્રાઝો ટેબ્લેટ- ૨૦ તેમજ મોબાઈલ અને રોકડ મળી કુલ્લે રૂા.૧,૧૬,૮૯,૨૦૫નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને પેડલર અવનિશ સંચીતાનંદ પાઠક (રહે- ખુશીનગર, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરવામાં આવી હતી. જયારે મુખ્ય સપ્લાયર સુરેશ સીંગ, અનિલ યાદવ ( બન્ને રહે - ઉત્તરપ્રદેશ) તથા મોહિત યાદવ (રહે મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ સિવાય પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આટલા મોટા પ્રમાણમાં કોકેઈન અને બ્રાઉન સુગર જેવા ઘાતક ડ્રગ્સ તેઓ ક્યાંથી લઈને આવ્યા હતા.અને કઈ જગ્યા ડિલિવરી આપવા જવાના હતા,વિગેરે બાબતે પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# જામનગરની રંગમતી-નાગમતી નદીના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે કાનૂની નોટિસ ફટકારાઈ

જામનગર, તા.૧૦

જામનગરની રંગમતી-નાગમતી નદી ઉંડી ઉતરવા અને પહોળી કરવા માટે રાજ્ય સરકારની સુજલામ સુફલામ યોજના હેઠળ મંજૂરી અપાયા પછી ટેન્ડરની પ્રક્રિયા કર્યા વગર જ જામ્યુકો દ્વારા શરૂ કરાયેલા કામમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાની રાવ સાથે નગરના એક આસામીએ રાજ્યના શહેરી વિકાસ-ગૃહનિર્માણ વિભાગના સચિવ તથા જામ્યુકોને કાનૂની નોટીસ પાઠવી છે. જામનગરની રંગમતી તથા નાગમતી નદી ઉંડી અને પહોળી કરવા માટે જામનગર મહાનગર પાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી કામગીરીમાં કેટલાક અધિકારીઓ તથા નેતાઓ દ્વારા સરકારની ગ્રાન્ટની કરોડો રૂપિયાની અંદરોઅંદર ભાગબટાઈ કરી લેવામાં આવતી હોવાની રજૂઆત સાથે નગરના એક જાગૃત નાગરિક કલ્પેશ આશાણીએ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાવના સચિવ તથા જામ્યુકો અને લગત વિભાગોને નોટિસ પાઠવી છે. સુજલામ સુફલામ યોજના હેઠળ સરકાર દ્વારા અપાયેલી મંજૂરી તથા ગ્રાન્ટ તેમજ જામ્યુકો દ્વારા મંજૂર કરાયેલા ઠરાવ અંગે થયેલી ટેન્ડર પ્રક્રિયા, વર્કઓર્ડર તેમજ વર્કઓર્ડરની શરતો, કેટલા વાહનો વપરાયા, તેમાં રોકાયેલા સ્ટાફની વિગત, કામ દરમિયાન નીકળેલા ખનીજ તત્ત્વોના વજન અને ખાણખનીજ વિભાગ દ્વારા આપવામાં આવેલી રોયલ્ટી અંગેની નોટીસ, તે અંગે ભરપાઈ કરેલી રકમ વગેરે મુદ્દાઓને આવરી લઈ આ નોટિસ આપવામાં આવી છે.

# સારોલીમાં એનઆરઆઈ બહેનના ભાઈએ જ કરોડો રૂપિયા પચાવી પાડ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

અમેરિકા ખાતે સ્થાયી થયેલ બહેનના વેડછા ગામની જમીન વેચાણના હિસ્સા પેટે આવેલ ૧.૧૬ કરોડ તેના સગાભાઈએ પચાવી પાડ્યા હતા. આટલું ઓછું હોય તેમ ભાઈએ એનઆરઆઈ બહેનની બોગસ સહી કરી પાનકાર્ડ બનાવી તેનો અનેક જગ્યાએ ઉપયોગ કર્યો હતો. આખરે આ અંગે એનઆરઆઈ બહેને નોધાવતા પોલીસે તેના સગાભાઈ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સારોલી પોલીસના જણાવ્યા મુજબ પલસાણા તાલુકાના એનાગામ, શિવાલીંક બંગ્લોઝ ખાતે રહેતા રંજીતાબેન નવીનચંદ્ર પટેલ વર્ષ ૧૯૯૯થી અમેરિકામાં સ્થાયી થયા છે. સુરતમાં વેડછા ગામે આવેલી અંદાજે ૧૨,૯૫૦ચો.મી.ની જમીન તેમના નામે, માતા-પિતા અને ભાઈના નામે સંયુક્ત નામે આવેલી છે. આ જમીન તા. ૨૨ જુલાઈ ૨૦૧૫ના રોજ ૪,૭૨,૬૩,૫૦૦માં વેચાણ કરવામાં આવી હતી જેમાંથી રંજીતાબેનના હિસ્સામાં રૂા. ૧,૧૬,૯૮,૭૦૬ અને તેના ભાઈ ભાવિન નવીનચંદ્ર પટેલના હિસ્સામાં રૂા. ૬૭,૪૮,૭૦૫ આવ્યા હતા. આ બંનેના હિસ્સાના કુલ રૂપયિ ૧,૮૪,૪૭,૪૧૧ સંયુક્ત રીતે બેંક ઓફ બરોડા, કુંભારીયા શાખાના જોઈન્ટ એકાઉન્ટમાં મૂકવામાં આવ્યા હતા. જેતે સમયે ભાવીન પટેલે તેમને તમારા રૂપિયાની સારી વ્યવસ્થા કરી છે, ૨૦૨૫માં તને સારી રકમ મળશે. દરમિયાન રંજીતાબેનએ હાલમાં ભાવીન પાસે તેમના હક હિસ્સામાં ૧.૧૬ કરોડ માંગતા ભાવીન પટેલે પૈસા નહી આપી પોતાના નાણાકીય લાભ માટે વાપરી નાખ્યા હતા. રંજીતાબેન અમેરિકા ખાતે હાજર હતા તે વખતે તેમના ખોટા દસ્તાવેજો અને નકલી સહી વાળું પાન કાર્ડ બનાવી તેનો પણ અન્યત્ર ઉપયોગ કર્યો હતો. બનાવ અંગે રંજીતાબેન પટેલે ગતરોજ ફરિયાદ નોધાવતા પોલીસે તેના ભાઈ ભાવીન પટેલ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં બહેનો માટે તાલીમ યોજાઈ

ભાવનગર, તા.૧૦

ભાવનગરમાં એસ.બી.આઈ. ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા નાણાકીય સાક્ષરતા સમુદાય સંસાધન વ્યક્તિઓ (સ્વ સહાય જૂથ પ્રશિક્ષણ)ની ૬ દિવસની નિવાસી તાલીમ કાર્યક્રમમાં ૨૬ જેટલા સખીમંડળના તાલીમાર્થી બહેનો જોડાયા હતા. તાલીમ કાર્યક્રમના સમાપન કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા માટે વિશેષ અતિથિગણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના એ.પી.એમ વૈશ્નવીબેન ભટ્ટ, એસ.બી.આઈ ગ્રામ સ્વ-રોજગાર તાલીમ સંસ્થાના ફેકલ્ટી હંસાબેન ચાવડાગોર વગેરે હાજર રહ્યા હતા. આ તાલીમમાં ભાવનગરના અલગ અલગ તાલુકાના ગામની બહેનો ભારે ઉત્સાહથી આ તાલીમમાં જોડાયા હતા.

# જામનગર : ડેમમાં પડી ગયેલી એક મહિલાને સ્થાનિકોએ બચાવી

જામનગર, તા.૧૦

જામનગર નજીક ઠેબા ગામમાં રહેતી સોનલબેન નામની ૩૫ વર્ષની ભરવાડ જ્ઞાતિની મહિલા કે જે ગઈકાલે કોઈ કારણસર અકસ્માતે વિજરખી ડેમમાં પડી ગઈ હતી. જે અંગે સ્થાનિકોને જાણ થતાં તુરતજ કેટલાક યુવાનોએ પાણીમાં ઝંપલાવી દીધું હતું અને તેણીને જીવિત અવસ્થામાં બહાર કાઢી લીધી હતી. થોડો સમય માટે તેણી બેશુદ્ધ બની હતી અને ફાયર બ્રિગેડને પણ જાણ કરાઈ હતી, જેથી ફાયર શાખાની ટુકડી અને ૧૦૮ની એમ્બ્યુલન્સની ટીમ પણ ઘટનાસ્થળે આવી ગઈ હતી અને સોનલબેનને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેણીને વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા બાદ આજે સવારે તેની તબિયત સુધારા પર આવી ગઈ હોવાથી રજા આપી દેવામાં આવી છે.

# ધ્રોલના એક મકાનમાંથી ૧.૬૬ લાખનો દારૂ ઝડપાયો

જામનગર, તા.૧૦

ધ્રોલના એક મકાનમાં દારૂ હોવાની બાતમીના આધારે જામનગરની એલસીબી ટુકડીએ દરોડો પાડ્યો હતો અને ૨૬૮ નંગ દારૂની બોટલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જો કે, આરોપી પોલીસના હાથમાં આવ્યો ન હતો. ધ્રોલના રાધે રેસીડેન્સીમાં એક ભાડાના મકાનમાં રહેતા ક્રિપાશંકર ઓમકારનાથ શર્માના મકાનમાં દારૂ ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે આજે એલસીબી પોલીસે દરોડો પડ્યો હતો. આ સમયે તેના મકાનમાંથી રૂા.૧,૬૬,૯૬૪ની કિમતનો ૨૬૮ નંગ દારૂની બોટલનો જથ્થો મળી આવતા પોલીસે દારૂ કબજે કર્યો હતો.

# જામનગરમાં એક ફ્લેટમાંથી સ્ત્રી સંચાલિત કૂટણખાનું ઝડપાતા ભારે ચકચાર

જામનગર, તા.૧૦

જામનગરમાં અંધઆશ્રમ આવાસના ૪૫ નંબરના એક ફલેટમાં કુટણખાનું ચલાવતું હોવાનું અને એક મહિલા સંચાલક દ્વારા બહારથી રૂપલલનાઓને બોલાવીને પુરૂષ ગ્રાહકોની હવસ સંતોષવા માટેની વ્યવસ્થા કરવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવતાં પોલીસે દરોડો પાડયો હતો અને કુટણખાનામાંથી એક પુરૂષ ગ્રાહક અને ત્રણ મહિલાઓને શોધી કાઢી હતી. ઉપરાંત કુટણખાના સંચાલક મહિલાની અટકાયત કરી લઈ તેની પાસેથી રૂપિયા ૬,૩૦૦ની રોકડ રકમ અને ૫૦૨ નંગ કોન્ડમના પેકેટ વગેરે કબજે કર્યા છે. આ દરોડા ની વિગત એવી છે કે જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલાને ચોક્કસ બાતમી મળી હતી કે, જામનગર અંધઆશ્રમ આવાસના ત્રણ માળિયા બિલ્ડિંગમાં બ્લોક નંબર ૪૫માં રહેતી નીતાબેન મહેન્દ્રભાઈ વાળા નામની મહિલા દ્વારા પોતાના ઘરમાં બહારથી સ્ત્રીઓને બોલાવી કુટણખાનું ચલાવાઈ રહ્યું છે. જે બાતમીના આધારે સીટી ડીવાયએસપી જે.એન ઝાલા, ઉપરાંત મહિલા પી.એસ.આઈ ટી.ડી.બુડાસણાએ અન્ય પોલીસ ટુકડીને સાથે રાખીને ઉપરોક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. જેદરોડા દરમિયાન એક રૂમની અંદરથી એક સ્ત્રી અને પુરૂષ કઢંગી હાલતમાં મળી આવ્યા હતા. જયારે અન્ય બે રૂમમાં અમદાવાદ અને રાજકોટની સ્ત્રીઓ હાજર મળી આવી હતી. આ સમગ્ર કાર્યવાહી બાદ મહિલા પીએસઆઈ ટી.ડી. બુડાસણાં સરકાર પક્ષે જાતે ફરિયાદી બન્યા હતા અને જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં કુટણખાનું ચલાવનાર સંચાલક નીતાબેન મહેન્દ્રભાઈ વાળા (૫૫) સામે ગુનો નોંધ્યો છે.

# પ્રભાસપાટણ પોલીસે ગુમ થનાર સગીરાને શોધી કાઢી

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૧૦

પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાળકો/મહિલાઓ ગુમ થવાના બનાવમાં તાત્કાલીક શોધી કાઢવા ઉચ્ચ અધિકારીઓએ સૂચના આપેલ જે અન્વયે, અરજદાર-કુમારભાઈ ભરતભાઈ ભાટીયા (રહે.વેરાવળ તીલક સોસાયટી)એ અત્રેના પો.સ્ટે. આવી રજૂઆત કરેલ કે, પોતાની સગીર વયની દિકરી નવ્યા (ઉ.વ.૧૨) તા.૮/૯/૨૦૨૫ના વહેલી સવારના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહેલ/ગુમ થયેલ છે. આ બાબતે રજૂઆત કરતા બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પ્રભાસપાટણ પો.સ્ટે.ના પી.આઈ. એન.બી.ચૌહાણની સૂચના મુજબ ગુમ થયેલ સગીરાને શોધી કાઢવા, પ્રભાસપાટણ સર્વેલન્સ સ્કવોર્ડ સ્ટાફે પો.હેડ.કોન્સ. કૃષ્ણકુમારસિંહ ગુજરાત સરકારના નેત્રમ CCTV પ્રોજેક્ટ હેઠળના ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર તથા ત્રીનેત્રમ શાખા ગાંધીનગરના સંકલનમાં રહી અલગ-અલગ CCTV ફૂટેજ ચેક કર્યા હતા. જેમાં ગુમ થનાર સગીરા એક સ્કૂટર ચલાવી વેરાવળ-જૂનાગઢ હાઈવે બાદ જુનાગઢ વાડલા ફાટક ત્યારબાદ જેતપુર હાઈવે તરફ તે બાદ પોરબંદર તરફ જતા જોવામાં આવી હતી. CCTV તથા હ્યુમન સોર્સિસ તથા ટેકનીકલ સર્વેલન્સ આધારે ગુમ થનાર સગીરાના રૂટની વિગતો મેળવી પોરબંદર જિલ્લાના નવીબંદર પોલીસ સ્ટેશનના સંપર્કમા રહી ગુમ થનાર સગીરાને પોરબંદર જિલ્લાના ગોસાબારા ચેક પોસ્ટ ખાતેથી શોધી કાઢી હતી. તેનું તેના પરિવાર સાથે સુ:ખદ મિલન કરાવી આપી પોલીસ પ્રજાનો મિત્ર છે તે ખરા અર્થમાં સાર્થક કામગીરી કરી છે.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર અકસ્માત : બેનાં મોત

ભાવનગર, તા.૧૦

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આજે સવારે બનેલી અકસ્માતની એક ઘટનામાં બાઈક સવાર બે લોકોના ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યા છે. બનાવના પગલે અરેરાટી સાથે આઘાત છવાઈ ગયો હતો. મૃતકમાં એક રાજપરાના વતની અને અન્ય ભોગગ્રસ્ત તળાજાના ઉચડી ગામના હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ તળાજાથી ભાવનગર જતા સોમનાથ નેશનલ હાઈવે ઉપર તણસા નજીક આવેલ રાજપરા બાયપાસ પર આજે સવારે આ અકસ્માત સર્જાયો હતો. કોઈ અજાણ્યા વાહને બાઈકને અડફેટે લીધું હતું આ ઘટનામાં બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. જેમાં સ્થાનિક લોકો દ્વારા મળતી વિગતો અનુસાર મૃતક વ્યક્તિઓના નામ જીવરાજભાઈ ભવાનભાઈ ધામેલીયા (ઉંમર વર્ષ ૬૦, રે.રાજપરા નં.૨) અને શામજીભાઈ છગનભાઈ જાદવ (ઉમર વર્ષ ૫૦, રે.મુળ ઉચડી) હોવાનું જાણવા મળ્યું છે. બનાવના પગલે સ્થાનિક પોલીસ તેમજ હાઈવે ટ્રાફિક શાખા ઘટના સ્થળે પહોંચી અને બંનેના મૃતદેહ તળાજા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અને અજાણ્યા વાહનને શોધી કાઢવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# બોડેલીની શીરોલાવાલા હાઈસ્કૂલમાં પૂર્વ ટ્રસ્ટીના પ્રવેશ મુદ્દે પોલીસ ફરિયાદ

બોડેલી, તા.૧૦

બોડેલીની શીરોલા વાલા હાઈસ્કૂલમાં એક માત્ર ટ્રસ્ટીની ઓફિસમાં પૂર્વ ટ્રસ્ટીએ ગેરકાયદે પ્રવેશ કરીને ખુરશીમાં બેસી જતા તે અંગે હાલના ટ્રસ્ટીએ ગેરકાયદેસર રીતે શાળાની ઓફિસમાં પ્રવેશ કરનારા ત્રણ સામે પોલીસ ફરિયાદ કરતા ખળભળાટ મચ્યો છે. જૂનું બોર્ડ હટાવી નવું બોર્ડ અમલમાં આવ્યું અને તેમ પણ ફેરફાર કર્યા પછી નવા બોર્ડને પણ બરખાસ્ત કરીને સંસ્થાની કમાન ફાઉન્ડર ટ્રસ્ટી ભાવેશ શીરોલાને સોંપવામાં આવી છે. ત્યારે સંસ્થામાં વિખવાદ ઓછો થતો નથી. બોડેલીમાં ભણવા માટે અનેક વિકલ્પો છે ત્યારે હાઈસ્કૂલ માટે વિવાદ આવો જ ચાલુ રહ્યો તો સંસ્થાને કોઈ બચાવી શકશે નહીં. તેવી નગરમાં ચર્ચા થઈ રહી છે. પૂર્વ ટ્રસ્ટી સહિત ત્રણ જણા સ્કૂલની ઓફિસને ખોલીને ખુરશીમાં બેસીને આચાર્ય સાથે દાદાગીરી કરી હોવાનું જણાવી ફાઉન્ડર ટ્રસ્ટી એ નોંધાવેલી ફરિયાદને આધારે બોડેલી પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રા શહેરમાં ડબલ ઋતુને લઈને હોસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ



સુરેન્દ્રનગર, તા.૧૦

ધ્રાંગધ્રા વિસ્તારમાં એક અઠવાડિયાથી ડબલ ઋતુને કારણે વાઈરલ ઈંફેક્શનના દદીઓ વધતા દવાખાના ઉભરાવા લાગ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકા તેમજ શહેરી વિસ્તારમાં વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલમાં દરરોજના ૨૦૦થી વધુ ઓપીડીના કેસ આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી હવામાનમાં થઈ રહેલા બદલાવને કારણે ઠંડી અને ગરમી ચોમાસા જેવી ડબલ ઋતુને લઈને વાતાવરણ જોવા મળી રહ્યું છે. જેને કારણે શરદી, ઉધરસ તાવ, જેવી બીમારીના કેશોમાં વધારો જોવા મળી રહ્યો છે. ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ સહિત દવાખાનામાં ખાનગી હોસ્પિટલોમાં પણ ઘણા કેસ આવતા હોવાનું જોવા મળ્યું છે. તાલુકા હેલ્થ ઓફીસ ડો. હીરામણીએ જણાવ્યું કે, થોડા દિવસોથી તાવ શરદી અને ખાસીના દર્દી વધ્યા છે. દવાનું વેચાણ વધ્યું છે સામાન્ય દવાને લઈને કાબૂમાં આવી જાય છે કોઈ ડરવાની જરૂર નથી.

# ભાવનગર : ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

ભાવનગર, તા.૧૦

ભાવનગરની કોર્ટમાં ચોથા એડી.ચીફ. જ્યુડી મેજિ.જજની કોર્ટમાં રાજાઈ તુલસીભાઈ ચેલારામ (રહે. ભાવનગર) દ્વારા ફોજ કેસ નં.૩૦૧૭/૨૦૧૯ ધ નેગોશીએબલ ઈન્ટમેન્ટ એજની કલમ-૧૩૮ અન્વયે ચેક રીટર્નનો કેસ દાખલ કરેલ. જે કેસ કોર્ટમાં ચાલી જતા આરોપી સંજય મનુભાઈ સિંધી (રહે.રસાલા કેમ્પ ભાવનગર)ને તકસીરવાર ઠરાવી એક વર્ષની સજા તથા ૨,૮૫,૦૦૦થી દોઢી રકમનો દંડ ફટકાર્યો છે અને દંડ ભરવામાં ન આવે તો છ મહિનાની સાદી કેદની સજા અને સદર રકમ ફરિયાદીને મળે તેવો હુકમ કોર્ટે કરેલ છે.

# જામનગર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ; ૧૧૭ વાહન ચાલક સામે કેસ

જામનગર, તા.૧૦

જામનગર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં કાળી ફિલ્મ લગાડેલી મોટરો, નંબર પ્લેટ વગરના વાહનો, ફેન્સી નંબર પ્લેટવાળા વાહનોના ચાલકો સામે કેસો કરવામાં આવ્યા હતા. જુદા જુદા સ્થળોએ પોલીસે મોટરમાં લગાડવામાં આવેલી કાળી ફિલ્મ તેમજ નંબર પ્લેટ વગરના વાહનો, ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો, હથિયાર સાથે રાખીને જતા વાહનચાલકોને પકડી પાડવા ચેકીંગ કર્યું હતું. જેમાં કાળી ફિલ્મ લગાડેલી ૩૪ મોટર ચાલક સામે, નંબર પ્લેટ વગરના ૬૪ વાહન અને ફેન્સી નંબર પ્લેટવાળા ૧૬ વાહન ઝડપાયા હતા. જીપી એક્ટ ૧૩૫ (૧) હેઠળ એક ગુન્હો નોંધાયો હતો. જયારે એમવી એક્ટની કલમ ૧૮૫ હેઠળ બે કેસ કરવામાં આવ્યા હતા.

# જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખે પોતાનો જન્મદિવસ માર્ગ પર પડેલા ખાડાઓ સ્વખર્ચે પૂરીને ઊજવ્યો



જામનગર, તા.૧૦

જામનગર શહેરમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા રોડ રસ્તાની મરામત સહિતની જરૂરિયાતના મુદ્દાઓને લઈને કેટલાક સમયથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે આજે શહેર કોંગ્રેસ પ્રમુખના જન્મદિવસે તંત્રને જગાડવાના ભાગરૂપે રસ્તાના ખાડાઓ સ્વખર્ચે બુરીને અનોખી રીતે જન્મદિવસ ઉજવ્યો હતો. કોંગી કાર્યકરોની સાથે કેક કટીંગ કરવાની બદલે ખાડા પૂર્યા હતા. જામનગર શહેરમાં કોંગ્રેસ પાર્ટી અને વિરોધ પક્ષ દ્વારા શહેરના રોડ રસ્તા, ટ્રાફિક સહિતના પ્રશ્ને લડત ચલાવવામાં આવી રહી છે અને કોંગ્રેસ પાર્ટી દ્વારા મેયરની કચેરીના દ્વારે શંખનાદ, ઘંટનાદ સહિતના કાર્યક્રમો આપીને તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ હજુ સુધી તે બાબતે કોઈ પ્રતિસાદ મળ્યો ન હોવાથી આજે કોંગ્રેસ પાર્ટી દ્વારા વધુ એક આશ્ચર્યજનક કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ વીરેન્દ્ર સિંહ જાડેજા (દિગુભ કે જેઓનો આજે જન્મદિવસ છે, પરંતુ જન્મ દિવસ ઉજવવાનો અનોખો જ અંદાજ હતો અને સતાધારી પક્ષને વધુ એક વખત ઢંઢોળવા માટેનો પ્રયાસ કર્યો હતો. જામનગરના સાત રસ્તા સર્કલથી ગુરુદ્વારા સર્કલ વચ્ચેના માર્ગે કે જામનગર રાજકોટ ને જોડતો મુખ્ય માર્ગ છે, ત્યાં હાલ મોટા ખાડા પડેલા હોવાથી અનેક વાહનચાલકોને પારાવાર મુશ્કેલી ભોગવવી પડે છે. આવી પરિસ્થિતિમાં કોંગી કાર્યકરો ટ્રેક્ટરમાં માટી મોરમ ભરીને આવ્યા હતા, અને જ્યાં જ્યાં ખાડા હોય, ત્યાં કોંગી પ્રમુખ દિગુભા જાડેજા તથા અન્ય કાર્યકરોએ માટી મોરમ પાથરી પાવડા થી રસ્તો સમથળ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

# સાબરકાંઠામાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ વાહનચાલકોને હાલાકી, ખેતરો પર ધુમ્મસની ચાદર

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૦

હિંમતનગરમાં બુધવારે વહેલી સવારથી ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું છે. ધુમ્મસને કારણે દૂરનું દશ્ય જોવાનું ન હતું. જેથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ધુમ્મસની અસર વધુ જોવા મળી હતી. સાબરકાંઠા જિલ્લામાં ચોમાસામાં વરસાદના વિરામ બાદ ભાદરવાના તાપ વચ્ચે જિલ્લા ભરમાં આજે સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. વહેલી સવારે વાતાવરણમાં આવેલા પલટાથી શહેરીજનોને શિયાળાની સવાર જેવો અનુભવ થયો હતો.


(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગરમાં રોડ અને રેલવે લાઈન પર ગાઢ ધુમ્મસ છવાયું હતું. ખેતરો પર પણ ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ક્યાંય વરસાદ નોંધાયો નથી. સાબરકાંઠામાં અત્યાર સુધી ૧૪૪ ટકા વરસાદ થયો છે. તાલુકાવાર વરસાદની વિગતો જોઈએ તો ખેડબ્રહ્માામાં ૧૯૬.૫૯ ટકા, વિજયનગરમાં ૧૩૫.૯૪ ટકા, વડાલીમાં ૧૯૦.૫૯ ટકા, ઈડરમાં ૧૬૨.૩૬ ટકા, હિંમતનગરમાં ૧૨૧.૩૧ ટકા, પ્રાંતિજમાં ૧૦૩.૮૬ ટકા, તલોદમાં ૧૩૫.૬૪ ટકા અને પોશીનામાં ૧૦૩.૯૮ ટકા વરસાદ નોંધાયો છે.

### ડભોઈ-વડોદરા રોડ પર
# પલાસવાડા રેલવે ફાટક પર ટ્રાફિક જામ : વાહનચાલકો પરેશાન


(તસવીર : હસન ખત્રી, ડભોઈ)

ડભોઈ, તા.૧૦

ડભોઈ : ડભોઈ-વડોદરાના મુખ્ય માર્ગ પર આવેલી પલાસવાડા રેલવે ફાટક ફરી એકવાર વાહનચાલકો માટે મુસીબત બની છે. આજે પણ, આ માર્ગ પર ભારે ટ્રાફિક જામ સર્જાતા એક કિલોમીટર સુધી વાહનોની લાંબી કતાર જોવા મળી હતી, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ સમસ્યા કોઈ નવી નથી. પલાસવાડા ફાટક પર ટ્રાફિક જામ થવો એ રોજિંદી ઘટના બની ગઈ છે. ખાસ કરીને વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, તીર્થક્ષેત્ર ચાણોદ અને કરનાળી જેવા ધાર્મિક અને પર્યટન સ્થળો તરફ જતા વાહનોની અવરજવર આ માર્ગ પર વધુ હોય છે. તહેવારોના દિવસોમાં અને રજાઓના સમયે આ સમસ્યા વધુ વિકટ બને છે. આ ટ્રાફિક જામનું મુખ્ય કારણ ફાટક પાસેની સાંકડી જગ્યા છે. ટ્રેન પસાર થઈ ગયા બાદ પણ ફાટક ખોલવામાં આવે ત્યારે વાહનો એકસાથે પસાર થવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત, આ ફાટક પર કોઈ ટ્રાફિક નિયમન કરનાર પોલીસકર્મીની હાજરી પણ હોતી નથી, જેના કારણે પરિસ્થિતિ વધુ વણસે છે. આ ફાટકને વહેલી તકે પહોળી કરવામાં આવે તો વાહનોની અવરજવર સરળ બની શકે અને ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય એમ છે.

### ખેડા જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા
# સીએચઓની ભરતીમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે જિલ્લા કલેક્ટરને રજૂઆત
## અરજદારને ગેરસમજ થઈ છે : જિલ્લા આરોગ્ય અધિકારી

નડિયાદ, તા.૧૦

ખેડા જિલ્લા પંચાયતની કચેરી દ્વારા તાજેતરમાં સીએચઓની ભરતી કરવામાં આવી છે તે ભરતીને લગતી પ્રક્રિયા અને મેરીટ લીસ્ટ વગેરેની આર.ટી.આઈમાં માહિતી માગતા મળેલ માહિતીનું વિશ્લેષણ અને અભ્યાસ કરતા રેકોર્ડ સાથે ચેડા ગેરરીતી અને ભ્રષ્ટાચાર થયો હોવાનો સામાજિક કાર્યકરને લાગતા તેમણે પુરાવા સાથે જિલ્લા કલેક્ટર તેમજ મુખ્યમંત્રી કાર્યાલયમાં લેખિતમાં અરજી કરી તપાસની માંગ કરી છે. નડિયાદના આરટીઆઇ એક્ટિવિસ્ટ ડો. માઈકલ માર્ટિને ખેડા જિલ્લા કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી આરોગ્ય મંત્રી મુખ્યમંત્રી સહિત વિવિધ જગ્યા પર કરેલી લેખિત રજૂઆતમાં આક્ષેપ કર્યો છે. સીડીએચઓએ તા.૧૧/૧૦/૨૪ નરોજ ૧૨ ઉમેદવારોને તેમજ ૨૮/૧૦/૨૪ના રોજ ૬ ઉમેદવારોને એમ કુલ ૧૮ને જુદી જુદી જગ્યા પર નિમણૂકો આપેલી છે. આ બંને નિમણૂકોના પત્રોનો અભ્યાસ કરતા આયુષ્યમાન આરોગ્ય મંદિર થવાદ-પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વઘાસ તાલુકો કપડવંજ, ભોજાના મુવાડા-પીએસસી મોટી ઝેર તાલુકો કપડવંજ અને સાહેલી- પીએચસી જશુના મુવાડા તાલુકો ઠાસરામાં નિમણુંકમાં ડુપ્લિકેશન કરવામાં આવ્યું હોવાનું દેખાય છે. પ્રથમ પ્રતીક્ષા યાદી તા.૧૩/૮/૨૪માં કુલ ૨૦૪૬ ઉમેદવારો, બીજી યાદી તા.૨૭/૮/૨૪ કુલ ૨૦૪૬ ઉમેદવારો અને ત્રીજી યાદી તારીખ ૫/૯/૨૪ કુલ ૨૦૪૭ ઉમેદવારો દર્શાવતી પ્રતીક્ષા યાદીઓ તૈયાર કરવામાં આવી છે. જેમાં તમામ ઉમેદવારોને છાપામાં આપેલી જાહેરાત મુજબ માત્ર પ્રથમ યાદી ૧૩/૮/૨૪ની યાદીની જાહેરાતની તારીખ ખબર છે. બાકીની બે યાદીઓ તૈયાર કરવામાં આવી તે કઈ તારીખે નોટિસ બોર્ડ પર મૂકાશે તે તારીખો સી.ડી.એચ.ઓ.એ જાહેરાત કરેલ ન હોવાથી ઉમેદવારોને ખબર જ નથી અને આમ ઉમેદવારોની જાણ બહાર બીજી અને ત્રીજી યાદીની જાહેરાત ન કરી, ત્રીજી યાદીમાં મેરીટમાં વધારો ઘટાડો કરી, રેકર્ડ સાથે ચેડા કરી, ઉમેદવારોને આગળ પાછળ કરી, લાગતા વળગતા ઓળખીતા ઉમેદવારોને નિમણૂકો આપવા તેઓ સાથે સીડીએચઓએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી મીલી ભગત કરી, ગેરરીતી અને ભ્રષ્ટાચાર કરી લાયક ઉમેદવારો સાથે અન્યાય કરેલ હોવાનો આક્ષેપ આરજીમાં કર્યો છે. ખેડા જિલ્લા આરોગ્ય અધિકારીને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, માહિતી મેળવ્યા બાદ તેઓ એ માહિતીનું પોતાની રીતે વિશ્લેષણ કર્યું છે તેમાં તેમની ગેરસમજ છે એટલે તેમણે ખોટા આક્ષેપો કરીને રજૂઆત કરી હશે બાકી એક પણ ભરતીમાં એક ટકા પણ ગેરરીતિ થઈ નથી.

# દયાદરા હાઈસ્કૂલના ડૉ. ઈમ્તિયાઝભાઈ ઘાંચી જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારથી સન્માનિત



(સંવાદદાતા દ્વારા)
ટંકારીઆ, તા.૧૦

ડૉ. ઈમ્તિયાઝભાઈ દાઉદભાઈ ઘાંચી (મોદી), M.A., B.Ed., Ph.D. (English), સાંસરોદ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરાના ગૌરવપૂર્ણ વતની, શિક્ષણ જગતમાં પોતાની અનુપમ કાર્યનિષ્ઠા અને સમર્પણથી નામના મેળવનાર શિક્ષક છે. તેઓ ૧ ઓક્ટોબર, ૨૦૧૩થી ભરૂચ જિલ્લાની દયાદરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કાર્યરત છે. શિક્ષણ ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને ઘડવામાં તેમની અવિરત મહેનતને બિરદાવતા, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રેરિત ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જયંતિ એટલે કે 'શિક્ષક દિવસ'ના રોજ તેમને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર (Best Teacher Award)થી સન્માનિત કર્યા. આ પ્રસંગે ડૉ. ઈમ્તિયાઝભાઈએ તેમના હૃદયસ્પર્શી શબ્દોમાં જણાવ્યું, "આ સન્માન મારા માટે માત્ર એક પુરસ્કાર નથી, પરંતુ મને વધુ ઉત્સાહ અને નિષ્ઠાથી શિક્ષણની સેવા કરવા પ્રેરણા આપે છે. એક શિક્ષક માટે તેના વિદ્યાર્થીઓનો સંતોષ અને સફળતા જ સૌથી મોટો પુરસ્કાર છે. મને આનંદ છે કે આ સિદ્ધિ મારા વિદ્યાર્થીઓને પણ જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપશે."ડૉ. ઈમ્તિયાઝભાઈ દાઉદભાઈ ઘાંચી (મોદી) દયાદરા હાઈસ્કૂલ, સાંસરોદ ગામ અને વહોરા પટેલ સમાજનું ગૌરવ છે. તેમની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ બિરદાવતા તેઓ શિક્ષણ ક્ષેત્રે વધુ ને વધુ પ્રગતિ કરે અને અનેક વિદ્યાર્થીઓના જીવનને પ્રકાશમય બનાવે, એવી શુભકામનાઓ પાઠવી હતી.

# નડિયાદમાં દાંડી માર્ગની હાલત બિસ્માર : કોંગ્રેસે દર્શાવ્યો વિરોધ

નડિયાદ, તા.૧૦

ચોમાસાની શરૂઆત થતા જ નડિયાદમાંથી પસાર થતાં ડભાણથી ભૂમેલ તરફ જતા દાંડી માર્ગની દયનીય હાલત સામે આવી હતી. કરોડો રૂપિયાના ખર્ચેબનેલા આ રસ્તા પર મોટા-મોટા ખાડાઓ પડી ગયા છે, જેને કારણે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિએ રોડ પર વિરોધ પ્રદર્શન યોજી તંત્ર સામે અનેક સવાલો ઉઠાવ્યા છે. નડિયાદના ડભાણથી ભૂમેલ તરફ જતા દાંડી માર્ગનું સમારકામ જાન્યુઆરી ૨૦૧૯માં રૂા.૧૬.૭૫ કરોડના બજેટથી મંજૂર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આક્ષેપ મુજબ, થોડા જ મહિનામાં રસ્તો તૂટી ગયો હતો. જે બાદ અનેક વખત રસ્તાઓ પર ડામર કામ કરવામાં આવ્યું હતું. હાલમાં તાજેતરમાં જ ચોમાસાની શરૂઆત સમયે ઉત્તરસંડા રોડ તરફનો એક ભાગ તૂટી જતા ત્યાં આરસીસી રોડ બનાવવામાં આવ્યો હતો, પરંતુ કોંગ્રેસનો દાવો છે કે માત્ર ૫૦ દિવસમાં જ આ રસ્તો પણ તૂટવા લાગ્યો છે. આ મામલે નડિયાદ શહેર કોંગ્રેસે પ્લેકાર્ડ સાથે રોડ પર વિરોધ દર્શાવી નબળી ગુણવત્તાના કામ સામે તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે.

# પાલનપુરમાં સૈયદ કબીલા દ્વારા ૧૫૦૦મા મિલાદની ભવ્ય ઉજવણી

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૧૦

પાલનપુરમાં સમસ્ત સૈયદ કબીલા દ્વારા રબ્બીઉલ અવ્વલની ૧૪મી તારીખે અને ૭/૯/૨૫ના રોજ મહેદવિયા કોમ્યુનિટી હોલ ખાતે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના ૧૫૦૦મા મિલાદની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પીરો મુર્શિદ સૈયદ નુરૂલ્લાહ મિયાંના અધ્યક્ષ સ્થાને નિયાઝ અને જલસાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.બપોરે ઝોહરની નમાઝ બાદ જલસાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સૈયદ ખલીલુલ્લાહે કુર્આને શરીફની તિલાવત કરી હતી. આ જલસામાં સૈયદ બિલાલે પોતાની તકરીરમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. આ પ્રસંગે તારીકે દુનિયા સૈયદ એજાજ મિયાં


(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

બિન પીરો મુર્શિદ સૈયદ આલમ મિયાં, પીરો મુર્શિદ સૈયદ અતન ખુંદમીરી અને પીરો મુર્શિદ સૈયદ ઈનાયતુલ્લાહ મિયાંએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની સીરત વિશે વિગતવાર બયાન કરી લોકોને પાંચ વખતની નમાઝ પાબંદી સાથે અદા કરવા અનુરોધ કર્યો હતો.જલસાનું સંચાલન સૈયદ સમીઉલ્લાહે કર્યું હતું, જ્યારે આભારવિધિ પીરો મુર્શિદ સૈયદ ઈનાયતુલ્લાહ મિયાંએ કરી હતી. જલસાના અંતે પીરો મુર્શિદ સૈયદ નુરૂલ્લાહ મિયાં દ્વારા તસ્બિહ પઢાવવામાં આવી હતી. રાત્રે ઈશાની નમાઝ બાદ નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પીરો મુર્શિદ સૈયદ અતન ખુંદમીરીના માર્ગદર્શન હેઠળ સૈયદ કબીલાના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાલેજમાં બકરાચોર ટોળકીને જબ્બે કરવા પોલીસમાં રજૂઆત કરાઈ

(સંવાદદાતા દ્વારા)
પાલેજ, તા.૧૦

પાલેજમાં બકરી બકરાની ફોર વ્હીલરમાં નાંખી લઈ ફરાર થઈ જતી. ટોળકી સક્રિય બનતાં પાલેજ પોલીસમાં બકરા ચોરોને જબ્બે કરવા લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ગામમાં છેલ્લા દસ દિવસથી દરરોજ બે, ત્રણ, ચાર, પાંચ એવી સંખ્યાઓમાં બકરાઓની અજાણ્યા ઈસમો દ્વારા ઉઠાતરી કરવામાં આવી રહેલી છે. જેમાં આ બકરા ચોર ટોળકી સ્વીફ્ટ ગાડી, મારૂતિ કે ઈકો વાન ગાડીઓ લઈને આવે છે અને જ્યાં બકરા ઘાસ ચારો ચરતા હોય કે બેઠા હોય ત્યાં આવી ગાડી ઊભી રાખે છે અને પછી બકરાની આગળ બિસ્કીટ નાખે છે અને બિસ્કીટ ખાતા ખાતા બકરા જેવા ગાડીના દરવાજે આવે કે તુરંત અંદર ખેંચી તેના મોઢે ટેપ પટ્ટી મારી ચાર પાંચ બકરા થાય તો તરત નીકળી જાય છે. આમ અત્યાર સુધી ૧૭થી ૧૮ બકરાઓની અંદાજે સાડા ત્રણ લાખની ચોરી થયેલી છે, જે અંગે આજરોજ પાલેજ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં રજૂઆત કરેલી છે અને નગરજનોને પણ સાવધાન કરવામાં આવ્યા છે કે, રોડની બાજુમાં કોઈપણ ફોરવીલ ગાડી બંધ હાલતમાં ઊભેલી હોય તો એને એક વખત ડોકિયું કરી ચેક કરી લે અને પોતાના જાનવરો, વાહનો તથા નાના બાળકોનું ખાસ ધ્યાન રાખે અને કોઈ પણ અજાણ્યા શખ્સ ઉપર ભરોસો ના કરે કે કોઈપણ અજાણ્યો શખ્સ તમારા વિસ્તારમાં કે ફળિયામાં દેખાય તો એના ઉપર નજર રાખે અને પોલીસ સ્ટેશને જાણ કરી શકે છે.

# પાલનપુર શહેરનો મુખ્યમાર્ગ ખખડધજ : રહીશો પરેશાન



પાલનપુર, તા.૧૦

પાલનપુર નગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે રોડ રસ્તા બન્યા છે. પરંતુ આજે શહેરમાં એક પણ રોડ રસ્તો સારો રહ્યો નથી. શહેરના મોટાભાગના રોડ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે.જેને લઈને લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. પાલનપુરના શહેરના મુખ્યમાર્ગોની હાલત બદથી બદતર જોવા મળી રહી છે. આ રોડ પર ઠેરઠેર ખાડાઓનું સામ્રાજ્ય જોતા ખાડામાં રોડ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. છેલ્લા કેટલાય મહિનાઓથી રોડ ભંગાર હાલતમાં છે. જેને લઈને સ્થાનિકો દ્વારા વારંવાર પાલિકાની બાંધકામ કમિટીના ચેરમેનને રજૂઆત કરવા છતાં લોકોની રજૂઆત બહેરા કાને અથડાઈને પરત ફરી છે. જેના પગલે સ્થાનિકોએ તંત્ર સામે રોષ ઠાલવ્યો હતો.

# ધોળકા ખાતે ૧ ૩મીએ અંજુમન સંસ્થા દ્વારા ઈનામી જલસાનું આયોજન : તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ધોળકા, તા.૧૦

ધોળકા અંજુમને નવજવાન સંસ્થા દ્વારા ઈદે મિલાદુન્નબી (સ. અ. વ.)ની ઉજવણીના ભાગરૂપે તા.૧૩/૯/૨૦૨૫, શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે ઘાંચી જમાતખાના, ધોળકા ખાતે ઈનામી જલસાનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અધ્યક્ષ સ્થાને સૈયદ મોહંમદ યાસીનબાપુ નકશબંદી (સુપ્રીટેન્ડન્ટ, જામિઆ ફૈઝાને અહમદી ઈન્સ્ટિટ્યૂશન, નાપાડ-વાંટા, જિ. આણંદ), મુખ્ય મહેમાન તરીકે કાશીફ અબ્બાસી (ડાયરેક્ટર એડમિશન, યુ. જી. યુનિવર્સીટી, અમદાવાદ), અતિથિ વિશેષ તરીકે ફૈસલ કુરેશી (બ્રાન્ડ કન્સલ્ટન્ટ ટ્રેનર) અને ડો. સોહેલ કાદરી (એમ. પી. ટી. (cardio) પી. એચ. ડી. (સ્કોલર) ખાસ ઉપસ્થિત રહેશે. આ ઈનામી જલસામા વિવિધ મદ્રેસાનાં બાળકો હુઝૂર (સ. અ. વ.)ની શાનમાં તકરીર પેશ કરશે અને મુસ્લિમ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

# ધોળકા ખાતે રાત્રે ગેરેજમાંથી રૂા. ૨૪.૯૩ લાખની મતાની ચોરી

(સંવાદદાતા દ્વારા)
ધોળકા, તા.૧૦

ધોળકા ખાતે લોધીના લીમડા વિસ્તારમાં રહેતા ફિરોજભાઈ હસનભાઈ રાધનપુરીએ ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે કે તા. ૯/૯/૨૦૨૫નાં રોજ રાત્રિના એક વાગ્યાથી સવારના પોણા નવ વાગ્યાનાં સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ લોધીના લીમડા વિસ્તારમાં અરિહંત હોસ્પિટલ સામે આવેલ મારી ન્યુ ગોલ્ડન ઓટો નામની બંધ ગેરેજના શટરનું લોક અમારી ચાવીથી જ ખોલી પ્રવેશ કર્યો હતો. જ્યારે ગેરેજમાં ભીંત કબાટમાં રહેલ તિજોરીની ચાવી વડે લોખંડની તિજોરી ખોલી તિજોરીના અંદર લોકરના ખાના ખોલી તેમાં મુકેલ રોકડા રૂપિયા ૧૯ લાખ તેમજ સાડા અઢાર તોલા સોનાના ઘરેણાં કિંમત રૂા. ૫. ૯૩ લાખ તેમજ ચાંદીના ઘરેણાં કિંમત રૂા.૪ હજાર મળી કુલ રૂા.૨૪,૯૩, ૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ છે. ચોરીના આ બનાવ સંદર્ભે ધોળકા ટાઉન પોલીસે ગુનો નોંધી તસ્કરને ઝડપી પાડવા ટાઉન પીઆઈ જે.ડી. ડાંગરવાલાએ ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

# સાંસરોદ ખાતે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી



પાલેજ, તા.૧૦

ધી સાંસરોદ હાઈસ્કૂલમાં તાજેતરમાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના બાદ વિદ્યાર્થીઓએ 'વિદ્યાર્થી શિક્ષક' તરીકે પાઠ ભણાવ્યો તથા બપોરે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયો હતો. કાર્યક્રમમાં માધ્યમિક વિભાગના પોથીયા રેયાન, રોહિત જયેન્દ્ર, વડિયા સલમાન તથા ઉચ્ચતર વિભાગના અન્સારી તનવીર, અદા સાદિયા અને દિવાન જાહીરાએ વિજેતા સ્થાન મેળવ્યું હતું. વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્રો અપાયા હતા.પ્રાથમિક વિભાગમાં ૮૯ વિદ્યાર્થીઓએ શિક્ષક તથા ૬ વિદ્યાર્થીઓએ પટાવાળાની ભૂમિકા ભજવી હતી. શ્રેષ્ઠ શિક્ષક બનેલા ૯ વિદ્યાર્થીઓને ઈનામ અપાયા હતા. આચાર્યએ શિક્ષકોના આદર અને શિક્ષણની પવિત્રતાને જાળવવાની ભાવના વ્યક્ત કરી હતી. આમ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ડીસામાં આશા અને ફેસિલિટેટર બહેનોએ પગાર વધારા માટે આવેદનપત્ર આપ્યું

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૦

ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર્સ યુનિયન દ્વારા સમગ્ર રાજ્યમાં જિલ્લા કલેક્ટર, પ્રાંત ઓફિસર અને સિટી મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યા છે. આ આવેદનપત્રમાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી ફેસિલિટેટર બહેનોના પગારમાં વધારો કરવાની અને તેમના માટે ટેબ્લેટ કે સ્માર્ટફોન આપવાની માંગ કરવામાં આવી છે.જેના ભાગ રૂપે આજે ડીસા નાયબ કલેક્ટરને પણ આવેદન આપી માંગ કરવામાં આવી હતી અને યુનિયન દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકારે સંસદમાં જાહેરાત કરી હતી કે આશા વર્કર બહેનોને મળતા રૂા.૨,૦૦૦ના ઈન્સેન્ટિવમાં રૂા.૧,૫૦૦નો વધારો કરીને તેને રૂા.૩,૫૦૦ કરવામાં આવશે પણ આ વધારા અંગેનો સત્તાવાર સરકારી ઠરાવ હજુ સુધી બહાર પાડવામાં આવ્યો નથી. યુનિયને જણાવ્યું કે ફેસિલિટેટર બહેનો આરોગ્ય વિભાગની કામગીરીમાં અતિ મહત્ત્વની જવાબદારી નિભાવે છે. તેથી, તેમને પણ લઘુત્તમ વેતન જેટલો પગાર વધારો આપવામાં આવે. આ તેવી માંગણી કરવામાં આવી છે.

### સ્ટેટ મોનિટરિંગ સેલને મળી મોટી સફળતા
# બારડોલી હાઈવે પર ૧.૧૬ કરોડનાં ડ્રગ્સ સાથે એક ઝડપાયો
## એસએમસી પોલીસે દરોડામાં કોકેઈન, બ્રાઉન સુગર સાથે એકની ધરપકડ કરી, ૩ વોન્ટેડ

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

રાજયમાં ડ્રગ્સની બદીને સંપૂર્ણપણે નેસ્તનાબુદ કરવા માટે પોલીસે કમર કસી છે. સ્થાનિક પોલીસ તેમજ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા અવાર નવાર રાજયના જુદા જુદા શહેરોમાંથી લાખો કરોડો રૂપિયાની કિંમતના એમડી ડ્રગ્સ, ગાંજા જેવા માદક પદાર્થો અને પેડલરોને પકડવા આવે છે. ત્યારે આ જ દિશામાં કાર્યરત સ્ટેટ મોનીટરીંગ સેલને મોટી સફળતા મળી છે. બારડોલી સુરત એનએચ ખાતેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડા પાડી રૂા.૧.૧૬ કરોડના કોકેઈન અને હેરોઈન જેવા ઘાતક ડ્રગ્સ પકડી પાડી એક પેડલરની ધરપકડ કરી છે.જ્યારે ઉત્તરપદેશના મુખ્ય સપ્લાયર સહીત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મળેલ બાતમીને આધારે નેશનલ હાઈવે -૫૩, ત્રણ વલ્લા બ્રિજ, બારડોલી સુરત રૂરલ ખાતે રેઈડ કરી હતી.અને સ્થળ પરથી રૂા.૯૩.૫૭ લાખનો કોકેઈન તથા રૂા.૨૩.૨૮ લાખનો બ્રાઉન સુગર, અલ્પ્રાઝો ટેબ્લેટ- ૨૦ તેમજ મોબાઈલ અને રોકડ મળી કુલ્લે રૂા.૧,૧૬,૮૯,૨૦૫નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને પેડલર અવનિશ સંચીતાનંદ પાઠક (રહે- ખુશીનગર, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરવામાં આવી હતી. જયારે મુખ્ય સપ્લાયર સુરેશ સીંગ, અનિલ યાદવ ( બન્ને રહે - ઉત્તરપ્રદેશ) તથા મોહિત યાદવ (રહે મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ સિવાય પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આટલા મોટા પ્રમાણમાં કોકેઈન અને બ્રાઉન સુગર જેવા ઘાતક ડ્રગ્સ તેઓ ક્યાંથી લઈને આવ્યા હતા.અને કઈ જગ્યા ડિલિવરી આપવા જવાના હતા,વિગેરે બાબતે પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# નેપાળમાં ફસાયેલા અરવલ્લીના નાગરિકો સુરક્ષિત : પરત લાવવા પગલાં

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૦

નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલનને કારણે અરવલ્લી જિલ્લાના ટીંટોઈ, તા.મોડાસા, જિ.અરવલ્લીના નાગરિકો બિહારથી ભાડે કરેલી ગાડી સાથે ડ્રાઈવર સહિત પોખરા, નેપાળ ખાતે ફસાયેલા હોવાનો સંદેશો તા.૧૦/૦૯/૨૦૨૫ના રોજ પ્રાપ્ત થયો હતો. આ અંગે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમની સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી હતી અને તેઓ સુરક્ષિત હોવાની માહિતી મળી છે. ફસાયેલા નાગરિકોમાં ૧.ખરાડી રામજીભાઈ વાલજીભાઈ, ૨.ખરાડી વીણાબેન રામજીભાઈ, ૩.ખરાડી અંકિતભાઈ રામજીભાઈ, ૪.બોદર પ્રિયંકાબેન દિલીપભાઈનો સમાવેશ થાય છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર હાલમાં પણ આ નાગરિકોના સતત સંપર્કમાં છે અને તેમની સુરક્ષા અને સ્થિતિ અંગે નિયમિત જાણકારી મેળવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા તેમની સુરક્ષા અને સલામત પરત ફરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યાં છે.

# ડીસા તાલુકાના વ્યાજબી ભાવના દુકાનદારોની હડતાળ પર જવાની ચીમકી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૦

ડીસા તાલુકામાં આવેલી વ્યાજબી ભાવની સરકારી અનાજની દુકાનોના સંચાલકોએ કમિશન સમયસર ન મળવાને કારણે હડતાળ પર જવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે ડીસા તાલુકાના તમામ સંચાલકોએ મામલતદાર કચેરીમાં એક આવેદનપત્ર સુપરત કરીને રજૂઆત કરી છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે તેઓ સરકારની સૂચના મુજબ સમયસર અને યોગ્ય રીતે અનાજનો જથ્થો ગ્રાહકોને પૂરો પાડે છે. જોકે, તેમને સરકાર તરફથી મળતું કમિશન સમયસર આપવામાં આવતું નથી અને જો આપવામાં આવે તો પણ તે ટુકડે-ટુકડે મળે



છે. આને કારણે જ્યારે તેમને અનાજના જથ્થાના પૈસા ભરવાના હોય છે, ત્યારે તેઓ સમયસર તે ભરી શકતા નથી. સંચાલકોની મુખ્ય માંગણી એ છે કે તેમને સરકાર તરફથી મળતું કમિશન સમયસર અને પૂરેપૂરું એકસાથે આપવામાં આવે. જો તેમની આ માંગણી પૂરી કરવામાં નહીં આવે તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે અચોક્કસ મુદતની હડતાળ પર જશે. સંચાલકોએ આ રજૂઆત જિલ્લા પુરવઠા અધિકારી અને ગાંધીનગર સુધી પહોંચાડીને આ પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા વિનંતી કરી છે.

# CAG રિપોર્ટમાં ખુલાસો : રાજ્ય સરકાર દ્વારા ૭૨,૦૦૦ કરોડથી વધુની મહેસૂલી રકમ વસૂલાઈ નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

એક બાજુ ગુજરાત સરકાર વિવિધ પ્રોજેક્ટ માટે અબજો રૂપિયાની લોન લઈને દેવું કરે છે તો બીજી બાજુ પોતાના હકની રકમની વસુલાત કરી શકતી ન હોય, તેવું જણાઈ આવ્યું છે કારણ કે, છેલ્લા ઘણા વર્ષથી ૭૨ હજાર કરોડથી વધુની મહેસૂલી રકમ બાકી જ બોલતી આવે છે, જેની વસુલાત થઈ શકતી નથી. આ બાબત સરકારને આર્થિક સ્થિતિને નડતરરૂપ બની રહી છે. બાકી વસુલાતનો આ આંકડો પ્રતિવર્ષ વધતો જાય છે છતાં સરકાર તરફથી કોઈ નક્કર પગલા લેવાતા નથી. ૩૧મી માર્ચ ૨૦૨૪ના પુરા થયેલા વર્ષમાં સરકારની કુલ બાકી વસૂલાત ૭૨,૦૨૯.૭૮ કરોડ થવા જાય છે. જેમાં સૌથી વધુ ૪૦,૨૮૮.૪૯ કરોડની બાકી વસૂલાત માત્ર જીએસટી, વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) અને વેચાણવેરાની છે. ચોંકાવનારી બાબત એવી છે કે આ મહેસૂલી બાકી પૈકી ૪૦,૨૮૮.૪૯ કરોડ પાંચ વર્ષ કરતાં વધારે જૂની છે છતાં સરકાર તેને વસૂલવા માટે કશું કરી શકી નથી. ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)ના વર્ષ ૨૦૨૩-૨૪ના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, પાંચ વર્ષ કરતાં વધુ વર્ષથી બાકી વસૂલાતમાં કોર્ટ કેસો, નાદારી અને સરકારી રોક સહિતના અનેક કારણો જોવા મળ્યા છે. જો કે, આ બાકી રકમમાં વીજ શુલ્કની વિગતો આપવામાં આવી નથી. કેગના મુખ્ય ગણાતા ઓડિટ-૨ બીકે મુખર્જીના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, વિભાગો દ્વારા સ્ટેમ્પ ડ્યુટી, વાહન પરના કરવેરા તેમજ જીએસટી-વેટ હેઠળ કુલ ૨.૧૧ લાખ કેસ શોધી કાઢવામાં આવ્યા હતા. જે પૈકી ૯૭ હજાર કેસમાં ૧૧૬૫.૦૧ કરોડની માગણી કરવામાં આવી છે. જયારે ૧.૩૩ લાખ કેસને હજી સુધી આખરીરૂપ અપાયું નથી.

કેગ તરફથી એવી ટીકા પણ થઈ છે કે, નુકસાન કરતી સરકારી કંપનીઓ અને નિગમોમાં રાજ્ય સરકારે ૬૨૫૩ કરોડનું ખોટું મૂડીરોકાણ કર્યું છે. જેનો કોઈ ફાયદો થયો નથી. ૨૦૧૯-૨૪ દરમ્યાન રાજ્ય સરકારના મૂડી રોકાણમાં ૩૪,૮૩૫ કરોડ જેટલો વધારો થયો હતો પરંતુ રોકાણ પરનું વળતર નહીંવત જોવા મળ્યું છે. ૨૦ જેટલા વિભાગોમાં સરકારની તિજોરીને બહુ મોટું નુકસાન થયું છે. જેમાં ૫૫ લાખની ચોરી, સરકારી માલસામાનને ૧૭૪.૩૬ કરોડનું નુકસાન, આગ-અકસ્માતમાં ૧.૯૫ કરોડની હાનિ સહિત કુલ ૧૮૩ કેસમાં ૧૭૬.૮૬ કરોડની બરબાદી કરવામાં આવી છે. એવું પણ નોંધવામાં આવ્યું છે કે ખર્ચના વિવેકહિન ઉપયોગના કારણે નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર થઈ છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના યોગ્ય પૃથ્થકરણ અને ખર્ચની ગુણવત્તાને અસ્પષ્ટ બનાવી છે. નિયમ સમયમાં ૧૧,૮૬૯ કરોડની રકમના ૪૭૪૫ વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવાથી નાણાકીય જવાબદારીની પદ્ધતિ નબળી પડી છે. બીજીતરફ રાજ્યમાં વિકાસના કામો માટે ૨૦૪ યોજનાઓ શરૂ કરાઈ હતી. પરંતુ કોઈ કારણોસર અપૂર્ણ છે. કેગના રિપોર્ટમાં નાણાકીય અશિસ્ત બાબતે ટીકાઓ કરી સરકારને એવી ભલામણ કરવામાં આવી છે કે સરકારે બંધારણમાં નિર્ધારિત સમયમર્યાદામાં રાજ્ય નાણાપંચની ભલામણોનો વિચાર કરવો જોઈએ.

# અમદાવાદમાં ગુજરાતનું સૌથી મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનીને તૈયાર : કેન્દ્રીય ગૃહમંત્રી ૧૪મી સપ્ટેમ્બરે લોકાર્પણ કરશે

## રૂા. ૮૨૪ કરોડના ખર્ચે બનાયેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં વિવિધ પ્રકારની આંતરરાષ્ટ્રીય રમતો રમી શકાય એવી તમામ વ્યવસ્થા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક અને ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારતમાં તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાત પણ આ માટે સજ્જ થઈ રહ્યું છે. અમદાવાદના નારણપુરા ખાતે ગુજરાતનું સૌથી મોટું અને અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર થઈ ગયું છે. ૧.૧૮ લાખ ચોરસમીટરના વિસ્તારમાં રૂા.૮૨૪ કરોડના ખર્ચે બનેલા આ કોમ્પ્લેક્સનું લોકાર્પણ આગામી ૧૪ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવશે. એ દરમિયાન ભવ્ય કાર્યક્રમ અને જાહેરસભાનું આયોજન પણ કરાયું છે.

આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની કોમનવેલ્થ ગેમ્સ, વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ તથા ઓસ્ટ્રેલિયન સ્પોર્ટ્સ એક્સેલન્સ ફોરમ જેવાં આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી છે અને એની ગુણવત્તા અને સુવિધાઓને માન્યતા આપી છે. એશિયન એક્વાટિક ચેમ્પિયનશિપ અને વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની ટુર્નામેન્ટ આ નવા બનેલા સ્પોર્ટ્સ ખાતે યોજશે. આમ વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કમિટી દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને સુવિધાઓ બાબતે માન્યતા આપવામાં આવી ચૂકી છે. આ ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં પ્રગતિનગર, નંદનવન પાસે રૂા.૮૨૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનીને તૈયાર થઈ ગયું છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો ૨૯ મે ૨૦૨૨ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે શિલાન્યાસ થયો હતો. આધુનિક ટેક્નોલોજી, વૈશ્વિક નોર્મ્સ અને જુદી જુદી ગેમ્સનાં ફેડરેશન દ્વારા કરવામાં આવેલાં સૂચનો અને ભલામણોને આધારે લગભગ ૧.૧૮ ચો.મી.ના બિલ્ટઅપ એરિયા સાથે ડિઝાઈન કરી અને રૂા.૮૨૪ કરોડના અંદાજિત ખર્ચે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યું છે.

નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે, જેમાં એક્વાટિક સ્ટેડિયમ, સેન્ટર ફોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઈન્ડોર સ્પોર્ટ્સ એરેના અને કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર નામના અલગ અલગ ૪ બ્લોક બનાવવામાં આવ્યા છે. એમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો ડાઈવિંગ પૂલ, સ્વિમિંગ પૂલ, બાસ્કેટબોલ, વોલીબોલ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, રેસલિંગ કોર્ટ, ટેનિસ, ટેબલ ટેનિસ, ઝુડો-કરાટે, કબડ્ડી, કેરમ, ચેસ, સ્નૂકર સહિતની વિવિધ પ્રકારની આંતરરાષ્ટ્રીય રમતો રમી શકાય એવી તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સિવાય સામાન્ય નાગરિકો પણ પોતાને મોબાઈલમાંથી બહાર કાઢીને ફિટ રહી શકે એ માટે કોમ્પ્લેક્સની અંદર જ ફિટ ઈન્ડિયા ઝોન બનાવાયો છે, સાથે જ ખેલાડીઓ માટે રહેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કુલ ૪ બિલ્ડિંગ અને ૬ ગેટ બનાવાયાં છે. ૮૫૦ ટૂ-વ્હીલર અને ૮૦૦ ફોર-વ્હીલર પાર્ક થઈ શકે એવું વિશાળ પાર્કિંગ બનાવાયું છે. અહીં આવવા માટે લોકોને ટ્રાન્સપોર્ટેશનની સરળ વ્યવસ્થા મળી રહે એ માટે અમદાવાદ શહેરની વચ્ચોવચ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભું કરાયું છે.

### CAG રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

# ગુજરાત સરકારે ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલેલ દંડની માત્ર ૮૭ ટકા રકમ ટ્રાન્સફર કરી

## ● ૧૪૮.૮૦ કરોડની રકમ ટ્રાન્સફર થઈ નથી ● 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં સંપૂર્ણ રકમ જમા કરાવવાની જોગવાઈ છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

CAG ના ઓડિટ રિપોર્ટમાં ચોંકાવનાર ખુલાસો થયો છે. ગુજરાત સરકારે ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલેલા દંડની સંપૂર્ણ રકમ એટલે કે ૧૦૦% 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં જમા કરાવવાની જોગવાઈ હોવા છતાં માત્ર ૮૭% રકમ જ ટ્રાન્સફર કરવામાં આવી છે. CAGના રિપોર્ટ મુજબ, કુલ રૂા.૧૪૮.૮૦ કરોડની રકમ ટ્રાન્સફર થઈ નથી.

CAGના વાર્ષિક નાણાકીય ઑડિટ રિપોર્ટમાં ૨૦૧૨-૧૩ થી ૨૦૨૩-૨૪ સુધીના સમયગાળાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારે ટ્રાફિક દંડ તરીકે કુલ રૂા.૧,૧૨૩.૨૯ કરોડ વસૂલ્યા હતા, પરંતુ તેમાંથી માત્ર રૂા. ૯૭૪.૪૯ કરોડ જ 'ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ' (GSMSN)ના ફંડમાં ટ્રાન્સફર થયા. આ આંકડા દર્શાવે છે કે ૧૩% જેટલી રકમ એટલે કે રૂા.૧૪૮.૮૦ કરોડ અન્યત્ર જતી રહી છે. નિયમ અનુસાર, ટ્રાફિક દંડમાંથી મળતી આવક રાજ્યનિધિમાં જમા થવી ફરજિયાત છે. આ આવકનો ઉપયોગ માર્ગ સુરક્ષા સંબંધિત પ્રવૃત્તિઓ માટે થાય છે. આ હેતુસર, ડીજી અને આઈજીપી, ગાંધીનગરના નામે એક ખાનગી લેજર ખાતું (PLA) ખોલવામાં આવ્યું છે, જેમાં ૨૦૦૬થી સરકારે ૧૦૦% દંડની રકમ જમા કરાવવાની જોગવાઈ કરી હતી. રિપોર્ટમાં વર્ષવાર ટ્રાન્સફરની ટકાવારી પણ દર્શાવવામાં આવી છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે કયા વર્ષમાં કેટલી રકમ ટ્રાન્સફર થઈ હતી. ૨૦૧૨-૧૩ : કુલ રૂા.૩૮.૨૨ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂા.૨૨.૯૯ કરોડ (૬૦.૧૮%) ટ્રાન્સફર થયા. ૨૦૧૫-૧૬ : કુલ રૂા.૭૮.૬૫ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂા.૫૯.૭૬ કરોડ (૭૬.૦૧%) ટ્રાન્સફર થયા. ૨૦૨૩-૨૪ : કુલ રૂા.૨૩૭.૦૦ કરોડ વસૂલાયા હતા, જેમાંથી રૂા.૨૦૮.૬૫ કરોડ (૮૮.૦૫%) ટ્રાન્સફર થયા. આ આંકડાઓ દર્શાવે છે કે દરેક વર્ષે ટ્રાન્સફર થયેલી રકમની ટકાવારીમાં વધારો થયો છે, પરંતુ કોઈ પણ વર્ષમાં ૧૦૦% રકમ ટ્રાન્સફર થઈ નથી. કુલ ટ્રાન્સફર થયેલી રકમની ટકાવારી માત્ર ૮૭.૦૬% છે.

# RTE હેઠળ દાખલ થયેલ ગરીબ બાળકો સાથે ભેદભાવ કરતી શાળાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની માંગણી

## વિધાનસભા ગૃહમાં ધારાસભ્યના પ્રશ્નમાં સરકારે સ્વીકાર્યું કે, અમદાવાદમાં બાળકો સાથે થતા ભેદભાવની ચાર ફરિયાદો મળી

અમદાવાદ, તા.૧૦

આજરોજ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન જમાલપુર-ખાડીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ શિક્ષણ મંત્રીને પ્રશ્ન પૂછેલ કે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં RTE હેઠળ દાખલ થયેલ બાળકો સાથે થતા ભેદભાવની કેટલી ફરિયાદો સરકારને મળી, અને આ ફરિયાદ અન્વયે જવાબદારો સામે શાં પગલાં લીધા ? તેના લેખિત જવાબમાં સરકારે સ્વીકાર્યું છે કે, અમદાવાદ શહેરમાં બાળકો સાથે થતા ભેદભાવની ૪ (ચાર) ફરિયાદો સરકારને મળી છે. RTE હેઠળ દાખલ થયેલ બાળકો સાથે ભેદભાવ રાખવા બાબતે ખાનગી શાળાઓની મળેલ ફરીયાદ અન્વયે જિલ્લા કચેરી દ્વારા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવી છે.

ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકાર દ્વારા સહુને શિક્ષણનો અધિકાર મળે તે હેતુસર RTEનો કાયદો અમલમાં લાવવામાં આવેલ, પરંતુ ગુજરાત રાજ્યમાં RTE હેઠળ દાખલ થયેલ બાળકો સાથે ભેદભાવ કરવામાં આવે છે. ચાંદખેડાની એશિયન ગ્લોબલ સ્કૂલ અને વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલ જેમ્સ ઝેનીસીસ સ્કૂલમાં RTE હેઠળ દાખલ થયેલા ગરીબ વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરવામાં આવે છે અને અમાનવીય વર્તન કરવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓને ક્લાસરૂમમાં અલગથી બેસાડવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓને શાળા ખાતે આવેલ કેન્ટીનનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી અને રમતગમતના સાધનોનો પણ ઉપયોગ કરવા દેવામાં આવતો નથી. DEOમાં આ અંગે ફરિયાદો થઈ છે પણ સ્કૂલને ફક્તને ફક્ત નોટિસ આપ્યા સિવાય તેની સામે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી.

ખેડાવાલાએ વધુમાં કહ્યું કે, ગરીબ વિદ્યાર્થીઓને RTE કાયદાની જોગવાઈ હેઠળ પ્રવેશ આપવામાં આવે છે પરંતુ વિદ્યાર્થીઓને એવા હેરાન કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ સ્કૂલ છોડીને જતા રહેવું પડે છે. આવી રીતે પ્રવેશ રદ્દ કરાવવાના કિસ્સાઓ વધતા જાય છે. વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ રદ કરાવવાની સંખ્યા વધી ગઈ છે. સરકારે આવી શાળાઓને ફક્ત નોટિસ આપ્યા સિવાય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગણી ઈમરાન ખેડાવાલાએ સરકાર સમક્ષ કરી હતી.

# વીજ કરંટથી દંપતીના મોતના કેસમાં કોઈ અધિકારીની બેદરકારી સામે આવે તો કોઈ મદદ નહીં કરવાની મ્યુ. કમિશનરની ચેતવણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓ સાથે એક સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે લાંભા વોર્ડમાં વીજ કરંટથી દંપતીના મૃત્યુ જેવી દુર્ઘટનાઓને ગંભીરતાથી લઈ, રોજબરોજની કામગીરીમાં પૂરતું ધ્યાન આપવા સૂચના આપી હતી. તેમણે ચેતવણી આપી હતી કે, જો કોઈ અધિકારીની બેદરકારી સામે આવશે અને તેની વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થશે, તો કોર્પોરેશન કોઈ મદદ નહીં કરે.

મ્યુનિસિપલ કમિશનરે આ પ્રકારની દુર્ઘટનાઓમાં કોની જવાબદારી નક્કી કરવી તેને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી. ઈજનેર વિભાગના અધિકારીઓને મેઈન્ટેનન્સ સેલ બનાવવા સૂચના આપી હતી. જ્યારે AMC દ્વારા આઉટસોર્સિંગથી સફાઈ કામગીરી અને ડીશિલ્ટિંગની કામગીરી સોંપવામાં આવી છે તેવી કામદાર મંડળીઓ અને સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે બાયોમેટ્રિક હાજરી ફરજિયાત નહીં કરવામાં આવી હોવાના બાબતે AMC કમિશનરે ભારે નારાજગી દર્શાવી હતી. આ ઉપરાંત, કમિશનરે શહેરમાં ચાલતી શાળાઓ, ક્લાસીસ અને હોસ્પિટલોમાં બિલ્ડિંગ યુઝ (BU) પરમિશન અને ફાયર સેફ્ટીની ચકાસણી કરીને યોગ્ય પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. તેમણે રોડ પરના દબાણો હટાવવાની કામગીરીમાં થતી બેદરકારી અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે એસ્ટેટ વિભાગને દબાણ કરનાર લારી-ગલ્લાના રેકોર્ડ રાખવા અને ખાણી-પીણીના એકમોને સ્વચ્છતા જાળવવા માટે બે ડસ્ટબીન રાખવા ફરજ પાડવા સૂચના આપી હતી. પાણીના જગ વેચતા યુનિટોના સેમ્પલ ફેલ થવા પર સીલ કરવા અને સીલ તોડવા પર પોલીસ ફરિયાદ કરવા માટે SOP બનાવવાનો નિર્દેશ પણ હેલ્થ વિભાગને આપ્યો છે.

# નારોલમાં દંપતીના મોત મામલે તપાસ સમિતિ રચાઈ, ૭ દિવસમાં રિપોર્ટ સોંપાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં મટનગલી નજીક ભરાયેલા વરસાદી પાણીમાં વીજ કરંટ લાગવાને કારણે દંપતિનું કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનામાં મૃતકના પરિજનો અને કોંગ્રેસે ઉગ્ર વિરોધ કર્યો હતો, જે બાદ મનપાએ ઘટનાને ગંભીરતાથી લઈ બનાવની તપાસ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા તપાસ કમિટી રચાઈ છે, જેનો રિપોર્ટ ૭ દિવસની અંદર સોંપવાનો રહેશે. શહેરના નારોલ વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા બાદ તેમાં ખાબકેલા દંપતીને અચાનક વીજ કરંટ લાગતા બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જે બાદ ભારે વિરોધ થયો હતો. આ ઘટનાને ગંભીરતાથી લઈ AMC કમિશનરે સમગ્ર મામલાની તપાસ માટે એક તપાસ કમિટીની રચના કરી છે, જેમાં વોટર રિસોર્સ મેનેજમેન્ટના સીટી ઈજનેર વિજય પટેલ, ઓરીજનલ સીટી ઈજનેર વોટર ઓપરેશન પ્રભાકર અને વિજિલન્સના ડાયરેક્ટર હિના ભાઠાવાલાનો સમાવેશ કરાયો છે. આ રિપોર્ટને ૭ દિવસમાં સોંપવાનો રહેશે.

### ૩૬ હજારથી વધુ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન થયા

# હોસ્પિટલો માટે રજીસ્ટ્રેશનની મુદત ૭ મહિના સુધી લંબાવાઈ

## મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ ૧૯૬૩ હેઠળ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન, ગુજરાતનું રજીસ્ટ્રેશન મેળવવું ફરજિયાત છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

વિધાનસભા ગૃહ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીસનર્સ સુધારા વિધેયક રજુ કરતા જણાવ્યું હતું કે, આ કાયદાનો મુખ્ય હેતુ ગુજરાતમાં આયુર્વેદિક અને યુનાની વ્યવસાયીઓની નોંધણી માટે પ્રબંધ કરવાનો અને ગુજરાત રાજ્યનું આયુર્વેદ/ યુનાની તબીબોનું રજિસ્ટર એટલે કે નોંધણી પત્રક નિભાવવાનો છે. ગુજરાતમાં આયુર્વેદ તથા યુનાની સ્નાતકોએ તબીબી વ્યવસાય કરવા માટે ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ ૧૯૬૩ હેઠળ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાતનું રજીસ્ટ્રેશન મેળવવું ફરજિયાત છે.આ કાયદાની કલમ-૩૦ હેઠળ રજીસ્ટ્રેશન વગર તબીબી વ્યવસાય કરવો ગુન્હો બને છે.આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે,કાયદાની કલમ-૩ મુજબ પાંચ વર્ષની મુદત માટે બોર્ડની રચના કરવામાં આવે છે. બોર્ડમાં ૧૧ સભ્યોની જોગવાઈ છે. જે પૈકી ૪ સભ્યોને ગુજરાત સરકાર દ્વારા નોમિનેટ કરવાની તથા ૭ સભ્યોની ચૂંટણી કરવાની જોગવાઈ છે. ભારત સરકારના ધી નેશનલ કમીશન ફોર ઈન્ડીયન સિસ્ટમ્સ ઓફ મેડીસીન ૨૦૨૦ એક્ટ અમલમાં આવતા અને તેમાં થયેલ જોગવાઈઓ મુજબ "બોર્ડ" શબ્દ ફક્ત કેન્દ્ર સરકાર કક્ષાના ચાર બોર્ડ માટે જ ઉલ્લેખ કરી શકાય છે.આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, આ સુધારા વિધેયકથી ૧૯૬૩ના કાયદાની કલમ-૨ માં Councilની વ્યાખ્યા ઉમેરાઈ છે.અગાઉના કાયદામાં કલમ-૨ અને કલમ-૪૦ સિવાય જયાં જયાં "Board" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ત્યાં "Council" શબ્દ મુકવા માટેનો સુધારો સુચવાયો છે.આ સુધારા વિધેયક અમલી બનતા ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિનનું નામ ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન થશે.

આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, આરોગ્ય સંસ્થાઓ માટે કામચલાઉ રજિસ્ટ્રેશનની અરજીની મુદત સાત મહિના વધારવામાં આવી છે. અગાઉ ૧૨-૦૯-૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. જે હવે ૩૦-૪-૨૦૨૬ સુધી લંબાવાઈ છે. પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે ૩૬ હજારથી વધુ અરજીઓ મળી છે. રજિસ્ટ્રેશન નહીં હોય તો ૨૫ હજારથી ૫ લાખ સુધી દંડ થશે.વિધાનસભા ગૃહ ખાતે ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીસનર્સ સુધારા વિધેયક સર્વાનુમતે પસાર કરાયું હતું.

# એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સમાં સિરત એ મુસ્તફા પર વક્તવ્ય રજૂ કરનાર દીકરીઓનું સન્માન



અમદાવાદ, તા.૧૦

૧૫૦૦મી મિલાદુન્નબી નિમિત્તે એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ શાળામાં રબીઉલ અવ્વલના પહેલા ચાંદથી વિદ્યાર્થિનીઓ દ્વારા શાળાની પ્રાર્થના સભામાં સીરત એ મુસ્તફા પર વિવિધ વક્તવ્ય રજૂ કરાયા હતા જે બદલ આજ રોજ શાળાના આચર્યા અનીસાબેન શેખે ઈનામ આપી દીકરીઓને બિરદાવી હતી. વિજેતા વિદ્યાર્થિનીઓના નામમાં ૧. પરમાર રિયાબા રાજુભા(૯-ડી), ૨. અઝકા બેગમ સૈયદ(૯-એફ), ૩. જાવરાવાલા અમરિન (૯-એફ), ૪. પઠાણ ઈકરાબાનું (૧૦-એ), ૫. અન્સારી સફિયા (૧૦-બી), ૬. પઠાણ દર્ખશા (૧૦- એફ), ૭. શેખ રૂકૈયા (૧૧-એ)નો સમાવેશ થાય છે. તમામ વિદ્યાર્થિનીઓને અંગ્રેજી શિક્ષક એઝાઝ સૈયદ દ્વારા તૈયારી કરાવવામાં આવી હતી.

# લુણાવાડામાં માતા-પિતા ઉપર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યા બાદ પુત્રએ પોતાના હાથની નસ કાપી : પિતાનું મોત

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૧૦

લુણાવાડામાં એક શખ્સે આજે સવારે પોતાના ઘરમાં વૃદ્ધ માતા-પિતા ઉપર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ ચકચારી બનાવમાં પિતાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે માતા ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે હિચકારો જીવલેણ હુમલો કરનાર પુત્રે હાથની નસ કારતા તેને ઈજા પહોંચી છે. ઘટનાને પગલે પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યારે આ ઘટનાને પગલે ઘર આગળ લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર લુણાવાડા શહેરની જૂની પોસ્ટ ઓફિસ બાલકૃષ્ણ સુથાર અગાઉ શેરબજારની ઓફિસ ચલાવતા હતા, છેલ્લા કેટલાક સમયથી બેરોજગાર હતા. તેમના પિતા હસમુખલાલ સુથાર ઘરના નીચે કપડાં સીવવાના મશીન રિપેરિંગનું કામ કરતા હતા. જ્યારે માતા ચંદ્રિકાબેન ગૃહિણી છે. ઘરકંકાસના કારણે આ ઘટના બની હોવાની પોલીસને શંકા છે, પરંતુ પોલીસ દ્વારા હાલ સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સવારે બાલકૃષ્ણે તીક્ષ્ણ હથિયાર વડે માતા-પિતાની ઉપર હુમલો કર્યો હતો અને કાળ બનીને ત્રાટક્યો હતો. આ હુમલામાં પિતા હસમુખલાલના ગળા, હાથ અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેનાથી તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની માતા ચંદ્રિકાબેન પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. હુમલા બાદ બાલકૃષ્ણે પોતે પણ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં તે ઈજાગ્રસ્ત થયો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બાલકૃષ્ણ સુથાર અગાઉ શેરબજારની ઓફિસ ચલાવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમણે આ વ્યવસાય બંધ કરી દીધો હતો. આર્થિક તંગી અને ઘરકંકાસના કારણે આ ઘટના બની હોવાની શક્યતા છે.

# ઈઝરાયેલના નાણામંત્રીની ગુજરાતના મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઈઝરાયેલના નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં લીધી હતી.

ઈઝરાયેલના નાણામંત્રીની આ પ્રથમ ભારત મુલાકાત છે તે દરમિયાન તેઓ ગુજરાતના પ્રવાસે આવ્યા છે અને તેમણે મુખ્યમંત્રી સાથે સૌજન્ય મૂલાકાત બેઠક યોજી હતી.

બેઝાલેલ સ્મોટ્રિચે ભારત-ગુજરાત અને ઈઝરાયેલ વચ્ચે હેરિટેજ, ટ્રેડિશન, કલ્ચર અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં સામ્યતા રહેલી છે તેનો ઉલ્લેખ કરીને આ સંબંધનું ફલક ભવિષ્યમાં વધુ સંગીન બનાવવા અંગે ફળદાયી પરામર્શ કર્યો હતો.

# ઈઝરાયેલે ગાઝામાં ૫૦થી વધુ લોકોની હત્યા કરી; કતારે ઈઝરાયેલી હુમલાને 'રાજ્ય આતંકવાદ' ગણાવ્યો

(એજન્સી) તા.૧૦

જ્યારે વિશ્વનું ધ્યાન દોહામાં હમાસના નેતાઓ પર ઈઝરાયેલના હુમલા પર કેન્દ્રિત છે, ત્યારે ઈઝરાયેલી સેનાએ ગાઝા પર અવિરત બોમ્બમારો ચાલુ રાખ્યો છે, જેમાં મંગળવારે ૫૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. મૃતકોમાં નવ પેલેસ્ટીનીઓનો સમાવેશ થાય છે જેઓ સહાયની શોધમાં પ્રદેશના દક્ષિણ ભાગમાં એકઠા થયા હતા. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ પેલેસ્ટીનીઓને પોતાનો જીવ બચાવવા દક્ષિણ ભાગી જવાની ધમકી આપ્યા પછી ઈઝરાયેલે ગાઝા શહેરમાં તેનું આક્રમણ ચાલુ રાખ્યું હતું. ગાઝાના બંદર પર વિસ્થાપિત પરિવારોને આશ્રય આપતા અસ્થાયી તંબુ પર ડ્રોન હુમલામાં બે નાગરિકો માર્યા ગયા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા, અહેવાલ મુજબ, યુદ્ધ વિમાનોએ અલ-મુખાબરત વિસ્તારમાં ચાર મકાનો અને ગાઝા શહેરના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત ઝિદાન બિલ્ડિંગ સહિત અનેક રહેણાંક ઈમારતોને પણ ટક્કર આપી છે. મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહના તાલાબાની વિસ્તારમાં અન્ય એક ઘર પર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો છે, જ્યારે ગાઝા શહેરના ઉત્તરપૂર્વમાં તુફાહના અઝ-ઝરકા વિસ્તારમાં નાગરિકો પરના હુમલામાં બે યુવાનો મૃત્યુ પામ્યા છે. અલ જઝીરાની ફેક્ટ-ચેકિંગ એજન્સી સનાદે દેઈર અલ-બલાહમાં ઈબ્ન તૈમિયા મસ્જિદ પર ઈઝરાયેલના હુમલાની ખાતરી કરી છે. મસ્જિદનો મિનાર ધુમાડામાં લપેટાઈ જાય તે પહેલાં વીડિયોમાં ચમકતી લાઈટ દેખાઈ રહી છે. વિસ્ફોટ છતાં મિનારો ઊભો હતો. ઈઝરાયેલે સોમવારે



નવી ખાલી કરાવવાની ધમકીઓ જારી કરી, પેલેસ્ટીનીઓને ગાઝા સિટીની જમાલ અબ્દેલ નાસર સ્ટ્રીટ પર ચિહ્નિત ઈમારત અને નજીકના તંબુઓ છોડી દેવા અથવા મૃત્યુની તૈયારી કરવા ચેતવણી આપતા નકશા બહાર પાડ્યા. તેણે રહેવાસીઓને દક્ષિણ ગાઝાના દરિયાકાંઠાના ઉજજડ વિસ્તાર અલ-મવાસીના કહેવાતા 'માનવતાવાદી ઝોન'માં જવા કહ્યું. પરંતુ અલ-મવાસી પણ વારંવાર બોમ્બ વિસ્ફોટ કરે છે, તેમ છતાં ઈઝરાયેલ તેને સલામત ક્ષેત્ર તરીકે વર્ણવે છે. વર્ષની શરૂઆતમાં, લગભગ ૧૧૫,૦૦૦ લોકો ત્યાં રહેતા હતા. આજે, સહાય એજન્સીઓનો અંદાજ છે કે ૮,૦૦,૦૦૦થી વધુ લોકો-ગાઝાની લગભગ ત્રીજા ભાગની વસ્તી -ભીડભાડવાળા કામચલાઉ શિબિરોમાં ભરાયેલા છે.

# ઈઝરાયેલી યુદ્ધમાં ગાઝામાં મૃત્યુઆંક ૬૪,૬૦૦ને વટાવી ગયો, ભૂખમરાથી વધુ ૬ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૦

આરોગ્ય મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં ઓછામાં ઓછા ૬૪,૬૦૫ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જ્યારે ઘેરાયેલા પ્રદેશમાં ભૂખમરાથી છ વધુ લોકો મૃત્યુ પામ્યા છે. મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૮૩ મૃતદેહો હોસ્પિટલોમાં લાવવામાં આવ્યા હતા, જ્યારે ૨૨૩ લોકો ઘાયલ થયા હતા, જેના કારણે ઈઝરાયેલી હુમલામાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૧૬૩,૩૧૯ થઈ ગઈ છે. વધુમાં કહેવામાં આવ્યું છે કે, "ઘણા પીડિતો હજુ પણ કાટમાળ નીચે અને રસ્તાઓ પર ફસાયેલા છે કારણ કે બચાવ ટીમો તેમના સુધી પહોંચી શકતી નથી." મંત્રાલયે એ પણ અહેવાલ આપ્યો છે કે છેલ્લા ૨૪ કલાકમાં માનવતાવાદી સહાય મેળવવાનો પ્રયાસ કરતી વખતે ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં ૧૪ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા અને ૭૭થી વધુ ઘાયલ થયા હતા. આ સાથે ૨૭ મેથી સહાય મેળવતી વખતે માર્યા ગયેલા પેલેસ્ટીનીઓની કુલ સંખ્યા ૨,૪૪૪ અને ૧૭,૮૩૧થી વધુ ઘાયલ થયા છે.

મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે છેલ્લા ૨૪ કલાકમાં કુપોષણ અને ભૂખમરાને કારણે છ વધુ પેલેસ્ટીનીઓનાં મોત થયા છે. આ સાથે ઓક્ટોબર ૨૦૨૩થી દુષ્કાળ સંબંધિત મૃત્યુઆંક ૩૯૯ પર પહોંચી ગયો છે, જેમાં ૧૪૦ બાળકોનો સમાવેશ થાય છે. મંત્રાલય અનુસાર, ૧૨૧ મૃત્યુ, જેમાં ૨૫ બાળકો હતા, ગયા મહિને યુએન-સમર્થિત ભૂખ દેખરેખ પ્રણાલી ઈન્ટિગ્રેટેડ ફૂડ સિક્યુરિટી ફેઝ ક્લાસિફિકેશન (IPC) દ્વારા ગાઝાને ઔપચારિક



રીતે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યા પછી થયા હતા. ૨ માર્ચથી, ઈઝરાયેલી અધિકારીઓએ ગાઝા તરફના તમામ સરહદ ક્રોસિંગ સંપૂર્ણપણે બંધ કરી દીધા છે, જેના કારણે પ્રદેશની ૨.૪ મિલિયન વસ્તી દુષ્કાળનો ભોગ બની રહી છે. ઈઝરાયેલી સેનાએ ૧૮ માર્ચે ગાઝા પટ્ટી પર ફરીથી હુમલાઓ શરૂ કર્યા હતા અને ત્યારથી ૧૨,૦૫૯ લોકો માર્યા ગયા છે અને ૫૧,૨૭૮ અન્ય ઘાયલ થયા છે, જાન્યુઆરીમાં થયેલા યુદ્ધવિરામ અને કેદી વિનિમય કરારનો ભંગ કર્યો છે. ગયા નવેમ્બરમાં, આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધ ગુનાઓ માટે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગેલેન્ટ સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલ એન્ક્લેવ પરના યુદ્ધ માટે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં નરસંહારના કેસનો પણ સામનો કરી રહ્યું છે.

# ક્રોએશિયન રાષ્ટ્રપતિએ ગાઝા નરસંહાર અંગે ઝાગ્રેબમાં ઈઝરાયેલી વિદેશ મંત્રી સાથે મળવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧૦

ક્રોએશિયન રાષ્ટ્રપતિ ઝોરાન મિલાનોવિકે મંગળવારે ગાઝામાં ઈઝરાયેલની ચાલી રહેલી કાર્યવાહીને ટાંકીને ઈઝરાયેલના વિદેશ મંત્રી ગિડોન સારને મળવાનો ઈન્કાર કર્યો, જેઓ ઝાગ્રેબની સત્તાવાર મુલાકાતે છે. મિલાનોવિકે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તે સમજી શક્યા નથી કે શા માટે સારને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને શા માટે વડાપ્રધાન એન્ડ્રેજ પ્લેક્રોવિક, વિદેશ મંત્રી ગોર્ડન ગ્રલિક રેડમેન અને સંસદના અધ્યક્ષ ગોર્ડન જેન્ડ્રોકોવિચે તેમની સાથે મુલાકાત કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જ્યાં સુધી ઈઝરાયેલનું 'ગાઝાના લોકો સામે નરસંહાર' ચાલુ રહેશે ત્યાં સુધી આવી મુલાકાત અસ્વીકાર્ય છે. તેમણે જણાવ્યું કે જો હું તે સરકારમાંથી કોઈને મળ્યો, તો તેનો અર્થ એ થશે કે હું ઈઝરાયેલની હિંસા, વંશીય સફાઈ અને યુદ્ધ અપરાધોને મંજૂરી આપું છું. તેણે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપવાના પગલાં લેવાને બદલે ઈઝરાયેલી સત્તાવાળાઓને ટેકો આપવા બદલ ક્રોએશિયન સરકારની ટીકા કરી. તેમણે જણાવ્યું કે, 'ગાઝા પર ઈઝરાયેલના હુમલાને



૧૯૯૦ના દાયકામાં ક્રોએશિયા દ્વારા ચલાવવામાં આવેલા યુદ્ધ સાથે સરખાવવું એક મોટી ભૂલ છે. ત્યારે ક્રોએશિયાએ પોતાનો બચાવ કર્યો હતો. ઈઝરાયેલ ગાઝા પર નિર્દયતાથી હુમલો કરી હજારો લોકોની હત્યા કરી રહ્યું છે.' વડાપ્રધાન પ્લેક્રોવિક સાથેની મીટિંગ પહેલાં સરને ઝાગ્રેબમાં વિરોધનો સામનો કરવો પડ્યો.

# લંડનમાં હજારો લોકોએ બ્રિટન મુલાકાત દરમિયાન ઈઝરાયેલી રાષ્ટ્રપતિની ધરપકડની માંગ કરી

(એજન્સી) તા.૧૦

ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગની દેશની મુલાકાતના વિરોધમાં મંગળવારે લંડનમાં એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમના આગમન પર તેમની ધરપકડની માંગ કરવામાં આવી છે. મંગળવારે પાછળથી યુકે પહોંચનાર હરઝોગની મુલાકાતનો વિરોધ કરવા માટે 'ઈમરજન્સી વિરોધ'ના ભાગરૂપે સેન્ટ્રલ લંડનમાં વડાપ્રધાન કાર્યાલયની બહાર હજારો લોકો એકઠા થયા છે. પેલેસ્ટીની ધ્વજ ધરાવનારા પ્રદર્શનકારીઓએ ઈઝરાયેલના રાષ્ટ્રપતિની મુલાકાતને મંજૂરી આપવા બદલ વડા પ્રધાન કીર સ્ટારમરની ટીકા કરી છે. ભીડે હરઝોગ પર ગાઝામાં નાગરિકોની અંધાધૂંધ હત્યામાં મદદ કરવાનો અને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો અને બ્રિટિશ સરકારને ઈઝરાયેલી નેતા માટે ધરપકડ વોરંટ જારી



કરવા માંગ કરી. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ત્રણ દિવસની લંડનની મુલાકાતે છે અને સ્ટારમર, યુકેના સાંસદો, જનપ્રતિનિધિઓ અને મીડિયાકર્મીઓ સાથે મુલાકાત કરે તેવી અપેક્ષા છે. કેટલાક બ્રિટિશ રાજકારણીઓએ પહેલેથી જ સ્ટારરને વિનંતી કરી છે કે તેઓ ગાઝા પર ચાલી રહેલા ઈઝરાયેલી હુમલાઓને કારણે ભારે જાનહાનિને કારણે હરઝોગને મળવાનું ટાળે. ડઝનબંધ બ્રિટિશ સાંસદોએ પણ યુકેના વડાપ્રધાનને પત્ર લખીને હરઝોગની મુલાકાતને મંજૂરી આપવાના નિર્ણય અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિરોધીઓએ પેલેસ્ટીની તરફી સૂત્રોચ્ચાર કર્યા અને સરકારની ટીકા કરી, સૂત્રોચ્ચાર કર્યા : 'કીર સ્ટારમર, તમે છુપાવી શકતા નથી, અમે તમારા પર નરસંહારનો આરોપ લગાવીએ છીએ.' તેઓએ ગાઝા પર ઈઝરાયેલી હુમલાનો વિરોધ કરવા માટે વિવિધ પ્લેકાર્ડ્સ પણ પ્રદર્શિત કર્યા, જેમાંના કેટલાકે હરઝોગને 'નરસંહાર પ્રમુખ' તરીકે લેબલ કર્યું. ઑક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલના નરસંહારના યુદ્ધમાં ગાઝામાં ૬૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. લશ્કરી કાર્યવાહીએ દુષ્કાળનો સામનો કરી રહેલા એન્ક્લેવને તબાહ કરી દીધો છે. ગયા નવેમ્બરમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટ સામે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે.

# ફ્લોટિલા જહાજ પર ડ્રોન હુમલો, ગાઝા શહેર ખાલી કરાવવામાં આવી રહ્યું છે અને '૫૦ ટાવર્સ' વિસ્ફોટ દ્વારા ઉડાવી દીધા, ઈઝરાયેલ ભારતની જેમ આતંકવાદથી પીડિત પોતાને બતાવવા ડોળ કરે છે

## ભારતમાં ઈઝરાયેલી રાજદૂતે ઓપરેશન સિંદૂર જેવા શબ્દભંડોળનો સ્વીકાર કર્યો અને આતંકવાદનો ભોગ બનેલા ભારત સાથે પોતાની સરખામણી કરી હતી, ઈઝરાયેલમાં અને સમગ્ર વિશ્વમાં પેલેસ્ટીન પ્રત્યે સહાનુભૂતિના સમયે હવે આંતરરાષ્ટ્રીય સહાનુભૂતિ તરફ વળ્યું છે

(એજન્સી) તા.૧૦

આંતરરાષ્ટ્રીય કાર્યકર્તા જૂથ ગ્લોબલ સુમુદ ફ્લોટિલા જે ગાઝાને સમુદ્ર માર્ગે સહાય મોકલવાનું લક્ષ્ય રાખે છે, તેણે જણાવ્યું છે કે, ટ્યુનિશિયામાં ડોક કરતી વખતે તેના એક જહાજ પર ડ્રોન અથડાયું હતું - જો કે, ટ્યુનિશિયન અધિકારીઓએ આ દાવાને રદિયો આપ્યો છે અને તે ઘટનાની તપાસ કરી રહ્યા છે જ્યાં બોટ પર લાઈફ જેકેટમાં આગ લાગી હોય તેવું લાગે છે. જો કે, ગ્લોબલ સુમુદ ફ્લોટિલાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કરાયેલા ફૂટેજમાં એક જહાજ પર પ્રકાશનો ઝબકારો જોવા મળે છે, જેના કારણે આગ લાગી હોવાનું જણાય છે.

ગ્લોબલ સુમુદ ફ્લોટિલાએ ૯ સપ્ટેમ્બરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પોર્ટુગીઝ ધ્વજ લહેરાવતું 'ફેમિલી બોટ' તરીકે ઓળખાતા જહાજ પર ડ્રોન અથડાયું હતું, જો કે, કોઈને ઈજા થઈ નથી. આ જૂથનો ફ્લોટિલા ૧૦ સપ્ટેમ્બર, બુધવારે ટ્યુનિશિયાથી રવાના થવાનો હતો અને પેલેસ્ટીન તરફ જવાનું હતું, તે ઘટનાની ચર્ચા કરવા માટે મંગળવારે ટ્યુનિસમાં એક ન્યૂઝ બ્રીફિંગ કરે તેવી અપેક્ષા છે.

જો કે, તેણે પહેલાથી જ કહ્યું છે કે, આ ઘટના ગાઝામાં સહાય પહોંચાડવાના તેના મિશનને અટકાવશે નહીં.

ફ્લોટિલા એ દરિયાઈ માર્ગો દ્વારા ગાઝામાં માનવતાવાદી રાહત પહોંચાડવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ સમાન મિશન પર ગાઝા જનારા અગાઉના જહાજ, મેડલીનને, IDF દ્વારા આંતરરાષ્ટ્રીય પાણીમાંથી રોકી લેવામાં આવ્યું હતું અને તેના ક્રૂને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. ગાઝા જતું છેલ્લું સહાય જહાજ, હંડાલાનો પણ આ જ પ્રકારનો ભોગ બન્યો હતો.

ટ્યુનિશિયાના ગૃહ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને આ ડ્રોન હુમલાના અહેવાલોને 'પાયાવિહોણા' ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, સુરક્ષા ટીમો બોર્ડમાં લાઈફ જેકેટમાં આગ



લાગવાના કારણની તપાસ કરી રહી છે. આ ઘટના અંગે ઈઝરાયેલી સૈન્ય કે સરકાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

જો કે, પેલેસ્ટીન માટે યુએનના ખાસ રેપોર્ટર ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ એવા લોકોમાં સામેલ હતા જેમણે ગ્લોબલ સુમુદ ફ્લોટિલાના વીડિયોને વાયરલ કર્યો હતો.

નોંધનીય છે કે, આ 'ફેમિલી બોટ'માં સંસ્થાની સ્ટીયરિંગ કમિટીના સભ્યો છે - જેમાં થનબર્ગ, સાથી પર્યાવરણવાદી થિયાગો અવિલા (જેઓ મેડલીનમાં પણ હતા) અને અન્ય ઘણા કાર્યકરો, ઈતિહાસકારોનો સમાવેશ થાય છે. આ સફરમાં જાણીતા કાર્યકરોમાં અભિનેત્રી સુસાન સારાન્ડનનો સમાવેશ થાય છે, જે પેલેસ્ટીન વતી સ્પષ્ટવક્તા રહી છે. ધ ફ્લોટિલામાં આફ્રિકા અને યુરોપના ૪૪ દેશો, તેમજ બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકોના પ્રતિનિધિઓ છે. તેમાં કોઈ ભારતીય નથી, પરંતુ શ્રીલંકા, બાંગ્લાદેશ અને પાકિસ્તાન ભાગ લે છે.

જેરૂસલેમ બસ સ્ટોપ પર ગોળીબારમાં છ લોકોનાં મોત થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની નિંદા કરી હતી. તેમના ઈઝરાયેલી સમકક્ષ બેન્જામિન નેતાન્યાહુએ ગાઝાને 'સંપૂર્ણ ખાલી કરાવવા'નો આદેશ આપ્યો હતો. ભારતમાં ઈઝરાયેલી રાજદૂતે ઓપરેશન સિંદૂર જેવા શબ્દભંડોળ પર તાત્કાલિક ધ્યાન કેન્દ્રિત કર્યું અને આતંકવાદનો ભોગ બનેલા ભારત સાથે પોતાને દર્શાવતા આંતરરાષ્ટ્રીય સહાનુભૂતિ માટે એક નવી કોશિશ કરી છે. એવા સમયે જ્યારે ઈઝરાયેલમાં અને સમગ્ર વિશ્વમાં પેલેસ્ટીન પ્રત્યે સહાનુભૂતિ છે. ઈઝરાયેલ દ્વારા છેલ્લા બે વર્ષમાં લગભગ ૬૫,૦૦૦ પેલેસ્ટીની (એક તૃતીયાંશથી વધુ બાળકો છે)ની હત્યા કરવામાં આવી છે. બસ-સ્ટોપ પર ગોળીબારના જવાબમાં IDFએ પૂર્વ જેરૂસલેમમાં દરોડા પાડ્યા અને કબજા હેઠળના વેસ્ટ બેંકના જેનિન શરણાર્થી શિબિર પર દરોડામાં ૧૪ વર્ષના બે પેલેસ્ટીની બાળકોની હત્યા કરી અને ઘણા ઘાયલ થયા હતા. દરમિયાન IDFએ ગાઝા શહેરમાં ઊંચી ઈમારતોનો નાશ કરવાનું શરૂ કર્યું છે અને તેને સંપૂર્ણપણે ખાલી કરવાની 'ચેતવણી' આપવામાં આવી હતી. બેન્જામિન નેતાન્યાહુએ 'આતંકના ૫૦ ટાવર' તોડી પાડવાનું વચન આપ્યું હતું.

આ પહેલી વાર છે જ્યારે આખા ગાઝા શહેરને (તેમાં ખાન યુનિસ અને રફાહનો સમાવેશ થાય છે) સંપૂર્ણપણે ખાલી કરવાનું કહેવામાં આવ્યું છે. ગાઝા શહેર પેલેસ્ટીનનું છેલ્લું કાર્યરત શહેર છે અને લગભગ ૧૦ લાખ લોકો રહે છે જેમના માટે હવે કોઈ સ્થાન બાકી નથી. હવે કોઈ શહેરો નથી, શિબિરો ભરાઈ ગઈ છે અને દુષ્કાળ વધી રહ્યો છે.

# સ્પેને પ્રતિબંધોના જવાબમાં બે ઈઝરાયેલી મંત્રીઓને દેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી) તા.૧૦

ઈઝરાયેલ દ્વારા સ્પેનિશ અધિકારીઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધોના જવાબમાં સ્પેને મંગળવારે બે વરિષ્ઠ ઈઝરાયેલી મંત્રીઓને તેના પ્રદેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. કેબિનેટની બેઠક પછી, વિદેશ મંત્રી જોસ મેન્યુઅલ આલ્બારેઝે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન ગ્વીર અને નાણા પ્રધાન બેઝાલેલ સ્મોટ્રિચને સ્પેનની મંજૂર વ્યક્તિઓની સૂચિમાં ઉમેરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે આ નિર્ણય લેવામાં આવ્યો છે કારણ કે બંને ગાઝામાં ઈઝરાયેલના આક્રમણને પ્રોત્સાહન આપવા માટે સીધી રીતે સામેલ છે, સ્પેનિશ સમાચાર એજન્સી અલ પેસે અહેવાલ આપ્યો છે. ઈઝરાયેલે સ્પેનના નાયબ વડાપ્રધાન યોલાન્ડા ડિયાઝ અને યુવા અને બાળકોના મંત્રી સિરા રેગો સામે પ્રતિબંધોની જાહેરાત કર્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. બે સ્પેનિશ અધિકારીઓને હવે ઈઝરાયેલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને ઈઝરાયેલી સત્તાવાળાઓએ જણાવ્યું છે કે તેઓ હવે તેમની સાથે



કોઈ સત્તાવાર સંપર્ક કરશે નહીં. આલ્બેરેસે રેખાંકિત કર્યું કે મેડ્રિડનો નિર્ણય ઈઝરાયેલના પગલાંને 'પારસ્પરિક પ્રતિસાદ' પ્રતિબિંબિત કરે છે અને ગાઝામાં ચાલી રહેલા સૈન્ય ઓપરેશન સામે સ્પેનના સતત વિરોધનો સંકેત આપે છે.

# હમાસનો દાવો છે કે, કતારની રાજધાની પર ઈઝરાયેલી હુમલામાં ૫ સભ્યો મૃત્યુ પામ્યા, મંત્રણા ટીમ બચી ગઈ

(એજન્સી) તા.૧૦

પેલેસ્ટીની પ્રતિકાર સમૂહ હમાસે મંગળવારે ખાતરી કરી છે કે કતારની રાજધાની દોહા પર ઈઝરાયેલના હુમલામાં તેના પાંચ સભ્યો મૃત્યુ પામ્યા છે અને ખાતરી કરી કે તેનું મંત્રણા પ્રતિનિધિમંડળ હુમલામાં બચી ગયું છે. એક નિવેદનમાં, સમૂહે ઈઝરાયેલી હુમલાને 'જઘન્ય અપરાધ અને ઘોર આક્રમણ' તરીકે વખોડી કાઢ્યો અને જણાવ્યું કે તેણે ચળવળના મંત્રણા પ્રતિનિધિમંડળને નિશાન બનાવ્યું છે. હમાસે જણાવ્યું કે અમે ખાતરી કરીએ છીએ કે દુશ્મન વાટાઘાટોના પ્રતિનિધિમંડળમાં અમારા ભાઈઓની હત્યા કરવામાં નિષ્ફળ ગયો. સમૂહે તેના મૃત્યુ પામેલા સભ્યોની ઓળખ સમૂહના નેતા ખલીલ અલ-હૈયાના પુત્ર હમ્મામ અલ-હૈયા, તેના કાર્યાલયના ડિરેક્ટર જેહાદ લુબાદ અને ત્રણ સાથીદારો અબ્દુલ્લા અબ્દેલ વાહિદ, મોમેન હસૌના અને અહેમદ અલ-મામલોક તરીકે કરી છે. અમે આ અપરાધ માટે ઈઝરાયેલના કબજા અને યુએસ પ્રશાસનને જવાબદાર માનીએ છીએ, કારણ કે વોશિંગ્ટન સતત અમારા લોકો વિરુદ્ધ આક્રમણ અને વ્યવસાયના ગુનાઓને સમર્થન આપે છે. હમાસે ઈઝરાયેલી હુમલાને 'કતારના ભાઈબંધ રાજ્યની સાર્વભૌમત્વ સામે આક્રમણ ગણાવ્યું, જે ઈજિપ્ત સાથે મળીને હુમલાને રોકવા અને યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય કરાર સુધી પહોંચવા માટે મધ્યસ્થી પ્રયાસોને પ્રાયોજિત કરવામાં મહત્ત્વપૂર્ણ અને જવાબદાર ભૂમિકા ભજવે છે.' પેલેસ્ટીની સમૂહે દોહા પર ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામેલા કતારી સુરક્ષા ગાર્ડ માટે પણ શોક વ્યક્ત કર્યો છે. તે ભારપૂર્વક જણાવે છે કે તેની મંત્રણા ટીમ પર હુમલો 'તે જ સમયે થયો જ્યારે તેઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવીનતમ પ્રસ્તાવની ચર્ચા કરી રહ્યા હતા.' હમાસે ભારપૂર્વક જણાવ્યું કે આ હુમલાએ સાબિત કર્યું છે કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમની સરકાર 'સમજૂતી પર પહોંચવાનો કોઈ ઈરાદો નથી અને ઈરાદાપૂર્વક તમામ તકોને તોડફોડ કરવાનો અને



આંતરરાષ્ટ્રીય પ્રયાસોને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરી રહી છે.' હમાસે જણાવ્યું કે આ હુમલો 'ફરી એક વખત દર્શાવે છે કે ઝિઓનિસ્ટ (ઈઝરાયેલ) કબજો પ્રદેશ અને વિશ્વ માટે ગંભીર ખતરો છે', અને નેતાન્યાહુ પર 'નરસંહાર, વંશીય સફાઈ, ભૂખમરો અને બળજબરીથી વિસ્થાપનની ગુનાહિત યોજનાઓ' અનુસરવાનો આરોપ મૂક્યો. હમાસે જણાવ્યું જણાવ્યું કે 'કાયરતાપૂર્ણ હત્યાનો પ્રયાસ અમારા વલણને બદલશે નહીં અને અમારા લોકો સામે આક્રમકતાનો તાત્કાલિક અંત લાવવા, ગાઝામાંથી કબજે કરેલા દળોની સંપૂર્ણ પાછી ખેંચી, વાસ્તવિક કેદીઓનું વિનિમય, અમારા લોકો માટે તાત્કાલિક રાહત અને પુનર્નિર્માણ માટેની અમારી સ્પષ્ટ માંગણીઓ બદલાશે નહીં.' 'આ આતંકવાદી ગુનાઓ અમારા ચળવળ અને નેતૃત્વના સંકલ્પને તોડી શકશે નહીં, કે જ્યાં સુધી કબજો ખતમ ન થાય અને જેરુસલેમ સાથે આપણું સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્ય સ્થાપિત ન થાય ત્યાં સુધી અમને અમારા રાષ્ટ્રીય અધિકારો પર અડગ રહેવા અને પ્રતિકારના માર્ગ પર ચાલવાથી રોકી શકશે નહીં.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# નેપાળના નવયુવાનોમાં મહાઆક્રોશનું પૂર : સરકાર-નેતાઓ તણાઈ ગયા

ભારતના પાડોશી દેશ શ્રીલંકા અને બાંગ્લાદેશ પછી, હવે નેપાળમાં યુવાનોનો ગુસ્સો રસ્તાઓ પર દેખાઈ રહ્યો છે. આગચંપી, તોડફોડ અને હિંસામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. સરકારી સંપત્તિઓને પણ મોટા પાયે નુકસાન થયું છે. સરકાર દ્વારા સોશિયલ મીડિયા પર પ્રતિબંધને કારણે ભડકેલી વિરોધની ચિનગારીથી સંસદ અને વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના નિવાસસ્થાન પણ અસ્પૃશ્ય રહ્યા નહીં. આ સમયે પ્રદર્શનકારીઓની ભીડને કાબૂમાં રાખવી સુરક્ષા દળો માટે એક મોટો પડકાર છે. પરિસ્થિતિ એટલી બેકાબૂ બની ગઈ કે વડાપ્રધાને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું. અગાઉ, સરકારના કેટલાક મંત્રીઓએ પણ પોતાના પદ છોડી દીધા છે. પ્રશ્ન એ છે કે દેશના યુવાનો આટલા આક્રમક કેવી રીતે બન્યા ? સરકાર અને સ્થાનિક વહીવટીતંત્ર સમયસર યુવાનોના ગુસ્સાને શાંત કરવામાં કેમ નિષ્ફળ ગયું ? શું સરકારને ખબર નહોતી કે પરિસ્થિતિ આટલી હદે બગડી શકે છે અથવા અગાઉથી તેનું મૂલ્યાંકન કરવામાં ભૂલ થઈ હતી ?

હકીકતમાં, નેપાળ સરકારે ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. સરકારે દલીલ કરી હતી કે દેશમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે સંકળાયેલી કંપનીઓ નોંધણીની આવશ્યકતાનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે. આ પછી, મોટી સંખ્યામાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા અને સરકારના આ નિર્ણયનો વિરોધ શરૂ કર્યો.

ગત સોમવારે, વિરોધનો વ્યાપ વધ્યો અને યુવાનોના ઉગ્ર ટોળાએ કાઠમંડુમાં વિવિધ સ્થળોએ તોડફોડ શરૂ કરી. આ દરમિયાન, વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણો થઈ, જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. આનાથી યુવાનોનો ગુસ્સો વધ્યો અને ભીડ સંસદ ભવન સંકુલમાં ઘૂસી ગઈ. વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના નિવાસસ્થાનોને પણ નિશાન બનાવવામાં આવ્યા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે સોમવારે રાત્રે જ સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ હટાવી લીધો અને મંગળવારે વડાપ્રધાને પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. પરંતુ વિરોધીઓ હજુ પણ શાંત થયા નથી અને તેઓ સરકારને બરતરફ કરવાની માંગ કરી રહ્યા છે.

નેપાળના ઈતિહાસમાં આને ખૂબ મોટી ઘટના તરીકે જોવામાં આવી રહી છે. અગાઉ બાંગ્લાદેશ અને શ્રીલંકામાં પણ આવા જ જાહેર આક્રોશથી સરકારોને ઉથલાવી દેવામાં આવી હતી. એ નોંધવું પણ મહત્ત્વપૂર્ણ છે કે નેપાળમાં વિરોધ પ્રદર્શન 'Gen-Z' દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ નવયુવાનોનું એક જૂથ છે, જે છેલ્લા કેટલાક સમયથી ભ્રષ્ટાચાર વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યું છે. આ જૂથે તાજેતરમાં સોશિયલ મીડિયા દ્વારા સરકારી મંત્રીઓ અને અન્ય પ્રભાવશાળી વ્યક્તિઓના બાળકોના ઉડાઉપણાં અને જીવનશૈલી અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

બીજી તરફ, સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણયને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધ તેમજ ભ્રષ્ટાચાર સામેના અવાજને દબાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી કે કોઈપણ દેશમાં કોઈપણ પરિસ્થિતિમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જોઈએ, પરંતુ શું હિંસા, આગચંપી અને તોડફોડ જ આનો એકમાત્ર ઉકેલ છે ?

સરકારોએ પણ પોતાની અપાર શક્તિ પર બહુ અહંકાર કરવો જેવો નથી કેમ કે ઈતિહાસ સાક્ષી છે કે જનઆક્રોશના પૂરમાં મોટી મોટી સરકારોના પહાડ જેવા અહંકાર પણ ચૂરચૂર થઈ ગયા છે.

# જીડીપીની બીજી બાજુ : એક પ્રાચીન રૂપરેખા, ભારતની ગરીબી અને બેરોજગારી કટોકટી માટે

૨૦૨૩માં ભારત, ૩.૭ ટ્રિલિયન ડોલરને વટાવી ગયેલા GDP સાથે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું. જે બાદ તેને ઘણીવાર, નવીનતા, અબજોપતિઓ અને ટેકનોલોજીકલ વચનોની ભૂમિ તરીકે ઉજવવામાં આવે છે. છતાં, આ આર્થિક ચમક પાછળ એક ગંભીર વાસ્તવિકતા છુપાયેલી છે :

- ૨૩૦ મિલિયન ભારતીયો હજુ પણ બહુઆયામી ગરીબીમાં જીવે છે (UNDP, ૨૦૨૩).
- શહેરી વિસ્તારોમાં યુવાન બેરોજગારીની સંખ્યા ૨૩.૨%ની આસપાસ છે (CMIE, ૨૦૨૩)
- ૧% અતિ ધનિક વર્ગનું ભારતની ૭૩% સંપત્તિ પર નિયંત્રણ છે (ઓક્સફેમ, ૨૦૨૩)

આ આંકડા, સ્થાપિત સામાજિક-આર્થિક પરિદશ્ય એમ બે ભારતની કહાની છતી કરે છે. તેમાં એક કહાની, યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ અને વૈશ્વિક પ્રભાવને ઉજાગર કરે છે, તો બીજી કહાની ભૂખમરો, અર્ધ રોજગારી અને ફેલાઈ રહેલી અસમાનતા સાથે ઝઝૂમી રહી છે.

મનરેગા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવા પરંપરાગત પ્રતિભાવો કામચલાઉ રાહત તો આપે છે પરંતુ ગરીબી અને બેરોજગારીના માળખાકીય મૂળને હટાવવામાં નિષ્ફળ નિવડે છે. ભારત માત્ર આર્થિક કટોકટીનો જ નહીં પરંતુ ન્યાય અને ગૌરવના સંકટનો પણ સામનો કરી રહ્યું છે.

શું આના જવાબો ૧૫૦૦ વર્ષ જૂના બ્લુપ્રિન્ટમાં છુપાયેલા હશે. જે સંપત્તિ, કાર્ય અને સમુદાયની જવાબદારીને ફરીથી વ્યાખ્યાયિત કરે છે?

**રોગનું નિદાન : ચોંકાવનારા આંકડા :**

**૧. બેરોજગારોની વૃદ્ધિ**

ભારતનો GDP વધ્યો છે, પરંતુ તેનુ રોજગારનું સર્જન ઝડપભેર આગળ વધી શક્યું નથી :

- ૧૯૯૦ના દાયકાથી રોજગાર સ્થિતિસ્થાપકતા (વૃદ્ધિના એકમ દીઠ નોકરીઓ)માં ૫૦%નો ઘટાડો થયો છે. (વર્લ્ડ બેંક, ૨૦૨૩).
- ભારતના ૪૨.૭% કાર્યબળને કૃષિ ક્ષેત્રમાં રોજગારી મળે છે છતાં તે GDPમાં માત્ર ૧૮% ફાળો આપે છે, કૃષિ ક્ષેત્રમાં નવા કામદારોને સમાવી લેવાની તૈયારી ન હોવાથી, તેમને શહેરી કેન્દ્રોમાં સ્થળાંતર કરવાની ફરજ પડે છે.

**૨. અનૌપચારિક ક્ષેત્રની જાળ**

ભારતનું ૯૦% કાર્યબળ અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે, જેમાં, નોકરી સુરક્ષા, આરોગ્ય વીમો, કાનૂની સુરક્ષાનો સમાવેશ થતો નથી. (ILO, ૨૦૨૨)

**૩. કૌશલ્યોનું અસંતુલન**

જ્યારે લાખો સ્નાતકો દર વર્ષે શ્રમ દળમાં પ્રવેશ કરે છે, ત્યારે ઉદ્યોગોમાં રોજગારની યોગ્ય પ્રતિભાની ગંભીર અછતની ઊભી થાય છે : ૬૫%થી વધુ ભારતીય સ્નાતકો પાસે બજારની



**વધતી શક્તિનો વિરોધાભાસ**

તૈયાર કુશળતાનો અભાવ છે (NASSCOM, ૨૦૨૨).

**૪. સતત અસમાનતા**

૨૦૧૧ અને ૨૦૨૨ વચ્ચે ૧૭.૧ કરોડ લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા હોવા છતાં (વર્લ્ડ બેંક. ૨૦૨૩), સંપત્તિ ખૂબ જ કેન્દ્રિત છે : ટોચના ૧% ધનવાન લોકો નીચેના ૭૦% લોકો કરતાં વધુ સંપત્તિ પર નિયંત્રણ રાખે છે.

આ ફક્ત આર્થિક અંતર નથી, પરંતુ નૈતિક ખાઇ છે.

**ભવિષ્યવાણીનો દાખલો : આધુનિક ન્યાય માટે પ્રાચીન સિદ્ધાંતો**

આધુનિક અર્થશાસ્ત્રની સદીઓ પહેલાં, પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબે ગરીબી નાબૂદ કરવા અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવા માટે રચાનારા માળખાની કલ્પના કરી હતી. ધાર્મિક સંદર્ભ સુધી મર્યાદિત રહેવાથી દૂર, આ સિદ્ધાંતો નૈતિક, સમાવેશી અને ઊંડાણપૂર્વક વ્યવહારુ છે.

**૧. સંપત્તિનું પરિભ્રમણ**

"જેથી તે ફક્ત તમારામાંના ધનિકોમાં જ ન ફર્યા કરે." (કુર્આન ૫૯:૭). ભવિષ્યવાણીની પધ્ધતિમાં સંપત્તિ વહેતી રહેવી જોઈએ, સ્થિર ન થવી જોઈએ. આ અસમાનતાને પ્રોત્સાહન આપતી સંગ્રહખોરીને અટકાવે છે અને ખાતરી કરે છે કે સમાજના સૌથી નબળા લોકો પાછળ ન રહી જાય.

**૨. શ્રમનો મોભો** : પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબે એક મજૂરના હાથને ચુંબન કર્યું અને કહ્યું : "આ અલ્લાહનો પ્રિય હાથ છે." (મુસ્નાદ અહમદ)

કાર્ય ફક્ત અસ્તિત્વ ટકાવી રાખવા માટે કરવાનું નથી - તે ઈબાદત છે. ભવિષ્યવાણીના સિદ્ધાંતો રોજગારને બોજમાંથી ગૌરવના સ્ત્રોતમાં પરિવર્તિત કરે છે.

**૩. સમુદાયની જવાબદારી (ફર્દ અલ-કિફાયાહ)**

ઈસ્લામમાં, ગરીબી એ કોઈ વ્યક્તિગત નિષ્ફળતા નથી પરંતુ સામૂહિક જવાબદારી છે. જો કોઈ પાડોશી ભૂખ્યો સૂતો હોય, તો તેને માટે આખો સમુદાય જવાબદાર છે. આ સિદ્ધાંતો મળીને ન્યાય-કેન્દ્રિત માળખું બનાવે છે, જે કામચલાઉ દાન કરતાં પ્રણાલીગત સમાનતાને પ્રાથમિકતા આપે છે.

**ભારત માટે ત્રિપક્ષીય ભવિષ્યવાણી વ્યૂહરચનાઓ**

**૧. રોજગાર : બેકારી ભથ્થાથી ગૌરવ સુધી**

પયગંબર (સ.અ.વ.) સાહબે ફરમાવ્યું છે કે : "કામદારનો પરસેવો સુકાય તે પહેલાં તેની મજૂરી ચૂકવી દો." (સુનાન ઈબ્ને માજા)

**આધુનિક અસરો :**

- **અનૌપચારિક શ્રમનું ઔપચારિકકરણ :**

લેખિત કરાર, જીવનનિર્વાહ વેતન અને સામાજિક સુરક્ષા. "કૌશલ્ય-સંકલિત રોજગાર : મનરેગા જેવી યોજનાઓમાં વ્યાવસાયિક તાલીમ ઉમેરવી, જેથી કામચલાઉ કામ કાયમી આજીવિકા માટેનો સ્ત્રોત બની જાય."

**સાંસ્કૃતિક પરિવર્તન :** ભારતમાં લાંબા સમયથી ઓછું મૂલ્ય ધરાવતું મેન્યુઅલ શ્રમ અને કારીગરી માટે આદર વધારવો.

**૨. ઉદ્યોગસાહસિકતા : જમીન સ્તરે નૈતિકતા**

પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) પોતે એક એવા વેપારી હતા જે પ્રામાણિકતા અને ન્યાય માટે પ્રખ્યાત હતા. તેમનું મોડેલ નફાને હેતુ સાથે જોડે છે.

**આધુનિક એપ્લિકેશન્સ:**

- મુદરાબા (નફા-વહેંચણી) અને મુશારકા (સંયુક્ત સાહસો) જેવા ઈસ્લામિક માઈક્રોફાઈનાન્સ મોડેલો ભારતના યુવાનો અને મહિલાઓને દેવાની જાળમાં ફસાવ્યા વિના સશક્ત બનાવી શકે છે.
- **સામાજિક ઉદ્યોગસાહસિકતા :** નફાકારક રહીને સમુદાયના પડકારોને પોસાય તેવી આરોગ્યસંભાળ, નવીનીકરણીય ઉર્જા અને ગ્રામીણ શિક્ષણને હલ કરતા વ્યવસાયો.
- **સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પરિવર્તન :** સમાવિષ્ટ વિકાસ સુનિશ્ચિત કરવા માટે નવીનતાના કેન્દ્રમાં નૈતિકતાનો સમાવેશ.

ભારતનું MSME ક્ષેત્ર, જે GDPમાં ૩૦% યોગદાન આપે છે અને ૧૧૦ મિલિયન લોકોને રોજગારી આપે છે, તે ન્યાય-સંચાલિત ઉદ્યોગસાહસિકતા માટે એક વાહન બની શકે છે.

**૩. જકાત : સહાનુભૂતિને પદ્ધતિસર બનાવવી**

જકાત, એક ફરજિયાત ૨.૫% સંપત્તિ કર, કલ્યાણને ફરીથી વ્યાખ્યાયિત કરવાની ક્ષમતા ધરાવે છે :

- વૈશ્વિક સ્તરે, વ્યવસ્થિત જકાત સંગ્રહ વાર્ષિક ૧ ટ્રિલિયન $ને લાભ મેળવી શકે છે (ISNA, ૨૦૨૦).
- ,એકલા ભારતમાં, વાર્ષિક ૨૦-૨૫ અબજ ડોલરની ક્ષમતા છે જે GDPના લગભગ ૦.૭% છે.

**જકાત ભંડોળના પરિવર્તનકારી ઉપયોગ :**

- સૂક્ષ્મ ઉદ્યોગો માટે બીજ ભંડોળ.
- વ્યાવસાયિક અને વ્યાવસાયિક શિક્ષણ માટે શિષ્યવૃત્તિ.
- સમુદાયની માલિકીની આરોગ્યસંભાળ અને શૈક્ષણિક માળખાગત સુવિધા.

મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોએ લક્ષિત સમુદાયોમાં ગરીબી ૧૫-૨૦% ઘટાડવા માટે સંસ્થાકીય જકાત પ્રણાલીઓનો ઉપયોગ પહેલાથી જ કરી દીધો છે (ઈસ્લામિક વિકાસ બેંક, ૨૦૧૯).

**મામલાનો અભ્યાસ : ભારત માટે પાઠ**

**કેરળનો કુદુમ્બશ્રી કાર્યક્રમ :**

સ્વ-સહાય જૂથો અને સૂક્ષ્મ ઉદ્યોગો દ્વારા ૭,૦૦,૦૦૦થી વધુ પરિવારો ગરીબીમાંથી બહાર આવ્યા.

- પરસ્પર સહયોગ (તા'વુન) અને સમુદાય સશક્તિકરણના ઈસ્લામિક સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે.
- ઈન્ડોનેશિયાની બઝનાસ જકાત એજન્સી :
- ૮૦૦ મિલિયન $થી વધુ એકઠા કર્યા અને તેને આરોગ્યસંભાળ, શિક્ષણ અને માઈક્રોફાઈનાન્સમાં લગાવ્યા.
- પારદર્શિતા અને વિશ્વાસ માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.
- **બાંગ્લાદેશની ગ્રામીણ બેંક :**

૯૭% ચુકવણી દર સાથે ૯ મિલિયન ઉધાર લેનારાઓ સુધી પહોંચ્યા, જેમાં મોટાભાગે મહિલાઓ હતી.

જૂથ ધિરાણ પર કાર્ય કરે છે, પરસ્પર ગેરંટી (કફલાહ)ના ભવિષ્યવાણી મૂલ્યોનો પડઘો પાડે છે.

આ ઉદાહરણો સાબિત કરે છે કે નૈતિક, સમુદાય-સંચાલિત આર્થિક પ્રણાલીઓ બિનસાંપ્રદાયિક સંદર્ભોમાં પણ કામ કરે છે.

**ભારતના યુવાનોને જોડવા : આ કેમ મહત્વનું છે**

ભારતની ૬૫% યુવા વસ્તી તેની સૌથી મોટી તાકાત તો છે જ સાથે સાથે તે સૌથી મોટું જોખમ પણ છે. પ્રતિષ્ઠિત નોકરીઓ અને નૈતિક ઉદ્યોગ સાહસિકતાના માર્ગો વિના, હતાશા સામાજિક અશાંતિ અને ખોવાયેલી ક્ષમતાને જન્મ આપે છે. ભવિષ્યવાણીની વ્યૂહરચનાઓ મૂલ્ય-આધારિત આર્થિક વિકલ્પ પ્રદાન કરે છે જ્યાં, સંપત્તિ વિભાજીત નહીં પણ સશક્ત બનાવે છે. શ્રમ માન-સન્માન આપે છે, માણસાઈ ગુમાવતો નથી. ફક્ત વ્યક્તિઓનો જ નહીં પણ સમગ્ર સમુદાયનો વિકાસ થાય છે.

આ દ્રષ્ટિકોણ સાર્વત્રિક છે, જે ન્યાય-સંચાલિત વિકાસ ઈચ્છતા કોઈપણ વ્યક્તિ સાથે પડઘો પાડવા માટે ધર્મથી પર છે.

**ન્યાય માટે આમંત્રણ**

ગરીબી અને બેરોજગારી સામે ભારતની લડાઈ એકલા GDP વૃદ્ધિ દ્વારા જીતી શકાય તેમ નથી.

સમૃદ્ધિની પુનઃકલ્પના કરવાની જરૂર છે - જ્યાં :

- કામ પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરે છે.
- ઉદ્યોગસાહસિકતા સમાજની સેવા કરે છે.
- સંપત્તિનો ફેલાવો થાય છે, સંગ્રહ થતો નથી.

ભવિષ્યવાણીની આર્થિક વ્યૂહરચનાઓ ધર્મશાહીની માંગ કરતી નથી; તેઓ મૂલ્યોમાં પરિવર્તનની માંગ કરે છે. તેઓ ભારતને નૈતિકતા, ગૌરવ અને સમુદાય સશક્તિકરણ પર આધારિત સામાજિક-આર્થિક ન્યાય માટે એક બ્લુપ્રિન્ટ પ્રદાન કરે છે. આ કાલાતીત સિદ્ધાંતો અપનાવીને, ભારત માત્ર એક સમૃદ્ધ અર્થતંત્ર જ નહીં, પણ એક ન્યાયી અર્થતંત્ર કે જેમાં કોઈ પાછળ છુટી ન જાય તેવી એક અર્થવ્યવસ્થાનું નિર્માણ કરી શકે છે.

**- સઈદ અઝહરૂદ્દીન**

**(સૌ. : ઈન્ડિયા ટુમોરો.નેટ)**

# મહત્ત્વપૂર્ણ ખનિજ કરાર : યુએસ કંપનીએ પાકિસ્તાન સાથે $૫૦ કરોડના સોદા પર હસ્તાક્ષર કર્યા; તેની નજર સોનું, એન્ટિમોની, પૃથ્વીના દુર્લભ તત્ત્વો પર છે

**યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સે પાકિસ્તાન સાથે $૫૦ કરોડના રોકાણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને તે તેના ખનિજ ક્ષેત્રને વિકસાવવા માટે મહત્ત્વપૂર્ણ ખનિજો પર ધ્યાન કેન્દ્રિત કરશે, આ કરારનો મોટા-એન્જિલ ગ્રુપ સાથેના બીજા કરાર સાથે પાકિસ્તાનમાં ખનિજ પ્રક્રિયા અને મોટા પાયે ખાણકામ પ્રોજેક્ટ્સને વેગ આપવાનો હેતુ છે, યુએસ દૂતાવાસે આ સોદાને યુએસ-પાકિસ્તાન સંબંધોના સંકેત તરીકે આવકાર્યો છે**

(એજન્સી) તા.૧૦

મિઝોરી સ્થિત યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સે દેશના ખનિજ ક્ષેત્રમાં વિદેશી રોકાણને વેગ આપવા માટે $૫૦ કરોડના રોકાણ કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાથી યુનાઈટેડ સ્ટેટ્સે પાકિસ્તાન સાથે તેના સંબંધો મજબૂત બનાવ્યા છે. પાકિસ્તાનની ફ્રન્ટિયર વર્ક્સ ઓર્ગેનાઈઝેશન, જે મહત્ત્વપૂર્ણ ખનિજોની સૌથી મોટી ખાણ છે, તેણે સોમવારે અમેરિકન કંપની સાથે સમજૂતી કરાર દ્વારા કરાર પર ઔપચારિક સંમતિ આપી છે જેનાથી પાકિસ્તાનમાં પોલી-મેટાલિક રિફાઇનરી સ્થાપવાનો માર્ગ મોકળો થયો છે. આ કરાર ગયા મહિને વોશિંગ્ટન અને ઈસ્લામાબાદ વચ્ચે હસ્તાક્ષર કરાયેલા વેપાર કરારને અનુરૂપ છે. પાકિસ્તાનને આશા હતી કે તેના વિશાળ ખનિજ અને તેલ ભંડારમાં યુએસ રોકાણને પ્રોત્સાહન આપશે. યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સ મહત્ત્વપૂર્ણ ખનિજોના ઉત્પાદન અને રિસાયક્લિંગમાં નિષ્ણાત છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ અને એનર્જી ટેકનોલોજી માટે તે મહત્ત્વપૂર્ણ છે. પાકિસ્તાનની નેશનલ લોજિસ્ટિક્સ કોર્પ અને પોર્ટુગીઝ એન્જિનિયરિંગ અને બાંધકામ જાયન્ટ મોટા-એન્જિલગ્રુપ વચ્ચે બીજો કરાર થયો હતો. પાકિસ્તાનના પીએમ શેહબાઝ શરીફના કાર્યાલયના એક નિવેદન અનુસાર, તેમણે પાકિસ્તાનના તાંબુ, સોનું, દુર્લભ પૃથ્વી તત્વો અને અન્ય ખનિજ સંસાધનો પર યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સ અને મોટા-એન્જિલના પ્રતિનિધિમંડળો સાથે વાતચીત કરી હતી. આ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો મૂલ્યવર્ધિત સુવિધાઓ સ્થાપવા, ખનિજ પ્રક્રિયા ક્ષમતા વધારવા અને મોટા પાયે ખાણકામ પ્રોજેક્ટ્સ હાથ ધરવા પર કામ કરવા સંમત થયા છે. આ ભાગીદારી પાકિસ્તાનમાંથી સરળતાથી ઉપલબ્ધ ખનિજોની નિકાસ સાથે શરૂ થશે, જેમાં એન્ટિમોની, તાંબુ, સોનું, ટંગસ્ટન અને દુર્લભ પૃથ્વી તત્વોનો સમાવેશ થાય છે. ઈસ્લામાબાદમાં યુએસ દૂતાવાસે આ પગલાંનું સ્વાગત કરતા એક નિવેદનમાં કહ્યું કે, આ હસ્તાક્ષર યુએસ-પાકિસ્તાન દ્વિપક્ષીય સંબંધોની મજબૂતાઈનું ઉદાહરણ છે જે બંને દેશોને લાભ આપશે. આ વર્ષની શરૂઆતમાં, શરીફે કહ્યું હતું કે પાકિસ્તાન પાસે ટ્રિલિયન ડોલરના ખનિજ ભંડાર છે અને વિદેશી રોકાણ દેશને તેના લાંબા નાણાકીય સંકટને દૂર કરવામાં અને મોટા વિદેશી લોન પર તેની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરી શકે છે. પાકિસ્તાનની મોટાભાગની ખનિજ સંપત્તિ બળવાખોરીથી પ્રભાવિત દક્ષિણપશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતમાં રહેલી છે, જ્યાં અલગતાવાદી જૂથોએ સ્થાનિક અને વિદેશી કંપનીઓ દ્વારા સંસાધન નિષ્કર્ષણનો વિરોધ કર્યો છે.

# નેપાળના યુવાનો વિરૂદ્ધ 'નેપો કિડ્સ' : નવી પેઢી ભ્રષ્ટ વ્યવસ્થા સામે લડત આપી રહી છે

**રબર બુલેટ અને વાસ્તવિક ગોળીબારનો સામનો કરનારા વિરોધીઓ હેન્ડઆઉટ્સ માંગી રહ્યા નથી, તેઓ ગૌરવ, તક અને જવાબદારીની માંગ કરે છે**

(એજન્સી) તા.૧૦

નેપાળમાં એક વિરોધ જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ સામે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન તરીકે શરૂ થયું હતું. પરંતુ સોમવારના અંત સુધીમાં, તે ગૃહયુદ્ધમાં ફેરવાઇ ગયું પછી નેપાળના લોકશાહી ઈતિહાસમાં સૌથી લોહિયાળ દિવસ બની ગયો હતો. કાઠમંડુ અને અન્ય શહેરોની શેરીઓમાં ઓછામાં ઓછા ૧૯ લોકો, જેમાં મોટાભાગે યુવાન વિદ્યાર્થીઓ હતા, તેઓ ગોળીબારમાં માર્યા ગયા હતા. ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા અને મંગળવાર સુધીમાં વધતા દબાણ હેઠળ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ રાજીનામું આપી દીધું છે. આ કટોકટી જાહેર અસંમતિના પ્રતિભાવ કરતાં ઘણી ઊંડી છે. નેપાળમાં જે કંઈ ચાલી રહ્યું છે તે પેઢી દર પેઢીનો અંદાજ છે. જનરલ ઝેડના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શનો ફક્ત સેન્સરશીપ વિશે નથી. તે રાજકીય વિશેષાધિકાર, ભત્રીજાવાદ અને ભદ્ર વર્ગની મુક્તિ સામે ખુલ્લો બળવો છે. જાહેર રોષના કેન્દ્રમાં આ કહેવાતા 'નેપો કિડ્સ', (રાજકારણીઓ અને શક્તિશાળી અમલદારોના બાળકો) જેઓ ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ પર ડિઝાઈનર ફેશન, વિદેશી રજાઓ અને વૈભવી જીવનશૈલીનો પ્રચાર કરે છે જ્યારે સરેરાશ નેપાળી યુવાનો નોકરીઓ, સસ્તું શિક્ષણ અને ગૌરવ માટે સંઘર્ષ કરી રહ્યા છે. એક સમયે એક અચલ શક્તિશાળી તરીકે જોવામાં આવતા ઓલીનું રાજીનામું વિજય જેવું લાગે છે. પરંતુ દેશના નવા જાગૃત યુવાનો માટે, તે પ્રજાસત્તાક દેશને લાંબા સમયથી નેપાળને તેમની વારસાગત જાગીર તરીકે ગણતા લોકો પાસેથી પાછું મેળવવા માટે એક ચળવળની શરૂઆત છે. અસંમતિને દબાવવા માટે સોશિયલ મીડિયા પર સરમુખત્યારશાહી પ્રતિબંધથી જે શરૂ થયું તે ઝડપથી નિયંત્રણ બહાર નીકળી ગયું. સોમવારે સવાર સુધીમાં હજારો લોકો, મુખ્યત્વે શાળાના ગણવેશમાં અને કોલેજના ID સાથે મૈતીઘરથી નવા બાણેશ્વર તરફ કૂચ કરી. તેમના નારા શાંતિપૂર્ણ હતા, યાદગાર પણ હતા, ભૂતકાળના ક્રાંતિના ગીતોનો પડઘો પાડતા હતા : 'ગૌંગૌનબતૌથા, બસ્તીબસ્તીબતૌથા' (દરેક ગામડામાંથી ઉઠો, દરેક શહેરમાંથી ઉઠો). આ હત્યાકાંડની તાત્કાલિક તુલના નેપાળના ભૂતકાળના સૌથી કાળા દિવસો સાથે કરવામાં આવી. પરંતુ આ વખતે, તે કોઈ રાજા કે કોઈ વિદેશી દળ ન હતું જે ટ્રિગર દબાવી રહ્યું હતું. તે લોકશાહી રીતે ચૂંટાયેલી સરકાર જ હતી. ઓલીની સરકારે દોષ દૂર કરવાનો પ્રયાસ કર્યો અને સૂચવ્યું કે હિંસા પાછળ 'ઘૂસણખોરો' હતા. પરંતુ રાષ્ટ્ર તેને સ્વીકારી રહ્યું ન હતું. વિરોધ પ્રદર્શનો માટે પૂર્વ મંજૂરી હોવા છતાં ઓછી પોલીસ તૈનાત કરવામાં આવી હતી અને લોકોનો ગુસ્સો ભડકી ઊઠ્યો. પ્રદીપ યાદવ સહિત ત્રણ મંત્રીઓએ વિરોધમાં રાજીનામુ આપ્યું અને યાદવે ખુલ્લેઆમ યુવાનોને ટેકો જાહેર કર્યો છે. આ વિરોધનું તાત્કાલિક કારણ સોશિયલ મીડિયા બ્લેકઆઉટ હતું પણ મૂળ રોષ વર્ષોથી ભડકી રહ્યો છે. ૨૦૦૬ના શાંતિ કરાર પછી જન્મેલા યુવાનો, ખાસ કરીને ભ્રષ્ટાચાર, સગાવાદ અને ખૂબ જ નિષ્ક્રિય રાજકીય વ્યવસ્થાથી પીડાતા દેશમાં પુખ્ત થયા છે. તે દરમિયાન, ઉચ્ચ કક્ષાના રાજકારણીઓના બાળકો સંપૂર્ણપણે અલગ વાસ્તવિકતા સાથે જીવે છે. આ 'નેપો કિડ્સ'- જેમાંથી ઘણાએ ક્યારેય નોકરી કરી નથી છતાં વિદેશી કાર ચલાવી છે અને માલદીવમાં વેકેશન માણે છે-નેપાળના સંઘર્ષ પછીના લોકશાહીમાં જે કંઈ ખોટું છે તેના પ્રતીક બની ગયા છે. તેમનું જીવન, જે ઓનલાઈન પ્રદર્શિત કરવામાં આવ્યું છે, તે મોટાભાગના યુવાનોથી તદ્દન વિપરીત છે જેમને વિદેશમાં ઓછા વેતન પર કામ મેળવવા અથવા યુનિવર્સિટીઓમાં પણ રાજકીય દખલગીરીનો સામનો કરવા મજબૂર કરવામાં આવેછે. આવી ફરિયાદો ઈન્સ્ટાગ્રામ સુધી મર્યાદિત નથી. નેપાળની અગ્રણી શૈક્ષણિક સંસ્થા, ત્રિભુવન યુનિવર્સિટી (TU), રાજકીય પક્ષપાત દ્વારા ખાલી થઈ ગઈ છે. ટીયુમાં વિભાગના વડાઓથી લઈને કુલપતિ સુધીની નિમણૂંકો યોગ્યતા દ્વારા નહીં પરંતુ રાજકીય ક્વોટા દ્વારા નક્કી કરવામાં આવે છે. વિદ્યાર્થી સંગઠનો, જે મૂળ રીતે સરમુખત્યારશાહી સામે લડવા માટે હતા, તે હવે રાજકીય પક્ષો માટે પ્રોક્સી તરીકે સેવા આપે છે. તાજેતરના એક વિશ્લેષણમાં જોયું છે કે, જે સંસ્થાઓ યુવા નેપાળીઓને ઉત્થાન આપવાની હતી તે જ રાજકીય લૂંટ માટે યુદ્ધભૂમિ બની ગઈ છે. તેનું પરિણામ એક પેઢી માટે માત્ર તકો જ નહીં પરંતુ સિસ્ટમમાં વિશ્વાસ પણ છીનવાઈ ગયો છે. તેમની હતાશા ઊંડી છે. યુવા નેતાઓ કહે છે કે આ વિરોધ પ્રદર્શનો એક પક્ષ કે એક વડાપ્રધાન વિશે નથી. યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ કહ્યું, 'અમે ઓલી સામે લડી રહ્યા નથી,' અમે ઓલીવાદ સામે લડી રહ્યા છીએ - એક એવી સિસ્ટમ જે યોગ્યતા પર વફાદારી, કામ પર સંપત્તિ અને સત્ય પર મૌન માટે પુરસ્કાર આપે છે. ઓલીનો કાર્યકાળ લાંબા સમયથી સરમુખત્યારશાહી વલણો દ્વારા ચિહ્નિત થયેલ છે. ૨૦૨૦ અને ૨૦૨૧માં સંસદ ભંગ કરવાના તેમના પ્રયાસોથી લઈને રોગચાળા દરમિયાન જાહેર અભિપ્રાયને રદ કરવા સુધી, તેઓ ઘણીવાર લોકશાહી કરતાં તાનાશાહ તરીકે વધુ દેખાય છે. આ અઠવાડિયે તેમનું પતન ફક્ત એક માણસનું પતન નથી પરંતુ તેમને સક્ષમ બનાવનાર સમગ્ર રાજકીય સંસ્કૃતિનું ભયંકર રૂપ છે. જોકે, આગળનો પડકાર બાકી છે. ઓલીનું રાજીનામું ક્ષણિક રીતે જનતાને ખુશ કરી શકે છે, પરંતુ મોટો પ્રશ્ન રહે છે : તેમનું સ્થાન કોણ લેશે અને શું તેઓ કોઈ અલગ હશે ? નેપાળના યુવાનો, જેમણે હવે વિરોધની કડવી કિંમતનો સ્વાદ ચાખ્યો છે, તેઓ કોઈ પણ ઓછી કિંમતે સમાધાન કરે તેવી શક્યતા નથી.

**હદીસ બોધ**

દુઃખી માણસની સેવા કરનાર સ્વર્ગના બગીચામાં રહે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

મહાસાગર કરતાં પણ ભવ્ય એક દૃશ્ય છે અને તે છે આકાશનું. આકાશ કરતાં પણ એક ભવ્ય દૃશ્ય છે અને તે છે આત્માના આંતરપ્રદેશનું. -વિકટર હ્યુગો

**આજની આરસી**

૧૧ સપ્ટેમ્બર ગુરૂવાર ૨૦૨૫
૧૮ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૭
ભાદરવા વદ ચોથ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૦૫
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૮

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# ભારતે T20 ક્રિકેટના ઇતિહાસનો સૌથી મોટો વિજય મેળવીને એશિયા કપ ૨૦૨૫માં ધમાકેદાર પ્રારંભ કર્યો

## કુલદીપ યાદવની એક ઓવરમાં ત્રણ વિકેટની મદદથી UAEનો માત્ર ૫૭ રનમાં સંકેલો થઈ ગયો અને ભારતે પાંચ જ ઓવરમાં એક વિકેટ ગુમાવીને વિજય ટાર્ગેટ હાંસલ કરી જબરદસ્ત જીત મેળવી

દુબઈ, તા.૧૦

ભારતે એશિયા કપ ૨૦૨૫માં ધમાકેદાર શરૂઆત કરી દીધી છે અને યુએઈને સજ્જડ પરાજય આપીને ભારતે T20 ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ભવ્ય અને મોટો વિજય હાંસલ કર્યો છે. કુલદીપ યાદવના સ્પીન આક્રમણને કારણે UAEનો દાવ માત્ર ૫૭ રનના મામૂલી જુમલામાં સમેટાઈ ગયો હતો અને વિજયનો ટાર્ગેટ ભારતે માત્ર પાંચ ઓવરમાં પૂરો કરી નવ વિકેટે શાનદાર અને પ્રભાવશાળી જીત હાંસલ કરી હતી. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ પર એશિયા કપના ભારતના પહેલા મેચમાં UAE સામેની રમત સાવ એકતરફી રહી હતી અને ભારત પહેલેથી છેલ્લે સુધી છવાયેલું રહ્યું હતું. ભારતીય ટીમના સુકાની સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને



UAEની ટીમને પહેલો દાવ આપ્યો હતો. શરૂઆતમાં તેમના ટોપ ઓર્ડરના બેટરોએ થોડી ટક્કર લીધી હતી અને બે વિકેટ ૪૭ રન થયા હતા પરંતુ એ પછી સ્પીનર કુલદીપ યાદવ આવતા જ UAEની વિકેટો ટપોટપ પડવા લાગી હતી. એક તબક્કે કુલદીપ યાદવે એક જ ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી અને એ ટીમની છેલ્લી ૮ વિકેટ માત્ર ૧૦ રનમાં ડુલ થઈ ગઈ હતી અને ૫૭માં એમનો દાવ પૂરો થઈ ગયો હતો. શિવમ દુબેએ પણ સુંદર બોલિંગ કરી હતી અને ચાર રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે જસપ્રીત બુમરાહ તેમજ અક્ષર પટેલ અને વરૂણ ચક્રવર્તીએ પણ એક એક વિકેટ મેળવી હતી.

ભારતની વિશ્વની સૌથી શક્તિશાળી બેટિંગ લાઈન અપ માટે વિજયનો આ ટાર્ગેટ મામૂલી જ નહીં પરંતુ સાવ સામાન્ય હતો અને ભારતે પાંચમી ઓવરમાં જ વિજયનો ટાર્ગેટ પૂરો કરી લીધો હતો. અભિષેક શર્માએ ૧૬ દડામાં ૩૦ રન બનાવ્યા હતા અને બાકીના રન સૂર્યકુમાર યાદવ અને શુભમન ગિલે ફટાફટ બનાવી લીધા હતા અને ૧૫ ઓવર બાકી રહી ગઈ હતી આ રીતે ભારતે તેના ટી ટ્વેન્ટી ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો વિજય મેળવીને એશિયા કપમાં ધમાકેદાર શરૂઆત કરી હતી. UAEના દાવની વાત કરીએ તો એમની ટીમના માત્ર અલીશાન શરાફુએ ૨૨ રન કર્યા અને મોહમ્મદ વસીમે ૧૯ રન કર્યા હતા એ સિવાય કોઈ બેટધર બે આંકડે પણ પહોંચી શક્યો નહોતો.

ભારતે આ મેદાન પર સાત વર્ષ પહેલા પણ મોટો વિજય મેળવ્યો હતો. ૨૦૨૧માં સ્કોટલેન્ડની ટીમને ભારતે ૮૧ દડા બાકી રહ્યા ત્યારે પરાજય આપી દીધો હતો. ભારતે પોતાનો જુનો રેકોર્ડ આજે તોડી નાખ્યો હતો અને માત્ર ૨૭ દડામાં વિજય લક્ષ્યાંક પૂરૂં કરી લીધું હતું. યુએઈના ૫૭ની સામે ભારતે એક વિકેટ ગુમાવીને માત્ર ૪.૩ ઓવરમાં ૬૦ રન બનાવી લીધા હતા. અભિષેક શર્મા અને શુભમન ગિલ દ્વારા ભારતના દાવની ઓપનિંગ જોડી તરીકે શરૂઆત કરવામાં આવી હતી પણ ચોથી ઓવરમાં જુનૈદ સિદ્દીકીએ અભિષેકને આઉટ કરી દીધો હતો પરંતુ એ પહેલા અભિષેક શર્માએ ત્રણ છગ્ગા અને બે ચોગ્ગા સાથે ૩૦ રન કરી નાખ્યા હતા અને એ પછી ગિલે બે ચોગ્ગા અને એક છક્કા સાથે નવ દડામાં ૨૦ રન કરી લીધા હતા.

# સલમાન આગાને ભૂલનો અહેસાસ થયો, હાથ ન મિલાવવાના વિવાદ પછી સૂર્યકુમાર યાદવનો સંપર્ક કર્યો; ભારતીય કેપ્ટન પાછળથી PCB વડાને મળ્યો

તા.૧૦

ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને તેમના પાકિસ્તાની સમકક્ષ સલમાન અલી આગા વચ્ચે ચાલી રહેલા સોશિયલ મીડિયા વિવાદે હવે એક નવો વળાંક લીધો છે. ૨૦૨૫ એશિયા કપની પૂર્વસંધ્યાએ દુબઈમાં કેપ્ટનોની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બંને કેપ્ટનો વચ્ચે 'હાથ નહીં મિલાવવા'ના ક્ષણને લઈને સોશિયલ મીડિયા ઉન્માદમાં ફેરવાઈ ગયું તેના થોડા કલાકો પછી, X પર એક નવી ક્લિપ સામે આવી જેણે આખી ચર્ચાને સંપૂર્ણપણે બદલી નાખી.

જ્યારે આઠ ભાગ લેતી ટીમોના કેપ્ટનો દ્વારા હાજરી આપતી પરંપરાગત પ્રી-ટુર્નામેન્ટ પ્રેસ કોન્ફરન્સ સમાપ્ત થઈ, ત્યારે સલમાન પોતાની સીટ પરથી ઊભો થયો અને હોંગકોંગ અને ઓમાનના કેપ્ટનો સાથે સ્ટેજ પરથી ચાલ્યો ગયો. જોકે, સૂર્યકુમાર સ્ટેજ પર જ રહ્યા અને UAE, અફઘાનિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશના કેપ્ટનો સાથે ટૂંકી વાતચીત કરી. પછી બધાએ હાથ મિલાવ્યા અને સ્ટેજ છોડતા પહેલા ગળે લગાવ્યા. એપ્રિલમાં પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા ભૂ-રાજકીય તણાવ વચ્ચે, આ દ્રશ્યે સોશિયલ મીડિયા પર મોટી ચર્ચાઓ જગાવી, પરંતુ એક નવો વીડિયો સંપૂર્ણપણે અલગ વાર્તા રજૂ કરે છે. સલમાન, જેણે આ ક્ષણનો અહેસાસ કર્યો, બહાર નીકળતી વખતે રાહ જોઈ અને સૂર્યા સાથે હાથ મિલાવ્યા. સલમાન રૂમ છોડતા પહેલા બંનેએ ગળે પણ હાથ મિલાવ્યા હતા. બીજા ફોટામાં ભારતીય કેપ્ટન પાછળથી PCB ચેરમેન મોહસીન નકવીનું પણ સ્વાગત કરતા દેખાય છે, જે બંને ટીમો વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી ગયા હોવાના અગાઉના અહેવાલોને રદિયો આપે છે. જોકે, એવું કહી શકાય કે નકવીની હાજરી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ તરીકેની તેમની ભૂમિકાને અનુરૂપ હતી, કારણ કે તેમણે પ્રેસ કોન્ફરન્સ પહેલાં ફોટોશૂટ પછી સૂર્યકુમાર સહિત તમામ કેપ્ટનો સાથે હાથ મિલાવ્યા હતા. ડિફેન્ડિંગ ચેમ્પિયન અને T20 વર્લ્ડ કપ વિજેતા ભારત, બુધવારે દુબઈમાં UAE સામે એશિયા કપમાં પોતાનું અભિયાન શરૂ કરશે. બીજી તરફ, તાજેતરમાં UAEમાં અફઘાનિસ્તાનને હરાવીને T20 ત્રિકોણીય શ્રેણી જીતનાર પાકિસ્તાન શુક્રવારે ઓમાન સામે પોતાની પહેલી મેચ રમશે. ત્યારબાદ બંને ટીમો ૧૪ સપ્ટેમ્બરે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ગ્રુપ છ મેચમાં એકબીજાનો સામનો કરશે.

ભારત માટે, એશિયા કપ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં T20 વર્લ્ડ કપ પહેલા એક મહત્વપૂર્ણ વોર્મ-અપ છે. ગૌતમ ગંભીર પોતાની વિચારધારા પોતાની ટીમ પર લાદવા માંગશે કારણ કે તેઓ સ્થિર વિજેતા સંયોજન શોધી રહ્યા છે. તે ભારતીય T20 ક્રિકેટમાં એક નવા યુગની શરૂઆત પણ કરે છે, કારણ કે બાર્બાડોસમાં ૨૦૨૪ના વર્લ્ડ કપ પછી રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃત્તિ પછી આ તેમની પ્રથમ મોટી ટુર્નામેન્ટ હશે.

બીજી બાજુ, પાકિસ્તાનની નજર તેમના બીજા એશિયા કપ ટાઇટલ પર રહેશે - અને ૨૦૧૨ પછી તેમનું પહેલું. એક સફળ અભિયાન ટીમને ગયા વર્ષે વર્લ્ડ કપમાં શરમજનક હાર બાદ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ગુમાવેલું સ્થાન પાછું મેળવવામાં પણ મદદ કરશે, જ્યાં તેઓ ગ્રુપ સ્ટેજમાં બહાર ફેંકાઈ ગયા હતા, જેમાં બિન-ક્રમાંકિત યુએસએ સામેની હારનો સમાવેશ થાય છે.

# T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઇનલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આયોજિત કરાશે, પરંતુ પાકિસ્તાનને કારણે ટ્વિસ્ટ આવી શકે

તા.૧૦

આગામી વર્ષે યોજાનાર T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની સંભવિત તારીખો સામે આવી છે. એક અહેવાલ પ્રમાણે આ ICC ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ વચ્ચે ભારત અને શ્રીલંકામાં રમાઈ શકે છે. ૧૦માં ICC T20 વર્લ્ડ કપની ફાઈનલની યજમાની અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને મળી શકે છે, પરંતુ જો પાકિસ્તાન ફાઈનલમાં પહોંચે છે તો વેન્યુમાં ફેરફાર થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, ભારત T20 વર્લ્ડ કપનો ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, ૨૦૨૪માં રોહિત



શર્માની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાએ ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઇટલ પર કબજો કર્યો હતો. આગામી T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં કુલ ૨૦ ટીમો ભાગ લેશે અને ૫૫ મેચ રમાશે, જે ભારતના પાંચ વેન્યુ અને શ્રીલંકાના બે વેન્યુ પર રમાશે. એવી માહિતી સામે આવી રહી છે કે, ફાઈનલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જો કે, જો પાકિસ્તાન ફાઈનલ માટે ક્વોલિફાય થાય છે, તો મેચ કોલંબોમાં રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ૨૦૨૬ T20 વર્લ્ડ કપની યજમાની કરશે. જોકે, પાકિસ્તાનની બધી મેચોના આયોજન માટે શ્રીલંકાને સહ-યજમાન તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ વર્ષની શરુઆતમાં BCCI અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) વચ્ચે એક કરાર થયો હતો કે બંને સરકારો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય તણાવને કારણે તેઓ એકબીજાના દેશોમાં નહીં રમશે. આ વર્ષે એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલા પછી આ તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. અહેવાલમાં આગળ કહેવામાં આવ્યું છે કે, ICC એ હજુ સુધી શેડ્યૂલ નક્કી નથી કર્યું, પરંતુ ટુર્નામેન્ટની તારીખ ચોક્કસપણે નક્કી થઈ ગઈ છે અને તમામ ભાગ લેનારા દેશોને જાણ કરી દેવામાં આવી છે. હાલમાં આગામી વર્ષે યોજાનાર T20 વર્લ્ડ કપ માટે માત્ર ૧૫ ટીમો જ ક્વોલિફાય થઈ છે, જેમાં ભારત, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, વેસ્ટ ઈન્ડિઝ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, આયર્લેન્ડ, કેનેડા, નેધરલેન્ડ અને પ્રથમ વખત રમાનારી ટીમ ઈટાલી સામેલ છે. બાકીના પાંચ સ્થાનોમાંથી બે આફ્રિકા પ્રાદેશિક ક્વોલિફાયરમાંથી અને ત્રણ એશિયા અને પૂર્વ એશિયા પેસિફિક ક્વોલિફાયરમાંથી નીકળશે.

# અલ્હાબાદ યુનિવર્સિટીના દલિત વિદ્યાર્થિની દ્વારા '૪ વર્ષ પછી દાખલ કરાયેલ' બળાત્કાર કેસ રદ કરતી સુપ્રીમ કોર્ટ

**જસ્ટિસ જે.બી. પારડીવાલા અને સંદીપ મહેતાની બેન્ચે આ આદેશ આપ્યો છે, જેમાં આરોપી પ્રદીપ કુમાર કેસરવાની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપવામાં આવી છે, જેમાં અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશને પડકારવામાં આવ્યો છે, જેમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સમન્સ ઓર્ડરને રદ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે**

(એજન્સી) તા.૧૦

ફરિયાદ કથિત હુમલાના ચાર વર્ષ પછી દાખલ કરવામાં આવી હોવાને કારણે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ યુનિવર્સિટીના દલિત વિદ્યાર્થી દ્વારા દાખલ કરવામાં આવેલા બળાત્કાર કેસને રદ કર્યો છે અને કાયદાની પ્રક્રિયાનો દુરૂપયોગ કરતા અને હેરાનગતિ કરતા ફોજદારી કેસોને રદ કરવા માટે હાઈકોર્ટ માટે નવી માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને સંદીપ મહેતાની બેન્ચે આ આદેશ આપ્યો છે, જેમાં આરોપી પ્રદીપ કુમાર કેસરવાની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપવામાં આવી છે, જેમાં અલ્હાબાદ હાઈકોર્ટના કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સમન્સ ઓર્ડરને રદ કરવાનો ઈન્કાર કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને પડકારવામાં આવ્યો છે. કેસરવાનીએ દલીલ કરી છે કે કથિત ઘટનાના ચાર વર્ષ પછી ૨૦૧૪માં તેની સામે ખોટી બળાત્કાર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, સંમતિથી થયેલા સંબંધોમાં ખટાશ આવ્યા બાદ મહિલાએ SC-ST એક્ટ હેઠળ બળાત્કાર અને અન્ય ગુનાઓના આરોપો દાખલ કર્યા હતા. અપીલને મંજૂરી આપતાં સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે, ફરિયાદીએ કેસ ચલાવવામાં ગંભીરતાનો અભાવ દર્શાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે, 'અમારૂં માનવું છે કે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સમન્સનો આદેશ આપવામાં ભૂલ કરી હતી. હાઈકોર્ટે પણ કલમ ૪૮૨ (ક્રિમિનલ પ્રોસિજર કોડ) અરજીને ફગાવી દેતી વખતે આ મામલાના સંબંધિત પાસાઓની અવગણના કરી હતી. ફરિયાદના સ્પષ્ટ વાંચન પર ખાસ કરીને આરોપોના સ્વરૂપને ધ્યાનમાં લેતાં, તે સ્પષ્ટ થાય છે કે તે કોઈ વિશ્વાસ કરવા લાયક નથી. પ્રતિવાદી નંબર ૨ ને ફરિયાદ દાખલ કરવામાં ચાર વર્ષ કેમ લાગ્યા તેનો કોઈ યોગ્ય ખુલાસો આપવામાં આવ્યો નથી,'. બેન્ચે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલી નોટિસ ફરિયાદીએ સ્વીકારી ન હતી તે હકીકત એ પણ દર્શાવે છે કે તે કેસ ચલાવવામાં ગંભીર નહોતી. બેન્ચે ચુકાદો આપ્યો કે, '...અમારો મત છે કે અપીલકર્તા સામે ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી એ કાયદાની પ્રક્રિયાનો ઘોર દુરૂપયોગ હશે.... હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા વાંધાજનક આદેશને રદ કરવામાં આવે છે,'.

# પ્રેમ સંબંધને કારણે ૨૪ વર્ષીય દલિત યુવકને માર્યો, 'ઝેર' પીવાની ફરજ પાડી

(એજન્સી) લખનૌ, તા.૧૦

પ્રેમ સંબંધના વિવાદને કારણે છ માણસો દ્વારા ૨૪ વર્ષીય દલિત લોકો પાઈલટની હત્યા બાદ આઝમગઢના નૌશેરા ગામમાં તણાવ ફેલાયો હતો. પીડિતના પરિવાર અને સ્થાનિકોએ બાદમાં આઝમગઢ-ગોરખપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચક્કાજામ કર્યો હતો, જેમાં આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. બાદમાં ત્રણ સ્ટેશનના પોલીસ દળ અને વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને કડક કાર્યવાહીની ખાતરી આપીને પ્રદર્શનકારીઓને વિખેરી નાખ્યા હતા.

**લલચાવ્યો, માર મારવામાં આવ્યો અને ઝેર આપ્યું :** મૃતક, જિયાનપુર પોલીસ સ્ટેશન હેઠળના નૌશેરા ગામના ઈન્દલ રામનો પુત્ર દુર્ગેશ કુમાર, ૨૦૨૧થી લોકો પાઈલટ તરીકે કામ કરતો હતો અને ગોરખપુર અને ચંદીગઢમાં પોસ્ટિંગ તેનું પોસ્ટિંગ હતું. તે એક સાથી ગ્રામજન ગણેશ યાદવની પુત્રી સાથે સંબંધમાં હોવાનું કહેવાય છે, જેનો છોકરીના પરિવારે વિરોધ કર્યો હતો. દુર્ગેશના નાના ભાઈ અજિત કુમારના જણાવ્યા મુજબ, જ્ઞાનેન્દ્ર મિશ્રાએ 'મામલો થાળે પાડવા'ના બહાને દુર્ગેશને ફોન કર્યો હતો. ઘટનાસ્થળે પહોંચ્યા પછી દુર્ગેશને ગણેશ યાદવ, અજય યાદવ, શ્રવણ યાદવ, શેરૂ યાદવ, ગોવિંદ યાદવ અને મિશ્રાએ ઘેરી લીધો હતો. સામે આવેલી એક વીડિયો ક્લિપમાં યુવકને અનેક માણસો દ્વારા થપ્પડ મારવામાં આવી હતી, માર મારવામાં આવ્યો હતો અને હુમલો કરવામાં આવ્યો હતો. અજિતે આરોપ લગાવ્યો હતો કે આરોપીઓએ બાદમાં દુર્ગેશને ઝેરી પદાર્થ પીવા માટે દબાણ કર્યું હતું અને તેને નિર્જન જગ્યાએ છોડી દીધો હતો.

**મૃત્યુ પહેલા છેલ્લો ફોન :** દુર્ગેશ તેના ખિસ્સામાં છૂપાયેલા બીજા મોબાઈલ ફોનથી અજિતને ફોન કરવામાં સફળ રહ્યો, હુમલાની વાત કરી અને તેના હુમલાખોરોનું નામ આપ્યું. અજિત ઘટનાસ્થળે દોડી ગયો અને તેને હોસ્પિટલ લઈ ગયો, પરંતુ પહોંચ્યાની થોડી મિનિટોમાં જ તેને મૃત જાહેર કર્યો.

**હાઈવે બ્લોક, ભારે પોલીસ બંદોબસ્ત :** પોસ્ટમોર્ટમ પછી શોકગ્રસ્ત પરિવારના સભ્યોએ લાશને હાઈવે પર મૂકી દીધી અને ગ્રામજનો સાથે મળીને તાત્કાલિક ધરપકડની માંગણી સાથે ભારે વિરોધ પ્રદર્શન કર્યું. નાકાબંધીના કારણે ટ્રાફિક જામ થઈ ગયો કારણ કે, પોલીસ ટોળાને શાંત કરવા માટે સંઘર્ષ કરી રહી હતી. તંગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ત્રણ પોલીસ સ્ટેશન અને પીએસી કર્મચારીઓની ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. દુર્ગેશના પિતા રડી પડ્યા અને કહ્યું : 'તે મારા પરિવારનો એકમાત્ર કમાનાર સભ્ય હતો. તેઓએ મારા દીકરા, મારા પ્રકાશને છીનવી લીધો છે.'

# યુપી : હાથરસમાં દલિત વ્યક્તિની છરીના ઘા મારીને હત્યા, વિરોધ પ્રદર્શનથી હાઈવે બ્લોક

**હાથરસ (યુપી), અહીંના એક ગામમાં પશુ આરોગ્ય સ્વયંસેવક તરીકે કામ કરતા એક દલિત વ્યક્તિની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી, જેના કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને સમુદાયના સભ્યોએ હાઈવે બ્લોક કરી દીધો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર હત્યાના સમાચાર ફેલાતા, નજીકના ગામોના દલિત રહેવાસીઓ ચાંદપા બહાર ભેગા થયા હતા**

(એજન્સી) તા.૧૦

હાથરસ (યુપી), અહીંના એક ગામમાં પશુ આરોગ્ય સ્વયંસેવક તરીકે કામ કરતા એક દલિત વ્યક્તિની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી, જેના કારણે સમુદાયના સભ્યોએ વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા અને હાઈવે બ્લોક કરી દીધો હતો, હત્યાના સમાચાર ફેલાતા, નજીકના ગામોના દલિત રહેવાસીઓ ચાંદપા પોલીસ સ્ટેશનની બહાર ભેગા થયા હતા અને અલીગઢ-આગ્રા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રાફિક રોકી દીધો હતો. વિરોધ પ્રદર્શનમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. અધિક એસપી અશોક કુમાર સિંહ, એડીએમ બસંત અગ્રવાલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ભારે પોલીસ દળ સાથે પરિસ્થિતિને શાંત કરવા માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, આ હત્યા જૂની દુશ્મનાવટ સાથે જોડાયેલી હોવાનું જણાય છે. પીડિત, જેની ઓળખ વિનય કુમાર (૪૮) તરીકે થઈ છે, તે અર્જુનપુર ગામના રહેવાસી હતા અને પશુપાલન વિભાગમાં 'પશુ મિત્ર' (પશુ આરોગ્ય સ્વયંસેવક) તરીકે જોડાયેલા હતા. જ્યારે તેઓ તેમના પ્લોટ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ગ્રામજનોના એક જૂથે તેમના પર છરીઓથી હુમલો કર્યો. તેમના પરિવારના સભ્યો દ્વારા તેમને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. વિનયના ભાઈ ગીતેશ કુમારે આરોપ લગાવ્યો કે હુમલાખોરોએ તેમને તેમના પ્લોટ પર ઘેરી લીધા હતા અને ભાગી જતા પહેલા છાતીમાં છરી મારી હતી. પોલીસ અધિક્ષક ચિરંજીવ નાથ સિંહાએ જણાવ્યું હતું કે, 'અર્જુનપુર ગામમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનો કેસ નોંધાયો છે. શબને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. મળેલી ફરિયાદના આધારે FIR નોંધવામાં આવશે અને આગળની કાર્યવાહી કરવામાં આવશે.'


**CHANGE OF NAME**

My Baby Holder of indian passport no: T8948023 QID no:32035600776 Hereby change name from **SAMiHA** to **SAMIHA SUFYAN ARODIYA**

------------------

Any objection please contact The permanent committee For nationality affair Within 15 days the publication of this notice Bhilvan, Vagdod, Patan, Patan-pin.384265 Gujarat India



**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

**Established under the Wakf Act, 1995**
**Constituted by the Government of Gujarat**
**Under Waqf Act, 1995 (Central Act - 43 of 95 )**

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"કબ્રસ્તાન મુસ્લિમ સમાજ ચોબારી- જૂનાગઢ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **હાલા મોહમદ યુસુફ હનીફભાઈ, ઠે.મસ્જિદ વાળી વલી, ચોબારી, જિ.જૂનાગઢનાઓએ** મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત/જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે.

| ગામ/મુ.પો./ઠે | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં/ મિલ્કત નં. | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ચોબારી | જિ.જૂનાગઢ | સરકારી પડતર (સરકારી કબ્રસ્તાન) | સર્વે નં.૪/૨ | એ.ગુ.૨/૧૬ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કતમાં માલિકી સરકારશ્રીની રહેશે. સદર મિલકતને વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ-૩ (R) મુજબ ફક્ત "વકફ બાય યુઝર્સ" તરીકે વાપરવા અન્વયે વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.



**pnb Housing Finance Limited**

રજિ.: ઓફિસ : ૯મો માળ, અંતરીક્ષ ભવન, ૨૨, કે.જી. માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૧, ફોનઃ ૦૧૧-૨૩૩૫૭૧૭૧, ૨૩૩૫૭૧૭૨, ૨૩૭૦૫૪૧૪, વેબ.: www.pnbhousing.com

**શાખા કચેરી :** ઈન્ટર-એલિયા અત્રે બીજો માળ, શિવ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસ સામે, વેરાવળ રોડ, કેશોદ, જૂનાગઢ, ગુજરાત-૩૬૨૨૨૦

**નિયમ ૮(૧) અને પરિશિષ્ટ-1V મુજબ સ્થાવર મિલકત માટે કબજો નોટિસ**

જ્યારે નીચે સહી કરનાર **પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિ.**ના અધિકૃત અધિકારી નાણાકીય સંપત્તિઓના **સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના નિયમ ૮(૧)ના પાલનમાં અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨**ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખે ડિમાન્ડ નોટિસ જારી કરે છે, જેમાં સંબંધિત દેણદાર/રોને નોટિસ/લેખ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર દરેક ખાતા સામે ઉલ્લેખિત રકમ ચૂકવવાનું કહેવામાં આવે છે. દેણદાર/રો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેણદાર/રો અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનારે દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખોએ ઉક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચેલા ઉક્ત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકત/તો પર કબજો મેળવ્યો છે.

ખાસ કરીને દેણદાર/રો અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત/તો સાથે વ્યવહાર ન કરે અને મિલકત/તો સાથે કોઈપણ વ્યવહાર પર લોન કરાર મુજબ રકમ અને વ્યાજ માટે પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનો ચાર્જ લાગશે. **દેણદારોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.**

| લોન એકાઉન્ટ નંબર(રો) | દેણદાર/સહ-દેણદાર/ જામીનદાર(રો)/કાનૂની | ડિમાન્ડ નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસમાં તારીખ મુજબની રકમ | કબજાની તારીખ/ કબજાનો પ્રકાર | ગીરવે મૂકેલી મિલકત/તોનું વર્ણન |
|---|---|---|---|---|---|
| HOU/RKES/ 0823/ 1147304 બી.ઓ. કેશોદ | શ્રી શૈલેષભાઈ ડી. કાચા (દેણદાર) અને શ્રીમતી માધવીબેન કાચા (સહ-દેણદાર) | ૧૩.૦૨. ૨૦૨૫ | રૂ.૧૨,૫૬,૮૬૬.૬૮/- (રૂ. બાર લાખ છપ્પન હજાર આઠસો છાસઠ અને અડસઠ પૈસા માત્ર) | ૦૭.૦૯.૨૦૨૫ (ભૌતિક) | તે તમામ ભાગ અને હિસ્સાઓ રહેઠાણ, શાપુર, ગામતળ મિલકત, બજરંગ ચોક, અનુક્રમ નં.૯૧૬એ, સ્ટેટ બેંક ઓ ઈન્ડિયા પાસે, શાપુર, ઓફ ગ્રામ પંચાયત રોડ ૩૬૨૨૦૫, તા. વંથલી અને જિ. જૂનાગઢ, જૂનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧ |

**સ્થળ : કેશોદ ; તારીખ : ૧૧-૦૯-૨૦૨૫** **સહી/- અધિકૃત અધિકારી, પીએનબી હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**



**પરિશિષ્ટ -IV-A જુઓ પ્રોવિસો નિયમ ૮(૬) આર/ડબ્લ્યુ ૯(૧)**

**સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૩૦ દિવસની સૂચના** આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો **ભૌતિક કબજો** સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. દેણદાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૦૫-૦૯-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 1562030/ એચડીબી એફએસ | ૧. શ્રી ભાવેશ હેમંતકુમાર જોષી (દેણદાર), શ્રીમતી ભાવનાબેન ભાવેશભાઈ જોષી (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૩ | રૂ. ૨૧,૧૪,૫૪૬.૯૫ | રૂ. ૮,૬૫,૦૦૦/- | રૂ. ૮૬,૫૦૦/- | ૧૪-૧૦-૨૦૨૫ અને બપોરે ૧૨:૦૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ હક્ક, ટાઈટલ અને હિત જે ટીએફ ૨૫ના, ત્રીજો માળ, પદ્માવતી કોમ્પ્લેક્ષ', ઘી કાંટા કોર્ટ પાસે, એલએન સિનેમા, જયશ્રી નારાયણ ઓનર્સ એસોસિએશન, અમદાવાદ-૩૮૦૦૦૮, અને કહેવાતી મિલકત સ્થિત અત્રે ઓફિસ નં.ટી/૨૫, ત્રીજો માળ, 'પદ્માવતી કોમ્પ્લેક્ષ' જયશ્રી નારાયણ ઓનર્સ એસોસિએશન, સિટી સર્વે નં.૧૫૭૬થી ૧૫૮૮ પૈકી, મોજે શાહપુર-૨, તા. સિટી, જિ. અને સબ જિ. અમદાવાદ (ક્ષેત્રફળ ૧૩.૪૭૧૨ ચો.મી., સુપર બિલ્ટ અપ એરિયા) અને **નીચે મુજબ ખૂંટ :** પૂર્વ : કોમન રસ્તો, પશ્ચિમ : અન્ય ઓફિસ, ઉત્તર : ઓફિસ નં.૨૪, દક્ષિણ : ઓફિસ નં.૨૬

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૦૫-૦૯-૨૦૨૫ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) (ભા.રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 8925345/ એચડીબી એફએસએલ | ૧. શૈલેન્દ્રસિંહ ચન્દ્રસિંહ રાજપુરોહિત (દેણદાર), કિરન શૈલેન્દ્રસિંહ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૨ | રૂ. ૩૦,૦૯,૦૭૨.૭૮ | રૂ. ૧૧,૦૦,૦૦૦/- | રૂ. ૧,૧૦,૦૦૦/- | ૧૪-૧૦-૨૦૨૫ અને બપોરે ૦૧:૦૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ચોથો માળ, ફલેટ નં.બી/૪૦૧ના, એન.એ. સર્વે નં.૫૫ પૈકી પ્લોટ નં.એ અને બી 'દેવ કુટીર એપાર્ટમેન્ટ', ગામ ખાલીકપુર, તા. મોડાસા, ૩૮૩૩૧૫ અને કહેવાતી મિલકત સ્થિત અત્રે ચોથો માળ, ફલેટ નં.બી/૪૦૧, ક્ષેત્રફળ લગભગ ૬૫.૦૦ ચો.મી. વિસ્તાર એન.એ. સર્વે નં.૫૫ પૈકી પ્લોટ નં.એ અને બી 'દેવ કુટીર એપાર્ટમેન્ટ' ગામ ખાલીકપુર, તા. મોડાસા અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : કોમન રસ્તો અને પછી ફલેટ નં.૪૦૪, દક્ષિણ : ફલેટ નં.૪૦૨, ઉત્તર : પાર્કિંગ જમીન અને પછી મોડાસા-માલપુર રોડ

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. એકાઉન્ટનું નામ એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ* ઈએમડી એકાઉન્ટ નં.000405158602, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક ; આઈએફએસસી કોડ : IFSC ICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૧૧-૦૯-૨૦૨૫** **(અધિકૃત અધિકારી)**
**સ્થળ : મુંબઈ** **વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# નેપાળમાં વિરોધ પ્રદર્શનો : મમતા બેનરજીએ બંગાળના સરહદી વિસ્તારોને શાંતિ જાળવવા અપીલ કરી

## નેપાળમાં હિંસક વિરોધ પ્રદર્શનોના પશ્ચિમ બંગાળમાં પડઘા પડ્યા છે, આ રાજ્ય નેપાળ સાથે ૧૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે

(એજન્સી) તા.૧૦

સમગ્ર નેપાળને હચમચાવી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનોનો પડઘો પશ્ચિમ બંગાળમાં પડઘો પડ્યો છે, મુખ્યમંત્રી મમતા બેનરજીએ મંગળવારે નેપાળની સરહદે આવેલા ઉત્તરીય જિલ્લાઓના લોકોને શાંતિ જાળવવા વિનંતી કરી છે. નેપાળમાં બીજા દિવસે પણ હિંસક સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા અને લોકો મોટી સંખ્યામાં બહાર આવ્યા, જાહેર નિયંત્રણોનો ભંગ કર્યો. પ્રદર્શનકારીઓએ ઘણા રાજકીય નેતાઓના નિવાસસ્થાનોમાં તોડફોડ કરી, અને બપોરે વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીએ રાજીનામું આપ્યું હતું.

મમતા બેનરજીએ કહ્યું કે, અમે નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશને પ્રેમ કરીએ છીએ. અમે બધા સરહદી દેશોને પ્રેમ કરીએ છીએ. હું સિલિગુડી, કાલિમપોંગ અને નેપાળ સરહદ નજીકના અન્ય વિસ્તારોના રહેવાસીઓને શાંતિ જાળવવા અને તણાવ પેદા કરી શકે તેવી પ્રવૃત્તિઓ ટાળવા વિનંતી કરું છું.

ઉત્તર બંગાળના પ્રવાસે જતા પહેલા કોલકાતા એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા બેનરજીએ કહ્યું, "અમે તેમાં દખલ કરી શકતા નથી; આ અમારો મામલો નથી. જો આપણો પડોશ સારો રહેશે તો અમે પણ સારા રહીશું. અમે ઈચ્છીએ છીએ કે પડોશી દેશમાં શાંતિ જળવાઈ રહે." બંગાળમાં મોટાભાગે કાલિમપોંગ, દાર્જિલિંગ, સિલિગુડી અને અલીપુરદુઆર જિલ્લામાં નેપાળી ભાષી લોકોની વસ્તી છે. આ રાજ્ય નેપાળ સાથે જોડાયેલી



લગભગ ૧૦૦ કિલોમીટર લાંબી સરહદ કેટલાક સત્તાવાર ક્રોસિંગ પોઈન્ટ્સ પ્રદાન કરે છે, જોકે ક્રોસઓવર વારંવાર થાય છે. બંને બાજુના રહેવાસીઓ વચ્ચે આંતરલગ્ન અને લોહીના સંબંધો સામાન્ય છે. નેપાળમાં 'જનરલ ઝેડ' યુવાનો દ્વારા વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનો કથિત ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સહિતના વિવિધ મુદ્દાઓ પર રાજકીય વર્ગ સાથે વધતા જાહેર ગુસ્સાને પ્રતિબિંબિત કરે છે. સોમવારે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મૃત્યુ થયા છે. સેંકડો આંદોલનકારીઓ સૂત્રોચ્ચાર કરી અને તેમના રાજીનામાની માંગણી કરીને તેમની ઓફિસમાં પ્રવેશ્યા પછી તરત જ ઓલીએ પદ છોડ્યું હતું.

# ઉત્તર પ્રદેશની પોલીસે પશ્ચિમ બંગાળના ૧૮ જેટલા ફેરિયાઓને "બાંગ્લાદેશી" સમજીને અટકાયતમાં લીધા; ખાસ અહેવાલ

## નાની મોટી ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે યુપી આવતા પશ્ચિમ બંગાળના ફેરિયાઓને યુપીના બસ્તી જિલ્લાની પોલીસે કાયદેસરના આધાર કાર્ડ અને મતદાર ઓળખકાર્ડ સહિતના દસ્તાવેજો હોવા છતાં એમને ગેરકાયદે બાંગ્લાદેશી ગણાવીને પાંચ દિવસ સુધી પોલીસની કસ્ટડીમાં રાખવામાં આવ્યા, બિનનિવાસી પ્રવાસી અધિકાર બનશે, આ મામલામાં દરમિયાનગીરી કરવા પશ્ચિમ બંગાળના અધિકારીઓને અપીલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પશ્ચિમ બંગાળમાંથી નાની મોટી ચીજવસ્તુઓ લઈને રોજીરોટી કમાવવા માટે ગયેલા રાજ્યના ૧૮ જેટલા ફેરી વાળાઓની ઉત્તર પ્રદેશમાં બસ્તી જિલ્લાની પોલીસે અટકાયત કરી લીધી હતી અને એમને ગેરકાયદે બાંગ્લાદેશી પ્રવાસીઓ ગણાવીને પાંચ દિવસ સુધી પોલીસની કસ્ટડીમાં રાખ્યા હોવાનું એક ખાસ અહેવાલમાં જણાવે છે.

ધી ઈકોનોમિક ટાઈમ્સનો અહેવાલ જણાવે છે કે બિનનિવાસી પ્રવાસી અધિકાર મંચ દ્વારા આ ઘટના અંગે મીડિયા અને માહિતી આપવામાં આવી છે. બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના ૧૮ જેટલા ફેરિયાઓ પાસે કાયદેસરના આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ હોવા છતાં બસ્તી જિલ્લાની પોલીસે તેમને અટકાયતમાં લઈ લીધા હતા. પ્રવાસી શ્રમિક એકતા મંચના મહામંત્રી આસિફ ફારૂકે મીડિયાને જણાવ્યું હતું કે આ મામલામાં દરમિયાનગીરી કરવા માટે અમે પશ્ચિમ બંગાળના અધિકારીઓને અપીલ કરી હતી. મુર્શિદાબાદના જિલ્લા મેજિસ્ટ્રેટ અને લેબર કમિશનરને પત્ર લખીને અમે મદદ માંગી હતી જેથી કરીને બંગાળના ફેરીવાળાઓને તાત્કાલિક મુક્ત કરાવી શકાય. બહેરામપુર પોલીસ મથક



વિસ્તારના ૧૮ જેટલા નાના ધંધાર્થીઓ રોજગારી માટે બસ્તી જિલ્લામાં ગયા હતા અને એમની પાસે બાળકો માટેના રમકડા અને ઘરેલુ નાની મોટી ચીજવસ્તુઓ હતી જેનું વેચાણ કરીને એ લોકો આજીવિકા કમાવવામાં વ્યસ્ત હતા અને ભાડાના મકાનમાં રહેતા હતા. જાણવા મળી આ મુજબ પોલીસે પહેલા ચારથી પાંચ જેટલા બંગાળી ફેરીવાળાઓને અટકાયતમાં લીધા હતા. એ પછી એમના મકાન માલિકે એમના ઓળખપત્રો સહિત એમને પોલીસ સ્ટેશને જવાનું કહ્યું હતું. અટકાયતમાં લેવાયેલા અરીસુલ શેખના ભાઈ હનીસૂર રહેમાન જણાવે છે કે એ લોકો પોલીસ સ્ટેશન ગયા ત્યારે એમને બાંગ્લાદેશી ગણાવીને પોલીસે એમને અટકાયત કરી લીધી હતી. અહીંથી અમને આ માટે એટલે કે બંગાળથી તેમની ઓળખની સાબિતી માટેનો ઈ-મેલ પણ બસ્તી પોલીસને મોકલવામાં આવ્યા છતાં એમને છોડવામાં આવ્યા નથી. બંગાળમાંથી દેશના અન્ય રાજ્યોમાં ધંધા રોજગાર માટે જઈ રહેલા બંગાળી મુસ્લિમોની હેરાનગતિની વણઝાર આ રીતે ચાલુ રહી છે. અગાઉ ગુડગાંવ અને નોઈડા તથા અન્ય રાજ્યોમાં પણ બંગાળી ભાષા બોલતા શ્રમિકો અને વિસ્થાપિત કામદારોને તથા નાના-મોટા ધંધાર્થીઓને પોલીસે પકડીને હેરાન કર્યાની અનેક ઘટનાઓ બની છે. જેની શૃંખલામાં આ નવી ઘટનાનો ઉમેરો થયો છે.

# દિલ્હીના ઉસ્માનપુરામાં ઈસ્લામી ધ્વજનું હિન્દુ યુવાને અપમાન કરતા મુસ્લિમ સમાજમાં જબરો રોષ ફેલાયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

નવી દિલ્હીના ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઉસ્માનપુરાની શેરીઓમાં જબરદસ્ત તનાવ ઊભો થઈ જવા પામ્યો છે. રવિવારે બનેલી એક ઘટનાને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. બે હિન્દુ યુવાનોએ ઈસ્લામી ધ્વજનું અપમાન કર્યું હોવાથી પરિસ્થિતિ તંગ બની જવા પામી હતી. મુસ્લિમ સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે. ભૂતકાળમાં પણ કોમી ઘટનાઓ બની હોવાથી ઉસ્માનપુરા વિસ્તાર ધાર્મિક રીતે સંવેદનશીલ માનવામાં આવે છે. અહીં મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં જ ઈસ્લામી ધ્વજના અપમાનની ઘટના બની હતી. આથી જબરદસ્ત



## ઘટનાને પગલે બંને સમુદાયો વચ્ચે ખૂબ જ ગંભીર અને જબરદસ્ત તણાવ ઊભો થઈ ગયો હોવાથી મોટી સંખ્યામાં પોલીસના ધાડા ગોઠવવામાં આવ્યા, મુસ્લિમ સમાજે ઈસ્લામી ધ્વજનું અપમાન કરનારાઓ સામે કડક પગલાં લેવા માગણી કરી છે

તંગદિલી ઊભી થઈ જવા પામી હતી.

સ્થાનિક રહેવાસીઓએ તેમનો ગુસ્સો ઠાલવતા જણાવ્યું હતું કે અમારી શ્રદ્ધાનું આવી રીતે ઉઘાડેછોગ અપમાન કરવામાં આવ્યું છે તેનાથી અમને દુઃખ થયું છે અને અમને અપમાનિત થયાની લાગણી થઈ છે. મુસ્લિમ સમાજના અગ્રણી ઈમરાન કુરેશીએ જણાવ્યું હતું કે આવી વર્તણુક સહન કરી શકાય નહીં અને કાયદાએ આ બંને હિન્દુ યુવાનો સામે કડક હાથે કામ લેવું જોઈએ

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ધ્વજનું અપમાન થયા પછી પરિસ્થિતિ તુરંત જ ખૂબ જ ઉગ્ર બની ગઈ હતી અને તાત્કાલિક ધોરણે બે સમુદાય વચ્ચેની અથડામણો નિવારવા માટે પોલીસની ટુકડીઓ મોટા પાયે ગોઠવી દેવામાં આવી હતી. સમગ્ર ઉસ્માનપુરામાં સજ્જડ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને પરિસ્થિતિ કાબૂ હેઠળ છે.

બંને હિન્દુ યુવાનોની પોલીસે ધરપકડ કરી લીધી હતી અને કાર્યવાહી કરવામાં આવી રહી છે એવું દર્શાવતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વિના વિલંબે ન્યાય મળે એ માટે અમારા પ્રયાસો રહેશે.

જોકે સ્થાનિક રહેવાસીઓ કહે છે કે કોમી એકતા જાળવી રાખવા માટે વધુ કડક પગલાં લેવાય એ જરૂરી છે અને ધરપકડો હજી માત્ર પ્રથમ પગલું છે. ફાતિમાં બેગમ કહે છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ બને નહીં એ માટે આવા કામ કરનારાને ગંભીર પરિણામો ભોગવવા પડે એ જરૂરી છે અને એમને સખત સજા થવી જોઈએ. ઉસ્માનપુર કોમી ધોરણે સંવેદનશીલ વિસ્તારનો ઈતિહાસ ધરાવે છે અને ૨૦૨૦ના દિલ્હી રમખાણો દરમિયાન પણ સૌથી વધુ અસર અહીં થઈ હતી અને ૫૩ લોકો મૃત્યુ પામ્યા હતા જેમાંથી મોટાભાગના મુસ્લિમો હતા. હિંસામાં ૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા કે પછી અહીં એ ઘટનાઓની કાયમી અસર મુસ્લિમ સમાજના હૃદય પર અકબંધ રહી છે અને ત્યારથી આ વિસ્તાર સંવેદનશીલ બન્યો છે.

પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમે તમામ સમૂહો અને સમુદાયોને શાંતિ જાળવવા અનુરોધ કરીએ છીએ કેમ કે કોઈપણ સમાજના કોઈપણ પ્રકારના ધાર્મિક પ્રતીકનું અપમાન જરાય સહન કરાશે નહીં.

મોહમ્મદ રિઝવાન કહે છે કે આવા લોકો પ્રત્યે જો ઉદારતા રાખવામાં આવે તો તેનાથી અસંતોષ ભડકી ઊઠે તેમ છે કેમ કે અમારી આસ્થા અને ઓળખ તે પવિત્ર છે અને આવી ઘટનાઓની અવગણના કરી શકાય નહીં. સત્તાવાળાઓ તાત્કાલિક ઝડપી ન્યાય આપે અને પગલાં લે એવી અમારી માગણી છે. જ્યારે પોલીસ કહે છે કે શાંતિ જાળવવી એ અમારી ટોચની પ્રાથમિકતા રહેશે એટલે અહીં પોલીસ સતત ઝીણવટભરી નજર રાખી રહી છે. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે પરંતુ મુસ્લિમ સમાજે ન્યાય અને જવાબદારી અંગેની માંગણી ચાલુ રાખી છે અને એમનું કેવું છે કે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે જવાબદારી નિશ્ચિત થવી જોઈએ અને ન્યાય ઝડપથી આપવો જોઈએ.

# ટ્રમ્પના સહાયકે 'ટેરિફ મહારાજા' પર હુમલો વધુ તેજ કર્યો, કહ્યું; 'ભારત માટે આ સારૂં નહીં રહે'

## નાવારોએ બ્રિક્સ જોડાણ પર હુમલો કર્યો અને સભ્ય દેશોને 'વેમ્પાયર' કહ્યા જેમની અન્યાયી વેપાર પ્રથાઓ અમેરિકન ખજાનાને અસર કરી રહી છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર, પીટર નાવારોએ ધમકી આપી છે કે જો નવી દિલ્હી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર વાટાઘાટોમાં કોઈ સમયે 'આગળ નહીં આવે' તો તે ભારત માટે 'સારૂં નહીં થાય'. 'રીઅલ અમેરિકાઝ વોઈસ' શો સાથેની એક મુલાકાતમાં, ટ્રમ્પના વેપાર ઝારે તેમનો હુમલો વધુ તેજ કરતાં કહ્યું કે, ભારત ટેરિફનો 'મહારાજા' છે. તેમણે દાવો કર્યો હતો કે, રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તે પહેલાં ભારતે ક્યારેય 'નાના-મોટા જથ્થાને બાદ કરતાં' મોસ્કો પાસેથી તેલ ખરીદ્યું ન હતું 'અને પછી તેઓ રશિયન રિફાઈનર્સ ભારતીય ભૂમિ પર આવીને નફાખોરી કરીને આ નફાખોરીના મોડમાં જાય છે' અને અમેરિકન કરદાતાઓને સંઘર્ષ માટે વધુ પૈસા મોકલવા પડે છે. ઐતિહાસિક રીતે ભારત રશિયન ક્રૂડનો નોંધપાત્ર આયાતકાર નહોતો, જે મધ્ય પૂર્વ પર વધુ આધાર રાખતો હતો. પરંતુ ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી અને ગ્રુપ ઓફ સેવન (G-20) રાષ્ટ્રોએ ક્રેમલિનના તેલ આવકને મર્યાદિત કરવા માટે $60 પ્રતિ બેરલ કિંમત મર્યાદા લાદી અને ખાતરી કરી કે પુરવઠો વૈશ્વિક સ્તરે વહેતો રહે. ડિસ્કાઉન્ટેડ કાર્ગો ખરીદવાની ભારતની ક્ષમતા એ પદ્ધતિની એક વિશેષતા હોવાનું યુએસ અધિકારીઓએ સ્વીકાર્યું છે. વ્હાઈટ હાઉસના સલાહકારે યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયા સાથે યુએસએ કરેલા 'મહાન' વેપાર સોદાઓની યાદી આપતા કહ્યું કે, 'આ બધા દેશો અમારી સાથે ખૂબ નજીકથી કામ કરી રહ્યા હતો કે, જોડાણ દેશો તરીકે કામ કરી રહ્યું નથી, કારણ કે, 'ઐતિહાસિક રીતે તેઓ બધા એકબીજાને નફરત કરે છે અને એકબીજાને મારી નાખે છે'. 'ચાલો જોઈએ કે આ કેવી રીતે કાર્ય કરે છે... રશિયા ચીનનું પડખું સેવી રહ્યું છે. ચીન દાવો કરે છે કે તેઓ વ્લાદિવોસ્તોક-રશિયન બંદર પર કબજો ધરાવે છે અને તેઓ પહેલાથી જ સાઈબિરીયામાં મોટા પાયે ગેરકાયદેસર સ્થળાંતરમાંથી પસાર થઈ ચૂક્યા છે, મૂળભૂત રીતે સાઈબિરીયાને વસાહત બનાવી રહ્યા છે, જે રશિયન અર્ધ-સામ્રાજ્યનો સૌથી મોટો ભૂમિભાગ છે, તેથી તેના માટે શુભકામનાઓ, પુતિન અને પછી ભારત, અલબત્ત, દાયકાઓથી ચીન સાથે યુદ્ધમાં છે. ચીને પાકિસ્તાનને પરમાણુ બોમ્બ આપ્યો હતો. તમે હવે હિંદ મહાસાગરમાં ચીની ધ્વજ સાથે જહાજો ઉડાવી રહ્યા છો. મોદી, જુઓ કે તમે તે કેવી રીતે કામ કર્યું. દરમિયાન લુલાની સમાજવાદી



**યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નાવારોએ ધમકી આપી છે કે જો નવી દિલ્હી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર વાટાઘાટોમાં કોઈ સમયે 'આગળ નહીં આવે' તો ભારત માટે તેનો 'સારો અંત નહીં આવે'. 'રિઅલ અમેરિકાઝ વોઈસ' શો સાથેની એક મુલાકાતમાં, ટ્રમ્પના વેપાર સમ્રાટે તેમના દાવા મુદ્દે હુમલો તેજ કરતાં કહ્યું કે, ભારત ટેરિફનો 'મહારાજા' છે, નાવારોએ કહ્યું કે, 'પરંતુ તે બિલકુલ સાચું છે. યુનાઈટેડ સ્ટેટ્સ સામે તેમની પાસે વિશ્વના કોઈપણ મોટા દેશમાં સૌથી વધુ ટેરિફ છે. અમારે તેનો સામનો કરવો પડશે,'. નાવારોએ બ્રિક્સ જોડાણ પર હુમલો કર્યો અને સભ્ય દેશોને 'વેમ્પાયર' કહ્યા જેમની અન્યાયી વેપાર પ્રથાઓ અમેરિકન ખજાનાને અસર કરી રહી છે**

છે' કારણ કે, તેઓ સમજે છે કે તેઓ યુએસનો વધુ પડતો લાભ લઈ રહ્યા છે અને કારણ કે, તેમને અમેરિકન બજારોની જરૂર છે. તેમણે ચેતવણી આપી કે, 'મને લાગે છે કે ભારતે કોઈક સમયે આસપાસ આવવું જ જોઈએ અને જો તે નહીં થાય, તો તે રશિયા અને ચીન સાથે પડી રહ્યું છે અને તે ભારત માટે સારું રહેશે નહીં,'.

**ચીન, યુરોપ ઊર્જા વેપાર પર :** રશિયન તેલના સૌથી મોટા ખરીદનાર ચીન પર વધારાના પ્રતિબંધો પર નાવારોએ કહ્યું, 'આપણે આ બધા સાથે એક સરસ રેખા પર ચાલી રહ્યા છીએ. મને લાગે છે કે જે થવાનું છે તે એ છે કે ભારતે રશિયન તેલ ખરીદવાનું બંધ કરવું પડશે. તે સમગ્ર શાંતિ માટે સારૂં રહેશે; શાંતિનો માર્ગ આંશિક રીતે નવી દિલ્હીમાંથી પસાર થાય છે.' તેમણે ઉમેર્યું કે, 'યુરોપે ચોક્કસપણે રશિયન તેલ ખરીદવાનું બંધ કરવું પડશે....ચીન સાથે અમે તેના પર ૫૦ ટકાથી વધુ ટેરિફ લગાવ્યા છે અને અમે અમેરિકન લોકોને નુકસાન પહોંચાડ્યા વિના અમેરિકન લોકોને સુરક્ષિત રાખવા માટે વાટાઘાટોના સંદર્ભમાં શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ.' 'અને તે કાબુકી અને રાજદ્વારીની કળા છે જે આપણે ચાલુ રાખી રહ્યા છીએ અને તમારે ફક્ત ટ્રમ્પ પર વિશ્વાસ કરવો પડશે,'.

**બ્રિક્સ પર હુમલો :** તેમણે બ્રિક્સ જોડાણ પર પણ હુમલો કર્યો અને સભ્ય દેશોને 'વેમ્પાયર' કહ્યા જેમની અન્યાયી વેપાર પ્રથાઓ અમેરિકન ખજાનાને અસર કરી રહી છે. તેમણે દાવો કર્યો કે, બ્રિક્સ સભ્ય દેશો જો યુનાઈટેડ સ્ટેટ્સને વેચાણ ન કરે તો તેઓ ટકી શકશે નહીં, કારણ કે, તેમની નિકાસ 'અન્યાયી વેપાર પ્રથાઓ'ને કારણે અમેરિકનોને અસર કરી રહી છે. તેમણે કહ્યું કે, 'મુખ્ય વાત એ છે કે જો આ દેશો યુનાઈટેડ સ્ટેટ્સને ન વેચે તો તેઓ ટકી શકશે નહીં અને જ્યારે તેઓ યુનાઈટેડ સ્ટેટ્સને તેમની નિકાસ વેચે છે, ત્યારે તેઓ તેમના અન્યાયી વેપાર પ્રથાઓથી આપણું લોહી ચૂસી રહેલા પિશાચ જેવા છે. ચાલો જોઈએ શું થાય છે. પરંતુ મને સમજાતું નથી કે BRICS કેવી રીતે સાથે રહે છે કારણ કે, ઐતિહાસિક રીતે તેઓ બધા એકબીજાને નફરત કરે છે અને એકબીજાને મારી નાખે છે,'. તેમણે એવો પણ દાવો કર્યો નીતિઓને કારણે બ્રાઝિલની અર્થવ્યવસ્થા નીચે જઈ રહી છે - સારૂં, તેઓ તે દેશના વાસ્તવિક નેતાને એક કોષમાં રાખે છે. ચાલો જોઈએ શું થાય છે... મને બ્રિક્સ જોડાણ ટકે તેવું દેખાતું નથી' તેમની ટિપ્પણીઓ બ્રિક્સની અપ્રત્યક્ષ શિખર વાર્તા બાદ આવી હતી જે બ્રાઝિલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. ભારત તરફથી વિદેશ મંત્રી એસ જયશંકરે વર્ચ્યુઅલ સમિટમાં પીએમ મોદીનું પ્રતિનિધિત્વ કર્યું.

**તથ્ય-ચકાસણી :** અગાઉ X પર ભારત પરના તેમના ખોટા દાવાઓ માટે સતત તથ્ય-ચકાસણી કરવામાં આવ્યા બાદ યુએસ અધિકારીએ બુમરાણ મચાવી હતી. રશિયા પાસેથી ભારતીય તેલ ખરીદી અંગેના તથ્યોનો સામનો કરવાને બદલે નાવારોએ આરોપ લગાવ્યો હતો કે, ભારતીયો X પર પોસ્ટ કરેલા મતદાનના પરિણામોને તોડી-મરોડીને રજૂ કરી રહ્યા છે. તેમણે X પર લખ્યું, 'ભારતમાં વિશ્વની સૌથી મોટી વસ્તી છે અને તે ફક્ત થોડા લાખ X પ્રચારકોને મતદાનની આસપાસ ફરવા માટે મેનેજ કરી શકે છે ? ખૂબ રમુજી. અમેરિકા : જુઓ કે વિદેશી હિતો તેમના એજન્ડાને આગળ વધારવા માટે આપણા સોશિયલ મીડિયાનો ઉપયોગ કેવી રીતે કરે છે.' નાવારોની પ્રતિક્રિયા તેમની અગાઉ પડકારવામાં આવેલી Xની સામગ્રી મધ્યસ્થતા નીતિઓ પર આવી, જેના પર તેમણે વપરાશકર્તાઓના મંતવ્યો માપવા માટે એક મતદાન શરૂ કર્યું હતું, જેના કારણે તેમની અગાઉની પોસ્ટ પર સુધારણા થયા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથેનો તેમનો વિખવાદ વધ્યો હતો. તેમણે X પર લખ્યું કે, 'ભારતના ખાસ હિતો રશિયા પાસેથી તેલ ખરીદવાના જૂઠાણાઓ દ્વારા સ્થાનિક સંવાદમાં દખલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. શું Xએ આ બકવાસને 'વિવિધ દ્રષ્ટિકોણ'ની ટિપ્પણીઓ તરીકે રજૂ કરવો જોઈએ ?',. પોસ્ટમાં લખતી વખતે ૫૬,૧૭૫ મતોમાંથી ૭૫% લોકોએ હા, ૧૭% લોકોએ ના, જ્યારે ૭% લોકોએ 'ના. તે બેહૂદું છે' માટે સંમતિ આપી હતી. અગાઉ ભારત દ્વારા રશિયન તેલ ખરીદવા સંબંધિત ખોટી માહિતી ફેલાવવા બદલ સુધારણા કરવામાં આવ્યા બાદ નાવારો રોષનો ભોગ બન્યા હતા.

# 'દરેક કામદાર ભારતીય હતો' : લંડન એરપોર્ટ પર બ્રિટિશ સ્ટાફની ગેરહાજરી પર યુએસ વ્યક્તિએ સવાલ ઉઠાવ્યા, ચર્ચા છંછેડાઈ

(એજન્સી) તા.૧૦

એક અમેરિકન પ્રવાસીએ ઓનલાઈન વિવાદ ઊભો કર્યો જ્યારે તેણે દાવો કર્યો કે લંડનના હીથ્રો એરપોર્ટ પર તેને મળતો "દરેક કર્મચારી" ભારતીય હતો અને બ્રિટિશ સ્ટાફની ગેરહાજરી પર પ્રશ્ન ઉઠાવ્યો. X પર વાયરલ થયેલા વીડિયોમાં શેર કરાયેલી આ ટિપ્પણીએ યુકેમાં ઈમિગ્રેશન, કાર્યબળની વિવિધતા અને સાંસ્કૃતિક ધારણાઓ પર ચર્ચા જગાવી છે.

આ વ્યક્તિ, જેની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે, તેણે વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક, હીથ્રો ખાતે તેના રોકાણ દરમિયાન આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેણે અહેવાલ આપ્યો કે તેણે જે સ્ટાફ સાથે વાતચીત કરી - સુરક્ષા, છૂટક અને સેવા સ્ટાફ - બધા ભારતીય મૂળના હોવાનું જણાય છે. તેમની નમ્રતા અને કાર્યક્ષમતાની પ્રશંસા કરતી વખતે, તેણે પ્રશ્ન કર્યો કે તેને એરપોર્ટ પર "એક પણ બ્રિટિશ વ્યક્તિ" કેમ કામ કરતી દેખાઈ નહીં.

"હું હમણાં જ લંડન પહોંચ્યો છું. હું એરપોર્ટ પર છું. અને હું એરપોર્ટની વચ્ચે ફરૂં છું, જ્યાં રેસ્ટોરન્ટ વગેરે છે. મને કોઈ બ્રિટિશ લોકો કામ કરતા દેખાતા નથી. એક પણ નહીં. તેમાંથી દરેક ભારતીય છે. દરેકે એક," તેણે કહ્યું.

મુસાફરે ભારપૂર્વક જણાવ્યું હતું કે બ્રિટિશ સ્ટાફની અછત અંગે પ્રશ્ન ઉઠાવવો જાતિવાદી નથી, અને દલીલ કરી હતી કે બ્રિટનમાં કોઈ ચોક્કસ સંદર્ભમાં એક પણ બ્રિટિશ સ્ટાફ કેમ નથી તે પૂછવું વાજબી છે, જેને તે પશ્ચિમી




સ્વતંત્રતા, લોકશાહી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું પ્રતીક માનતો હતો.

"ખાસ કરીને કારણ કે હું પોતે એક ઈમિગ્રન્ટ છું. જો હું અમેરિકામાં ફરૂં છું, તો હું અમેરિકનોને જોવા માંગુ છું. હું નથી ઈચ્છતો કે હું જેમને જોઉં છું અને જેની સાથે કામ કરૂં છું તે દરેક કોઈ બીજા જેવું હોય," તેમણે ઉમેર્યું. લાખો વખત જોવામાં આવેલ આ વિડિઓને મિશ્ર પ્રતિક્રિયાઓ મળી. કેટલાક લોકોએ હીથ્રોના સ્ટાફની વિવિધતાની પ્રશંસા કરી, જ્યારે અન્ય લોકોએ મુસાફરની લાગણીઓને પ્રતિબિંબિત કરી અને મૂળ જન્મેલા બ્રિટિશ લોકો માટે રોજગારની તકો વિશે ચિંતા વ્યક્ત કરી. એક વપરાશકર્તાએ લખ્યું, "ઓહ, દેખીતી રીતે તમે બ્રિટિશ લોકોને કામ કરતા જોતા નથી, કારણ કે કામ માટે સખત મહેનત, શિસ્ત અને પ્રતિબદ્ધતાની જરૂર છે - સામ્રાજ્યના પતન પછી તમારા દેશે ત્રણ વસ્તુઓ ગુમાવી દીધી. ભારતીયો અહીં આવ્યા અને તમારી હોસ્પિટલો, આઈટી કંપનીઓ અને પરિવહનને કાર્યરત બનાવ્યું, જ્યારે તમે લોકોએ પબની બહાર ફરિયાદ કરવાની, દારૂ પીવાની અને એકબીજા પર છરા મારવાની કળામાં નિપુણતા મેળવી."

બીજા એક વ્યક્તિએ ટિપ્પણી કરી, "જો તમને આટલા બધા જ દુઃખ થાય છે, તો કદાચ તમારે અહીં આવવાનું ટાળવું જોઈએ. બ્રિટન ઈમિગ્રન્ટ્સને કારણે ખીલે છે." ત્રીજા વ્યક્તિએ કહ્યું, "તમે કેવી રીતે માની શકો છો કે તેઓ બધા ભારતીય છે ? તેઓ પાકિસ્તાની અને બાંગ્લાદેશી પણ હોઈ શકે છે. ઘણા મધ્ય પૂર્વીય લોકો પણ છે જે ભારતીય જેવા દેખાય છે. કેટલાક દક્ષિણ પૂર્વ એશિયનો પણ છે જે ભારતીય જેવા દેખાય છે. કેટલાક લેટિનો પણ છે જે થોડા થોડા ભારતીય જેવા દેખાય છે."

નોંધનીય છે કે, હીથ્રો એરપોર્ટ ૭૬,૦૦૦થી વધુ લોકોને રોજગારી આપે છે, જેમાંથી મોટા ભાગના વિવિધ વંશીય પૃષ્ઠભૂમિના છે. યુકે ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સના ડેટા દર્શાવે છે કે યુકેના કાર્યબળનો ૧૭% વિદેશી જન્મેલો છે, જેમાં ઐતિહાસિક સ્થળાંતર અને કુશળ શ્રમ કાર્યક્રમોને કારણે ભારતીયોનો મોટો હિસ્સો શામેલ છે.

# અમરેલીમાં એસટીના ત્રણ કર્મચારીઓ સહિત સાત શખ્સો સામે પોલીસે ગુનો નોંધ્યો

### ખોટી એટ્રોસિટીની ફરિયાદ કરવા દબાણ ઊભું કર્યાનો આરોપ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૦

અમરેલીમાં એસટીના અનુજાતિના ત્રણ કર્મીઓ સહિત સાત શખ્શોએ એસટીના અધિકારીઓ સામે ખોટી એટ્રોસિટીની ફરિયાદ કરવા પોલીસ અધિકારીઓને તેમજ સરકારી તંત્ર ઉપર ખોટી રીતે દબાણ ઊભું કરી અને અન્નજળનો ત્યાગ કરી ઈરછા મૃત્યુની અરજી આપી અરજી મંજૂર કરવા દબાણ કરતા અને એક જ મુદ્દે અલગ અલગ એટ્રોસિટી ત્રણ ખોટી ફરિયાદોનું દબાણ કરી તેમજ કલેકટર કચેરીમાં ઉપવાસ ધરણા પર બેસવું પ્રતિબંધિત જાહેરનામું હોવા છતાં જાહેર નામાંનો ભંગ કરવાના આરોપસર સાતેય સામે ખુદ પોલીસે ફરિયાદી બની ગુન્હો નોંધ્યો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી એસ.ટી.વિભાગનાં અનુ.જાતિ સમાજનાં ત્રણ કર્મચારીઓ જેમાં (૧) અનિલભાઈ ભીખાભાઈ વાળા (ડ્રાઈવર) (૨) પરેશભાઈ મનુભાઈ ચૌહાણ (ડ્રાઈવર) (૩) મનિષભાઈ કાંતિભાઈ વાળા (કંડકટર) વાળાઓ એસ.ટી. અમરેલી વિભાગના અમરેલી ડેપો ખાતે ફરજ બજાવતા હતા. તેઓની બીજા જિલ્લા/વિભાગમાં બદલી થતા ત્રણેયને મધ્યસ્થ કચેરી અમદાવાદ તરફથી કર્મચારી નં.(૧)ની તા.૧/૯/૨૦૨૫ તથા નં.(૨)ની તા.૧૨/૮/૨૦૨૫ તથા નં.(૩)ની તા.૨/૮/૨૦૨૫ થી ક્રમશઃ બદલીવાળી જગ્યાએ છુટા કરવામાં આવેલ હતા. જેનાથી નારાજ થઈને આ ત્રણેય ઈસમો એસ.ટી. વિભાગના અધિકારીઓ વિરૂદ્ધ અલગ-અલગ ત્રણ એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરવા માટે મૌખીક માગણી સાથે અમરેલી સાતેય ઈસમો ઉપવાસ ઉપર બેસી અન્નજળનો ત્યાગ કરી ઈચ્છા મૃત્યુ (આપઘાત)ની મંજૂરી માટે પોતાના પ્રશ્નોનુ નીરાકરણ કરવા સારૂ એટ્રોસીટીની ફરિયાદ ન બનતી હોય તેમ છતા ઈરાદાપૂર્વક એટ્રોસીટીની એક જ વિષય ઉપર અલગ - અલગ ત્રણ ફરિયાદો કરવાનું ખોટું દબાણ કરવા લેખીતમાં અન્નજળનો ત્યાગ કરી ઈચ્છામૃત્યુ (આપઘાત)ની અરજી મંજૂર કરવા જાહેર સેવા બજાવતા રાજ્ય સેવકો તથા સરકારી તંત્ર ઉપર દબાણ કરતા હોય જેથી તેઓની સામે ન્યાયના હિતમાં કાર્યવાહી કરવા તેમજ કલેકટર કચેરીના ૫૦ મીટર ત્રિજ્યામાં આંદોલન ધારણા પ્રતીક ઉપવાસ કરવા જાહેરનામું પ્રતિબંધિત હોય જેથી જાહેરનામાનો ભંગ થતા સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા એ (૧) નરેશભાઈ ભીખાભાઈ વાળા (૨) અનિલભાઈ ભીખાભાઈ વાળા, એસ.ટી.ડ્રાઈવર (૩) પરેશભાઈ મનુભાઈ ચૌહાણ, એસ.ટી. ડ્રાઈવર (૪) મનીષભાઈ કાંતિભાઈ વાળા (૫) રાજેશભાઈ સોલંકી (૬) ધીરજભાઇ પરમાર તથા (૭) સાગરભાઇ પરમાર તેમજ ઉપરોક્ત તમામ મજકુર ઈસમો તથા તેની સાથેના અન્ય તપાસમાં ખુલે તે તમામ ઈસમો વિરૂદ્ધ BNS કલમ-૨૨૩,૨૨૬ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં પણ હેલ્મેટમાંથી મુક્તિ અપાવવા કોંગ્રેસ દ્વારા ગૃહ રાજ્યમંત્રીને રજૂઆત

### રાજકોટમાં હેલ્મેટ મુક્તિ આપવામાં આવી તો સુરતમાં કેમ નહીં : કોંગ્રેસ

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

સુરત શહેર સહિત રાજ્યભરમાં કાયદાના પાલન અને ખાસ ટુ વ્હીલર વાહનોચાલકોની સલામતી માટે ટુ વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. જો કે હેલ્મેટને લીધે અગાઉ અનેકો વિવાદો થયા છે અને હાલમાં પણ અવારનવાર આ વિવાદો સામે આવતા હોય છે. ત્યારે હવે હેલ્મેટને લઈને હવે એક મુદ્દો પણ છેડાઈ ગયો છે. ગૃહ રાજ્યમંત્રી દ્વારા રાજકોટમાં હેલ્મેટમાંથી મુક્તિ આપવાનું નક્કી કરવામાં આવ્યા બાદ હવે સુરત શહેરમાંથી પણ હેલ્મેટ મુક્તિ આપવાની માંગ ઊઠી છે અને સુરત શહેર કોંગ્રેસ દ્વારા ગૃહ રાજ્યમંત્રીને સુરતની જનતાને હેલ્મેટમાંથી મુક્તિ અપાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. એટલું જ નહીં ચીમકી પણ આપવામાં આવી છે કે સુરતની જનતા સાથે આ બાબતે અન્યાય થશે તો આંદોલન પણ છેડવામાં આવશે.

સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ચાર ધારાસભ્યોના કહેવાથી રાજકોટમાં હેલ્મેટ મુક્તિ આપવા માટે ગૃહ રાજ્યમંત્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે સુરત શહેર પણ ગુજરાત રાજ્યમાં આવે છે. જેથી એક રાજ્યમાં બે કાયદા હોતા નથી ગૃહ રાજ્યમંત્રીને ખ્યાલ હોવું જોઈએ. એક બાજુ સુરત શહેરમાં રોડ રસ્તાઓની હાલત એટલી ખરાબ થઇ ગઈ છે કે ઠેર-ઠેર ખાડાઓ છે, વાહનચાલકો ફક્ત ૧૦-૨૦ની સ્પીડે વાહન ચલાવતા હોય છે. ત્યારે હેલ્મેટની કોઈ જરૂરિયાત હોતી જ નથી. એટલું જ નહી હેલ્મેટને પગલે સુરતની જનતાને શારીરિક રીતે પણ બહુ જ નુકસાન થઈ રહ્યું છે અને હેલ્મેટનું ડર બતાવી પોલીસ દ્વારા ઉઘરાણું કરવામાં આવે છે. રાજકોટમાં અગર હેલ્મેટમાંથી મુક્તિ અપાવવા માટે નક્કી કરવામાં આવ્યું છે તો સુરત શહેરની જનતા સાથે પણ અન્યાય નહી થવું જોઈએ. અગર સુરતની જનતા સાથે અન્યાય થાય તો કોંગ્રેસ તેની સાથે છે અને અન્યાય સામે આંદોલન કરવા માટે પણ તૈયાર છે.

# સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫માં દેશના ટોપ-૩ શહેરોમાં સુરત શહેરે મેળવ્યું સ્થાન

### ● સતત બીજા વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ ટોપ ૩ શહેરોમાં સુરત શહેર સામેલ ● સુરત ગુજરાતમાંથી પસંદ થયેલુ એકમાત્ર શહેર

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા દેશવ્યાપી સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫માં ભારતના ટોપ-૩ સૌથી સ્વચ્છ હવા ધરાવતાં શહેરોમાં સ્થાન મેળવીને એક ગૌરવભરી સિદ્ધિ હાંસલ કરી છે. સમગ્ર દેશમાં યોજાયેલા કુલ ૧૩૦ શહેરોના સર્વેક્ષણમાં સુરત શહેરે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. સુરત ગુજરાતમાંથી પસંદ થયેલું એકમાત્ર શહેર છે જેને આ માન્યતા મળી છે. સુરતે ૨૦૦માંથી ૧૯૬નો ગુણાંક સાથે દેશભરમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. સતત બીજા વર્ષે સુરતે રાષ્ટ્રીય કક્ષાએ ટોપ ૩ શહેરોમાં સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે નવી દિલ્હીના ગંગા ઓડીટોરીયમ ખાતે યોજાયેલા સન્માન સમારંભમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવના હસ્તે સુરતના મેયર દક્ષેશ માવાણી અને મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સર્વેક્ષણમાં શહેરોનું મૂલ્યાંકન ઘન કચરાનું વ્યવસ્થાપન, રોડ ડસ્ટ, બાંધકામ-ડિમોલિશન કચરામાંથી ઉત્પન્ન થતી ધૂળ, વાહનો અને ઔદ્યોગિક ઉત્સર્જન જેવા વિવિધ માપદંડોના આધારે સુરતે આ સિદ્ધિ મેળવી છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશામાં સુરતની આ સિદ્ધિ રાજ્યના અને દેશના અન્ય શહેરો માટે પણ અનુસરણીય બની રહેશે.

# સુરતમાં યુવકે પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર કર્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

કાપોદ્રા વિસ્તારમાં નાના વરાછા ખાતે રહેતા યુવકે તેની જ સોસાયટીમાં રહેતી પરિણીતાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. પરિણીતાને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. જોકે બાદમાં યુવકે પરિણીતા સાથે લગ્ન કરવા માટે ના પાડી દીધી હતી. જેથી આખરે ભોગ બનનાર પરિણીતાએ આ મામલે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, કાપોદ્રા નાના વરાછા વિસ્તારમાં આવેલ કલ્યાણ કુટીર સોસાયટીમાં રહેતા ૨૨ વર્ષીય ફેનીલ દિનેશભાઈ અણઘણ એમ્બ્રોડરીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ફેનીલને પોતાની જ સોસાયટીમાં રહેતી તેનાથી ઉંમરમાં ૧૦ વર્ષ મોટી પરિણીતા સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ તેની સાથે અવારનવાર વાતચીત કરી તેને પરિણીતા સાથે પ્રેમ થઈ ગયો હોવાનું જણાવ્યું હતું અને બાદમાં પરિણીતાને પણ વાતોમાં ભોળવી તેની સાથે લગ્ન કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ ફેનીલ અવારનવાર પરિણીતાને ઉતરાણ વિસ્તારમાં આવેલ હોટલમાં લઈ જઈ શારીરિક સંબંધો બાંધી તેનું શોષણ કરતો રહ્યો હતો. જોકે બે વર્ષ સુધી શારીરિક શોષણ કર્યા બાદ ફેનીલે પરિણીતા સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. જેથી આખરે ભોગ બનનાર પરિણીતા એ આ મામલે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફેનીલ સામે બળાત્કારનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરની મહિલા આઈ.ટી.આઈ. ખાતે એક્સપ્લોઝર વિઝિટ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૦

ભાવનગર જિલ્લાની મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીમાં કાર્યરત DHEWના કર્મચારીઓ દ્વારા ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન અંતર્ગત ભાવનગરની મહિલા આઈ.ટી.આઈ. ખાતે એક્સપ્લોઝર વિઝિટ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્ણા કન્સલટન્ટની બહેનોએ આરોગ્ય, પોષણ તેમજ સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. DHEWના કર્મચારીઓએ ઘરેલુ હિંસા, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ, મહિલા સ્વાવલંબન યોજના અને મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીમાં કાર્યરત વિવિધ મહિલા કેન્દ્રીત કાયદાઓની વિસ્તૃત સમજ અપાઈ હતી.ભાવનગર આઈ.ટી.આઈ. ખાતે સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે ફરજ બજાવતા ધારા શુકલને ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ.ના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ વિવિધ ટ્રેડના ઈન્સ્ટ્રક્ટર, ભાવનગર મહાનગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત આઈસીડીએસના પૂર્ણા કન્સલ્ટન્ટ, DHEWના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલવાડના પરવાળા-ગેડી વચ્ચેનું નાળું ધોવાઈ જતાં વાહન વ્યવસ્થા ઠપ્પ



(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લામાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદની અસર હેઠળ પરવાળા અને ગેડી ગામ વચ્ચેનું નાળું ધોવાઈ ગયું છે. આ કારણે વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. બંને ગામ વચ્ચેના કોઝવે પર વરસાદી પાણી ફરી વળ્યું છે. આના કારણે આજુબાજુના આઠ ગામના લોકોને આવવા-જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગનો ઉપયોગ કરતા ૪૦૦થી વધુ લોકોની રોજિંદી અવરજવર પ્રભાવિત થઈ છે. સ્થાનિક લોકોની અનેક રજૂઆતો બાદ તંત્ર દ્વારા ગેડી અને પરનાળા વચ્ચે લાખો રૂપિયાના ખર્ચે કોઝવે બનાવવામાં આવ્યો હતો. પરંતુ કામગીરી યોગ્ય રીતે ન થવાના કારણે વરસાદમાં નાળું ફરીથી ધોવાઈ ગયું છે. હાલ આ વિસ્તારના તમામ ગામો સંપર્ક વિહોણા બની ગયા છે.

# વિસાવદર વનવિભાગના ત્રાસથી કંટાળી બે વ્યક્તિનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢના મેંદરડા તાલુકામાં વન વિભાગના કથિત ત્રાસથી કંટાળીને એક માલધારી અને એક ખેડૂતે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. આ ઘટના વિસાવદર વન વિભાગની કચેરીમાં બની હતી. જાંબુથાળા ગામના આ બંને વ્યક્તિઓને પશુઓ ચરાવવા બદલ વન વિભાગે નોટિસ આપી હતી. વારંવારના ત્રાસથી કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાનું મનાય છે. હાલ બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં ખેડૂતની હાલત ગંભીર છે, જ્યારે માલધારીની હાલત સ્થિર છે. મળતી માહિતી મુજબ મેંદરડા તાલુકાના જાંબુથાળા સેટલમેન્ટ ગામની છે. અહીંના માલધારી અને ખેડૂતને વિસાવદર વન વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસનો મુદ્દો એ હતો કે તેઓ તેમના પશુઓને ગામની બહાર ચરાવી રહ્યા હતા. જે વન વિભાગના નિયમોનું ઉલ્લંઘન ગણવામાં આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓ દ્વારા વારંવાર આપવામાં આવતા ત્રાસથી કંટાળીને અને દબાણ હેઠળ આવીને આ બંને વ્યક્તિઓએ વિસાવદર વન વિભાગની કચેરીમાં જ ઝેરી દવા પી લીધી હતી. બનાવની જાણ થતાં જ તાત્કાલિક બંનેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ખેડૂતની હાલત અત્યંત ગંભીર છે અને તેમને સઘન સારવાર આપવામાં આવી રહી છે. બીજી તરફ માલધારીની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક માલધારી અને ખેડૂત સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વન વિભાગના અધિકારીઓ વિરૂદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

# સુરત : બંધ મકાનમાંથી તસ્કરો રૂા.૪.૦૭ લાખની ચોરી કરી પલાયન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

શહેરના સૈયદપુરા વિસ્તારમાં આવેલ વાવ શેરી ખાતે રહેતો દૂધવાળા પરિવાર બહાર ગયો હતો. આ સમયે તેમનું ઘર બંધ હતું ત્યારે અજાણ્યા ચોર ઈસમોએ તેમના ઘરને નિશાન બનાવ્યું હતું. એક સપ્તાહના સમયગાળાની અંદર અજાણ્યા ચોર ઈસમે ઘરના દરવાજાનો તાળું કોઈ સાધન વડે તોડી નાખી ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૪.૦૭ લાખનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયો હતો. જોકે બાદમાં દૂધવાળા પરિવારને પોતાના ઘરમાં ચોરી થયાની જાણ થતા તેઓએ આ મામલે લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.બનાવની વિગત એવી છે કે, સૈયદપુરા વિસ્તારમાં આવેલ વાવ શેરીમાં રહેતા મહેશભાઈ ઈશ્વરભાઈ દૂધવાળા અને તેમની પત્ની ૬૮ વર્ષીય ઈન્દિરાબેન ગત તારીખ ૩૧/૮/૨૦૨૫થી તારીખ ૮/૯/૨૦૨૫ સુધી બહાર ગયા હોવાથી તેમનું ઘર બંધ હતું. આ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તકનો લાભ ઉઠાવી મકાનમાં પ્રવેશ કરી બીજા માળે કબાટમાં મુકેલ ખાનામાંથી હીરા જડિત સોનાની ચેઈન તથા સોનાની બંગડી, સોનાના પેન્ડલ, સોનાની બુટ્ટી, હીરા જડિત સોનાની લવિંગિયા, સોનાનો મંગળસૂત્ર તથા અલગ અલગ સોનાના દાગીના સહિત કુલ રૂપિયા ૩.૫૪ લાખની મત્તા તથા રોકડા રૂપિયા ૫૩,૫૦૦ મળી કુલ રૂપિયા ૪,૦૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી અજાણ્યો ચોરી થઈ ગયો હતો. જેથી આખરે ભોગ બનનાર વૃદ્ધા એ આ મામલે લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડાયમંડ વર્કર યુનિયને શિક્ષણ સહાય માટે નવા પુરાવા મંગાવાતા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

સુરત શહેરના રત્નકલાકારો તેમના બાળકોની શિક્ષણ ફીની સહાય માટે સરકાર દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમનો લાભ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે ડાયમંડ વર્કર યુનિયન દ્વારા સુરત કલેક્ટર કચેરી ખાતે એકઠા થઈને આવેદનપત્ર સુપરત કર્યું હતું. તેમનો મુખ્ય વિરોધ એ હતો કે, સરકાર દ્વારા જાહેર કરાયેલી શિક્ષણ ફીની સહાય અંતર્ગત ફોર્મ ભર્યાને લાંબો સમય થઈ ગયો હોવા છતાં રત્નકલાકારોને વારંવાર નવા અને અઘરા પુરાવાઓ માંગીને હેરાન કરવામાં આવી રહ્યા છે. સુરતમાં ૭૦ હજાર અરજીઓ મળી છે, પરંતુ હજુ સુધી એક રૂપિયાની સહાય ચૂકવાઈ નથી.સરકાર દ્વારા રત્નકલાકારોના બાળકો માટે શિક્ષણ ફીની સહાય જાહેર કરવામાં આવી હતી, જેમાં ૧૩,૫૦૦ સુધીની સહાય આપવાની હતી. આ સહાયનો લાભ લેવા માટે ૧૩,૫૦૦થી વધુ રત્નકલાકારોએ જરૂરી દસ્તાવેજો એકઠા કરીને ફોર્મ ભર્યા હતા. જો કે, આર્થિક મંદીના સમયમાં માંડ-માંડ દસ્તાવેજો એકઠા કર્યા બાદ પણ રત્નકલાકારોને ફીની ચૂકવણીને બદલે વહીવટી તંત્ર દ્વારા નવા પુરાવાઓ રજૂ કરવા માટે ફરજ પાડવામાં આવી રહી છે, જેના કારણે તેઓ વધુ હેરાનગતિ અનુભવી રહ્યા છે. રત્નકલાકારોએ આવેદનપત્રમાં મુખ્યત્વે બે માગણીઓ રજૂ કરી છે, જેમાં સરકાર દ્વારા શિક્ષણ ફીની સહાય માટે તાજેતરમાં બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રો તાત્કાલિક રદ કરવામાં આવે અને અગાઉ સબમિટ કરવામાં આવેલા દસ્તાવેજોના આધારે ઝડપથી ફી ચૂકવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવે. આજે કલેક્ટર કચેરી ખાતે ડાયમંડ વર્કર યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, મંદીના કારણે પહેલેથી જ અમારી આર્થિક સ્થિતિ ખરાબ છે અને ઉપરથી વહીવટી તંત્ર દ્વારા નવા પુરાવા માંગીને અમને વધુ મુશ્કેલીમાં મૂકવામાં આવી રહ્યા છે. અમે કલેક્ટરને આ બાબતે તાત્કાલિક ધ્યાન આપીને અમારી સમસ્યાનું નિરાકરણ લાવવા વિનંતી કરી છે.

### લુખ્ખાઓની આ તો હવે હદ થઈ ગઈ !

# બગસરાના કાગદડી ગામે પુલના કામ પર હાજર અધિકારીએ ખંડણી આપવાની ના પાડતા ધોકા વડે માર માર્યો

### અપહરણની કોશિશ કરી મોબાઈલ લૂંટી લેતા ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૦

બગસરાના કાગદડી ગામે બ્રિજનું કામ ચાલુ હોય ત્યારે માર્ગ મકાન વિભાગના વર્ગ-૨ના અધિકારી (આસી એન્જિનિયર) પોતાની ફરજ પર સુપરવિઝન કરતા હતા તે દરમ્યાન બે શખ્સોએ આવી અહીં કામ કરવું હોય તો પૈસા આપવા પડશે તેમ કહી ખંડણી માંગતા એન્જિનિયરે ના પાડતા ખંડણી માંગનાર સહિત ચાર શખ્સોએ આસી એન્જિનિયર ઉપર ધોકા વડે પગ ઉપર તેમજ ઢીકાપાટુનો માર મારી લોહી લુહાણ કરેલ અને અધિકારીની કારમા તેનું અપહરણ કરવાનો પ્રયાસ કરી મોબાઈલ લૂંટી નાસી ગયા હતા. અધિકારીને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ઉપરોક્ત કાગદડી ગામના ચાર શખ્સો સામે એન્જિનિયરે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર બગસરાના કાગદડી ગામે માઈનોર બ્રિજના કામ ચાલુ હોય તેથી તેનું નિરીક્ષણ કરવા માટે માર્ગ અને મકાન વિભાગ પંચાયતના વડિયા કુકાવાવ બગસરા વિસ્તારના આસી એન્જિનિયર વર્ગ ૨ તરીકે ફરજ બજાવતા ઉમેશભાઇ મહાદેવભાઇ પરમાર (રહે લાઠી રોડ અમરેલી) પોતાની ફરજ પર કાગદડી ગામે ચાલતા પુલના કામકાજનું નિરીક્ષણ કરવાં ગયેલ હતા તે દરમ્યાન ત્યાં (૧) જયદિપ વિક્રમભાઇ ધાધલ અને (૨) કુલદિપ મેરામભાઇ ધાધલ બને આવેલ હતા અને તેમણે કહેલ કે તમારે કામ શરૂ રાખવું હોય તો તમારે પૈસા આપવા પડશે તેમ કહી ખંડણી માંગી હતી જેથી એન્જિનિયર ઉમેશભાઈ એ કહેલ કે હું સરકારી કર્મચારી છું કોન્ટ્રાક્ટર નથી આ કામ સરકારી છે તેમ કહી પૈસા ની ના પાડતા ઉપરોક્ત બંને શખ્સો તેમજ (૩) જોરૂ ધાધલ અને (૪) એક અજાણ્યો ઈસમ રહે.તમામ કાગદડી આવી ગયેલ અને કુલદીપે ધોકા વડે પગ ઉપર હુમલો કરી તેમજ ચારેય એ ઢીકાપાટુંનો માર મારી બળજબરી પૂર્વક અધિકારી ઉમેશ પરમારની કારમા અપહરણ કરવાની કોશિશ કરી હતી જેથી રાડારાડ કરતાં માણસો ભેગા થઈ જતા કુલદીપ એ અધિકારી એન્જિનિયરનો મોબાઈલ ફોન કિંમત રૂા.૨૬૦૦૦ શર્ટના ઉપરના ખિસ્સામાંથી લૂંટી લીધો હતો અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયા હતા આસી એન્જિનિયરને નાકમાંથી લોહી નીકળતા અમરેલી સારવાર માટે ગયા હતા. સારવાર લીધા બાદ ઉપલા અધિકારીઓ સાથે બગસરા પોલીસે ઉપરોક્ત ચારેય શખ્શો સામે ફરિયાદ નોંધાવી હતી.

# અડાજણમા ૫૪ કરોડના ખર્ચે વર્કિંગ વુમન હોસ્ટેલનું સપનું સાકાર થશે

### રાજ્ય સરકાર દ્વારા ૩૮.૭૮ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૦

સુરત શહેરમાં વર્કિંગ વુમન માટે મહાનગર પાલિકા દ્વારા અઠવા અને રાંદેર ઝોનમાં હોસ્ટેલ બનાવવા માટેની કવાયત હાથ ધરી છે. જે પૈકી આગામી સમયમાં રાંદેર ઝોનમાં અડાજણ ખાતે વર્કિંગ વુમન માટે હોસ્ટેલ બનાવવા માટે હાથ ધરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને અંતે અંદાજે ૫૫ કરોડ રૂપિયાના ખર્ચ અંગેની દરખાસ્ત વહીવટી તંત્ર દ્વારા શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. સુરત શહેરમાં અલગ-અલગ જિલ્લાઓમાંથી મહિલાઓ-યુવતીઓ નોકરી માટે વસવાટ કરતી હોય છે. જો કે, વર્કિંગ વુમન માટે રહેવા માટેની હાલાકીને ધ્યાને રાખીને સુરત મહાનગર પાલિકા દ્વારા ચાલુ વર્ષે બજેટમાં અઠવા ઝોન અને રાંદેર ઝોનમાં હોસ્ટેલ બનાવવા માટેની જોગવાઈ કરી હતી. વર્કિંગ વુમન માટે અત્યાધુનિક કાફેટિરિયા સાથેની એરકન્ડીશન્ડ હોસ્ટેલ બનાવવા માટે મનપા દ્વારા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ સમક્ષ ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) રજૂ કરવામાં આવ્યો હતો. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા અઠવા ઝોનમાં ૨૮.૧૫ કરોડ અને રાંદેર ઝોનમાં ૩૮.૭૮ કરોડ રૂપિયા મળીને કુલ્લે ૬૬.૯૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. જેને પગલે મનપાનાં પબ્લિક ઈન્ફ્રા સેલ દ્વારા રાંદેર ઝોનમાં સમાવિષ્ટ અડાજણ ખાતે વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૨ કરોડ રૂપિયાની સામે ચાર ટેન્ડરરો પૈકી એચ.ઓ.જી. પ્રોજેક્ટ દ્વારા માત્ર ૫ ટકા જેટલું ઉંચુ ૫૪.૬૪ કરોડ રૂપિયાનું ટેન્ડર ભરવામાં આવ્યું હતું. જેને પગલે તંત્ર દ્વારા આ સંદર્ભેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. જે અંગે સ્થાયી સમિતિ દ્વારા મંજૂરીની મ્હોર મારતાં આગામી દિવસોમાં અડાજણ ખાતે શહેરની પહેલી અત્યાધુનિક વર્કિંગ વુમન હોસ્ટેલ નોકરિયાત વર્ગની મહિલા-યુવતીઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. જેમાં પાર્કિંગથી માંડીને એરકન્ડીશનની સાથે-સાથે જમવાની પણ સુવિધા તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.


**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **પટેલ ફિરોજાબહેન મેહબુબભાઈ** હતું તે બદલીને નવું નામ **પટેલ ફિરોજાબેન મેહબુબભાઈ** કરેલ છે. જેની નોંધ લેવી.

સરનામું : ફકીરવાડ મુ.પો. ઝંઘાર તા. ભરૂચ જિ. ભરૂચ ૩૯૨૨૧૦

**Change Of Name**

Old Name :- **SAIYED MOHAMEDISHAK HUSENMIYA**

New Name :- **SAIYAD MOHAMMADISHAK HUSENMIYA**

Add :- Panchpada Bukadi Road At-Patan Dist-Patan

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પટેલ ફરજાનાબાનુ ઈસ્માઈલ હતુ જે બદલીને નવું નામ **પટેલ ફરજાના ઈસ્માઈલ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૬૭૦-૧૧, અલ્વી કોલોની, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**જાહેર નોટિસ**

કે.એમ. રાજપૂત એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વરની કોર્ટમાં

ક્રમાંક : જન્મ/મરણ નોંધણી અરજી નં.૨૦૯/૨૦૨૫

અરજદાર : સાજનભાઈ રવજીભાઈ વસાવા રહે-આદીવાસી ફળિયું, નવા પુનગામ તા-અંકલેશ્વર જિ-ભરૂચ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને ત.ક.મંત્રીશ્રી, પુનગામ તા.અંકલેશ્વર જિ.ભરૂચ

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના નાના નામે શીવાભાઈ મોરીયાભાઈ વસાવાનું મરણ તા.૦૨/૦૬/૨૦૦૩ના રોજ તથા નાની નામે શાંતાબેન શીવાભાઈ વસાવાનું મરણ તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ મોજે-નવા પુનાગામ તા-અંકલેશ્વર જિ.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટ્રરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તારીખ ૨૮ જુલાઈ-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી, સહી...

(કે.એમ. રાજપૂત)
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી અંકલેશ્વર

**હાર્દિક અભિનંદન**



અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના આદેશ અનુસાર રાષ્ટ્રીય નેતા તથા લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીજી, રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી તેમજ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા તથા વિધાનસભાના વિપક્ષના નેતા તુષાર ચૌધરી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર નોટિફાઈડ એરિયા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે **જીવણલાલ સાવલિયા**ની નિમણૂક કરાતા હમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ, તેઓ ઉતરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છા...

લી. : **શૈલેષ પ્રજાપતિ** (મહામંત્રી ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ)
**સંજયસિંહ રાજ** (કાર્યકારી પ્રમુખ તાલુકા કોંગ્રેસ સમિતિ અંકલેશ્વર)
**બોન્જી શેખ, મહેમુદભાઈ પઠાણ, હર્ષદભાઈ ગઢવી, નાગજીભાઇ અમીપરા, અનીલ નેવે, યોગેશ જોશી, છોટુભાઈ પટેલ.**

# લુણાવાડામાં માતા-પિતા ઉપર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યા બાદ પુત્રએ પોતાના હાથની નસ કાપી : પિતાનું મોત

(સંવાદદાતા દ્વારા)
લુણાવાડા, તા.૧૦

લુણાવાડામાં એક શખ્સે આજે સવારે પોતાના ઘરમાં વૃદ્ધ માતા-પિતા ઉપર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ ચકચારી બનાવમાં પિતાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે માતા ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે હિચકારો જીવલેણ હુમલો કરનાર પુત્રે હાથની નસ કારતા તેને ઈજા પહોંચી છે. ઘટનાને પગલે પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યારે આ ઘટનાને પગલે ઘર આગળ લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર લુણાવાડા શહેરની જૂની પોસ્ટ ઓફિસ બાલકૃષ્ણ સુથાર અગાઉ શેરબજારની ઓફિસ ચલાવતા હતા, છેલ્લા કેટલાક સમયથી બેરોજગાર હતા. તેમના પિતા હસમુખલાલ સુથાર ઘરના નીચે કપડાં સીવવાના મશીન રિપેરિંગનું કામ કરતા હતા. જ્યારે માતા ચંદ્રિકાબેન ગૃહિણી છે. ઘરકંકાસના કારણે આ ઘટના બની હોવાની પોલીસને શંકા છે, પરંતુ પોલીસ દ્વારા હાલ સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સવારે બાલકૃષ્ણે તીક્ષ્ણ હથિયાર વડે માતા-પિતાની ઉપર હુમલો કર્યો હતો અને કાળ બનીને ત્રાટક્યો હતો. આ હુમલામાં પિતા હસમુખલાલના ગળા, હાથ અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેનાથી તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની માતા ચંદ્રિકાબેન પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. હુમલા બાદ બાલકૃષ્ણે પોતે પણ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં તે ઈજાગ્રસ્ત થયો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બાલકૃષ્ણ સુથાર અગાઉ શેરબજારની ઓફિસ ચલાવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમણે આ વ્યવસાય બંધ કરી દીધો હતો. આર્થિક તંગી અને ઘરકંકાસના કારણે આ ઘટના બની હોવાની શક્યતા છે.

# પ્રાંતિજ : કોલેજમાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળાનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)
પ્રાંતિજ, તા.૧૦

ગુજરાતીનો અધ્યાપક સંઘ અને શ્રીમતી એમ. સી. દેસાઈ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન પ્રાંતિજ કોલેજમાં કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજમાં બી.એ.ના ગુજરાતી વિષયના પ્રથમ, દ્વિતીય અને તૃતીય સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં ઉપયોગી થાય તે સારૂં તેમના અભ્યાસક્રમને આવરી લઈને લઘુકથા : સ્વરૂપવિચાર વિશે આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉત્પલ પટેલે, ઉચ્ચારણ પ્રક્રિયા વિશે આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ, હિંમતનગરના ગુજરાતી


(તસવીર : એમ.ઉમર મુન્શી, પ્રાંતિજ)

વિભાગના અધ્યાપક ડૉ. દિનેશ પટેલિયાએ 'કૂવો' નવલકથા વિશે, વિદ્યાનગરી મહિલા આર્ટસ કૉલેજ, હિંમતનગરના ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ.અરવિંદ પટેલે જ્ઞાનવર્ધક વ્યાખ્યાન આપ્યાં હતાં. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. કે. આર. પ્રસાદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. સતીષ પટેલ, સંચાલન પ્રૉ. રાજેન્દ્ર પંચાલ અને આભારવિધિ ડૉ.વિપુલ જોશીએ કરી હતી. કૉલેજના અધ્યાપક મિત્રો અને બિન શૈક્ષણિક કર્મચારી મિત્રોનો ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયો હતો. કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાથી કાર્યક્રમ સફળ અને સાર્થક બની રહ્યો હતો.

# અંકલેશ્વરમાં આઈકોનિક રોડ બનાવવાની વાતો વચ્ચે માર્ગોની દુર્દશાથી શહેરીજનોમાં રોષ

## અંકલેશ્વર પાલિકા રોડના ખાડા પૂરવાને બદલે જેસીબીથી કલ્ટી મારી ખેતર સમતલ કરતા હોય એમ રોડ સમતલ કરવાની મથામણ કરતી નજરે પડી રહી છે

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર પાલિકાના ખાડે ગયેલા વહીવટનો વધુ એક બોલતો પુરાવો સામે આવ્યો છે. રોડના ખાડાથી ત્રસ્ત નગરજનોની આપદા દૂર કરવાને બદલે પાલિકા વધારો કરી રહ્યું છે. પાલિકા દ્વારા રોડ પર પડેલા મસમોટા ખાડા પુરવાને બદલે કલ્ટી મારી રહ્યા છે. રોડ જાણે પાલિકાનું ખેતર હોય એમ રોડ પર પડેલા અર્ધોથી એક ફૂટ ઊંડા ખાડા પર જેસીબી ફેરવી રહ્યા છે. રોડને ખેતર સમજી રોડ પર કલ્ટી મારી રહ્યા છે. જેને લઈ રોડ ખાડા જામેલા થર તો દૂર થઈ રહ્યા છે પણ રોડ ખાડા પુરાઈ રહ્યા નથી. એટલું જ નથી ઉઘાડ નીકળતા જ રોડ પરના ખાડા અને તેના પર જામેલી ધૂળ ઉડવાની શરૂઆત સાથે ધૂળની ડમરી ઉડી રહી છે. પાલિકાએ માર્ગ અને મકાન વિભાગ પાસે થી રાજ્ય સરકારની મંજૂરી મેળવી ભરૂચી નાકાથી ત્રણ રસ્તા સર્કલ અને ત્રણ રસ્તા સર્કલથી ઓએનજીસી વર્કશોપ સુધીના માર્ગને આઈકોનિક બનાવવાની જાહેરાત કરી ૫ કરોડના બજેટની જોગવાઈ કરી છે. તો આઈકોનીક રોડના સુશોભન માટે વધુ ૨.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે. અંદાજે ૭.૫૦ કરોડ ઉપરાંતના ખર્ચે બનનાર પાલિકાનો આઈકોનિક રોડ માત્ર કાગળ પર છે. ચોમાસા બાદ તેને બનાવવાની શરૂઆત કરવાની છે. પણ એની જાહેરાત ૬ મહિના પૂર્વે કરી દેવામાં આવી છે. રોડ પર પડેલા ખાડાને લઈ સતત ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. તો કમર તોડ અને વાહન તોડ બની ગયો હોવા છતાં પાલિકા દ્વારા રોડને સમતલ કરી રહ્યા છે. પણ તેના ખાડા પૂરવામાં આવી રહ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, રોડના ખાડાના ફોટો-વીડિયો લેવાની શરૂઆત કરતા જ પાલિકાને ખાડા યાદ આવી ગયા હતા અને ત્વરિત અસરથી ખાડા સમતલ કરવા દોડી આવ્યા હતા. અગાઉ પર ફોટો-વીડિયો લેવાની શરૂઆત કરતા જ પાલિકા દોડતું થયું હતું. પાલિકના ૧૦૦ મીટર અંતર માજ ઉંડા ખાડા જોવા મળ્યા હતા એ તો ઠીક છે પણ પાલિકા કચેરી સામે જ પડેલા ખાડા પાલિકાના વિકાસના ખાડાની ચારી ખાઈ રહ્યા છે.

# અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર સર્જાયો ટ્રાફિકજામ, અનેક વાહનચાલકો અટવાયા


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૦

ભરૂચ જિલ્લામાં વાહનોથી સતત ધમધમતા નેશનલ હાઈવે નં. ૪૮ પર અંકલેશ્વર નજીક ટ્રાફિકજામના દૃશ્યો જોવા મળ્યા હતા, જ્યાં રાજપીપળા ચોકડી અને વાલિયા ચોકડી બ્રિજ ઉપર ફરી એકવાર ટ્રાફિકજામ સર્જાયો હતો. અહી માર્ગ પર પડેલા મસમોટા ખાડાના કારણે વારંવાર ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાય છે. તો બીજી તરફ, સતત સર્જાતો ટ્રાફિકજામ ટ્રાન્સપોર્ટરો અને વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યો છે. કેટલાક વાહનચાલકોને કમાણી કરતા ઈંધણનો વધુ વપરાશ થતાં તેઓના બજેટ ઉપર પણ માર પડ્યો છે. ભરૂચથી સુરત તરફ જતાં માર્ગ પર થયેલા ટ્રાફિકજામના આકાશી દૃશ્યો પણ સામે આવ્યા છે. અંકલેશ્વર નજીક વારંવાર થતાં ટ્રાફિકજામના કારણે વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવે છે, ત્યારે તંત્ર દ્વારા વહેલીતકે બિસ્માર માર્ગનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી વાહનચાલકોની માંગ છે.

# આણંદની અમૂલ ડેરીની ચૂંટણીમાં ૯૭ ટકા મતદાન, ૨૪ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૦

આણંદનાં ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘની નિયામક મંડળની ૯ બેઠકો માટે આજે શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું. જેમાં અંદાજે ૯૭ ટકા મતદાન નોંધાયું છે. અને હવે આગામી શુક્રવારે અમૂલ ડેરી કેમ્પસ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે.

આણંદનાં ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદન સંઘ અમૂલ ડેરીની નિયામક મંડળની ૧૨ સામાન્ય અને એક વ્યકિતગત બેઠક મળી ૧૩ બેઠકો માટે આજે ચુંટણી યોજાઈ હતી જેમાં સામાન્ય વિભાગની ચાર બેઠકો બિનહરીફ થતા આજે આઠ સામાન્ય અને એક વ્યકિતગત બેઠક મળી નવ બેઠકો માટે સવારે નવ વાગે મતદાનનો પ્રારંભ થયો હતો.

ઉમેદવારો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી મતદારોને સહેલગાહે લઈ


(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

ગયા બાદ આજે લકઝરી બસમાં સીધા મતદાન મથકે લાવવામાં આવ્યા હતા. અને જયાં મતદારોએ મતદાન કર્યુ હતું. અમૂલ ડેરીનાં પૂર્વ ચેરમેન અને ઉમેદવાર વિપુલ પટેલ, અમૂલ ડેરીનાં પૂર્વ વાઈસ ચેરમેન અને ઉમેદવાર કાંતીભાઈ સોઢા પરમાર, રાજેન્દ્રસિંહ પરમારએ પણ મતદાન કર્યુ હતું.

બપોરે ૩ વાગે મતદાન પૂર્ણ થતા સુધીમાં કુલ ૯૭ ટકા મતદાન નોંધાયું હતું, હવે ઉમેદવારોનું ભાવી મતપેટીમાં સીલ થઈ જતા આગામી શુક્રવારે મતગણતરી દરમિયાન કોનું ભાવી બહાર આવશે તેનાં પર સૌની નજર મંડાઈ છે,. આજે વ્યકિતગત બેઠકનાં મતદાર ઉર્મિલાબેન જે હાલમાં અમેરિકા સ્થાયી થયા હોઈ તેઓ મતદાન કરવા માટે ખાસ અમેરીકાથી આણંદ આવ્યા હતા અને મતદાન કર્યુ હતું.

# ઘોઘંબા ખાતે ગુજરાત ફલોરો કેમિકલ ફેક્ટરીમાં ગેસ લીકેજથી દોડધામ : ૧૨ કામદારો ગંભીર રીતે ઘાયલ, એકનું મોત

(સંવાદદાતા દ્વારા)
હાલોલ, ગોધરા, તા.૧૦

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર વિસ્તારમાં આવેલી ગુજરાત ફલોરો કેમિકલ ફેક્ટરીમાં બુધવારે બપોરે ગેસ લીકેજની ઘટના સર્જાતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. અચાનક ફેલાયેલી ગેસની ગંધને કારણે ફેક્ટરીમાં કાર્યરત કામદારોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પરિસ્થિતિને ધ્યાને લેતા તાત્કાલિક ફેક્ટરીમાંથી તમામ કર્મચારીઓને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



ગેસ લીકેજની જાણ થતાં જ રાજગઢ પોલીસ તેમજ સ્થાનિક તંત્રની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. સુરક્ષા દળોએ ફેક્ટરીને ચારેય તરફથી ઘેરી લઈ આસપાસના વિસ્તારમાં પણ ચેતવણી જાહેર કરી હતી. તંત્ર દ્વારા આગોતરા સુરક્ષા પગલા તરીકે આસપાસના ગ્રામજનોને સાવચેત રહેવા માટે પણ સૂચના આપવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ ગેસનું પ્રમાણ અત્યંત તીવ્ર હોવાથી ઘટનાસ્થળે રહેલા કર્મચારીઓએ અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો ન હતો. બચાવ કામગીરીમાં જોડાયેલી ટીમોએ બહારથી જ પરિસ્થિતિને કાબુમાં લેવા પ્રયાસ શરૂ કર્યો હતો. હાલ અંદર પ્રવેશ કરી ગેસ લીકેજના ચોક્કસ સ્ત્રોતનો પત્તો લગાવવો મુશ્કેલ બની રહ્યો છે. ઘટનાની જાણ થતા મામલતદાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળ પર આવી પહોંચ્યો હતા.

હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડોક્ટર હરેશ દુધાત ઘટના સ્થળે પહોંચ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા આ દુર્ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. કંપનીમાં સલામતીના ધોરણો અને નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવશે. ઘટનાની જાણ થતા પંચમહાલ કલેક્ટર અજય દહીયા પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.આ બનાવ અંગે પોલીસ સૂત્રોએ ગેસ લીકેજની ઘટના સર્જાઈ હોવાની પુષ્ટિ કરી છે. ઘટના કયા કારણસર બની તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ નથી. પોલીસ તથા ફેક્ટરી મૅનેજમેન્ટ મળીને ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરશે તેમ જણાવાયું છે.સ્થાનિક સ્તરે ઉદ્યોગિક વિસ્તારમાં અગાઉ પણ ગેસ લીકેજ અને રસાયણિક પદાર્થો છલકાવાની ઘટનાઓ બનતી આવી છે. આવા બનાવો ઉદ્યોગિક સુરક્ષા નિયમોની અસરકારક અમલવારી અંગે સવાલો ઉભા કરે છે. આજની ઘટના બાદ ફરી એકવાર સુરક્ષા વ્યવસ્થાને લઈને ચર્ચા શરૂ થઈ છે.

# બનાસ નદીમાં અજાણ્યા યુવકની લાશ મળી

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૦

અમીરગઢ બનાસ નદીમાં આજ બપોરે અજાણ્યા શખ્સની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. જૂનીરોહ ગામની સીમમાંથી પસાર થતી બનાસ નદીના રપટ નજીક પાણીમાં તરતી લાશ જોઈ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને અમીરગઢ પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશને પાણીમાંથી બહાર કાઢી ઓળખ માટે વધુ તપાસ હાથ ધરી હતી. મળેલ લાશના શરીર પર લાલ કલરના શર્ટ પર વ્હાઈટ ડોટેડ અને પગમાં સેન્ડલ તથા શરીરે કોઈ ઈજા ન હોઈ લાશ પાણીના પ્રવાહમાં તણાઈને આવેલ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે.

# સાંતલપુરમાં પાણીના પ્રવાહમાં તણાઈ ગયેલા ચાર યુવકો પૈકી ત્રણની લાશ મળી : હજુ એક લાપતા

(સંવાદદાતા દ્વારા)
પાટણ, તા.૧૦

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના નલિયા ગામે ૯ અને રણમલપુરા ગામે ૩ મળી કુલ ૧૨ યુવાનો ગઈકાલે ખારી નદીમાં ડૂબ્યા હતા. જેમાંથી ૬ને બચાવી લેવામાં આવ્યા હતા અને બેના મોત થયા હતા. જ્યારે ચાર લાપતા બન્યા હતા. જેઓની મોડી સાંજ સુધી એસ.ડી.આર.એફ. અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ અંધારૂં થતા કામગીરી અટકાવી દીધી હતી અને આજે ફરી શોધખોળ હાથ ધરતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયેલા ચાર પૈકી ત્રણનાં મૃતદેહો મળી આવ્યા હતા જ્યારે હજુ એક લાપતા હોય તેનો મૃતદેહ શોધવા ટીમો કામગીરી કરી રહી છે.

સાંતલપુર તાલુકાના નલિયા ગામ નજીકથી પસાર થતી નદીનાં ધસમસતા પાણીમાં ૯ યુવાનો ડૂબ્યા હતા જે પૈકી પાંચને સ્થાનિક તરવૈયાઓએ બચાવી સારવાર અર્થે વારાહીના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન એકનું મોત થયું હતું. જ્યારે પાણીના પ્રવાહમાં તણાઈ ગરક બનેલા ચારની એસ.ડી.આર.એફ.ની ટીમોએ શોધખોળ કરતા એક મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે ત્રણ લાપતા બન્યા હતા પરંતુ રાત્રિનું અંધારૂં થઈ જતાં શોધખોળની કામગીરી અટકાવી હતી જેમાં ગઈકાલે મળી આવેલ જલારામભાઈ જયંતીભાઈ નાઈ (ઉ.વ.૨૨) અને પ્રવીણભાઈ બળવંતભાઈ ચૌધરી (ઉ.વ.૩૫)ના મૃતદેહો પોસ્ટમોર્ટમ બાદ તેઓના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા.દરમ્યાન આજે ફરી શોધખોળ હાથ ધરતા નદીના પાણીમાં ગરક બનેલા ત્રણ પૈકી વધુ બેનાં મૃતદેહો શોધવામાં ટીમોને સફળતા મળી હતી જ્યારે હજુ એક લાપતા હોઈ તેની શોધખોળ કરવામાં આવી રહી છે.આ ઉપરાંત રણમલપુરા ગામે પાણીના પ્રવાહમાં ડૂબેલા ત્રણ યુવાનો પૈકી બેને સ્થાનિક તરવૈયાઓએ બચાવી લીધા હતા. જ્યારે ઊંડા પાણીમાં ગરક બનેલા ઈરફાનખાન રમઝાનખાનનો મૃતદેહ આજે મળી આવ્યો હતો.

સાંતલપુર પંથકમાં એકીસાથે પાંચ લોકોનાં ડૂબવાથી મોત અને હજુ એક પાણીમાં ગરક હોઈ આ ગોઝારા બનાવને લઈ સ્થાનિકોમાં ભારે ગમગીની ફેલાઈ છે.

# અંકલેશ્વરની ઈકરા હાઈસ્કૂલના પ્રમુખ મૌલાના સુલેમાન ભૈયાત લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત




(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર તાલુકા રિલિફ વેલ્ફેર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલના પ્રમુખ તથા સહકારી આગેવાન મૌલાના સુલેમાન ભૈયાતને તેઓના ટ્રસ્ટ પ્રત્યે તેઓની સેવાકીય કામગીરીને બિરદાવી પિરામણ ગામના ઉપસરપંચ તથા ટ્રસ્ટના સેક્રેટરી ઈમરાન પટેલના હસ્તે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. જે પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ મૌલાના સુલેમાન ભૈયાતે ટ્રસ્ટના સેક્રેટરી ઈમરાન પટેલ તથા તમામ ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોડાસા નગરપાલિકાનો હદ વિસ્તાર વધતા ગ્રામજનોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા નગરપાલિકાનો હદ વિસ્તાર વધારવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ મોડાસા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતના છ ગામો-ખલીકપુર, સાયરા, પાલનપુર, સબલપુર, ગણેશપુર અને બાજકોટ-નો સમાવેશ હવે મોડાસા નગરપાલિકા હસ્તક કરવામાં આવ્યો છે.

૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦થી ૧૧ વાગ્યાના સમયગાળા દરમિયાન મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર, પાલિકા પ્રમુખ અને અન્ય અધિકારીઓ-કર્મચારીઓ સબલપુર ગ્રામ પંચાયત ખાતે ચાર્જ સંભાળવા પહોંચ્યા હતા. જોકે, ત્યાં નગરપાલિકાની ટીમને ગ્રામજનો અને ગ્રામ પંચાયતના હોદ્દેદારોના રોષનો સામનો કરવો પડ્યો હતો.ગ્રામજનોએ સવાલ કર્યો કે જો સબલપુરને નગરપાલિકામાં સામેલ કરવાનું હતું, તો બે મહિના પહેલા ગ્રામ પંચાયતની ચૂંટણી કેમ યોજાઈ? ચૂંટાયેલા હોદ્દેદારોએ જણાવ્યું કે ચૂંટણી સમયે અમે લોકોને આપેલા વચનોનું શું થશે ? ગ્રામજનોએ નગરપાલિકાને થોડો સમય આપવા અને સ્પષ્ટતા કરવાની પણ માંગણી કરી હતી.

મોડાસા નગરપાલિકાનો વિસ્તાર વધતા હવે વોર્ડની સંખ્યા ૯થી વધીને ૧૧ થશે અને કોર્પોરેટરોની સંખ્યા ૪૪ સુધી વધશે. જોકે નગરપાલિકામાં હાલ સ્ટાફની અછત હોવાથી કામગીરીમાં પડકારો ઊભા થઈ શકે છે. હાલ ૧૬૯ અધિકારીઓ-કર્મચારીઓના મહેકમ સામે માત્ર ૭૩ કાર્યરત છે, જ્યારે ૮૫ સફાઈકામદારો સામે ૫૬ જ કાર્યરત છે.

સબલપુર સરપંચે જણાવ્યું કે, "હું સબલપુર ગ્રામ પંચાયતની સરપંચ છું. મને બે મહિના પહેલા ૨૨ ગામના લોકોએ ચૂંટણીમાં ચૂંટીને મોકલ્યો છે. હવે સરકાર દ્વારા આ વિસ્તારને નગરપાલિકામાં સામેલ કરવાના આદેશ સામે અમારા ગામજનો સખત વિરોધ કરે છે. અમારી પંચાયતે ચૂંટણી પહેલા ઠરાવ કર્યો હતો કે અમને નગરપાલિકામાં જોડાવું નથી. આ નિર્ણય તાનાશાહી અને ખોટો છે.

અમારા ત્રણ વર્ષથી કામો અટક્યા છે. લોકોએ અમને ચૂંટણી વખતે જે કામોના વાયદા કરાવ્યા હતા, તે અમે બે મહિનામાં કેવી રીતે પૂરાં કરી શકીએ ? જો ચૂંટણી કરવાની જ હતી તો પહેલાં નોટિસ આપવી જોઈએ હતી, પરંતુ અમને કોઈ નોટિસ આપવામાં આવી નથી. હવે અચાનક અમને નગરપાલિકામાં સામેલ કરવામાં આવ્યા છે, જે અમને મંજૂર નથી. અમે નગરપાલિકામાં જોડાવા માંગતા નથી અને અમારી પંચાયત અમને પાછી આપો."

## કરમસદમાં ખાણીપીણીની લારીમાં આગ : સબ સલામત

આણંદ, તા.૧૦

આણંદનાં કરમસદમાં આજે સાંજનાં સુમારે ખાણીપીણીની લારીમાં આગ લાગતાં અફરાતફરી મચી જવા પામી છે, ચાઈનીઝ વાનગીઓ બનાવતી ખાણીપીણીની લારીમાં આગ લાગતાં આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને સમય સૂચકતાં વાપરી ગેસ સિલિન્ડર ખસેડી લેતાં મોટી દુર્ઘટના નિવારી સકાઈ હતી. આસપાસથી દોડી આવેલા લોકોએ આગ પર પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લીધી હતી. જો કે સદભાગ્યે આગ ઝડપથી કાબૂમાં આવી જતાં વધુ નુકસાન નિવારી શકાયું હતું.

# ડીસાના ઘાડા ગામે સામાન્ય બોલાચાલીમાં મારામારી : બે ઘાયલ

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૦

ડીસા તાલુકાના ઘાડા ગામે રહેતા વીજુસિંહ તેજુસિંહ વાઘેલા દુકાન ઉપર હતા. તે સમયે તેમના ગામના બેચરસિંગ મગનસિંહ વાઘેલા હાથમાં ધારીયું લઈને તથા ગમનસિંગ મગનસિંહ વાઘેલા હાથમાં છરી લઈને તથા ભગવાન સિંહ મગનસિંહ વાઘેલા તથા હિતેન્દ્રસિંહ ગમનસિંહ વાઘેલા ફરિયાદીની દુકાન ઉપર આવી અને ફરિયાદી તેમજ તેના પુત્ર દેવુંસિંહને કહેવા લાગેલ કે, તમારા ભાઈના પરિવારના અમારી સાથે થયેલ માથાકૂટમાં અમને કેમ ઠપકો આપતા હતા. તેમ કહી ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી વિજુસિંહ તેમજ તેમના પુત્ર દેવુસિંહને છરી અને ધારિયા વડે ઈજાઓ પહોંચાડી મારામારી કરેલ.ઘટનાની જાણ થતા આસપાસના લોકોએ દોડી આવી આરોપીઓને સમજાવી તેમના ઘર તરફ મોકલેલ અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. આ ઘટના બાદ ફરિયાદી વીજુસિંહે આરોપી બેચરજી મગનસિંહ વાઘેલા, ગમનસિંહ મગનસિંહ વાઘેલા, ભગવાનસિંહ મગનસિંહ વાઘેલા અને હિતેન્દ્રસિંહ ગમનસિંહ વાઘેલા સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપવાની કાર્યવાહી હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **પટેલ ફિરોજાબહેન મેહબુબભાઈ** હતું તે બદલીને નવું નામ **પટેલ ફિરોજાબેન મેહબુબભાઈ** કરેલ છે. જેની નોંધ લેવી.

સરનામું : ફકીરવાડ મુ.પો. ઝંઘાર તા. ભરૂચ જિ. ભરૂચ ૩૯૨૨૧૦

**Change Of Name**

Old Name :- **SAIYED MOHAMEDISHAK HUSENMIYA**
New Name :- **SAIYAD MOHAMMADISHAK HUSENMIYA**
Add :- Panchpada Bukadi Road At-Patan Dist-Patan

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પટેલ ફરજાનાબાનુ ઈસ્માઈલ હતુ જે બદલીને નવું નામ **પટેલ ફરજાના ઈસ્માઈલ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૬૭૦-૧૧, અલ્વી કોલોની, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

## જાહેર નોટિસ

કે.એમ. રાજપૂત એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વરની કોર્ટમાં

ક્રમાંક : જન્મ/મરણ નોંધણી અરજી નં.૨૦૯/૨૦૨૫

અરજદાર : સાજનભાઈ રવજીભાઈ વસાવા રહે-આદીવાસી ફળિયું, નવા પુનગામ તા-અંકલેશ્વર જિ-ભરૂચ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને ત.ક.મંત્રીક્ષી, પુનગામ તા.અંકલેશ્વર જિ.ભરૂચ

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના નાના નામે શીવાભાઈ મોરીયાભાઈ વસાવાનું મરણ તા.૦૨/૦૬/૨૦૦૩ના રોજ તથા નાની નામે શાંતાબેન શીવાભાઈ વસાવાનું મરણ તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ મોજે-નવા પુનાગામ તા-અંકલેશ્વર જિ.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટ્રરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તારીખ ૨૮ જુલાઈ-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી,

સહી...
(કે.એમ. રાજપૂત)
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી અંકલેશ્વર

**હાર્દિક અભિનંદન**



અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના આદેશ અનુસાર રાષ્ટ્રીય નેતા તથા લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીજી, રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી તેમજ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા તથા વિધાનસભાના વિપક્ષના નેતા તુષાર ચૌધરી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર નોટિફાઈડ એરિયા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે **જીવણલાલ સાવલિયા**ની નિમણૂક કરાતા હમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ, તેઓ ઉતરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છા...

લી. : **શૈલેષ પ્રજાપતિ** (મહામંત્રી ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ)
**સંજયસિંહ રાજ** (કાર્યકારી પ્રમુખ તાલુકા કોંગ્રેસ સમિતિ અંકલેશ્વર)
**બોન્જી શેખ, મહેમુદભાઈ પઠાણ, હર્ષદભાઈ ગઢવી, નાગજીભાઇ અમીપરા, અનીલ નેવે, યોગેશ જોશી, છોટુભાઈ પટેલ.**

### જૂનાગઢમાં કોંગ્રેસની રાષ્ટ્રીય શિબિરનો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના હસ્તે પ્રારંભ

# બે વ્યક્તિ એવા છે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા : મલ્લિકાર્જુન ખડગેનો કટાક્ષ

### શિબિરમાં પ્રદેશ કક્ષાના આગેવાનો, કાર્યકર્તાઓને સંગઠન મજબૂત કરવા માટે અનેક મુદ્દાઓ ઉપર તાલીમ અપાશે

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ સ્થિત પ્રેરણાધામ ખાતે કોંગ્રેસની ૧૦ દિવસની પ્રશિક્ષણ શિબિરનો આજથી પ્રારંભ થયો છે. ૧૦ દિવસ ચાલનારા પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનાં હસ્તે પ્રારંભ થયો હતો. સંસદમાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી સહીતનાં અનેક રાષ્ટ્રીય નેતાઓ આ શિબિરમાં હાજરી આપશે. જેને લઈને કોંગ્રેસનાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આ શિબિરમાં કોંગ્રેસનાં અનેક દિગ્ગજ



(તસવીર : એસ.આઈ.બુખારી, જૂનાગઢ)

નેતાઓ તેમજ સામાજીક ક્ષેત્રે જોડાયેલા અનેક મહાનુભાવો પણ હાજરી આપનાર છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ શિબિર આજથી તા.૨૦ સપ્ટેમ્બર સુધી ચાલશે.આ શિબિરમાં જુદા જુદા વિષયો ઉપર સેશનનું પણ આયોજન કરાયેલ છે. રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંગઠન મહામંત્રી કેસીવેણ ગોપાલ, મહામંત્રી અને સંગઠનનાં પ્રભારી મુકુલ વાસનીક સહીતનાં વરિષ્ઠ અગ્રણી નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. જૂનાગઢ પધારેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જે ધરતી પર મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ જેવા લોકોએ જન્મ લઈને દેશને આઝાદી અપાવી તે બંને વ્યક્તિ અમારા માટે પૂજનીય છે. જેના કારણે આપણે આઝાદી મળી અને દેશ એક છે. જ્યારે અન્ય બે વ્યક્તિ એવા છે કે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા. ગાંધી અને સરદારે જે કર્યું તેનો નાશ કરવા માટે અન્ય બે લોકો પણ અહીં જ છે. મલ્લિકાર્જુન ખડગે એ વધુમાં જણાવ્યું કે, તેમણે તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે કામગીરી શરૂ કરી હતી. તેઓ વર્ષો સુધી ધારાસભ્ય, સંસદસભ્ય અને આજે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. આજે રાષ્ટ્રીય કક્ષાએ વિરોધ પક્ષના નેતા તરીકે રાજ્યસભામાં તેઓ કામ કરી રહ્યા છે. લોકસેવા માટે આગામી દિવસોમાં જે કામો કરવાના છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

### વિધાનસભામાં હાર્દિક પટેલ સવાલ પૂછી રહ્યા હતા ને ધરપકડ વોરંટના સમાચાર આવ્યા

# ૨૦૧૮ના પાટીદાર આંદોલન કેસમાં કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ વિરૂદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું

### કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

પાટીદાર અનામત આંદોલન સમયે નોંધાયેલા એક ગુનાના સંદર્ભમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ સહિત ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ ધરકપડ વોરન્ટ ઈશ્યુ કર્યું છે. ૨૦૧૮માં અમદાવાદના નિકોલ વિસ્તારમાં PAASના આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાસ આગેવાનો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. એ કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતાં કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું છે, જોકે આ સમાચાર આવ્યા ત્યારે હાર્દિક પટેલ વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળમાં સવાલ પૂછી રહ્યા હતા. વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે



પાટીદાર નેતા અને વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે IPCની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૫૩, ૧૮૮, ૧૮૬, ૧૨૦, ૨૯૪, ૩૪ અને ૫૦૬ મુજબ ગુનો નોંધાયો હતો. એ સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. એમાં કેસ અત્યારે આરોપી પર ચાર્જ ફ્રેમના સ્ટેજ પર છે, પરંતુ આરોપી હાજર ન રહેતાં વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ પાટીદારોને અનામત આપવાની માગણી અને ખેડૂતોનાં દેવાં માફીની માગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું. એમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પર્વ આયોજિત કાવતરું કરીને રેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું. રેલીને અટકાવવામાં આવતાં તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# શહેરમાં રોગચાળામાં ધરખમ વધારો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં આ વર્ષે મેઘરાજા મન મુકીને વરસ્યા છે અને રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ત્યારે વડોદરામાં પણ સિઝનમાં મેઘો મુશળધાર વરસ્યો છે. જો કે વરસાદના પાણી ઓસર્યા બાદ હવે શહેરમાં રોગચાળો પણ વકર્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં રોગચાળાએ માઝા મૂકી છે. જો છેલ્લા બે દિવસના રોગચાળાના આંકડાની વાત કરીએ તો ડેન્ગ્યુના ૨૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે તો ચિકનગુનિયાના ૬૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના ૨,૧૯૪ શંકાસ્પદ કેસ, ટાઈફોઈડના ૬૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. બે દિવસમાં ટાઈફોઈડ, ચિકનગુનિયા અને મેલેરિયાના કેસોએ માથું ઉંચક્યું છે. શહેરમાં રોગચાળો વધુ ના વકરે તેના માટે તંત્ર દ્વારા વરસાદી પાણી ઓસર્યા બાદ અલગ-અલગ વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.

બીજી તરફ અમદાવાદમાં પણ રોગચાળાએ માથું ઉંચક્યું છે. સ્વાઈન ફ્લૂનો એક કેસ પોઝિટિવ નોંધાયો છે. પોઝિટિવ દર્દીને સોલા સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. સોલા સિવિલમાં ડેન્ગ્યુના ૯૩ પોઝિટિવ દર્દી સારવાર લઈ રહ્યા છે. સોલા સિવિલમાં ઓપીડી ૧૫,૧૪૭એ પહોંચી છે.

# ઓસ્ટ્રેલિયાના પી.આર.ના નામે બે યુવક સાથે છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ઓસ્ટ્રેલિયાના પી.આર ના નામે બે યુવક સાથે છેતરપિંડી કરનાર ખાનગી વિઝા ઓફિસના ચાર સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

ગોત્રી રોડના બંસલ મોલ સામે સાઈનાથ રેજન્સીમાં રહેતા આશિષ કુમાર સોલંકીએ જણાવ્યું છે કે, મારે ઓસ્ટ્રેલિયામાં વર્ક પરમિટ અને પીઆરની જરૂર હોવાથી ડિસેમ્બર ૨૦૨૨માં ગેંડા સર્કલ પાસે ઓસન બિલ્ડીંગમાં આવેલી એવી ઈમિગ્રેશન(એપેક્ષ)નો સંપર્ક કર્યો હતો.ઓફિસમાંથી મને ૫.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહેવાયું હતું અને બે વર્ષના વિઝા મળશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી મેં ટુકડે ટુકડે ૨.૩૩ લાખ ભર્યા હતા. પરંતુ ત્યારબાદ વારંવાર તપાસ કરવા છતાં મને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો અને રૂપિયા પણ પરત કર્યા ન હતા.

આવી જ રીતે સોમા તળાવ પાસે સિદ્ધેશ્વર હેપીનેસમાં રહેતા કેતનભાઈ સોલંકી અને તેમના પરિવારને કેનેડા તથા ઓસ્ટ્રેલિયા મોકલવાના નામે પણ સંચાલકોએ ૧.૮૦ લાખ પડાવી લીધા હોવાની વિગતો જાણવા મળી છે. જેથી પોલીસે એ.વી ઈમિગ્રેશનના સંચાલક જયપ્રકાશ જીવરાજભાઈ મહેતા, તનુશ્રી વિશ્વાસ, સંજીવ રાય કુમાર અને મનીન્દરસિંગ અરોરા સામે ગુનો નોંધ્યો છે.

# નડિયાદ : ખ્રિસ્તીઓના ધાર્મિક શિક્ષણના સેમિનારમાં હિન્દુ સેનાના કાર્યકરો ઘૂસ્યા

### ‘ખરેખર ધર્મપરિવર્તન છે કે કેમ ? તે બાબત હજી અસ્પષ્ટ, તપાસ ચાલુ’ : ડીવાયએસપી

નડિયાદ, તા.૧૦

નડિયાદમાં ખ્રિસ્તીઓ દ્વારા ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતા એક સેમિનારમાં ધર્મપરિવર્તનને લઈને કેટલાક લોકોએ શંકા ઉભી કરીને પોલીસમાં જાણ કરી હતી. હાલમાં પોલીસે હિન્દુ સેનાના કાર્યકર્તાની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે જો કે હજુ સુધી આની અંદર ખરેખર ધર્માંતર થયું છે કે નથી તેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

મળતી માહિતી મુજબ નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આર્શીવાદ સોસાયટી પાસે કેટલાક લોકો ધાર્મિક ઉચ્ચારણ કરતા હતા. ત્યાંથી પસાર થતાં હિન્દુ ધર્મ સેનાના કાર્યકરના કાને આ શબ્દો સંભળાયા હતા. જેના પગલે કાર્યકર આકાશ પટેલ, પ્રિતેશ પટેલ અને રાજન ત્રિપાઠી ત્યાં પહોંચ્યા તો ત્યાં હાજર ૫૦ જેટલા યુવક, યુવતીઓ હતા. હિન્દુ સેનાના કાર્યકરોને જોઈને આ ધર્મસભાના આયોજકોએ જણાવ્યું હતું કે આ ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતો આ સેમિનાર છે. હિંદુ સેનાના કાર્યકરોને ધર્મપરિવર્તનને લઈને શંકાઓ થતાં સમગ્ર મામલો નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે પહોંચ્યો હતો. જેથી પોલીસે આ મામલે બે ઈસમો સામે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમની કલમ ૪(૧), ૪(૨) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં આ બે ઈસમો અને બહારથી બોલાવવામાં આવેલા યુવક, યુવતીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. આ સમગ્ર મામલે ડીવાયએસપી વી.આર.બાજપાઈ મીડિયાને જણાવ્યું હતું કે આ બનાવમાં ફરિયાદી આકાશ પટેલની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પણ ખરેખર ધર્મપરિવર્તન કરાવવામાં આવે છે કે કેમ તે બાબત હજી અસ્પષ્ટ છે અને હાલમાં તપાસ ચાલુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સ્ટિવન મેકવાન અને સ્મિત મેકવાન બંને સેમિનારના આયોજક છે અને પ્રાથમિક પૂછપરછમાં પુછતા તેમણે જણાવ્યું કે, ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચારના હેતુથી આ ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૫૦ ઉપરાંતના યુવક, યુવતીઓ સામેલ હતા જેઓ દાહોદ, ફતેપુરા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશના વતની છે.

# ૧૬ સપ્ટેમ્બરે ગુજરાતની શાળાઓના સમયમાં ફેરફાર

### માત્ર ૩ કલાક જ વિદ્યાર્થીઓને ભણાવાશે !

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના શિક્ષણ વિભાગના નવા આદેશ મુજબ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે શાળાઓ ત્રણ કલાક વહેલી પૂર્ણ થઈ જશે. શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય શિક્ષક મહાસંઘ દ્વારા આ દિવસે રાજ્યવ્યાપી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષકો મોટી સંખ્યામાં જોડાઈ શકે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી શકે તે હેતુથી શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા શિક્ષણ વિભાગે શિક્ષકોના સામાજિક કાર્યોને પ્રોત્સાહન આપ્યું છે અને તેમને રક્તદાન જેવા ઉમદા કાર્યમાં ભાગ લેવા માટે પૂરતો સમય પૂરો પાડ્યો છે. આ આદેશનું પાલન કરવું તમામ પ્રાથમિક શાળાઓ માટે ફરજિયાત છે. આ જાહેરાત શિક્ષકો અને વાલીઓ બંને માટે રાહતરૂપ બની રહેશે. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ રોજ યોજાનાર ભવ્ય મહારક્તદાન શિબિર એ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના કર્મચારીઓ દ્વારા માનવતાના મહાદાનનું એક ઉદાહરણ છે. આ શિબિરનું આયોજન ભારત સરકારના મહત્વકાંક્ષી ‘ઓપરેશન સિંદૂર’ની સફળતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ કરવામાં આવ્યું છે.

# બનાસકાંઠા અને પાટણના ૩૪ જેટલા અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય વિભાગની સ્વાસ્થ્ય સર્વેલન્સ અને સ્ક્રીનીંગની કામગીરી

### ભારે વરસાદના કારણે બનાસકાંઠા અને પાટણમાં સર્જાયેલ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ સર્વેલન્સ અને ટ્રીટમેન્ટ માટે સતર્ક

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી ભારે વરસાદની પરિસ્થિતિ સર્જાય છે. જેમાં અગમચેતીના ભાગરૂપે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ અને રાહત બચાવ કામગીરી સુપેરે હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં કુલ ત્રણ તાલુકા ના ૩૪ ગામો અસરગ્રસ્ત થયા છે.જેમાં બનાસકાંઠાની ૧ લાખ ૧૯ હજાર અને ૭૯૮ તથા પાટણની ૪ હજાર ૫૮૧ આમ, કુલ ૧ લાખ ૨૪ હજાર અને ૩૭૯ લોકોનું સર્વે કરાયું છે.

આરોગ્ય વિભાગની મેડિકલ અને પેરા મેડિકલની ૩૦૬ની ટીમને ત્યાં મુકવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા બનાસકાંઠા અને પાટણ માં ક્લોરિનની ગોળીઓનું અને ORSના પેકેટ્સનું વિતરણ પણ મોટા જથ્થામાં કરવામાં આવ્યું છે. વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હઠળ રોગ અટકાવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જેમાં અસરગ્રસ્ત તાલુકાઓ વાવ, સુઈગામ, સાંતલપુરમાં ઘરે ઘરે જઈ તાવ કેસોનું સર્વેલન્સ અને પોરાનાશક કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સર્વે દરમ્યાન દરેક જગ્યાએ લોહીના નમુના લઈને રોગચાળા વિશે વધુ તપાસ થઈ રહી છે અને રોગચાળો ન ફેલાય તે માટે પ્રચાર પ્રસારની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

### ‘નવરંગી નવરાત્રી ૨૦૨૫’નું પ્રિ-સેલિબ્રેશન યોજાયું

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં નૃત્ય, સંગીત અને સંસ્કૃતિના સૌથી મોટા ઉત્સવમાંથી એક, ‘નવરંગી નવરાત્રી ૨૦૨૫’ આ વર્ષે કર્ણાવતી ક્લબ એન્ડ રિસોર્ટ, મુલસાણા ખાતે ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓકટોબર સુધી ભવ્ય રીતે યોજાશે. આ ભવ્ય ગરબા આયોજનના અનુસંધાનને ૯મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદમાં કર્ણાવતી ક્લબ ખાતે પ્રિ-નવરાત્રી સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સફાયર ઈવેન્ટ & એન્ટરટેઈન્મેન્ટના કેતન પટેલ અને પ્રીત પટેલ, ગુજરાતી ઈવેન્ટ્સ ઓફ ઓસ્ટ્રેલિયા (GEA) & GEM ઈવેન્ટના ઉત્પલ પટેલ તથા પલક પટેલ અને રાગરંગ ઈવેન્ટ્સના નિમેશ પટેલ અને કેવિન પટેલ દ્વારા આયોજિત આ ગરબા ઉત્સવમાં એક અનોખો સાંસ્કૃતિક અનુભવ લાવવામાં આવશે.

# ઘોઘંબા ખાતે ગુજરાત ફ્લોરો કેમિકલ ફેક્ટરીમાં ગેસ લીકેજથી દોડધામ : ૧૨ કામદારો ગંભીર રીતે ઘાયલ, એકનું મોત

(સંવાદદાતા દ્વારા)

હાલોલ, ગોધરા, તા.૧૦

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર વિસ્તારમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ ફેક્ટરીમાં બુધવારે બપોરે ગેસ લીકેજની ઘટના સર્જાતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. અચાનક ફેલાયેલી ગેસની ગંધને કારણે ફેક્ટરીમાં કાર્યરત કામદારોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પરિસ્થિતિને ધ્યાને લેતા તાત્કાલિક ફેક્ટરીમાંથી તમામ કર્મચારીઓને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગેસ લીકેજની જાણ થતાં જ રાજગઢ પોલીસ તેમજ સ્થાનિક તંત્રની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. સુરક્ષા દળોએ ફેક્ટરીને ચારેય તરફથી ઘેરી લઈ આસપાસના વિસ્તારમાં પણ ચેતવણી જાહેર કરી હતી. તંત્ર દ્વારા આગોતરા સુરક્ષા પગલા તરીકે આસપાસના ગ્રામજનોને સાવચેત રહેવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ ગેસનું પ્રમાણ અત્યંત તીવ્ર હોવાથી ઘટનાસ્થળે રહેલા કર્મચારીઓએ અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો ન હતો. બચાવ કામગીરીમાં જોડાયેલી



ટીમોએ બહારથી જ પરિસ્થિતિને કાબુમાં લેવા પ્રયાસ શરૂ કર્યો હતો. હાલ અંદર પ્રવેશ કરી ગેસ લીકેજના ચોક્કસ સ્ત્રોતનો પત્તો લગાવવો મુશ્કેલ બની રહ્યો છે. ઘટનાની જાણ થતા મામલતદાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળ પર આવી પહોંચ્યો હતા.

હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડોક્ટર હરેશ દુધાત ઘટના સ્થળે પહોંચ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા આ દુર્ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. કંપનીમાં સલામતીના ધોરણો અને નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવશે. ઘટનાની જાણ થતા પંચમહાલ કલેક્ટર અજય દહીયા પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.આ બનાવ અંગે પોલીસ સૂત્રોએ ગેસ લીકેજની ઘટના સર્જાઈ હોવાની પુષ્ટિ કરી છે. ઘટના કયા કારણસર બની તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ નથી. પોલીસ તથા ફેક્ટરી મૅનેજમેન્ટ મળીને ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરશે તેમ જણાવાયું છે.સ્થાનિક સ્તરે ઉદ્યોગિક વિસ્તારમાં અગાઉ પણ ગેસ લીકેજ અને રસાયણિક પદાર્થો છલકાવાની ઘટનાઓ બનતી આવી છે. આવા બનાવો ઉદ્યોગિક સુરક્ષા નિયમોની અસરકારક અમલવારી અંગે સવાલો ઉભા કરે છે. આજની ઘટના બાદ ફરી એકવાર સુરક્ષા વ્યવસ્થાને લઈને ચર્ચા શરૂ થઈ છે.

### કૃષિ યાંત્રિકીકરણ યોજનાના લાભાર્થી

# ખેડૂતોને નવા જીએસટી દરનો લાભ આપવા ટ્રેક્ટર સહિતના ખેત સાધનોની ખરીદી માટેની સમયમર્યાદા લંબાવાઈ

### ખરીદીની સમયમર્યાદા નવા દરના અમલથી આગામી ૩૦ દિવસ સુધી લંબાવી : કૃષિ મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

વિધાનસભા ખાતે જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર દ્વારા કરાયેલા જી.એસ.ટી રિફોર્મ્સથી કૃષિ ક્ષેત્રને ખૂબ જ મોટી રાહત મળી છે. કૃષિ માટે સૌથી મહત્વપૂર્ણ સાધન એટલે ટ્રેક્ટર પર લેવામાં આવતા ૧૨ ટકા તેમજ ટ્રેક્ટરના ટાયર્સ અને અન્ય પાર્ટ્સ પર લેવામાં આવતા ૧૮ ટકા જીએસટી દરને ઘટાડી હવે ૫ ટકા કરવામાં આવ્યો છે. જેના પરિણામે ટ્રેક્ટરની કિંમતમાં મોટો ઘટાડો થશે. આ નિર્ણયથી ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રાજ્ય સરકારની રૂા.૧,૦૦,૦૦૦ સબસીડી ઉપરાંત અંદાજીત બીજા રૂા.૩૫થી ૪૫ હજાર જેટલો ફાયદો થશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા જીએસટીના નવા દર પ્રથમ નવરાત્રી એટલે કે તા.૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. જેથી રાજ્યની કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ સહાય મેળવતા મહત્તમ ખેડૂતોને જીએસટીના નવા દરનો પણ લાભ મળે તે માટે રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા મંત્રી પટેલે કહ્યું હતું કે, કૃષિ યાંત્રિકીકરણ યોજનાઓ હેઠળ રાજ્યના કેટલાક ખેડૂતોને ટ્રેક્ટર અને ખેત ઓજારો/ સાધનોની ખરીદી માટે મંજૂરી આપવામાં આવેલી છે. જેમાં કેટલાક ખેડૂતો માટે કૃષિ સાધનોની ખરીદીની સમય મર્યાદા આગામી તા.૨૨ સપ્ટેમ્બર પહેલા પૂર્ણ થવામાં છે અથવા પૂર્ણ થઈ ગઈ છે. આવા ખેડૂતોને પણ નવા જીએસટી દરનો લાભ મળે તે માટે ખરીદીની સમય મર્યાદાને તા.૨૨ સપ્ટેમ્બરથી અગામી ૩૦ દિવસ સુધી લંબાવવામાં આવી છે.

# ‘પાટણમાં ભેંસના તબેલામાં ખાનગી યુનિવર્સિટી ચાલે છે’ : ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાના ૧૫મા સત્રના ત્રીજા અને અંતિમ દિવસે કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે પાટણ જિલ્લામાં આવેલી એમ.કે.યુનિવર્સિટી અંગે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પૂછીને જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટી મંજૂર કરેલી જગ્યાને બદલે ભેંસોના તબેલામાં ચાલી રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ડૉ. કિરીટ પટેલે ૩૧ જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ પ્રશ્ન કર્યો હતો કે શું પાટણની એમ.કે.યુનિવર્સિટી મંજૂર થયેલી જગ્યા સિવાય અન્ય જગ્યાએ ચાલી રહી છે ? જો હા, તો છેલ્લા બે વર્ષમાં આ મુદ્દે કેટલી ફરિયાદો મળી છે અને તેના પર શું કાર્યવાહી કરવામાં આવી છે ? આ પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું હતું કે, આ મુદ્દે ત્રણ ફરિયાદો મળી છે અને આ ફરિયાદો પર નિયમાનુસારની કાર્યવાહી વિચારણા હેઠળ છે. સરકારના જવાબ પર પ્રતિક્રિયા આપતા ડૉ. કિરીટ પટેલે જણાવ્યું હતું કે, સરકારે તેમના પ્રશ્નમાં જ રાજ્યમાં ‘ભૂતિયા યુનિવર્સિટી’ હોવાની વાત સ્વીકારી છે. તેમણે આક્ષેપ કર્યો કે જ્યાં યુનિવર્સિટીને મંજૂરી આપવામાં આવી છે, ત્યાં સુવિધાઓનો અભાવ છે, જ્યારે તે ખરેખર ભેંસોના તબેલામાં ચાલી રહી છે. તેમણે ઉમેર્યું કે, ‘સરકારે છેલ્લા ત્રણ વર્ષથી આ મામલે કોઈ કાર્યવાહી કરી નથી. ભેંસોના તબેલામાં યુનિવર્સિટીને મંજૂરી આપવામાં આવી અને કોઈ ચકાસણી પણ કરવામાં આવી નથી. સરકાર ગુણવત્તા વગરની યુનિવર્સિટીને મંજૂરી આપી રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓના ભવિષ્યને નુકસાન થઈ રહ્યું છે.’ આ મુદ્દે વધુ કાર્યવાહી કરવા અને જવાબદારો સામે કડક પગલાં ભરવા માટે તેમણે સરકારને અપીલ કરી હતી.

# ગાંધીનગરની નર્મદા કેનાલમાંથી આધેડ દંપતીની લાશ મળી

### દંપતીનો પુત્ર પણ ૮ સપ્ટેમ્બરથી ગુમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગાંધીનગરની અડાલજ નર્મદા કેનાલમાંથી નાના ચિલોડા વિસ્તારના આધેડ દંપતીની લાશ મળી છે. આ મામલે પોલીસની તપાસમાં પટેલ દંપતીનો આશરે ૨૫ વર્ષીય પુત્ર પાર્થ પણ સોમવાર (૮ સપ્ટેમ્બર)થી ગુમ છે. જેની ગાડી કલોલના નંદાસણ રોડ પરથી બિનવારસી હાલતમાં મળી આવી છે.

પુત્ર પાર્થ સવારે ગુમ થયા બાદ દંપતી (કમલેશભાઈ અને પત્ની રીટાબેન) પણ સોમવાર (૮ સપ્ટેમ્બર) સાંજથી ગુમ હતાં. એક સાથે ઘરના ત્રણ સભ્યો શંકાસ્પદ રીતે ગુમ થતા પાર્થની પત્ની દિશાબેને નરોડા પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ પણ નોંધાવી છે. એવામાં શંકાસ્પદ સંજોગોમાં દંપતીની લાશ કેનાલમાંથી મળી આવતા અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવરંગપુરાની શિવશંકર PGના રસોડાને AMCએ સીલ માર્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં સીજી રોડ પર આવેલી શિવશંકર પીજી બોયઝ હોસ્ટેલમાં ખાવા-પીવાની ચીજ વસ્તુઓમાંથી જીવજંતુઓ નીકળવાની અને અનહાઈજેનિક ખાવાનું આપવામાં આવતું હોવા અંગેની ફરિયાદો મળી હતી. જમવાનું બનાવવાની ચીજ વસ્તુઓમાંથી જીવાત મળી આવી હતી. સડેલા શાકભાજી અને અનહાઈજનિક કન્ડિશન રસોડામાં મળી આવી હતી. ફૂડ વિભાગનું લાઈસન્સ કે રજિસ્ટ્રેશન પણ ન હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા હોસ્ટેલના રસોડાને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શિવશંકર પીજી બોયઝ હોસ્ટેલમાં રહેવા માટે સંચાલક દ્વારા વ્યક્તિ દિઠ ૧૦,૦૦૦થી લઈ ૧૮,૦૦૦ ભાડું વસૂલવામાં આવતું હતું.

### સ્ટર્લિંગ હોસ્પિટલ્સે ‘એલ્ડરલી ફર્સ્ટ’ પ્રિવિલેજ કાર્ડ રજૂ કર્યું

અમદાવાદ, તા.૧૦

અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલ્સે વૃદ્ધોના હેલ્થકેરના ક્ષેત્રે પરિવર્તન લાવવાના ઉદ્દેશ્યથી હાથ ધરેલી એક અનોખી પહેલરૂપે ‘એલ્ડરલી ફર્સ્ટ’ પ્રિવિલેજ કાર્ડ લોન્ચ કર્યો છે. આ પહેલ નાગરિકોની અનોખી જરૂરિયાતો મુજબના વ્યાપક, સુલભ અને કરૂણાસભર હેલ્થકેર સોલ્યુશન્સ દ્વારા વરિષ્ઠ નાગરિકોને સશક્ત કરશે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ખાતેના ઈન્ટરનલ મેડિસીન અને જીરીયાટ્રિક્સના ડિરેક્ટર ડો. યોગેશ ગુપ્તાએ જણાવ્યું હતું. કે, ‘એલ્ડરલી ફર્સ્ટ’ કાર્ડ વિશિષ્ટપણે જીરીયાટ્રીક કેર સુનિશ્ચિત કરશે.

# નેપાળ પર મમતાનું વલણ : 'તે એક વિદેશી રાષ્ટ્ર છે પરંતુ અમે અમારા પડોશીઓની કદર કરીએ છીએ'

(એજન્સી) તા.૧૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના ઉત્તર બંગાળના બે દિવસીય પ્રવાસ દરમિયાન, તેમણે પાડોશી હિમાલયી રાષ્ટ્રમાં તાજેતરની અશાંતિ વચ્ચે અને આ પ્રદેશમાં રાજદ્વારી અને સરહદ સુરક્ષા પર ભાર મૂક્યો હતો. બાગડોગરા એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતાં બેનરજીએ સ્પષ્ટ કર્યું કે નેપાળ સ્પષ્ટપણે એક વિદેશી દેશ છે. નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ અને તેના લોકો પ્રત્યે પ્રેમ છે પણ તેઓ કોઈપણ આંતરિક હસ્તક્ષેપથી પોતાને દૂર રાખે છે. તેમની ટિપ્પણીઓ નેપાળના રાજકીય ઉથલપાથલની પૃષ્ઠભૂમિ સામે આવી છે, જ્યાં ઘાતક વિરોધ અને વડાપ્રધાનના રાજીનામાનો સમાવેશ થાય છે, જેના કારણે બંગાળના સંવેદનશીલ સરહદી જિલ્લાઓમાં તેની અસરો અંગે ચિંતા વ્યક્ત થઈ છે. તેમણે કહ્યું કે, "નેપાળ મારો દેશ નથી; તે એક વિદેશી રાષ્ટ્ર છે. હું તેના આંતરિક બાબતો પર ટિપ્પણી કરી શકતી નથી," તેમણે સરહદી વિસ્તારોમાં વિક્ષેપો અટકાવવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સતર્કતા વધારવાની અપીલ કરી હતી. તિસ્તા અને મહાનંદા જેવી નદીઓ સરહદો પાર કરે છે, બેનરજીના શબ્દો ભૂરાજકીય પ્રવાહ વચ્ચે સહયોગી સંવાદિતા માટેનું આહ્‌વાન છે. નેપાળ પર બેનરજીએ કહ્યું કે પશ્ચિમ બંગાળ તેના ઉત્તરીય પાડોશી સાથે સંબંધો જાળવી રાખે છે. આ રાજ્ય નેપાળ સાથે ૧,૭૫૧ કિલોમીટરની સરહદ ધરાવે છે, અને સાંસ્કૃતિક સંબંધો છે - ઘણા નેપાળી ગોરખા બંગાળને પોતાનું ઘર કહે છે. જો કે, કાઠમંડુમાં તાજેતરની ઘટનાઓ, જેમાં જન.-ઝેડની આગેવાની હેઠળના બળવા સાથે શરણાર્થીઓના ધસારો અથવા દાણચોરીમાં વધારો થવાનો ભય છે. બેનરજીએ દક્ષિણ એશિયાઈ એકતાના સહિયારા ઈતિહાસને ઉજાગર કરતા સરહદી વિસ્તારોની દેખરેખ રાખવાની તેમની અપીલ ચિંતાજનક સાથે વ્યવહારિક હતી, તેમણે સ્થાનિકો અને




અધિકારીઓને કોઈપણ "ગરબડ" અથવા તોફાન ન કરવા વિનંતી કરી જે તણાવ વધારી શકે છે. બંગાળના સરહદી જિલ્લાઓ હિમાલયના વરસાદથી વધતા પૂરનો સામનો કરી રહ્યા છે, જે નેપાળમાં ઉદ્‌ભવે છે, જેના કારણે તેમનો સંદેશ સુરક્ષા અને માનવતાવાદી બંને કારણોસર છે. તેમની આ ટિપ્પણીના સંદર્ભમાં SIRનો ઉલ્લેખ પણ છે, કારણ કે મતદારયાદીઓ શુદ્ધ કરવા માટે ચૂંટણી પંચના ચાલુ અભિયાને બંગાળમાં સંભવિત મતાધિકારથી વંચિત રહેવા અંગે ચર્ચાઓ જગાવી છે. બેનરજીએ લાંબા સમયથી આવી પહેલોની રાજકીય રીતે પ્રેરિત ગણીને ટીકા કરી છે. તેમના પ્રવાસ દરમિયાન, તેમણે ઉત્તર બંગાળમાં વહીવટી તૈયારીઓની સમીક્ષા કરી, જે તૃણમૂલ કોંગ્રેસનો ગઢ છે. તેમણે કહ્યું કે, "હું વિદેશી બાબતો વિશે વધુ કહી શકતી નથી, પરંતુ અમારું ધ્યાન શાંતિ પર છે," તેણીએ સંકેત આપ્યો કે રાષ્ટ્રીય રાજદ્વારી દિલ્હીનું ક્ષેત્ર છે, પરંતુ રાજ્ય સ્તરની સતર્કતા બંગાળના હિતોનું રક્ષણ કરવા માટે ચાવીરૂપ છે. તેણીના આ શબ્દો દાર્જિલિંગ અને કૂચ બિહાર જેવા જિલ્લાઓના રહેવાસીઓને ખાતરી આપવાનો છે, જ્યાં વંશીય નેપાળી વસ્તી એક મહત્વપૂર્ણ મત બેંક અને સાંસ્કૃતિક સેતુ છે. બેનરજીનો પ્રવાસ ફક્ત સરહદો વિશે ન હતો; તે તેમની સરકારના વિકાસલક્ષી પ્રયાસોને દર્શાવતી પ્રવૃત્તિઓ માટે હતો. તેણીએ પૂર ઘટાડા, ચા ઉદ્યોગના પુનરુત્થાન અને માળખાગત સુવિધાઓના સુધારા માટેના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું. ગોરખા નેતાઓ અને વ્યવસાયિક મંચો સાથે તેણીએ સમાવેશી અભિગમ પર ભાર મૂક્યો હતો. પડોશીઓને પરિવાર તરીકે રજૂ કરીને, તેઓ ભૂરાજનીતિનું માનવીકરણ કરે છે, અને દરેકને યાદ અપાવે છે કે "જો પડોશીઓ ખુશ હશે, તો આપણે પણ સારા રહીશું," આ ફિલસૂફી બંગાળના પ્રાદેશિક સંબંધોને પ્રોત્સાહન આપવાના ઈતિહાસમાં મૂળ ધરાવે છે. શાંતિ માટેની બેનરજીની અપીલ તેમની વ્યાપક શાસન શૈલી સાથે સુસંગત છેઃ સ્થાનિક મુદ્દાઓ પર સક્રિય રહીને તેઓ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કેન્દ્ર પર જવાબદારી મૂકે છે. નેપાળમાં અશાંતિ વધતી જાય છે, એરપોર્ટ બંધ છે અને સૈન્ય તૈનાત છે, બંગાળની સરહદો પર ચેતવણી છે. તેમનું આ નિવેદન નવી દિલ્હીને સંકલિત પ્રયાસો માટે સંકેત છે. દક્ષિણ એશિયા આબોહવા પરિવર્તન અને સ્થળાંતર જેવા સહિયારા પડકારોનો સામનો કરી રહ્યું છે, ત્યારે બેનરજીનો સંદેશ વિભાજન પર એકતાને પ્રોત્સાહન આપે છે. કોલકાતા પરત ફરતી વખતે, બેનરજીએ પેટ્રોલિંગ અને સમુદાય સંપર્ક માટે નવી સૂચનાઓ આપી હતી. આ એપિસોડ સરહદી રાજ્યો અને તેમના પડોશીઓના પરસ્પર જોડાયેલા ભાવિને પ્રકાશિત કરે છે, અને તેમના શબ્દો ચિંતાઓને શાંત કરી શકે છે અને સદ્‌ભાવનાને પ્રોત્સાહન આપી શકે છે.

# મદ્રેસાના બાળકોએ એમની બચતના ડબ્બા (પીગી બેન્ક)માંથી પંજાબના પૂરપીડિતો માટે મોટી રકમનું ડોનેશન આપ્યું

**પીગી બેંકમાંથી કાઢીને બાળકોએ એમની બચતની રકમ પૂરગ્રસ્તો માટે સખાવત કરીને ઉમદા ઉદાહરણ તમામ માટે પૂરૂં પાડ્યું, માનવતાનું આ એક અસાધારણ અને અભૂતપૂર્વ દર્શનીય ઉદાહરણ છે, પરંપરાગત સ્થિતિને ભૂલીને મદ્રેસાના માસૂમ બાળકોએ કુદરતી આફત વખતે ભાઈચારો અને માનવતાનું ભાવનાત્મક ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું**

(એજન્સી) લુધિયાણા, તા.૧૦

પંજાબ રાજ્ય વિનાશક પૂરને કારણે બેહાલી અને તારાજીની દશામાં છે અને સેંકડો મકાનો દુકાનો તથા ખેતરો પ્રચંડ પૂરને કારણે નાશ પામ્યા છે એવા સમયે મુસ્લિમ સમાજમાંથી માનવતાના એક નહીં અનેક દીપક પ્રજ્વલિત થઈ ઊઠ્યા છે અને ખાસ કરીને મદ્રેસાના નાની ઉંમરના બાળકોએ એક અભૂતપૂર્વ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે. મદ્રેસાના બાળકોએ તેમની બચતના નાણાંમાંથી પંજાબના પૂરપીડિતો માટે ડોનેશન આપ્યું છે અને ભાઈચારો તથા માનવતાની ભાવનાનું ઉત્તમ પ્રેરણાદાયક ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.




મુસ્લિમ સમુદાય તરફથી તો મદદ પહોંચી જ રહી છે પરંતુ મદ્રેસાના બાળકોએ પણ એમની પીગી બેંકમાંથી એમની બચતની રકમ ઉપાડીને પૂરપીડિતો માટે ડોનેશન રૂપે આપી છે. વ્યાપક રીતે વાયરલ થઈ રહેલા વીડિયોમાં દેખાઈ આવે છે કે મદ્રેસાના બાળકો તેમની બચતના ગલ્લાં તોડી રહ્યા છે અને તેમાંથી નીકળતી બચતની તમામ રકમ પૂરપીડિતો માટેના ફંડમાં આપી રહ્યા છે. બાળકોની આ હૃદયસ્પર્શી ભાવનાની ઓનલાઈન ભરપૂર પ્રશંસા થઈ રહી છે અને બાળકોની નિઃસ્વાર્થ ભાવના જોઈને લોકો અભિભૂત થઈ રહ્યા છે. સામાજિક કાર્યકર અનવર ખાન કહે છે કે બાળકોની આ લાગણીથી હૃદય પુલકિત થઈ ઊઠયું છે કેમ કે નાના બાળકોએ તેમની બચતની રકમ પૂરપીડિતોના ફંડમાં આપી દીધી છે. અહીં એ વાતનો સંદેશો મળે છે કે મદ્રેસાઓમાં હિંસા કે નફરતનું કે કોમી વિભાજનનું શિક્ષણ અપાતું નથી પરંતુ ભાઈચારો અને લાગણીશીલતાનું શિક્ષણ આપવામાં આવે છે. ભારતમાં મદ્રેસાઓ તરફ હંમેશાં નકારાત્મક દૃષ્ટિથી જોવામાં આવે છે અને એકધારી ઘરેડ બદલ એમની ટીકા પણ થતી હોય છે પરંતુ પંજાબમાં ચાલી રહેલી રાહતની કામગીરી એ આ તમામ ટીકાઓને જોરદાર જવાબ આપ્યો છે અને ઈસ્લામિક વિદ્વાનો તથા એમની સાથે મદ્રેસા અને મુસ્લિમ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ફંડ પણ આપ્યું છે અને ચીજ વસ્તુઓ મોકલવાની પણ કવાયત કરી છે જેનાથી મદ્રેસા સામેનો આ તમામ ઐતિહાસિક રીતે થઈ રહેલો પ્રચાર બિલકુલ ખોટો સાબિત થઈ રહ્યો છે. પૂરગ્રસ્ત લોકો માટે સહાય એકત્રિત કરવી એ કામગીરીમાં મુસ્લિમ વિદ્વાનોની સાથે યુવાન વિદ્યાર્થીઓ અને નાના બાળકો પણ જોડાયા છે જે દર્શાવે છે કે આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને એકતા તથા સંગઠન અને સામાજિક જવાબદારીના મૂલ્યોનું સિંચન કરવામાં આવી રહ્યું છે.

જમિયત ઉલમા-એ-હિન્દના મોલાના રિઝવાન કહે છે કે આપણા શીખ ભાઈઓ બહેનોને મદદ કરવી એ માત્ર આપણી ફરજ નથી પરંતુ તેનાથી પણ આગળ આપણી નૈતિક જવાબદારી પણ છે. કુદરતી આપદાઓ કોઈને છોડતી નથી અને કોઈ ભેદભાવ કરતી નથી એટલે આપણે જે સમર્થન આપીએ તેમાં ધર્મની કોઈ સરહદો નડવી ન જોઈએ અને ભાઈચારો અને લાગણીશીલતાને પ્રાધાન્ય મળવું જોઈએ.

મુસ્લિમ સમાજના આગેવાનો અને બાળકો જ નહીં પરંતુ મહિલાઓ પણ યોગદાન આપી રહી છે અને ઘણી મુસ્લિમ મહિલાઓએ તેમના દાગીનાનું પણ ફંડ માટે દાન કરી દીધું છે અને મુસ્લિમ પુરૂષોએ ખાદ્ય પદાર્થો તથા રોકડ અને કપડાંની વસ્તુઓ દાનમાં આપી છે. ગામે ગામ અને શહેરોમાં ઊભા કરવામાં આવેલી રાહત છાવણીઓમાં આ બધી ચીજો એકત્ર કરીને અસરગ્રસ્તોને મોકલવામાં આવી રહી છે. જમિયત દ્વારા રોકડા રૂપિયા દસ લાખનું ફંડ પણ એકત્ર કરીને મોકલવામાં આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર આ કામગીરીની ભરપૂર પ્રશંસા કરીને લોકો કહી રહ્યા છે કે મદ્રેસાઓ અને ઈસ્લામી શિક્ષણ વિશે જે ભ્રમણાઓ અને માન્યતાઓ ફેલાવવામાં આવી રહ્યા છે એ ખોટા પુરવાર થઈ રહ્યા છે. અત્યારે લાંબા સમયથી મદ્રેસાઓ સામે ખોટો પ્રચાર થઈ રહ્યો છે અને તેઓ અલગતાનું શિક્ષણ આપતા હોવાની ખોટી માન્યતાઓનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે પરંતુ આ તમામ કામગીરી બતાવે છે કે મદ્રેસા અને ઈસ્લામી શિક્ષણ થકી માનવતા તથા ઉદારતા તેમજ ભાઈચારાના મૂલ્યોનું વિદ્યાર્થીઓમાં સિંચન કરવામાં આવે છે તેમ સામાજિક કાર્યકર શબનમ ફાતિમાં કહે છે. પંજાબ પ્રચંડ અને ભયાનક વિનાશક પૂરની આફત સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે મુસ્લિમ સમાજના આ જોરદાર પ્રયાસો આપણા માટે આશાભરી દીવાદાંડી સમાન બન્યા છે. લાગણીઓ તથા સંવેદનાઓ અને એકતા હોય તો કોઈ પણ કટોકટીને પહોંચી શકાય છે એવું મુસ્લિમ સમુદાયના રાહત અભિયાન પરથી સ્પષ્ટ બન્યું છે અને તેમાંથી સહુને બોધપાઠ મળ્યો છે. પંજાબમાં મુસ્લિમ સમાજની રાહત કામગીરી દર્શાવે છે કે કુદરતી આપત્તિઓ આવે ત્યારે આંતરધર્મ સહયોગ અને સમર્થન અને સામૂહિક કામગીરીની શક્તિ એ એક અનોખી ચીજ છે જે આના પરથી દેખાઈ આવે છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવતા તથા સહિષ્ણુતા અને ભાઈચારા જેવા મૂલ્યો હજુ પણ ભારતમાં જીવંત છે એ મુસ્લિમ સમાજની કામગીરી પરથી સ્પષ્ટ બન્યું છે.

# 'અમે બંને ખૂબ જ સારા મિત્રો છીએ' : ટ્રમ્પે વેપાર તણાવ ઓછો થવાનો સંકેત આપ્યો : મોદીએ 'અમર્યાદિત સંભાવનાઓ' અંગે આશા વ્યક્ત કરી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો 'ભારત-અમેરિકા ભાગીદારીની અમર્યાદિત સંભાવનાઓનો માર્ગ મોકળો કરશે'**

**ગયા મહિને, ટ્રમ્પે ભારતીય માલ પરના ટેરિફને બમણા કરીને ૫૦ ટકા સુધી વધારી દીધા, જેમાં ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર ૨૫ ટકા વધારાની ડ્યુટીનો સમાવેશ થાય છે. ટ્રમ્પે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને "ખૂબ જ સારા મિત્ર" ગણાવ્યા હતા**

(એજન્સી) તા.૧૦

ભારત-અમેરિકા તણાવ ઓછો કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે નવી દિલ્હી અને વોશિંગ્ટનની ટીમો તેમની વેપાર વાટાઘાટો વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે, જે સંભવિત રીતે અમેરિકાના ટેરિફને હળવો કરશે. વેપાર વાટાઘાટો અંગે ડોનાલ્ડ ટ્રમ્પની પોસ્ટનો જવાબ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ યુએસ રાષ્ટ્રપતિ સાથે વાત કરવા માટે આતુર છે.




પીએમ મોદીએ X પર એક પોસ્ટમાં કહ્યું કે, "ભારત અને અમેરિકા નજીકના મિત્રો અને કુદરતી ભાગીદારો છે. મને વિશ્વાસ છે કે આપણી વેપાર વાટાઘાટો ભારત-અમેરિકા ભાગીદારીની અમર્યાદિત સંભાવનાઓને ખોલવાનો માર્ગ મોકળો કરશે. અમારી ટીમો આ ચર્ચાઓને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવા માટે પણ આતુર છું. અમે બંને આપણા લોકો માટે એક ઉજ્જવળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે સાથે મળીને કામ કરીશું. ટ્રમ્પે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર પીએમ મોદીની X પોસ્ટ ફરીથી પોસ્ટ કરી, જે સારા સંબંધોનો સંકેત આપે છે. વેપાર અવરોધો પર ચાલી રહેલા તણાવ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ભારત સાથેના મતભેદોને ઉકેલવા અંગે આશાવાદ વ્યક્ત કર્યો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને "ખૂબ જ સારા મિત્ર" ગણાવ્યા અને આગામી અઠવાડિયામાં વાતચીતનો સંકેત આપ્યો છે. મંગળવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું, "હું આગામી અઠવાડિયામાં મારા ખૂબ જ સારા મિત્ર, વડાપ્રધાન મોદી સાથે વાત કરવા આતુર છું. મને ખાતરી છે કે આપણા બંને મહાન દેશો માટે સફળ નિષ્કર્ષ પર પહોંચવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. ડોનાલ્ડ ટ્રમ્પની પોસ્ટના થોડા કલાકોમાં જ જવાબ આપતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો "ભારત-અમેરિકા ભાગીદારીની અમર્યાદિત સંભાવનાઓને ખોલવાનો માર્ગ મોકળો કરશે. ભારતના રશિયન તેલ વેપારને લક્ષ્ય બનાવતા ટ્રમ્પના "અયોગ્ય" દંડાત્મક ટેરિફ અંગે નવી દિલ્હીની વધતી જતી હતાશા વચ્ચે પીએમ મોદીએ ઓછામાં ઓછા ચાર વખત રાષ્ટ્રપતિ ટ્રમ્પના ફોનને ટાળ્યા હોવાના અહેવાલોના અઠવાડિયા પછી મોદીની આ ટિપ્પણી આવી છે. મંગળવારે અગાઉ, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેમના વહીવટીતંત્રે ભારત સાથે વેપાર વાટાઘાટો ફરી શરૂ કરી છે. મને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા આપણા બંને રાષ્ટ્રો વચ્ચેના વેપાર અવરોધોને દૂર કરવા માટે વાટાઘાટો ચાલુ રાખી રહ્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને "ખૂબ જ સારા મિત્ર" ગણાવ્યા અને કહ્યું કે તેઓ "આગામી અઠવાડિયામાં" તેમની સાથે વાત કરવા આતુર છે. મને ખાતરી છે કે આપણા બંને મહાન દેશો માટે સફળ નિષ્કર્ષ પર પહોંચવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. વ્હાઈટ હાઉસમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ટ્રમ્પે કહ્યું હતું કે, હું હંમેશા વડાપ્રધાન મોદીનો મિત્ર રહીશ અને તેમને "મહાન વડાપ્રધાન" કહ્યા હતા અને કહ્યું કે, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે ખાસ સંબંધ છે. ચિંતા કરવાની કોઈ વાત નથી. ટ્રમ્પે નવી દિલ્હી સાથે વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવાની જાહેરાત કરતી વખતે, તેમણે યુરોપિયન યુનિયનને રશિયાના તેલ વેપાર માટે ભારત પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાદવા કહ્યું હતું. અમેરિકા અને યુરોપિયન યુનિયનના અધિકારીઓ વચ્ચેની વાટાઘાટોમાં ભાગ લેતા, ટ્રમ્પે ચીન અને ભારત જેવા તેલ ખરીદદારો પર ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધી ટેરિફ લાદવાની શક્યતા વ્યક્ત કરી હતી. ગયા મહિને, ટ્રમ્પે ભારતીય માલ પર ટેરિફ બમણી કરીને ૫૦ ટકા કરી દીધો, જેમાં ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા પર ૨૫ ટકા વધારાની ડ્યુટીનો સમાવેશ થાય છે. ભારતે અમેરિકાના આ પગલાને "અન્યાયી, અને ગેરવાજબી" ગણાવ્યું હતું.

# 'અમારી આંખોમાં અશ્રુ સાથે નૃત્ય કરી શકીએ નહીં' : કુકી-ઝો જૂથોએ મણિપુરમાં મોદીના સ્વાગત સમારોહનો વિરોધ કર્યો

**ઈમ્ફાલ હમાર વિસ્થાપિત સમિતિએ કહ્યું છે કે, ભવ્ય સ્વાગત સમારોહમાં ભાગ લેવાને બદલે મોદીએ રાહત શિબિરોમાં રહેલા વિસ્થાપિત લોકો સાથે વાતચીત કરવી જોઈએ**

(એજન્સી) તા.૧૦

મણિપુરમાં કુકી-ઝો સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી ઘણી સંસ્થાઓએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આયોજિત સ્વાગત સમારોહની નિંદા કરી હતી. મોદી મે ૨૦૨૩માં સંઘર્ષ ફાટી નીકળ્યા પછી પહેલી વાર ૧૩ સપ્ટેમ્બરે વંશીય હિંસાગ્રસ્ત રાજ્યની મુલાકાત લે તેવી શક્યતા છે. ઈમ્ફાલ હમાર વિસ્થાપિત સમિતિએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ સ્વાગત સમારોહમાં ભાગ લેવાને બદલે વંશીય હિંસામાં પ્રભાવિત લોકો સાથે વાતચીત કરવી જોઈએ. ચુરાચંદપુર જિલ્લાના ગંગટે સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનએ જણાવ્યું હતું કે તેઓ પીએમની સંભવિત મુલાકાતનું સ્વાગત કરશે, પરંતુ અમે અમારી આંખોમાં આંસુ સાથે નૃત્ય કરી શકતા નથી !" ઈમ્ફાલ હમાર વિસ્થાપિત સમિતિએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમારો શોક હજુ પૂરો થયો નથી, આંસુ હજુ સુકાયા નથી, અમારા ઘા હજુ રૂઝાયા નથી, તો અમે આનંદથી કેવી



રીતે નાચી શકીએ છીએ. ભવ્ય સ્વાગત સમારોહમાં ભાગ લેવાને બદલે, પીએમએ રાહત શિબિરોમાં રહેલા વિસ્થાપિત લોકો સાથે વાતચીત કરવી જોઈએ. જોકે, ચુરાચંદપુર સ્થિત વિદ્યાર્થી સંગઠને દાવો કર્યો હતો કે પીએમની હાજરી વંશીય હિંસાગ્રસ્ત લોકોને તેમના ઘા રૂઝાવવામાં અને ફરિયાદો વ્યક્ત કરવામાં મદદ કરશે. કુકી સમુદાયની સર્વોચ્ચ સંસ્થા, કુકી ઈન્પી મણિપુરે ભાર મૂક્યો હતો કે રાજ્યમાં વડા પ્રધાનનું સ્વાગત થવું જોઈએ, પરંતુ આ મુલાકાત ન્યાય અને કુકી-ઝો લોકોની સામૂહિક આકાંક્ષાઓને માન્યતા આપવી જોઈએ. સંગઠને દાવો કર્યો હતો કે રાજકીય ઉકેલની માંગ "સ્પષ્ટ અને મક્કમ" છે અને કામચલાઉ રાહત પગલાં કાયમી ઉકેલ લાવી શકે તેમ નથી. મહિલા સંગઠન ઈમાગી મીરાએ જણાવ્યું હતું કે વડા પ્રધાને મણિપુરની તેમની મુલાકાત દરમિયાન અધિકારીઓને નિર્દેશ આપવા જોઈએ કે તેઓ મેઈતેઈઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આગળ વધવા દે અને તેમની સલામતી સુનિશ્ચિત કરે. મે ૨૦૨૩થી મેઈતેઈ અને કુકી-ઝો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૬૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર બન્યા છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યા બાદ કેન્દ્રએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું. ૨૦૨૭ સુધી કાર્યકાળ ધરાવતી રાજ્ય વિધાનસભાને સ્થગિત કરવામાં આવી છે.

# આસામના કરીમગંજનું નામ બદલીને ભાજપ સરકારે શ્રી ભૂમિ કરી દેતાં વ્યાપક વિરોધ ભડકી ઊઠ્યો

**મુસ્લિમ સમાજ અને ડાબેરી પક્ષોના સંગઠનોએ આક્ષેપ કર્યો છે કે, રાજ્ય સરકારનું આ પગલું ઈતિહાસની અવગણના કરતું પગલું છે અને સરકારી દસ્તાવેજોને પણ બાધા પહોંચી રહી છે અને મુસ્લિમ સમાજના જે જિલ્લાઓ છે તેને જ નિશાન બનાવવામાં આવી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મુખ્યમંત્રી હિમાંતા વિશ્વા સારમાના નેતૃત્વ હેઠળની આસામની ભાજપ સરકાર વધુ એક વખત વિવાદના મોજામાં સપડાઈ છે. કરીમ ગંજ જિલ્લાનું નામ બદલીને શ્રી ભૂમિ કરવાના ભાજપની રાજ્ય સરકારના નિર્ણયને પગલે જબરદસ્ત વિરોધ ભડકી ઊઠ્યો છે. ખાસ કરીને મુસ્લિમ સમાજમાંથી અને ડાબેરી પક્ષોના સંગઠનો તરફથી જોરદાર વિરોધ ઊભો થવા પામ્યો છે અને મુસ્લિમ સમુદાય તથા ડાબેરી સંગઠનોએ રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા તથા ઓળખને ભૂંસી નાખવાના ઈરાદાપૂર્વકના પ્રયાસ સમાન આ નિર્ણય ગણાવ્યો છે. કરીમ ગંજના નામ બદલવાના નિર્ણયને પગલે લોકો અને આ જિલ્લાના રહેવાસીઓ શેરીઓમાં ઉતરી પડ્યા હતા અને વિરોધના સૂત્રો લખેલા બેનર હાથમાં ફરકાવ્યા હતા. શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ પણ વિરોધમાં જોડાયા હતા જે દર્શાવે છે કે કોઈપણ જાતની મર્યાદા વિના આ નિર્ણય સામેનો વિરોધ એટલો બધો ઘેરો અને ઊંડો છે. એક સ્થાનિક શિક્ષક મોહમ્મદ ઈરફાન કહે છે કે કરીમગંજએ માત્ર નામ નથી એ અમારો ઈતિહાસ છે અને અમારી ઓળખ છે. તેનું નામ બદલીને શ્રી ભૂમિ કરવાથી અમારા વારસાની અવગણના થઈ છે અને મુસ્લિમ સમાજની લાગણીઓને જફા પહોંચી છે.

ડાબેરી સંગઠનોએ સરકારની ટીકા કરી છે અને કહ્યું છે કે, કરીમ ગંજ ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ શહેર અને જિલ્લો છે અને અહીંના રહેવાસીઓની અનેક પેઢીઓ સાથે આ નામ સંકળાયેલું છે. એટલે સમાજની સાથે પહેલેથી ચર્ચા વિચારણાના કરી આ નવું નામકરણ કરીને અહીં રહેતી પ્રજાની ગંભીર રીતે અવગણના કરવામાં આવી છે એવું કહેતા એક નેતા રાકેશ શર્મા કહે છે કે અચાનક નવું નામ કરવાથી અનેક પ્રકારની વ્યવહારિક સમસ્યાઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે જેમ કે સરકારી દસ્તાવેજી કરણ તથા સરકારના તમામ દસ્તાવેજો અને સમગ્ર વહીવટી પ્રક્રિયા સહિતની વ્યવહારૂ મુશ્કેલીઓનો લોકોને સામનો કરવાનો આવશે. લોકો શેરીઓમાં ઉતરી પડતા દેખાવો કાબૂમાં લેવા માટે સત્તાવાળાઓએ જંગી સંખ્યામાં પોલીસની કુમકો ઉતારી દીધી હતી અને કેટલાક સ્થળે પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણો પણ થઈ હતી. જો કે, અત્યારે પરિસ્થિતિ સરવાળે કાબૂ હેઠળ છે. કરીમગંજ જિલ્લો બાંગ્લાદેશ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલો છે એટલે સંવેદનશીલ ગણાય છે અને અહીં સર્જાતી કોઈપણ પ્રકારની અશાંતિની વ્યાપક અસરો થઈ શકે છે. સ્થાનિક મુસ્લિમ નાગરિકો કહે છે કે મુસ્લિમની વસ્તી વધુ હોય એવા વિસ્તારોને જ નિશાન બનાવવામાં બહુ વ્યાપક રાજકીય એજન્ડાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હોય એવું દેખાય છે અને અમારા નામો અમારી જ ભૂમિ પરથી દૂર કરવામાં આવી રહ્યા છે એવું એક કોલેજ વિદ્યાર્થીની આયશા બેગમ કહે છે



અને જણાવે છે કે અમે એટલા માટે વિરોધમાં જોડાયા છીએ કેમ કે અનેક પેઢીઓથી અમે અહીં વસવાટ કરી રહ્યા છીએ ત્યારે સરકારે નવું નામ રાખવાને બદલે અમારી ઓળખ અને અમારી લાગણીઓને માન આપવું જોઈએ કેમ કે આ નવા નામને ઈતિહાસ સાથે કોઈ લેવા દેવા નથી.

અત્યારે ભારતમાં અનેક શહેરો અને જિલ્લાઓમાં તથા વિસ્તારોમાં મુસ્લિમ ઓળખ ધરાવતા નામોને બદલી નાખવાની અજાયબ અભિગમ જોવા મળી રહ્યા છે અને ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં આવું બધું વધારે બની રહ્યું છે જો કે, કરીમ ગંજમાં આનો સૌથી વધુ વિરોધ થયો છે અને લોકો કહી રહ્યા છે કે, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે બિલકુલ વ્યાજબી નથી છતાં નામ બદલવામાં આવ્યું છે જેનાથી કોમી તનાવ ઊભો થઈ શકે છે અને અસરગ્રસ્ત વિસ્તારોની વહીવટી કામગીરીને પણ નુકસાન પહોંચી શકે છે. સરકારે પહેલા સ્થાનિક લોકોની લાગણીઓને ધ્યાનમાં લઈને તેમની સાથે ચર્ચા કરવી જોઈએ એવું કહેતા સ્થાનિક મુસ્લિમ નેતા ફરહાન અહેમદ કહે છે કે મુસ્લિમ સમાજ સાથે મસલતો કર્યા વિના નામ બદલવું એ બિલકુલ સંવેદના વિહીન પગલું છે બલ્કે આ રાજકીય હેતુ પ્રેરિત પગલું છે એટલે જૂનું નામ ફરીથી રાખવું જરૂરી બન્યું છે.

ભાજપની સરકાર એવું કહેતી રહી છે કે વધુ વ્યાપક વહીવટી સુધારા અને સાંસ્કૃતિક વિચારણાઓને ધ્યાનમાં રાખીને નામો બદલવામાં આવી રહ્યા છે પરંતુ ટીકાકારોને ગળે આ દલીલ ઉતરતી નથી અને તેઓ કહી રહ્યા છે કે આવા પગલાથી અહીંના અને જ્યાં નામ બદલવામાં આવે છે ત્યાંના સ્થાનિક રહેવાસીઓ એમની અવગણના થયાનું અનુભવી રહ્યા છે. વિરોધ આંદોલન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે અને નામકરણના નિર્ણયની ફેરવિચારણા કરવા અથવા સ્થાનિક વસ્તી સાથે પહેલા વાતચીત કરવા આસામ સરકાર પર દબાણ વધી રહ્યું છે.

જૂનાગઢમાં કોંગ્રેસની રાષ્ટ્રીય શિબિરનો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના હસ્તે પ્રારંભ

# બે વ્યક્તિ એવા છે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા : મલ્લિકાર્જુન ખડગેનો કટાક્ષ

## શિબિરમાં પ્રદેશ કક્ષાના આગેવાનો, કાર્યકર્તાઓને સંગઠન મજબૂત કરવા માટે અનેક મુદ્દાઓ ઉપર તાલીમ અપાશે

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ સ્થિત પ્રેરણાધામ ખાતે કોંગ્રેસની ૧૦ દિવસની પ્રશિક્ષણ શિબિરનો આજથી પ્રારંભ થયો છે. ૧૦ દિવસ ચાલનારા પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનાં હસ્તે પ્રારંભ થયો હતો. સંસદમાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી સહીતનાં અનેક રાષ્ટ્રીય નેતાઓ આ શિબિરમાં હાજરી આપશે. જેને લઈને કોંગ્રેસનાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આ શિબિરમાં કોંગ્રેસનાં અનેક દિગ્ગજ નેતાઓ તેમજ સામાજીક ક્ષેત્રે



(તસવીર : એસ.આઈ.બુખારી, જૂનાગઢ)

જોડાયેલા અનેક મહાનુભાવો પણ હાજરી આપનાર છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ શિબિર આજથી તા.૨૦ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ શિબિરમાં જુદા જુદા વિષયો ઉપર સેશનનું પણ આયોજન કરાયેલ છે. રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંગઠન મહામંત્રી કેસીવેણ ગોપાલ, મહામંત્રી અને સંગઠનનાં પ્રભારી મુકુલ વાસનીક સહીતનાં વરિષ્ઠ અગ્રણી નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. જૂનાગઢ પધારેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જે ધરતી પર મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ જેવા લોકોએ જન્મ લઈને દેશને આઝાદી અપાવી તે બંને વ્યક્તિ અમારા માટે પૂજનીય છે. જેના કારણે આપણે આઝાદી મળી અને દેશ એક છે. જ્યારે અન્ય બે વ્યક્તિ એવા છે કે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા. ગાંધી અને સરદારે જે કર્યું તેનો નાશ કરવા માટે અન્ય બે લોકો પણ અહીં જ છે. મલ્લિકાર્જુન ખડગે એ વધુમાં જણાવ્યું કે, તેમણે તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે કામગીરી શરૂ કરી હતી. તેઓ વર્ષો સુધી ધારાસભ્ય, સંસદસભ્ય અને આજે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. આજે રાષ્ટ્રીય કક્ષાએ વિરોધ પક્ષના નેતા તરીકે રાજ્યસભામાં તેઓ કામ કરી રહ્યા છે. લોક સેવા માટે આગામી દિવસોમાં જે કામો કરવાના છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

## અમરેલી એલસીબી પોલીસે છ જેટલી ચોરીનો ભેદ ઉકેલ્યો

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ.કોલાદરા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેક્નીકલ સોર્સ આધારે એક ઇસમને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા મોટર સાયકલ સાથે પકડી અમરેલી એલસીબીએ પકડી પાડ્યો છે, પકડાયેલ ઇસમની સઘન પૂછપરછ કરતા તેનું નામ ઘનશ્યામ સવજીભાઈ દુધાત, (ઉ.વ.૩૦) હાલ (રહે. રાજકોટ) સઘન પૂછપરછમાં આ ઈસમે અલગ અલગ જગ્યાએ ૬ ચોરીઓની કબુલાત આપતા, વાહન તથા મંદિર સહિતના ૬ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે આરોપી પાસેથી કબ્જે કરેલ મુદામાલ (૧) રોકડ રૂ.૫૯૦/- (૨) એક હીરો હોન્ડા કંપનીનું સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ જેના રજી. નં. GJ 10 CJ 9345 કિં.રૂ.૩૦,૦૦૦/- (૩) એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૩ જેની કિં.રૂ.૧૭,૦૦૦/-મળી કુલ કિં.રૂ.૪૭,૫૯૦/-નો મુદ્દામાલ લીધેલ હતો. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ.કોલાદરા તથા પો.સ.ઈ.કે.ડી.હડીયા તથા પો.સ.ઈ. એમ.ડી.ગોહિલ તથા પો.સ.ઈ. આર.એચ.રતન તથા એ.એસ.આઇ. હરેશસિંહ પરમાર તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. રમેશભાઈ સીસારા દ્વારા કરવામાં આવેલ હતી.

## પાલીતાણાના તલાટી મંત્રીના આગોતરા જામીન અરજી વડોદરા અદાલતે ફગાવી

(સંવાદદાતા દ્વારા) પાલીતાણા, તા.૧૦

પાલીતાણાના સિટી તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા અરમાન જોરાવરખાન શુકનાએ કાવતરૂં રચી ૬૯ લાખનું ફોર્ડ આચરતા છેતરપિંડી વિશ્વાસઘાતનો ગુનો સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાયો હતો જે ગુનાના કામે તેણે આગોતરા જામીન મેળવવા કોર્ટમાં અરજી કરતા કોર્ટે તેના આગોતરા જામીન નામંજુર કર્યા હતા. જાણવા મળતી વિગતો અનુસાર સિહોર તાલુકાના બુઢણા ગામે રહેતા અને પાલિતાણા સિટી તલાટી મંત્રી અરમાન જોરાવરખાન શુકનાએ ગત તા.૧૭/૧૦/૨૪ના રોજ ફરિયાદીની કંપનીના માલિક અંકુર જૈનના ફોટા મેળવી તેના ફોટાનો દુરૂપયોગ કરી ફેક વોટ્સએપ એકાઉન્ટ બનાવી ફરિયાદીને વોટ્સએપ ઉપર મેસેજ કરી કંપનીના પ્રોજેક્ટ માટે પૈસાની જરૂરિયાત હોય તેવી રીતે વાત કરી વિશ્વાસમાં લઈ ઓનલાઈન માધ્યમથી બેંક ખાતામાં રૂ.૬૯ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. જે મામલે વડોદરા સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં અરમાન જોરાવરખાન સામે બીએનએસ અને આઈટી એક્ટ તળે ગુનો નોંધાયો હતો. ઉપરોક્ત ગુનાના કામે પાલીતાણાના તલાટી મંત્રી અરમાન જોરાવરખાન શુકનાએ આગોતરા જામીન મેળવવા વડોદરા કોર્ટમાં અરજી કરી હતી. જે વડોદરા ૧૧માં એડિશનલ સેશન્સ જજની અદાલતમાં ચાલી જતાં અરમાન શુકનાના આગોતરા જામીન નામંજૂર કર્યા હતા.

## બે સગીરાઓ ઉપર દુષ્કર્મ આચરનાર ભાવનગરના વૃદ્ધને જીવે ત્યાં સુધીની જેલની સજા ફટકારતી કોર્ટ

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૧૦

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય વૃદ્ધે જુદી જુદી બે સગીરાઓ ઉપર બળાત્કાર આચર્યો હોવાની મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં જે તે સમયે આરોપી સામે ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. આ અંગેનો કેસ મહુવાના બીજા એડી. ડિસ્ટ્રિ. જજ એ.એસ. પાટીલની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલની અસરકારક દલીલો આધાર, પુરાવા, સાક્ષીઓ, વગેરે ધ્યાને રાખી આરોપી વૃદ્ધને આજીવન કેદ નૈસર્ગીક મૃત્યુ (જીવે ત્યાં સુધી)ની જેલની સજા તેમજ દંડ તેમજ બંને સગીરાઓને આર્થિક વળતર પણ ચૂકવવા અદાલતે હુકમ કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ મહુવાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગોલણ ચીથરભાઈ મકવાણા (ઉ.વ.૫૫) નામના વૃદ્ધે ગત વર્ષ ૨૦૨૪ની ફેબ્રુઆરી માસમાં બે સગીરાઓ જેમાં એક ૧૩ વર્ષ ૬ માસ તથા બીજી સગીરા ૧૫ વર્ષની બંને સગીરાઓને આ કામના આરોપીએ કહેલ કે તમે ઘરે આવો તમારૂં કામ છે તેમ કહીને ૧૫ દિવસમાં ૨ વખત દુષ્કર્મ કરેલ અને તેનો વીડિયો પણ ઉતાર્યો હોવાની ફરિયાદ નોંધાતા મહુવા રૂરલ પોલીસે આરોપી ગોલણ ચીથરભાઈ મકવાણાની સામે આઈ.પી.સી. કલમ ૩૭૬(૨)(જે)(એન), ૩૪૨, ૫૦૬(૨) તથા પોક્સો એક્ટની કલમ ૪-૬ તથા ક્રિ. લો. એમેન્ડમેન્ટ એક્ટ કલમ ૩૭૬(૩) મુજબ ગુનો નોંધાયો હતો. આ અંગેનો કેસ આજરોજ મહુવાના બીજા એડ. ડિસ્ટ્રિ. જજ એ.એસ. પાટીલની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલની અસરકારક દલીલો તેમજ મૌખિક પુરાવા, લેખિત આધાર, પુરાવા, સાક્ષીઓ વગેરે ધ્યાને રાખી આરોપી વૃદ્ધને આજીવન કેદ નૈસર્ગીક મૃત્યુ (જીવે ત્યાં સુધી)ની જેલની સજા તેમજ દંડ તેમજ ભોગ બનનાર બંને સગીરાઓને પુનઃવસન માટે રૂ.૪ લાખ-૪ લાખ વળતર પેટે ચુકવવા અદાલતે હુકમ કર્યો હતો.

વિધાનસભામાં હાર્દિક પટેલ સવાલ પૂછી રહ્યા હતા ને ધરપકડ વોરંટના સમાચાર આવ્યા

# ૨૦૧૮ના પાટીદાર આંદોલન કેસમાં કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ વિરૂદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું

## કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

પાટીદાર અનામત આંદોલન સમયે નોંધાયેલા એક ગુનાના સંદર્ભમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ સહિત ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ ધરકપડ વોરન્ટ ઈશ્યુ કર્યું છે. ૨૦૧૮માં અમદાવાદના નિકોલ વિસ્તારમાં PAASના આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાસ આગેવાનો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. એ કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતાં કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું છે, જોકે આ સમાચાર આવ્યા ત્યારે હાર્દિક પટેલ વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળમાં સવાલ પૂછી રહ્યા હતા. વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે પાટીદાર નેતા અને



વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે IPCની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૫૩, ૧૮૮, ૧૮૬, ૧૨૦, ૨૯૪, ૩૪ અને ૫૦૬ મુજબ ગુનો નોંધાયો હતો. એ સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. એમાં કેસ અત્યારે આરોપી પર ચાર્જ ફ્રેમના સ્ટેજ પર છે, પરંતુ આરોપી હાજર ન રહેતાં વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ પાટીદારોને અનામત આપવાની માગણી અને ખેડૂતોનાં દેવાં માફીની માગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું. એમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પર્વ આયોજિત કાવતરું કરીને રેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું. રેલીને અટકાવવામાં આવતાં તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# નડિયાદ : ખ્રિસ્તીઓના ધાર્મિક શિક્ષણના સેમિનારમાં હિન્દુ સેનાના કાર્યકરો ઘૂસ્યા

## 'ખરેખર ધર્મપરિવર્તન છે કે કેમ ? તે બાબત હજી અસ્પષ્ટ, તપાસ ચાલુ' : ડીવાયએસપી

નડિયાદ, તા.૧૦

નડિયાદમાં ખ્રિસ્તીઓ દ્વારા ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતા એક સેમિનારમાં ધર્મપરિવર્તનને લઈને કેટલાક લોકોએ શંકા ઉભી કરીને પોલીસમાં જાણ કરી હતી. હાલમાં પોલીસે હિન્દુ સેનાના કાર્યકર્તાની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે જો કે હજુ સુધી આની અંદર ખરેખર ધર્માંતર થયું છે કે નથી તેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

મળતી માહિતી મુજબ નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આર્શીવાદ સોસાયટી પાસે કેટલાક લોકો ધાર્મિક ઉચ્ચારણ કરતા હતા. ત્યાંથી પસાર થતાં હિન્દુ ધર્મ સેનાના કાર્યકરના કાને આ શબ્દો સંભળાયા હતા. જેના પગલે કાર્યકર આકાશ પટેલ, પ્રિતેશ પટેલ અને રાજન ત્રિપાઠી ત્યાં પહોંચ્યા તો ત્યાં હાજર ૫૦ જેટલા યુવક, યુવતીઓ હતા. હિન્દુ સેનાના કાર્યકરોને જોઈને આ ધર્મસભાના આયોજકોએ જણાવ્યું હતું કે આ ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતો આ સેમિનાર છે. હિંદુ સેનાના કાર્યકરોને ધર્મપરિવર્તનને લઈને શંકાઓ થતાં સમગ્ર મામલો નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે પહોંચ્યો હતો. જેથી પોલીસે આ મામલે બે ઈસમો સામે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમની કલમ ૪(૧), ૪(૨) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં આ બે ઈસમો અને બહારથી બોલાવવામાં આવેલા યુવક, યુવતીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. આ સમગ્ર મામલે ડીવાયએસપી વી.આર.બાજપાઈ મીડિયાને જણાવ્યું હતું કે આ બનાવમાં ફરિયાદી આકાશ પટેલની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પણ ખરેખર ધર્મપરિવર્તન કરાવવામાં આવે છે કે કેમ તે બાબત હજી અસ્પષ્ટ છે અને હાલમાં તપાસ ચાલુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સ્ટિવન મેકવાન અને સ્મિત મેકવાન બંને સેમિનારના આયોજક છે અને પ્રાથમિક પૂછપરછમાં પુછતા તેમણે જણાવ્યું કે, ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચારના હેતુથી આ ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૫૦ ઉપરાંતના યુવક, યુવતીઓ સામેલ હતા જેઓ દાહોદ, ફતેપુરા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશના વતની છે.

# કોંગ્રેસે પીએમ મોદી પર કટાક્ષ કર્યો, ટ્રમ્પના 'ઉપ વખત' યુદ્ધવિરામના દાવાની યાદ અપાવી

(એજન્સી) તા.૧૦

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ચીજવસ્તુઓ પર ૫૦% ટેરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. આવી સ્થિતિમાં જ્યારે ચર્ચા ગરમ થઈ ગઈ, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ એકબીજા સાથે ગરમ સંદેશાઓની આપ-લે કરી. આ પછી કોંગ્રેસે હવે આ મામલે કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે કટાક્ષમાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે, શું ભારત અને અમેરિકા ખરેખર એટલા સારા મિત્રો છે કે ટ્રમ્પે પોતાને ૩૫થી વધુ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામના શિલ્પી તરીકે વર્ણવ્યા છે ? તમને જણાવી દઈએ કે આ મામલે વધી રહેલા વિવાદ વચ્ચે, ટ્રમ્પે મંગળવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો ચાલી રહી છે અને તેમને વિશ્વાસ છે કે બંને દેશો ટૂંક સમયમાં સફળ કરાર પર પહોંચશે. તેમણે કહ્યું કે, તેઓ તેમના સારા મિત્ર વડાપ્રધાન મોદી સાથે ટૂંક સમયમાં વાત કરવા માટે ઉત્સાહિત છે. આના જવાબમાં, પીએમ મોદીએ બુધવારે X પર લખ્યું કે ભારત અને અમેરિકા સારા મિત્રો અને કુદરતી ભાગીદાર છે. અમારૂં માનવું છે કે ચાલી રહેલી વેપાર વાટાઘાટો બંને દેશો માટે અપાર શક્યતાઓના દરવાજા ખોલશે. આવી સ્થિતિમાં કોંગ્રેસના નેતા જયરામ રમેશે પીએમ મોદી પર



કટાક્ષ કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીએ ટ્રમ્પને કહ્યું કે, ભારત અને અમેરિકા 'કુદરતી ભાગીદાર' છે. પ્રશ્ન એ છે કે, શું એ એટલું 'કુદરતી' છે કે ટ્રમ્પે ૧૦ મેની સાંજે ૩૫ વખત દાવો કર્યો કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવ્યો અને તેમાં વેપારને હથિયાર તરીકે ઉપયોગ કર્યો ? બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર તીક્ષ્ણ હુમલો કર્યો. તેમણે કહ્યું કે, તે બંને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા માંગતા નથી. ગુજરાતના જૂનાગઢમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે ખડગેએ આ નિવેદન આપ્યું હતું. ખડગેએ કહ્યું કે, અમારૂં લક્ષ્ય ફક્ત ચૂંટણી જીતવાનું નથી, પરંતુ બંધારણ અને લોકશાહીને બચાવવાનું છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ પર, અમે તેમનું સન્માન કરીએ છીએ, પરંતુ આજે દેશમાં બે લોકો છે જે બંધારણ અને લોકશાહી સુરક્ષિત રહે તેવું ઈચ્છતા નથી.

## ગૂગલ એન્જિનિયરો માટે નવી માર્ગદર્શિકા : સોફ્ટવેર એન્જિનિયરોએ ફક્ત...

(એજન્સી) તા.૧૦

ગૂગલે કડક નવી માર્ગદર્શિકા જારી કરી છે જેમાં તેના સોફ્ટવેર એન્જિનિયરોને કોડિંગ કાર્યો માટે ફક્ત કંપનીના આંતરિક કૃત્રિમ બુદ્ધિ મોડેલોનો ઉપયોગ કરવાની જરૂર છે, કારણ કે, બધા કર્મચારીઓ પર AI કુશળતા દર્શાવવા માટે દબાણ વધે છે અથવા પ્રદર્શન મૂલ્યાંકનમાં પાછળ રહી જવાનું જોખમ રહે છે. બિઝનેસ ઈનસાઇડરના અહેવાલ મુજબ એન્જિનિયરિંગના વાઇસ પ્રેસિડેન્ટ મેગન કાચોલિયાએ જૂનમાં સોફ્ટવેર એન્જિનિયરોને એક ઈ-મેઈલ મોકલીને કોડિંગ ઉત્પાદકતા સુધારવા માટે AI ટૂલ્સનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો હતો. માર્ગદર્શિકામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, એન્જિનિયરોએ નોન-કોડિંગ કાર્યો માટે કોઈપણ તૃતીય-પક્ષ AI ટૂલ્સનો ઉપયોગ કરતા પહેલા મંજૂરી લેવી જોઈએ, જેમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ કાર્ય માટે ગૂગલની આંતરિક સિસ્ટમો પર વિશિષ્ટ નિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નિર્દેશ એવા સમયે આવ્યો છે જ્યારે CEO સુંદર પિચાઈએ જુલાઈમાં સર્વસંમતિ બેઠક દરમિયાન સ્પષ્ટ સંદેશ આપ્યો હતો : ગૂગલે તેની સ્પર્ધાત્મક ધાર જાળવી રાખવા માટે AIને સ્વીકારવું જોઈએ. ગૂગલના ઘણા વર્તમાન કર્મચારીઓએ, અનામી રીતે બોલતા, બિઝનેસ ઈનસાઇડરને જણાવ્યું હતું કે, મેનેજરો હવે કર્મચારીઓને તેમના દૈનિક AI ઉપયોગનું પ્રદર્શન કરવા માટે કહી રહ્યા છે. 'એ કોઈ સરળ બાબત નથી કે તમારે આગળ વધવા માટે તેનો ઉપયોગ કરવો પડે,' એક ગૂગલ કર્મચારીએ કહ્યું, જ્યારે બીજાએ અહેવાલ આપ્યો કે, AI-સંચાલિત વર્કફ્લો વિકસાવવાથી જે અન્ય ટીમના સભ્યોને લાભ થાય છે તે સક્રિય રીતે પુરસ્કાર આપવામાં આવે છે.

**ગૂગલમાં AI અપનાવવું એક સ્પર્ધાત્મક જરૂરિયાત બની ગઈ છે :** ગૂગલનું આક્રમક આંતરિક AI અભિયાન વ્યાપક ઉદ્યોગ વલણોને પ્રતિબિંબિત કરે છે, જ્યાં ટેક જાયન્ટ્સ બજાર પ્રભુત્વ માટે સ્પર્ધા કરતી વખતે તેમના ઓપરેશન્સમાં કૃત્રિમ બુદ્ધિમત્તાને એકીકૃત કરવા માટે દોડી રહ્યા છે. કંપની નોંધપાત્ર ઉત્પાદકતામાં વધારો નોંધાવે છે, જેમાં પિચાઈએ અહેવાલ આપ્યો છે કે, ગૂગલમાં લખાયેલા ૩૦%થી વધુ કોડ હવે AI-જનરેટેડ છે, જે ઓક્ટોબરમાં ૨૫%થી વધુ છે. અપડેટેડ એન્જિનિયર રોલ પ્રોફાઈલ્સ હવે સમસ્યાઓ ઉકેલવા માટે AIનો ઉપયોગ કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે, જે નોકરીની અપેક્ષાઓમાં ઔપચારિક પરિવર્તનનો સંકેત આપે છે. ગૂગલે આંતરિક સાધનો વિકસાવ્યા છે જેમાં સાઈડરનો સમાવેશ થાય છે, એક વિકાસ પ્લેટફોર્મ જેમાં કોડિંગ એજન્ટો સામેલ છે જે વિવિધ આંતરિક મોડેલો ચલાવે છે, જેમાં 'Gemini for Google' જે અગાઉ Goose તરીકે ઓળખાતું હતું - જે ખાસ કરીને કંપનીના આંતરિક તકનિકી ડેટા પર તાલીમ આપવામાં આવ્યું હતું. કોડિંગ ઉપરાંત વેચાણ અને કાનૂની વિભાગોના કર્મચારીઓને તેમના કાર્યપ્રવાહમાં NotebookLM જેવા AI સાધનોનો સમાવેશ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે અને કેટલાકને તેમની ચોક્કસ ભૂમિકાઓ માટે AIના Gemini AIના કસ્ટમ સંસ્કરણો બનાવવા માટે પણ તાલીમ આપવામાં આવી રહી છે. કંપનીએ તાજેતરમાં AI કોડિંગ સ્ટાર્ટઅપ વિન્ડસર્ફમાંથી મુખ્ય પ્રતિભાઓને હસ્તગત કરવા માટે ૨.૪ અબજ ડૉલરનું રોકાણ કર્યું છે, જેમાં CEO વરૂણ મોહનનો પણ સમાવેશ થાય છે, જે 'એજન્ટિક કોડિંગ' ક્ષમતાઓને આગળ વધારવા માટે ગૂગલની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે. જો કે, ગૂગલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કામગીરી સમીક્ષાઓમાં AIનો ઉપયોગ ઔપચારિક રીતે મૂલ્યાંકન કરવામાં આવતો નથી, ઘણા કર્મચારીઓ અપેક્ષા રાખે છે કે, તેમની AI કુશળતા કારકિર્દી પ્રગતિની તકોને પ્રભાવિત કરશે. કેટલાક આંતરિક પ્રતિકાર ઉભરી આવ્યા છે, કર્મચારીઓએ ગૂગલના સંદેશ બોર્ડ પર મીમ્સ પોસ્ટ કરીને પ્રશ્ન ઊઠાવ્યો છે કે, શું નોકરીની સુરક્ષા જાળવવા માટે ખરેખર અસરકારક ટેક્નોલોજીનો ફરજિયાત સ્વીકાર જરૂરી છે.

# કેવી રીતે યુપીના આરોગ્ય વિભાગમાં એક વ્યક્તિએ છ જિલ્લાઓમાં છ નોકરીઓ કરી

## લગભગ નવ વર્ષ સુધી, નકલ કરનારાઓએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું



(એજન્સી) તા.૧૦

જ્યારે આપણામાંથી મોટાભાગના લોકોને એક પણ નોકરી જાળવી રાખવામાં મુશ્કેલી પડી શકે છે, ત્યારે ઉત્તર પ્રદેશના આરોગ્ય વિભાગના ભરતી અર્પિત સિંહ છ જિલ્લાઓમાં નોકરીઓ સંભાળી રહ્યા હતા-એક 'પરાક્રમ' જે તાજેતરમાં સામે આવ્યું છે. વ્હિસલબ્લોઅર ચેતવણીઓ અને ડિજિટલ ઓડિટને કારણે ઔપચારિક તપાસ થઈ, જેમાં ઓછામાં ઓછા છ વ્યક્તિઓનો પર્દાફાશ થયો, દરેક પોતાને 'અર્પિત સિંહ' તરીકે રજૂ કરતા હતા, જેમણે બાંદા, બલરામપુર, શામલી, અમરોહા, ફર્રૂખાબાદ અને રામપુરમાં સમાન વ્યક્તિગત વિગતોનો ઉપયોગ કરીને પૂર્ણ-સમયના એક્સ-રે ટેકનિશિયનની નોકરીઓ મેળવી હતી. લગભગ નવ વર્ષ સુધી, આ લોકોએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું. રાજ્યના આરોગ્ય વિભાગના ડિજિટાઇઝેશન અભિયાન દ્વારા આ મહિને આ ગેરરીતિ સૌપ્રથમ પ્રકાશમાં આવી હતી, જેણે તેના માનવ સંસાધન વ્યવસ્થાપન પોર્ટલ પર ડેટાનું ક્રોસ-ચેકિંગ શરૂ કર્યું હતું. આ ડેટાબેઝ સરખામણીમાં જાણવા મળ્યું કે 'અર્પિત સિંહ' નામ, જે એક જ પિતાનું નામ અને જન્મ તારીખ સાથે હતું, તે ૨૦૧૬ની એક્સ-રે ટેકનિશિયન ભરતી યાદીમાં વારંવાર દેખાય છે. છ પોસ્ટિંગમાંથી ચારમાં સંપૂર્ણપણે સમાન કાયમી સરનામાં દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે બેમાં ફક્ત નાના તફાવત હતા. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં, અધિકારીઓએ શોધી કાઢ્યું કે દરેક નકલ કરનાર પાસે એક અનન્ય કર્મચારી કોડ અને ઘણીવાર, એક અનન્ય આધાર નંબર હતો, જે સિસ્ટમમાં ઊંડા ચકાસણી ખામીઓને પ્રકાશિત કરે છે. આ ખુલાસા પછી આરોગ્ય વિભાગે અનેક જિલ્લાઓમાં તપાસ શરૂ કરી. મુખ્ય તબીબી અધિકારીઓ પાસેથી હકીકત-શોધ અહેવાલો સોંપવામાં આવ્યા હતા અને પ્રારંભિક તપાસમાં વધુ વિસંગતતાઓ બહાર આવી હતી. તારણોએ વહીવટીતંત્રને ચોંકાવી દીધું હતું : આ કપટી નિમણૂકોએ ઘણા લોકોને નબળા પૃષ્ઠભૂમિ તપાસ અને જિલ્લા કચેરીઓ વચ્ચે વાસ્તવિક સમયના સંકલનના અભાવનો લાભ લેવાની મંજૂરી આપી હતી.

**આ ઘટનાક્રમનો સંક્ષિપ્ત સમયરેખા નીચે મુજબ છે :**

**જાન્યુઆરી ૨૦૧૬ :** યુપી સબઓર્ડિનેટ સર્વિસીસ સિલેક્શન કમિશન (UPSSSC)એ એક્સ-રે ટેકનિશિયનની જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી, ૨૯ જાન્યુઆરી સુધીમાં અરજીઓ બંધ કરી.

**મે-જુલાઈ ૨૦૧૬ :** ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા અને અંતિમ મેરિટ યાદી બહાર પાડવામાં આવી, જેમાં મેળ ખાતા ઓળખપત્રો ધરાવતા અનેક 'અર્પિત સિંહો'નો સમાવેશ થાય છે. છ અલગ-અલગ જિલ્લાઓમાં પોસ્ટિંગ્સ મંજૂર કરવામાં આવી.

**૨૦૧૬-૨૦૨૪ :** છેતરપિંડી શોધી કાઢવામાં આવી ન હતી, દરેક ઢોંગીને તેમના અનન્ય કોડ હેઠળ અલગ માસિક પગાર મળતો હતો, તેમનો રોજગાર લગભગ નવ વર્ષ સુધી સમાંતર ચાલતો હતો.

**૨૦૨૫ની શરૂઆતમાં :** જેમ-જેમ રેકોર્ડ ડિજિટાઇઝ્ડ અને સરખામણી કરવામાં આવી, તેમ-તેમ વિસંગતતાઓ સામે આવી, જેના કારણે ઔપચારિક વિભાગીય તપાસ શરૂ થઈ.

**૭-૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** પેરામેડિકલ સર્વિસીસના ડિરેક્ટર, ડૉ. રંજના ખરેએ લખનૌના વઝીરગંજ પોલીસ સ્ટેશનમાં છ 'અર્પિત સિંહો'ના નામ અને ૧૮ પાનાના દસ્તાવેજી પુરાવા જોડ્યા.

**૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક જાહેર કાર્યક્રમમાં આ મુદ્દો ઉઠાવ્યો, વ્યાપક તપાસ અને નીતિગત સુધારાનો નિર્દેશ આપ્યો.

એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ઓછામાં ઓછા છ લોકોએ આગ્રાના અનિલ કુમાર સિંહના પુત્ર અર્પિત સિંહનું નામ આપ્યું હતું. તે UPSSSC ૨૦૧૬ મેરિટ લિસ્ટમાં સીરીયલ નંબર ૮૦ પર મળી આવ્યો હતો. આ વ્યક્તિઓએ છ જિલ્લાઓમાં નોકરી મેળવવા માટે બનાવટી અથવા અલગ-અલગ આધાર વિગતોનો ઉપયોગ કર્યો હતો પરંતુ તેમની પાસે સમાન માતાપિતાની માહિતી હતી. બધાએ સમાંતર પગાર મેળવ્યો હતો, જેના કારણે મોટા પાયે નાણાકીય નુકસાન થયું હતું. છેતરપિંડી, બનાવટી અને નકલ સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ નોંધાયેલો કેસ ૧૮ પાનાના પુરાવા પર આધારિત છે. ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હોવાના અહેવાલ છે અને કેટલાક જિલ્લાઓમાં અગાઉની ફરિયાદોમાં ગેરરીતિઓનો સંકેત આપવામાં આવ્યો હતો.

પોલીસે તપાસ શરૂ કરી છે અને વિભાગ સંડોવાયેલા કર્મચારીઓને સસ્પેન્ડ કરતી વખતે ગુમાવવામાં આવેલ પગાર પાછા મેળવવાના પડકારનો સામનો કરી રહ્યો છે. ભવિષ્યની ભરતીમાં જગ્યાઓ ખાલી થવાની અને ફરીથી ખોલવાની શક્યતા છે.

આ કૌભાંડે ભરતી પ્રણાલીમાં ઘણી ઊંડી ખામીઓ ઉજાગર કરી છે. આમાં જિલ્લાઓમાં નબળી ચકાસણી અને પૃષ્ઠભૂમિ તપાસનો સમાવેશ થાય છે; અલગ કર્મચારી કોડ્સ સાથે દેખરેખ અને મેન્યુઅલ સ્થાનિક રેકોર્ડ મેનેજમેન્ટ પર નિર્ભરતા જે છેતરપિંડીને કેન્દ્રીય ચકાસણીને અવગણવાની મંજૂરી આપે છે; અપૂર્ણ અથવા ડુપ્લિકેટ આધારના ઉપયોગથી અનન્ય ઓળખ પ્રણાલીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી પારદર્શિતા અને સુરક્ષા નબળી પડી; વિલંબિત ડિજિટાઇઝેશન અને રીઅલ-ટાઇમ કેન્દ્રીયકૃત ઓડિટિંગ મિકેનિઝમનો અભાવ; નબળી જવાબદારી અને અસરકારક વ્હિસલબ્લોઅર સુરક્ષાનો અભાવ, શંકાઓ ઉભા થયા પછી પણ સુધારાત્મક કાર્યવાહીમાં વિલંબ.

નિષ્ણાતો તાત્કાલિક સુધારાઓ પર ભાર મૂકે છે, જેમાં રીઅલ-ટાઇમ ક્રોસ-ડિસ્ટ્રિક્ટ વેરિફિકેશન માટે કેન્દ્રીયકૃત આધાર-લિંક્ડ HR પ્લેટફોર્મ લાગુ કરવા, બાયોમેટ્રિક અને ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરીને ફરજિયાત સ્વચાલિત ઓડિટ અને નુકસાન વસૂલવા અને છેતરપિંડીને સજા કરવા માટે સ્પષ્ટ જવાબદારી પ્રોટોકોલનો સમાવેશ થાય છે.

# ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શન : ૨૦૦થી વધુ લોકોની ધરપકડ; બસોમાં આગ લગાવવામાં આવી, ટ્રેનો રોકવામાં આવી-'આ બળવાનો હેતુ' શું છે ?

**ફ્રાન્સમાં હાલમાં રાષ્ટ્રપતિ મેક્રોનની સરકાર સામે લોકોના ગુસ્સાને કારણે વ્યાપક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મુખ્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ કરી, રસ્તાઓ બ્લોક કર્યા અને આગ લગાવી, જેના કારણે ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અશાંતિ કરકસરનાં પગલાં અને રાજકીય અસ્થિરતાને કારણે છે, જેમાં યુનિયનો અને કાર્યકરો પરિવર્તનની માંગ કરી રહ્યા છે અને વધુ કાર્યવાહીની અપેક્ષા છે, જેનાથી સતત વિક્ષેપ થવાની ચિંતા વધી રહી છે**

(એજન્સી) તા.૧૦

ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે અને પેરિસ અને અન્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ, રસ્તાઓ બ્લોક અને આગની ઘટનાઓ બની છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકાર સામે લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે. અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે, અશાંતિના પહેલા કલાકો દરમિયાન ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, અને હજારો લોકો 'બ્લોક એવરીથિંગ' ચળવળના બેનર હેઠળ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. રાજધાનીમાં, વિરોધીઓએ બેરિકેડ સળગાવી દીધા હતા અને પોલીસ ટીયર ગેસના ગોળા વડે તેમને વિખેરવામાં આવ્યા હતા. ગૃહમંત્રી બ્રુનો રિટેલ્યુએ જણાવ્યું હતું કે, રેન્સમાં એક બસને આગ લગાવવામાં આવી હતી અને દક્ષિણપશ્ચિમમાં પાવર લાઇનને નુકસાન થયા બાદ ટ્રેન સેવાઓ બંધ કરવામાં આવી હતી. તેમણે વિરોધીઓ પર 'બળવાનું વાતાવરણ' બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. મેક્રોન સરકારે મોટા પાયે અવ્યવસ્થાને રોકવા માટે દેશભરમાં ૮૦,૦૦૦ પોલીસ અધિકારીઓને તૈનાત કર્યા હતા. આ હોવા છતાં, વિરોધીઓ બેરિકેડ ઊભા કર્યા, આગ લગાવી અને અનેક પ્રદેશોમાં પ્રદર્શનો કર્યા. પેરિસમાં કચરાના ડબ્બાઓ સળગાવી દેવામાં આવ્યા હતા, જ્યારે મુસાફરોએ મુખ્ય માર્ગો પર અવરોધોની જાણ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમય મુજબ સવારે ૯ વાગ્યા સુધીમાં રાજધાનીમાં ૭૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી, પરંતુ અશાંતિ ફેલાતાં દિવસભર ધરપકડોમાં સતત વધારો થયો હતો. બપોર સુધીમાં, પોલીસે દેશભરમાં લગભગ ૨૦૦ અટકાયતોની પુષ્ટિ કરી. 'બ્લોક એવરીથિંગ' ચળવળ દેશમાં પરિવહન, કાર્યકારી મુસાફરી અને રોજિંદા જીવનને ખોરવી નાખ્યું છે.

**આ વિરોધ શા માટે થયો ?**

ફ્રાન્સમાં એક અઠવાડિયાના રાજકીય ઉથલપાથલ પછી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. સોમવારે, વડાપ્રધાન ફ્રાન્કોઈસ બાયરોએ જાહેર રજાઓમાં કાપ મૂકવા અને પેન્શન સ્થગિત કરવા સહિતના વ્યાપક કરકસરનાં પગલાંની જાહેરાત બાદ સંસદીય વિશ્વાસ મત ગુમાવ્યો હતો. બાયરોએ હાર પછી તરત જ રાજીનામું આપ્યું. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ઝડપથી આગળ વધ્યા, મંગળવારે સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુને નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા-ફક્ત ૧૨ મહિનામાં આ પદ સંભાળનારા ચોથા વ્યક્તિ છે. ટીકાકારોએ મેક્રોન પર વ્યાપક અસંતોષને અવગણવાનો આરોપ લગાવ્યો. યુનિયનો અને વિરોધ નેતાઓએ કહ્યું કે, બાયરોના રાજીનામાથી તેમની ચિંતાઓ ઓછી થઈ નથી. સરકારનું પતન સારૂં છે, પરંતુ તે અપૂરતું છે.

**ફ્રાન્સની નાણાકીય સ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે :**

જાહેર નાણાકીય સ્થિતિ બગડવાની પૃષ્ઠભૂમિ સામે ફ્રાન્સનું રાજકીય સંકટ સામે આવી રહ્યું છે. મેક્રોને એક વર્ષમાં ચોથા વડાપ્રધાન તરીકે નિમણૂક કરી છે. દેશ વધતી ખાધ, વધતા ઉધાર ખર્ચ અને ખર્ચ સુધારાઓ પર સંમત થવામાં અસમર્થ સંસદનો સામનો કરી રહ્યો છે.

પહેલા રોગચાળો, પછી ઉર્જા સંકટ : ફ્રાન્સે ૧૯૭૩થી તેના બજેટને સંતુલિત કર્યું નથી, સ્થિર વૃદ્ધિ અને લોન દ્વારા એક વિશાળ કલ્યાણકારી રાજ્યને ટકાવી રાખ્યું છે. મેક્રોને, પહેલા અર્થતંત્ર મંત્રી તરીકે અને પછી રાષ્ટ્રપતિ તરીકે, કર કાપ, ખર્ચ અને નિવૃત્તિ વય ૬૨થી વધારીને ૬૪ જેવા સુધારાઓને આગળ ધપાવ્યા છે. પરંતુ દેવું પહેલાથી જ વધુ હતું-૨૦૦૮થી GDPના ૯૦%થી વધુ છે. રોગચાળા અને ૨૦૨૨માં રશિયાના યુક્રેન પરના આક્રમણથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. ફ્રાન્સે ઘરો અને વ્યવસાયોને સુરક્ષિત રાખવા માટે સબસિડી પર ભારે ખર્ચ કર્યો, જ્યારે વિશ્વભરમાં વ્યાજ દરમાં તીવ્ર વધારો થયો. દેવું ૨૦૧૯માં GDPના ૯૮%થી વધીને ૨૦૨૦માં ૧૧૪% થયું છે. ગયા વર્ષે ખાધ ૫.૮% સુધી પહોંચી ગઈ, જે EUની ૩%ની મર્યાદાથી ઘણી વધારે છે. રાજકીય ભૂલોએ કટોકટીને વધુ ખરાબ કરી : યુરોપિયન સંસદના મતદાનમાં તેમના પક્ષના નબળા પ્રદર્શન પછી નવી ચૂંટણીઓ બોલાવવાના મેક્રોનના નિર્ણયથી સરકાર વધુ અસ્થિર થઈ ગઈ. નવી રાષ્ટ્રીય સભા ડાબેરી જૂથ, મરીન લે પેનના રાષ્ટ્રવાદી પક્ષ અને મધ્યપંથીઓ વચ્ચે વિભાજીત થઈ ગઈ છે. ફ્રાન્સ પર GDPના ૪૩.૮% સાથે EUમાં સૌથી વધુ કર બોજ છે, જે પેન્શન, સિવિલ સેવકોના વેતન અને સંરક્ષણ પર સમાન રીતે ખર્ચ દ્વારા છે. વધતા વ્યાજ દરોને કારણે દેવા પર વાર્ષિક વ્યાજ ચૂકવણી €૬૭ બિલિયન થઈ ગઈ છે. શાળાઓ, આરોગ્યસંભાળ અથવા કલ્યાણ માટે ભંડોળ હવે ઉપલબ્ધ નથી. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે ફ્રાન્સને આગામી વર્ષોમાં GDPના લગભગ ૫% જેટલા કર વધારો અને ખર્ચમાં ઘટાડો કરવાની જરૂર પડશે.

**'બ્લોક એવરીથિંગ'નો ઉદય**

'બ્લોકન્સ ટાઉટ' અથવા 'બ્લોક એવરીથિંગ' ચળવળ આ ઉનાળામાં શરૂ થઈ હતી, જેણે TikTok, X અને એન્ક્રિપ્ટેડ મેસેજિંગ ચેનલો દ્વારા ઓનલાઈન વેગ મળ્યો હતો. હડતાળ, બહિષ્કાર અને શેરી વિરોધ માટેના તેના આહવાન કામદારો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો સાથે હતા જેઓ માનતા હતા કે, મેક્રોનની નીતિઓ અસમાનતાને વધારે છે. આ ચળવળમાં કોઈ કેન્દ્રીય નેતૃત્વ નથી.

જૂનાગઢમાં કોંગ્રેસની રાષ્ટ્રીય શિબિરનો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના હસ્તે પ્રારંભ

# બે વ્યક્તિ એવા છે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા : મલ્લિકાર્જુન ખડગેનો કટાક્ષ

## શિબિરમાં પ્રદેશ કક્ષાના આગેવાનો, કાર્યકર્તાઓને સંગઠન મજબૂત કરવા માટે અનેક મુદ્દાઓ ઉપર તાલીમ અપાશે

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ સ્થિત પ્રેરણાધામ ખાતે કોંગ્રેસની ૧૦ દિવસની પ્રશિક્ષણ શિબિરનો આજથી પ્રારંભ થયો છે. ૧૦ દિવસ ચાલનારા પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનાં હસ્તે પ્રારંભ થયો હતો. સંસદમાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી સહીતનાં અનેક રાષ્ટ્રીય નેતાઓ આ શિબિરમાં હાજરી આપશે. જેને લઈને કોંગ્રેસનાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આ શિબિરમાં કોંગ્રેસનાં અનેક દિગ્ગજ નેતાઓ તેમજ સામાજીક ક્ષેત્રે જોડાયેલા અનેક મહાનુભાવો પણ હાજરી આપનાર છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ શિબિર આજથી તા.૨૦ સપ્ટેમ્બર સુધી ચાલશે.આ શિબિરમાં જુદા જુદા વિષયો ઉપર સેશનનું પણ આયોજન કરાયેલ છે. રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંગઠન મહામંત્રી કેસીવેણ ગોપાલ, મહામંત્રી અને સંગઠનનાં પ્રભારી મુકુલ વાસનીક સહીતનાં વરિષ્ઠ અગ્રણી નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. જૂનાગઢ પધારેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જે ધરતી પર મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ જેવા લોકોએ જન્મ લઈને દેશને આઝાદી અપાવી તે બંને વ્યક્તિ અમારા માટે પૂજનીય છે. જેના કારણે આપણે આઝાદી મળી અને દેશ એક છે. જ્યારે અન્ય બે વ્યક્તિ એવા છે કે, જે દેશના સંવિધાનને સુરક્ષિત રહેવા દેવા નથી માંગતા. ગાંધી અને સરદારે જે કર્યું તેનો નાશ કરવા માટે અન્ય બે લોકો પણ અહીં જ છે. મલ્લિકાર્જુન ખડગે એ વધુમાં જણાવ્યું કે, તેમણે તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે કામગીરી શરૂ કરી હતી. તેઓ વર્ષો સુધી ધારાસભ્ય, સંસદસભ્ય અને આજે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. આજે રાષ્ટ્રીય કક્ષાએ વિરોધ પક્ષના નેતા તરીકે રાજ્યસભામાં તેઓ કામ કરી રહ્યા છે. લોક સેવા માટે આગામી દિવસોમાં જે કામો કરવાના છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.



(તસવીર : એસ.આઈ.બુખારી, જૂનાગઢ)

વિધાનસભામાં હાર્દિક પટેલ સવાલ પૂછી રહ્યા હતા ને ધરપકડ વોરંટના સમાચાર આવ્યા

# ૨૦૧૮ના પાટીદાર આંદોલન કેસમાં કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ વિરૂદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું

## કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

પાટીદાર અનામત આંદોલન સમયે નોંધાયેલા એક ગુનાના સંદર્ભમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ સહિત ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ ધરકપડ વોરન્ટ ઈશ્યુ કર્યું છે. ૨૦૧૮માં અમદાવાદના નિકોલ વિસ્તારમાં PAASના આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાસ આગેવાનો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. એ કેસની કોર્ટ મુદતોમાં હાર્દિક પટેલ વારંવાર ગેરહાજર રહેતાં કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું છે, જોકે આ સમાચાર આવ્યા ત્યારે હાર્દિક પટેલ વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળમાં સવાલ પૂછી રહ્યા હતા. વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે પાટીદાર નેતા અને



વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે IPCની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૫૩, ૧૮૮, ૧૮૬, ૧૨૦, ૨૯૪, ૩૪ અને ૫૦૬ મુજબ ગુનો નોંધાયો હતો. એ સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. એમાં કેસ અત્યારે આરોપી પર ચાર્જ ફ્રેમના સ્ટેજ પર છે, પરંતુ આરોપી હાજર ન રહેતાં વર્તમાન વિરમગામ ધારાસભ્ય હાર્દિક પટેલ સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ પાટીદારોને અનામત આપવાની માગણી અને ખેડૂતોનાં દેવાં માફીની માગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું. એમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પર્વ આયોજિત કાવતરું કરીને રેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું. રેલીને અટકાવવામાં આવતાં તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# ડુંગરપુરના 'બળજબરીથી ખાલી કરાવવાના' કેસમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમખાનને જામીન આપતી અલ્હાબાદ હાઈકોર્ટ

**રામપુરની ડુંગરપુર કોલોનીના રહેવાસીઓએ એમને બળજબરીથી હાંકી કાઢવામાં આવ્યા હોવાનો સપાના નેતા પર આરોપ મૂક્યો હતો આ કેસમાં એમના જામીન અદાલતે મંજૂર કર્યા છે, રામપુરની એમપી/એમએલએ કોર્ટ દ્વારા સભાના સિનિયર નેતાને દોષિત ઠરાવીને દસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી તેની સામે સપાના નેતાએ કરેલી અપીલ પર જસ્ટિસ સમીર જૈન દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે**

(એજન્સી) અલ્હાબાદ, તા.૧૦

અલ્હાબાદ હાઈકોર્ટે રામપુરની ડુંગરપુર કોલોનીના રહેવાસીઓને બળજબરીથી ખદેડી મૂકવાના આરોપ અંગેના કેસમાં સમાજવાદી પાર્ટીના સિનિયર નેતા આઝમખાનના જામીન મંજૂર કર્યા હતા. આ કેસમાં રામપુરની એમપી/એમએલએ અદાલત દ્વારા ખાનને દોષિત ઠરાવીને દસ વર્ષની કેદની સજા સંભળાવવામાં આવી હતી. આઝમખાને આ ચુકાદા સામે કરેલી અપીલ પર અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સમીર જૈન દ્વારા તેમના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. આઝમખાનને એમની સજાના ચુકાદા સામે જે અપીલ કરી છે તે અંગેનો ચુકાદો જોકે હાઈકોર્ટે અનામત રાખ્યો છે.

# 'નેપાળ તરફ જુઓ' : મહેબૂબાએ AAPના મેહરાજ મલિક સામે FIRની નિંદા કરી, લોકોના અવાજને 'દબાવવા' સામે ચેતવણી આપી

(એજન્સી) તા.૧૦



પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે જમ્મુ અને કાશ્મીરમાં હઝરતબલ પ્રતીક વિવાદ પરથી ધ્યાન હટાવવા માટે આપ ધારાસભ્ય મેહરાજ મલિકને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે. આપના જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ મલિકને સોમવારે ડોડા જિલ્લામાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના આરોપસર કડક કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં તેમને કઠુઆ જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યા હતા. અહીં પાર્ટી મુખ્યાલયમાં પત્રકારો સાથે વાત કરતા, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, "હઝરતબલમાં ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી. માફી માંગવા અને વક્ફ બોર્ડ અને તેના અધ્યક્ષ સામે કાર્યવાહી કરવાને બદલે, તેમણે અપમાન સામે ગુસ્સો વ્યક્ત કરનારાઓ સામે કેસ નોંધ્યા છે." "ડોડાના ધારાસભ્ય મેહરાજ મલિકે કેટલાક શબ્દો અથવા અપશબ્દોનો ઉપયોગ કર્યો હશે, પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિ પર પીએસએ હેઠળ કેસ નોંધવો એ હઝરતબલ ઘટનાને કારણે કાશ્મીરની પરિસ્થિતિ પરથી ધ્યાન હટાવવાની યુક્તિ લાગે છે." પીડીપીના વડાએ કહ્યું કે ડોડા તાજેતરના ભારે વરસાદની અસર હેઠળ હતા અને લોકોને રાહત આપવાને બદલે, વહીવટીતંત્રે ધારાસભ્ય સામે કેસ દાખલ કર્યો હતો. "આ જમ્મુ અને કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દર્શાવે છે," તેણીએ કહ્યું. મહેબૂબાએ કહ્યું કે ઉપરાજ્યપાલે હઝરતબલ ઘટનાના સંદર્ભમાં લોકો સામે કાર્યવાહી બંધ કરવી જોઈએ અને ધારાસભ્ય ડોડાને પણ મુક્ત કરવા જોઈએ. "હું ઉપરાજ્યપાલને અપીલ કરૂં છું કે હઝરતબલ ઘટનામાં નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચી લે અને ધારાસભ્ય ડોડાને પણ મુક્ત કરે. તેમણે કઠોર ભાષાનો ઉપયોગ કર્યો હશે પરંતુ પીએસએ કે જેલ તેની સજા નથી,"પીડીપીના વડાએ કહ્યું કે જો લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવાઈ જશે અથવા તેમનો અવાજ દબાવવામાં આવશે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. તેમણે કહ્યું, "બાંગ્લાદેશ, શ્રીલંકા કે નેપાળની પરિસ્થિતિ જુઓ...ડોડામાં વિકસી રહેલી પરિસ્થિતિ જુઓ. લેફ્ટનન્ટ ગવર્નરે જમીની સ્તરે પરિસ્થિતિનું ધ્યાન રાખવું જોઈએ અને (હઝરતબલમાં) FIR પાછી ખેંચીને અને ધારાસભ્ય ડોડાને મુક્ત કરીને વાતાવરણને યોગ્ય બનાવવું જોઈએ."

# નડિયાદ : ખ્રિસ્તીઓના ધાર્મિક શિક્ષણના સેમિનારમાં હિન્દુ સેનાના કાર્યકરો ઘૂસ્યા

## 'ખરેખર ધર્મપરિવર્તન છે કે કેમ ? તે બાબત હજી અસ્પષ્ટ, તપાસ ચાલુ' : ડીવાયએસપી

નડિયાદ, તા.૧૦

નડિયાદમાં ખ્રિસ્તીઓ દ્વારા ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતા એક સેમિનારમાં ધર્મપરિવર્તન અને લઈને કેટલાક લોકોએ શંકા ઉભી કરીને પોલીસમાં જાણ કરી હતી. હાલમાં પોલીસે હિન્દુ સેનાના કાર્યકરોની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે જો કે હજુ સુધી આની અંદર ખરેખર ધર્માંતર થયું છે કે નથી તેની તપાસ પોલીસ ચલાવી રહી છે. મળતી માહિતી મુજબ નડિયાદ પશ્ચિમ વિસ્તારના આર્શીવાદ સોસાયટી પાસે કેટલાક લોકો ધાર્મિક ઉચ્ચારણ કરતા હતા. ત્યાંથી પસાર થતાં હિન્દુ ધર્મ સેનાના કાર્યકરના કાને આ શબ્દો સંભળાયા હતા. જેના પગલે કાર્યકર આકાશ પટેલ, પ્રિતેશ પટેલ અને રાજન ત્રિપાઠી ત્યાં પહોંચ્યા તો ત્યાં હાજર ૫૦ જેટલા યુવક, યુવતીઓ હતા. હિન્દુ સેનાના કાર્યકરોને જોઈને આ ધર્મસભાના આયોજકોએ જણાવ્યું હતું કે આ ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચાર અંતર્ગત ચાલતો આ સેમિનાર છે. હિન્દુ સેનાના કાર્યકરોને ધર્મપરિવર્તનને લઈને શંકાઓ થતાં સમગ્ર મામલો નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે પહોંચ્યો હતો. જેથી પોલીસે આ મામલે બે ઈસમો સામે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમની કલમ ૪(૧), ૪(૨) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં આ બે ઈસમો અને બહારથી બોલાવવામાં આવેલા યુવક, યુવતીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. આ સમગ્ર મામલે ડીવાયએસપી વી.આર.બાજપાઈ મીડિયાને જણાવ્યું હતું કે આ બનાવમાં ફરિયાદી આકાશ પટેલની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પણ ખરેખર ધર્મપરિવર્તન કરાવવામાં આવે છે કે કેમ તે બાબત હજી અસ્પષ્ટ છે અને હાલમાં તપાસ ચાલુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સ્ટિવન મેકવાન અને સ્મિત મેકવાન એ સેમિનારના આયોજક છે અને પ્રાથમિક પૂછપરછમાં પુછતા તેમણે જણાવ્યું કે, ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રચારના કાર્યક્રમ માટે આ ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૫૦ ઉપરાંતના યુવક, યુવતીઓ સામેલ હતા જેઓ દાહોદ, ફતેપુરા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશના વતની છે.

# એક મુસ્લિમ વ્યક્તિને પોતાનો ધર્મ જાહેર કર્યા બાદ પાછો મોકલી દેવામાં આવ્યો


(એજન્સી) તા.૧૦

આસામના એક યુવાન મુસ્લિમ વ્યક્તિએ આરોપ લગાવ્યો છે કે લોકપ્રિય જોબ પોર્ટલ ઈન્ડીડ દ્વારા મિકેનિકલ એન્જિનિયર પદ માટે અરજી કર્યા પછી તેને ધાર્મિક ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. શમીમ બારભુઈયાએ ઈન્ડીડ દ્વારા સિલચરના બિહાર રેલવે સ્ટેશન યાર્ડના એક યુનિટમાં નોકરી માટે અરજી કરી હતી. નોકરીના વર્ણનમાં જણાવાયું હતું કે, 'ઉમેદવાર જન્મથી બંગાળી અને જન્મથી ભારતીય હોવો જોઈએ અને ત્રણ મુખ્ય ભાષાઓનું જ્ઞાન હોવું જોઈએ.' ભારતમાં રેલવે સ્ટેશન યાર્ડમાં સરકારી (નિયમિત) અને આઉટસોર્સ્ડ (કોન્ટ્રાક્ટ) બંને કામદારો દ્વારા સ્ટાફ રાખી શકાય છે, કારણ કે, ભારતીય રેલવે (IR) તેના કાયમી કર્મચારીઓને મુખ્ય કાર્યો માટે રોજગારી આપે છે અને કાર્યક્ષમતા સુધારવા માટે જરૂરિયાત મુજબ જાળવણી અને સફાઈ જેવા બિન-મુખ્ય અથવા આનુષંગિક કાર્યોને આઉટસોર્સ કરે છે. ભરતીના તમામ તબક્કા પૂર્ણ કર્યા પછી HR વિભાગે શમીમને ૧૮,૦૦૦ રૂપિયાનો પગાર ઓફર કર્યો. જો કે, અધિકારીએ તેમને ૬ સપ્ટેમ્બર પછી ઓફર લેટર વિના જોડાવા કહ્યું, ધ ઓબ્ઝર્વર પોસ્ટના અહેવાલ મુજબ. તેમણે કહ્યું, 'તેઓએ મને ઓફિસમાં આવવા કહ્યું, પરંતુ મને જોડાવાનો પત્ર ન મળતાં હું તેમના દાવાઓ પર શંકા કરવા લાગ્યો. જ્યારે મેં આ વિશે પૂછ્યું, ત્યારે મારો પ્રશ્ન ટાળી દેવામાં આવ્યો.' ઘણી વાર પ્રયાસ કર્યા પછી HRએ પૂછ્યું, 'તમે હિન્દુ છો કે મુસ્લિમ ?' જ્યારે શમીમે જવાબ આપ્યો કે તે મુસ્લિમ છે, ત્યારે અધિકારીએ કહ્યું કે, કોઈ ખાલી જગ્યા નથી, જેનાથી તે ચોંકી ગયો. શમીમ આ સ્પષ્ટ ધાર્મિક ભેદભાવથી ખૂબ જ દુઃખી છે.

# કોંગ્રેસે પીએમ મોદી પર કટાક્ષ કર્યો, ટ્રમ્પના '૩૫ વખત' યુદ્ધવિરામના દાવાની યાદ અપાવી

(એજન્સી) તા.૧૦

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ચીજવસ્તુઓ પર ૫૦% ટેરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. આવી સ્થિતિમાં જ્યારે ચર્ચા ગરમ થઈ ગઈ, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ એકબીજા સાથે ગરમ સંદેશાઓની આપ-લે કરી. આ પછી કોંગ્રેસે હવે આ મામલે કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે કટાક્ષમાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે, શું ભારત અને અમેરિકા ખરેખર એટલા સારા મિત્રો છે કે ટ્રમ્પે પોતાને ૩૫થી વધુ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામના શિલ્પી તરીકે વર્ણવ્યા છે ? તમને જણાવી દઈએ કે આ મામલે વધી રહેલા વિવાદ વચ્ચે, ટ્રમ્પે મંગળવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો ચાલી રહી છે અને તેમને વિશ્વાસ છે કે બંને દેશો ટૂંક સમયમાં સફળ કરાર પર પહોંચશે. તેમણે કહ્યું કે, તેઓ તેમના સારા મિત્ર વડાપ્રધાન મોદી સાથે ટૂંક સમયમાં વાત કરવા માટે ઉત્સાહિત છે. આના જવાબમાં, પીએમ મોદીએ બુધવારે X પર લખ્યું કે ભારત અને અમેરિકા સારા મિત્રો અને કુદરતી ભાગીદાર છે. અમારૂં માનવું છે કે ચાલી રહેલી વેપાર વાટાઘાટો બંને દેશો માટે અપાર શક્યતાઓના દરવાજા ખોલશે. આવી સ્થિતિમાં કોંગ્રેસના નેતા જયરામ રમેશે પીએમ મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીએ ટ્રમ્પને કહ્યું કે,



ભારત અને અમેરિકા 'કુદરતી ભાગીદાર' છે. પ્રશ્ન એ છે કે, શું એ એટલું 'કુદરતી' છે કે ટ્રમ્પે ૧૦ મેની સાંજે ૩૫ વખત દાવો કર્યો કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવ્યો અને તેમાં વેપારને હથિયાર તરીકે ઉપયોગ કર્યો ? બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર તીક્ષ્ણ હુમલો કર્યો. તેમણે કહ્યું કે, તે બંને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા માંગતા નથી. ગુજરાતના જૂનાગઢમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે ખડગેએ આ નિવેદન આપ્યું હતું. ખડગેએ કહ્યું કે, અમારૂં લક્ષ્ય ફક્ત ચૂંટણી જીતવાનું નથી, પરંતુ બંધારણ અને લોકશાહીને બચાવવાનું છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ પર, અમે તેમનું સન્માન કરીએ છીએ, પરંતુ આજે દેશમાં બે લોકો છે જે બંધારણ અને લોકશાહી સુરક્ષિત રહે તેવું ઈચ્છતા નથી.

# ગૂગલ એન્જિનિયરો માટે નવી માર્ગદર્શિકા : સોફ્ટવેર એન્જિનિયરોએ ફક્ત...

(એજન્સી) તા.૧૦

ગૂગલે કડક નવી માર્ગદર્શિકા જારી કરી છે જેમાં તેના સોફ્ટવેર એન્જિનિયરોને કોડિંગ કાર્યો માટે ફક્ત કંપનીના આંતરિક કૃત્રિમ બુદ્ધિ મોડેલોનો ઉપયોગ કરવાની જરૂર છે, કારણ કે, બધા કર્મચારીઓ પર AI કુશળતા દર્શાવવા માટે દબાણ વધે છે અથવા પ્રદર્શન મૂલ્યાંકનમાં પાછળ રહી જવાનું જોખમ રહે છે. બિઝનેસ ઈનસાઈડરના અહેવાલ મુજબ એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ મેગન કાચોલિયાએ જૂનમાં સોફ્ટવેર એન્જિનિયરોને એક ઈ-મેઈલ મોકલીને કોડિંગ ઉત્પાદકતા સુધારવા માટે AI ટૂલ્સનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો હતો. માર્ગદર્શિકામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, એન્જિનિયરોએ નોન-કોડિંગ કાર્યો માટે કોઈપણ તૃતીય-પક્ષ AI ટૂલ્સનો ઉપયોગ કરતા પહેલા મંજૂરી લેવી જોઈએ, જેમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ કાર્ય માટે ગૂગલની આંતરિક સિસ્ટમો પર વિશિષ્ટ નિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નિર્દેશ એવા સમયે આવ્યો છે જ્યારે CEO સુંદર પિચાઈએ જુલાઈમાં સર્વસંમતિ બેઠક દરમિયાન સ્પષ્ટ સંદેશ આપ્યો હતો : ગૂગલે તેની સ્પર્ધાત્મક ધાર જાળવી રાખવા માટે AIને સ્વીકારવું જોઈએ. ગૂગલના ઘણા વર્તમાન કર્મચારીઓએ, અનામી રીતે બોલતા, બિઝનેસ ઈનસાઈડરને જણાવ્યું હતું કે, મેનેજરો હવે કર્મચારીઓને તેમના દૈનિક AI ઉપયોગનું પ્રદર્શન કરવા માટે કહી રહ્યા છે. 'એ કોઈ સરળ બાબત નથી કે તમારે આગળ વધવા માટે તેનો ઉપયોગ કરવો પડે,' એક ગૂગલ કર્મચારીએ કહ્યું, જ્યારે બીજાએ અહેવાલ આપ્યો કે, AI-સંચાલિત વર્કફ્લો વિકસાવવાથી જે અન્ય ટીમના સભ્યોને લાભ થાય છે તે સક્રિય રીતે પુરસ્કાર આપવામાં આવે છે.

**ગૂગલમાં AI અપનાવવું એક સ્પર્ધાત્મક જરૂરિયાત બની ગઈ છે :** ગૂગલનું આક્રમક આંતરિક AI અભિયાન વ્યાપક ઉદ્યોગ વલણોને પ્રતિબિંબિત કરે છે, જ્યાં ટેક જાયન્ટ્સ બજાર પ્રભુત્વ માટે સ્પર્ધા કરતી વખતે તેમના ઓપરેશન્સમાં કૃત્રિમ બુદ્ધિમત્તાને એકીકૃત કરવા માટે દોડી રહ્યા છે. કંપની નોંધપાત્ર ઉત્પાદકતામાં વધારો નોંધાવે છે, જેમાં પિચાઈએ અહેવાલ આપ્યો છે કે, ગૂગલમાં લખાયેલા ૩૦%થી વધુ કોડ હવે AI-જનરેટેડ છે, જે ઓક્ટોબરમાં ૨૫%થી વધુ છે. અપડેટેડ એન્જિનિયર રોલ પ્રોફાઈલ્સ હવે સમસ્યાઓ ઉકેલવા માટે AIનો ઉપયોગ કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે, જે નોકરીની અપેક્ષાઓમાં ઔપચારિક પરિવર્તનનો સંકેત આપે છે. ગૂગલે આંતરિક સાધનો વિકસાવ્યા છે જેમાં સાઈડરનો સમાવેશ થાય છે, એક વિકાસ પ્લેટફોર્મ જેમાં કોડિંગ એજન્ટો સામેલ છે જે વિવિધ આંતરિક મોડેલો ચલાવે છે, જેમાં 'Gemini for Google' જે અગાઉ Goose તરીકે ઓળખાતું હતું - જે ખાસ કરીને કંપનીના આંતરિક તકનિકી ડેટા પર તાલીમ આપવામાં આવ્યું હતું. કોડિંગ ઉપરાંત વેચાણ અને કાનૂની વિભાગોના કર્મચારીઓને તેમના કાર્યપ્રવાહમાં NotebookLM જેવા AI સાધનોનો સમાવેશ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે અને કેટલાકને તેમની ચોક્કસ ભૂમિકાઓ માટે AIના Gemini AIના કસ્ટમ સંસ્કરણો બનાવવા માટે પણ તાલીમ આપવામાં આવી રહી છે. કંપનીએ તાજેતરમાં AI કોડિંગ સ્ટાર્ટઅપ વિન્ડસર્ફમાંથી મુખ્ય પ્રતિભાઓને હસ્તગત કરવા માટે ૨.૪ અબજ ડૉલરનું રોકાણ કર્યું છે, જેમાં CEO વરૂણ મોહનનો પણ સમાવેશ થાય છે, જે 'એજન્ટિક કોડિંગ' ક્ષમતાઓને આગળ વધારવા માટે ગૂગલની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે. જો કે, ગૂગલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કામગીરી સમીક્ષાઓમાં AIનો ઉપયોગ ઔપચારિક રીતે મૂલ્યાંકન કરવામાં આવતો નથી, ઘણા કર્મચારીઓ અપેક્ષા રાખે છે કે, તેમની AI કુશળતા કારકિર્દી પ્રગતિની તકોને પ્રભાવિત કરશે. કેટલાક આંતરિક પ્રતિકાર ઉભરી આવ્યા છે, કર્મચારીઓએ ગૂગલના સંદેશ બોર્ડ પર મીમ્સ પોસ્ટ કરીને પ્રશ્ન ઊઠાવ્યો છે કે, શું નોકરીની સુરક્ષા જાળવવા માટે ખરેખર અસરકારક ટેક્નોલોજીનો ફરજિયાત સ્વીકાર જરૂરી છે.

# કેવી રીતે યુપીના આરોગ્ય વિભાગમાં એક વ્યક્તિએ છ જિલ્લાઓમાં છ નોકરીઓ કરી

## લગભગ નવ વર્ષ સુધી, નકલ કરનારાઓએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું



(એજન્સી) તા.૧૦

જ્યારે આપણામાંથી મોટાભાગના લોકોને એક પણ નોકરી જાળવી રાખવામાં મુશ્કેલી પડી શકે છે, ત્યારે ઉત્તર પ્રદેશના આરોગ્ય વિભાગના ભરતી અર્પિત સિંહ છ જિલ્લાઓમાં નોકરીઓ સંભાળી રહ્યા હતા-એક 'પરાક્રમ' જે તાજેતરમાં સામે આવ્યું છે. વ્હિસલબ્લોઅર ચેતવણીઓ અને ડિજિટલ ઓડિટને કારણે ઔપચારિક તપાસ થઈ, જેમાં ઓછામાં ઓછા છ વ્યક્તિઓનો પર્દાફાશ થયો, દરેક પોતાને 'અર્પિત સિંહ' તરીકે રજૂ કરતા હતા, જેમણે બાંદા, બલરામપુર, શામલી, અમરોહા, ફર્રૂખાબાદ અને રામપુરમાં સમાન વ્યક્તિગત વિગતોનો ઉપયોગ કરીને પૂર્ણ-સમયના એક્સ-રે ટેકનિશિયનની નોકરીઓ મેળવી હતી. લગભગ નવ વર્ષ સુધી, આ લોકોએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું. રાજ્યના આરોગ્ય વિભાગના ડિજિટાઈઝેશન અભિયાન દ્વારા આ મહિને આ ગેરરીતિ સૌપ્રથમ પ્રકાશમાં આવી હતી, જેણે તેના માનવ સંસાધન વ્યવસ્થાપન પોર્ટલ પર ડેટાનું ક્રોસ-ચેકિંગ શરૂ કર્યું હતું. આ ડેટાબેઝ સરખામણીમાં જાણવા મળ્યું કે 'અર્પિત સિંહ' નામ, જે એક જ પિતાનું નામ અને જન્મ તારીખ સાથે હતું, તે ૨૦૧૬ની એક્સ-રે ટેકનિશિયન ભરતી યાદીમાં વારંવાર દેખાય છે. છ પોસ્ટિંગમાંથી ચારમાં સંપૂર્ણપણે સમાન કાયમી સરનામાં દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે બેમાં ફક્ત નાના તફાવત હતા. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં, અધિકારીઓએ શોધી કાઢ્યું કે દરેક નકલ કરનાર પાસે એક અનન્ય કર્મચારી કોડ અને ઘણીવાર, એક અનન્ય આધાર નંબર હતો, જે સિસ્ટમમાં ઊંડા ચકાસણી ખામીઓને પ્રકાશિત કરે છે. આ ખુલાસા પછી આરોગ્ય વિભાગે અનેક જિલ્લાઓમાં તપાસ શરૂ કરી. મુખ્ય તબીબી અધિકારીઓ પાસેથી હકીકત-શોધ અહેવાલો સોંપવામાં આવ્યા હતા અને પ્રારંભિક તપાસમાં વધુ વિસંગતતાઓ બહાર આવી હતી. તારણોએ વહીવટીતંત્રને ચોંકાવી દીધું હતું: આ કપટી નિમણૂકોએ ઘણા લોકોને નબળા પૃષ્ઠભૂમિ તપાસ અને જિલ્લા કચેરીઓ વચ્ચે વાસ્તવિક સમયના સંકલનના અભાવનો લાભ લેવાની મંજૂરી આપી હતી.

**આ ઘટનાક્રમનો સંક્ષિપ્ત સમયરેખા નીચે મુજબ છે :**

**જાન્યુઆરી ૨૦૧૬ :** યુપી સબઓર્ડિનેટ સર્વિસીસ સિલેક્શન કમિશન (UPSSSC)એ એક્સ-રે ટેકનિશિયનની જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી, ૨૯ જાન્યુઆરી સુધીમાં અરજીઓ બંધ કરી.

**મે-જુલાઈ ૨૦૧૬ :** ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા અને અંતિમ મેરિટ યાદી બહાર પાડવામાં આવી, જેમાં મેળ ખાતા ઓળખપત્રો ધરાવતા અનેક 'અર્પિત સિંહો'નો સમાવેશ થાય છે. છ અલગ-અલગ જિલ્લાઓમાં પોસ્ટિંગ્સ મંજૂર કરવામાં આવી.

**૨૦૧૬-૨૦૨૪ :** છેતરપિંડી શોધી કાઢવામાં આવી ન હતી, દરેક ઢોંગીને તેમના અનન્ય કોડ હેઠળ અલગ માસિક પગાર મળતો હતો, તેમનો રોજગાર લગભગ નવ વર્ષ સુધી સમાંતર ચાલતો હતો.

**૨૦૨૫ની શરૂઆતમાં :** જેમ-જેમ રેકોર્ડ ડિજિટાઈઝ્ડ અને સરખામણી કરવામાં આવી, તેમ-તેમ વિસંગતતાઓ સામે આવી, જેના કારણે ઔપચારિક વિભાગીય તપાસ શરૂ થઈ.

**૭-૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** પેરામેડિકલ સર્વિસીસના ડિરેક્ટર, ડૉ. રંજના ખરેએ લખનૌના વઝીરગંજ પોલીસ સ્ટેશનમાં છ 'અર્પિત સિંહો'ના નામ અને ૧૮ પાનાના દસ્તાવેજી પુરાવા જોડ્યા.

**૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક જાહેર કાર્યક્રમમાં આ મુદ્દો ઉઠાવ્યો, વ્યાપક તપાસ અને નીતિગત સુધારાનો નિર્દેશ આપ્યો.

એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ઓછામાં ઓછા છ લોકોએ આગ્રાના અનિલ કુમાર સિંહના પુત્ર અર્પિત સિંહનું નામ આપ્યું હતું. તે UPSSSC ૨૦૧૬ મેરિટ લિસ્ટમાં સીરીયલ નંબર ૮૦ પર મળી આવ્યો હતો. આ વ્યક્તિઓએ છ જિલ્લાઓમાં નોકરી મેળવવા માટે બનાવટી અથવા અલગ-અલગ આધાર વિગતોનો ઉપયોગ કર્યો હતો પરંતુ તેમની પાસે સમાન માતાપિતાની માહિતી હતી. બધાએ સમાંતર પગાર મેળવ્યો હતો, જેના કારણે મોટા પાયે નાણાકીય નુકસાન થયું હતું. છેતરપિંડી, બનાવટી અને નકલ સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ નોંધાયેલો કેસ ૧૮ પાનાના પુરાવા પર આધારિત છે. ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હોવાના અહેવાલ છે અને કેટલાક જિલ્લાઓમાં અગાઉની ફરિયાદોમાં ગેરરીતિઓનો સંકેત આપવામાં આવ્યો હતો.

પોલીસે તપાસ શરૂ કરી છે અને વિભાગ સંડોવાયેલા કર્મચારીઓને સસ્પેન્ડ કરતી વખતે ગુમાવવામાં આવેલ પગાર પાછા મેળવવાના પડકારનો સામનો કરી રહ્યો છે. ભવિષ્યની ભરતીમાં જગ્યાઓ ખાલી થવાની અને ફરીથી ખોલવાની શક્યતા છે.

આ કૌભાંડે ભરતી પ્રણાલીમાં ઘણી ઊંડી ખામીઓ ઉજાગર કરી છે. આમાં જિલ્લાઓમાં નબળી ચકાસણી અને પૃષ્ઠભૂમિ તપાસનો સમાવેશ થાય છે; અલગ કર્મચારી કોડ્સ સાથે દેખરેખ અને મેન્યુઅલ સ્થાનિક રેકોર્ડ મેનેજમેન્ટ પર નિર્ભરતા જે છેતરપિંડીને કેન્દ્રીય ચકાસણીને અવગણવાની મંજૂરી આપે છે; અપૂર્ણ અથવા ડુપ્લિકેટ આધારના ઉપયોગથી અનન્ય ઓળખ પ્રણાલીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી પારદર્શિતા અને સુરક્ષા નબળી પડી; વિલંબિત ડિજિટાઈઝેશન અને રીઅલ-ટાઈમ કેન્દ્રીયકૃત ઓડિટિંગ મિકેનિઝમનો અભાવ; નબળી જવાબદારી અને અસરકારક વ્હિસલબ્લોઅર સુરક્ષાનો અભાવ, શંકાઓ ઉભા થયા પછી પણ સુધારાત્મક કાર્યવાહીમાં વિલંબ.

નિષ્ણાતો તાત્કાલિક સુધારાઓ પર ભાર મૂકે છે, જેમાં રીઅલ-ટાઈમ ક્રોસ-ડિસ્ટ્રિક્ટ વેરિફિકેશન માટે કેન્દ્રીયકૃત આધાર-લિંક્ડ HR પ્લેટફોર્મ લાગુ કરવા, બાયોમેટ્રિક અને ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરીને ફરજિયાત સ્વચાલિત ઓડિટ અને નુકસાન વસૂલવા અને છેતરપિંડીને સજા કરવા માટે સ્પષ્ટ જવાબદારી પ્રોટોકોલનો સમાવેશ થાય છે.

# ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શન : ૨૦૦થી વધુ લોકોની ધરપકડ; બસોમાં આગ લગાવવામાં આવી, ટ્રેનો રોકવામાં આવી-'આ બળવાનો હેતુ' શું છે ?

**ફ્રાન્સમાં હાલમાં રાષ્ટ્રપતિ મેક્રોનની સરકાર સામે લોકોના ગુસ્સાને કારણે વ્યાપક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મુખ્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ કરી, રસ્તાઓ બ્લોક કર્યા અને આગ લગાવી, જેના કારણે ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અશાંતિ કરકસરનાં પગલાં અને રાજકીય અસ્થિરતાને કારણે છે, જેમાં યુનિયનો અને કાર્યકરો પરિવર્તનની માંગ કરી રહ્યા છે અને વધુ કાર્યવાહીની અપેક્ષા છે, જેનાથી સતત વિક્ષેપ થવાની ચિંતા વધી રહી છે**

(એજન્સી) તા.૧૦

ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે અને પેરિસ અને અન્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ, રસ્તાઓ બ્લોક અને આગની ઘટનાઓ બની છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકાર સામે લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે. અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે, અશાંતિના પહેલા કલાકો દરમિયાન ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, અને હજારો લોકો 'બ્લોક એવરીથિંગ' ચળવળના બેનર હેઠળ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. રાજધાનીમાં, વિરોધીઓએ બેરિકેડ સળગાવી દીધા હતા અને પોલીસ ટીયર ગેસના ગોળા વડે તેમને વિખેરવામાં આવ્યા હતા. ગૃહમંત્રી બ્રુનો રિટેલ્યુએ જણાવ્યું હતું કે, રેન્સમાં એક બસને આગ લગાવવામાં આવી હતી અને દક્ષિણપશ્ચિમમાં પાવર લાઈનને નુકસાન થયા બાદ ટ્રેન સેવાઓ બંધ કરવામાં આવી હતી. તેમણે વિરોધીઓ પર 'બળવાનું વાતાવરણ' બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. મેક્રોન સરકારે મોટા પાયે અવ્યવસ્થાને રોકવા માટે દેશભરમાં ૮૦,૦૦૦ પોલીસ અધિકારીઓને તૈનાત કર્યા હતા. આ હોવા છતાં, વિરોધીઓ બેરિકેડ ઊભા કર્યા, આગ લગાવી અને અનેક પ્રદેશોમાં પ્રદર્શનો કર્યા. પેરિસમાં કચરાના ડબ્બાઓ સળગાવી દેવામાં આવ્યા હતા, જ્યારે મુસાફરોએ મુખ્ય માર્ગો પર અવરોધોની જાણ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમય મુજબ સવારે ૯ વાગ્યા સુધીમાં રાજધાનીમાં ૭૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી, પરંતુ અશાંતિ ફેલાતાં દિવસભર ધરપકડોમાં સતત વધારો થયો હતો. બપોર સુધીમાં, પોલીસે દેશભરમાં લગભગ ૨૦૦ અટકાયતોની પુષ્ટિ કરી. 'બ્લોક એવરીથિંગ' ચળવળ દેશમાં પરિવહન, કાર્યકારી મુસાફરી અને રોજિંદા જીવનને ખોરવી નાખ્યું છે.

**આ વિરોધ શા માટે થયો ?**

ફ્રાન્સમાં એક અઠવાડિયાના રાજકીય ઉથલપાથલ પછી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. સોમવારે, વડાપ્રધાન ફ્રાન્કોઈસ બાયરોએ જાહેર રજાઓમાં કાપ મૂકવા અને પેન્શન સ્થગિત કરવા સહિતના વ્યાપક કરકસરનાં પગલાંની જાહેરાત બાદ સંસદીય વિશ્વાસ મત ગુમાવ્યો હતો. બાયરોએ હાર પછી તરત જ રાજીનામું આપ્યું. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ઝડપથી આગળ વધ્યા, મંગળવારે સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુને નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા-ફક્ત ૧૨ મહિનામાં આ પદ સંભાળનારા ચોથા વ્યક્તિ છે. ટીકાકારોએ મેક્રોન પર વ્યાપક અસંતોષને અવગણવાનો આરોપ લગાવ્યો. યુનિયનો અને વિરોધ નેતાઓએ કહ્યું કે, બાયરોના રાજીનામાથી તેમની ચિંતાઓ ઓછી થઈ નથી. સરકારનું પતન સારૂં છે, પરંતુ તે અપૂરતું છે.

**ફ્રાન્સની નાણાકીય સ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે :**

જાહેર નાણાકીય સ્થિતિ બગડવાની પૃષ્ઠભૂમિ સામે ફ્રાન્સનું રાજકીય સંકટ સામે આવી રહ્યું છે. મેક્રોને એક વર્ષમાં ચોથા વડાપ્રધાન તરીકે નિમણૂક કરી છે. દેશ વધતી ખાધ, વધતા ઉધાર ખર્ચ અને ખર્ચ સુધારાઓ પર સંમત થવામાં અસમર્થ સંસદનો સામનો કરી રહ્યો છે.

પહેલા રોગચાળો, પછી ઉર્જા સંકટ : ફ્રાન્સે ૧૯૭૩થી તેના બજેટને સંતુલિત કર્યું નથી, સ્થિર વૃદ્ધિ અને લોન દ્વારા એક વિશાળ કલ્યાણકારી રાજ્યને ટકાવી રાખ્યું છે. મેક્રોને, પહેલા અર્થતંત્ર મંત્રી તરીકે અને પછી રાષ્ટ્રપતિ તરીકે, કર કાપ, ખર્ચ અને નિવૃત્તિ વય ૬૨થી વધારીને ૬૪ જેવા સુધારાઓને આગળ ધપાવ્યા છે. પરંતુ દેવું પહેલાથી જ વધુ હતું-૨૦૦૮થી GDPના ૯૦%થી વધુ છે. રોગચાળા અને ૨૦૨૨માં રશિયાના યુક્રેન પરના આક્રમણથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. ફ્રાન્સે ઘરો અને વ્યવસાયોને સુરક્ષિત રાખવા માટે સબસિડી પર ભારે ખર્ચ કર્યો, જ્યારે વિશ્વભરમાં વ્યાજ દરમાં તીવ્ર વધારો થયો. દેવું ૨૦૧૯માં GDPના ૯૮%થી વધીને ૨૦૨૦માં ૧૧૪% થયું છે. ગયા વર્ષે ખાધ ૫.૮% સુધી પહોંચી ગઈ, જે EUની ૩%ની મર્યાદાથી ઘણી વધારે છે. રાજકીય ભૂલોએ કટોકટીને વધુ ખરાબ કરી : યુરોપિયન સંસદના મતદાનમાં તેમના પક્ષના નબળા પ્રદર્શન પછી નવી ચૂંટણીઓ બોલાવવાના મેક્રોનના નિર્ણયથી સરકાર વધુ અસ્થિર થઈ ગઈ. નવી રાષ્ટ્રીય સભા ડાબેરી જૂથ, મરીન લે પેનના રાષ્ટ્રવાદી પક્ષ અને મધ્યપંથીઓ વચ્ચે વિભાજીત થઈ ગઈ છે. ફ્રાન્સ પર GDPના ૪૩.૮% સાથે EUમાં સૌથી વધુ કર બોજ છે, જે પેન્શન, સિવિલ સેવકોના વેતન અને સંરક્ષણ પર સમાન રીતે ખર્ચ દ્વારા છે. વધતા વ્યાજ દરોને કારણે દેવા પર વાર્ષિક વ્યાજ ચૂકવણી €૬૭ બિલિયન થઈ ગઈ છે. શાળાઓ, આરોગ્યસંભાળ અથવા કલ્યાણ માટે ભંડોળ હવે ઉપલબ્ધ નથી. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે ફ્રાન્સને આગામી વર્ષોમાં GDPના લગભગ ૫% જેટલા કર વધારો અને ખર્ચમાં ઘટાડો કરવાની જરૂર પડશે.

**'બ્લોક એવરીથિંગ'નો ઉદય**

'બ્લોકન્સ ટાઉટ' અથવા 'બ્લોક એવરીથિંગ' ચળવળ આ ઉનાળામાં શરૂ થઈ હતી, જેણે TikTok, X અને એક્રિપ્ટેડ મેસેજિંગ ચેનલો દ્વારા ઓનલાઈન વેગ મળ્યો હતો. હડતાળ, બહિષ્કાર અને શેરી વિરોધ માટેના તેના આહવાન કામદારો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો સાથે હતા જેઓ માનતા હતા કે, મેક્રોનની નીતિઓ અસમાનતાને વધારે છે. આ ચળવળમાં કોઈ કેન્દ્રીય નેતૃત્વ નથી.

# કરિશ્મા કપૂરના બાળકોએ તેમના પિતાની સંપત્તિનો દાવો કર્યો : કોર્ટમાં નાટકીય દૃશ્યો : કોણે શું કહ્યું

**બાળકોની દાદી અને સંજય કપૂરની માતા રાની કપૂર પણ કોર્ટમાં પહોંચી હતી અને સંજયની છેલ્લી પત્ની પ્રિયા સચદેવ કપૂર પણ સંજયના મૃત્યુના ૩ મહિના પછી કોર્ટમાં આવી હતી**

(એજન્સી) તા.૧૦

ઉદ્યોગપતિ સંજય કપૂરના બાળકો અને તેમની પૂર્વ પત્ની અને અભિનેતા કરિશ્મા કપૂર રૂ.૩૦,૦૦૦ કરોડના કૌટુંબિક સામ્રાજ્ય પર પોતાનો દાવો લઈને કોર્ટમાં ગયા પછી બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં નાટક શરૂ થયું હતું. બાળકોની દાદી - સંજયની માતા રાની કપૂર પણ કોર્ટમાં ગઈ હતી અને સંજયની છેલ્લી પત્ની પ્રિયા સચદેવ કપૂર જૂનમાં સંજયના મૃત્યુના ત્રણ મહિના પછી આવી હતી. આ બાળકો સમાયરા ૨૦ અને કિયાન ૧૫-એ તેમની અરજીમાં તેમને પ્રતિવાદીઓમાં સામેલ કર્યા હતા. જસ્ટિસ જ્યોતિ સિંહ સમક્ષ સુનિશ્ચિત, તેમની અરજી ૨૧ માર્ચના દાવા કરાયેલ વસિયતનામાને પડકારે છે, જે કથિત રીતે ડિઝાઈનર નંદિતા મહતાની અને અભિનેતા કરિશ્મા કપૂર પછી તેમની ત્રીજી પત્ની પ્રિયાને તેમની સંપૂર્ણ અંગત મિલકત આપે છે. વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણી કરિશ્માના બે બાળકો વતી હાજર રહ્યા હતા, જ્યારે વરિષ્ઠ વકીલો રાજીવ નાયર અને શૈલજેહાન ત્રિપાઠી પ્રિયા વતી હાજર રહ્યા હતા.

**તેમના વકીલો દ્વારા કોર્ટમાં મુખ્ય નિવેદનોમાં, શું થયું છે :**

● **'બનાવટી વસિયતનામા' :** બાળકોની ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે કે, સંજય, પ્રિયા કે અન્ય કોઈ વ્યક્તિએ ક્યારેય કોઈ વસિયતનામાના અસ્તિત્વ વિશે વાત કરી નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે, પ્રિયાના વર્તનથી કોઈ શંકા વિના, કથિત વસિયતનામા તેના દ્વારા બનાવટી બનાવવામાં આવ્યા હતા તે સાબિત થાય છે. પ્રિયાએ તેની કાનૂની ટીમ દ્વારા દાવો કર્યો હતો કે, દાવો જાળવી શકાય તેવો નથી કારણ કે, સમૈરા અને કિયાનને દાવો દાખલ કરવાના થોડા દિવસો પહેલા જ ફેમિલી ટ્રસ્ટ તરફથી સંપત્તિ આપવામાં આવી હતી. તેઓએ રાની કપૂર ટ્રસ્ટનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે કપૂર પરિવારનો ટ્રસ્ટ છે જે ઓટો કોમ્પોનન્ટ્સ મેજર સોનાકોમસ્ટારમાં શેર ધરાવે છે.

● પ્રિયાના વકીલે આરોપ લગાવ્યો અને કહ્યું કે, બાળકોની અરજીમાં કરિશ્મા અને સંજય વચ્ચે 'સુપ્રીમ કોર્ટમાં ઉગ્ર છૂટાછેડાની કાર્યવાહી'નો ઉલ્લેખ નથી. પ્રિયાએ પોતાના વકીલ દ્વારા કરિશ્માનો ઉલ્લેખ કરતા દલીલ કરી કે : 'હું વિધવા છું. હું તેની છેલ્લી કાયદેસર રીતે પરણેલી પત્ની હતી. તો તમે ક્યાં હતા? તમારા પતિએ તમને ઘણા વર્ષો પહેલા તમને છોડી દીધા હતા.'

● પ્રિયાના વકીલે કહ્યું કે, મને ખબર નથી કે કેટલું પૂરતું છે, તમે કહો છો કે તમને સંપત્તિમાંથી કંઈ મળ્યું નથી. એવું નથી કે લોકો રસ્તા પર છોડી દેવામાં આવ્યા છે.

● પ્રિયાએ વધુમાં રજૂઆત કરી કે : કૃપા કરીને મૃતકની આત્મા પ્રત્યે થોડી સહાનુભૂતિ રાખો. પ્રિયાનો ૬ વર્ષનો બાળક છે. કરિશ્મા છેલ્લા ૧૫ વર્ષથી ક્યાંય દેખાતા ન હતા. યુકેમાં પોલો રમતી વખતે સંજયને અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો અને ૫૩ વર્ષની ઉંમરે તેનું અવસાન થયું હતું.

# 'કરિશ્માના બાળકોને પહેલાથી જ ૧૯૦૦ કરોડ રૂપિયા આપવામાં આવી ચૂક્યા છે' : સંજય કપૂરની વર્તમાન પત્ની પ્રિયા કપૂરે કોર્ટમાં રજૂઆત કરી

**પ્રિયા કપૂર વતી હાજર રહેલા એડવોકેટ રાજીવ નાયરે જણાવ્યું છે, કે આ દાવો બિલકુલ જાળવવા યોગ્ય નથી**

(એજન્સી) તા.૧૦

સ્વ. ઉદ્યોગપતિ સંજય કપૂરની આશરે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ પરનો વિવાદ બુધવારે કોર્ટમાં શરૂ થયો હતો. તેમની પત્ની પ્રિયા કપૂરે તેમના સાવકા બાળકોની તેમની અંગત સંપત્તિમાં હિસ્સો મેળવવાની અરજીને પડકારી છે. કરિશ્મા બે બાળકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સંજયના ૨૧ માર્ચના કથિત વસિયતનામાને પડકારવામાં આવ્યો હતો જેમાં તેમની સંપૂર્ણ અંગત મિલકત તેમની સાવકી માતા પ્રિયાને સોંપવામાં આવી હતી. બાળકોનો દાવો છે કે, ન તો સંજયે વસિયતનામાનો ઉલ્લેખ કર્યો હતો, ન તો પ્રિયા કે અન્ય કોઈ વ્યક્તિએ ક્યારેય તેના અસ્તિત્વ વિશે વાત કરી હતી. ૧૨ જૂને ઈંગ્લેન્ડમાં પોલો મેચ દરમિયાન સંજય પડી ગયો હતો અને તેનું મૃત્યુ થયું હતું. બાળકોએ તેમના સ્વ. પિતાની સંપત્તિમાં પાંચમા ભાગની માંગ કરી છે. કરિશ્માની પુત્રી સમૈરા કપૂરે તેની માતા દ્વારા અરજી દાખલ કરી હતી, જેમાં તેણીને તેના જનરલ પાવર ઓફ એટર્ની તરીકે અધિકૃત કરવામાં આવી હતી; તેમના પુત્ર કિયાન જે સગીર છે, તેની માતા કાનૂની વાલી તરીકે છે. જસ્ટિસ જ્યોતિ સિંહની અધ્યક્ષતામાં થયેલી સુનાવણી દરમિયાન પ્રિયા કપૂર વતી હાજર રહેલા એડવોકેટ રાજીવ નાયરે કહ્યું : આ દાવો બિલકુલ જાળવી શકાય તેવો નથી. હું તેમની કાયદેસર પત્ની હતી. આ પ્રેમ અને સ્નેહના દાવા ખોટા છે અને જ્યારે તેઓએ સુપ્રીમ કોર્ટમાં લાંબા છૂટાછેડા કાનૂની લડાઈ લડી ત્યારે આ બધું ક્યાં હતું. તમારા પતિએ તમને ઘણા વર્ષો પહેલા છોડી દીધા હતા. તેઓએ ૨૦૧૬માં કરિશ્મા અને સંજયના છૂટાછેડાનો ઉલ્લેખ કર્યો હતો. વાદીઓએ તમારા બહેનપણીઓને કહેવું જોઈએ હતું કે, છૂટાછેડાની કઠોર કાર્યવાહી ટોચની અદાલતમાં સમાપ્ત થઈ ગઈ હતી. મારા પતિ જેનું અવસાન થયું છે તેના પ્રત્યે થોડી સહાનુભૂતિ બતાવો. હું વિધવા છું. હું તેની છેલ્લી કાયદેસર રીતે લગ્ન કરેલી પત્ની હતી. તમે ક્યાં હતા? તમારા પતિએ તમને ઘણા વર્ષો પહેલા છોડી દીધા હતા. પ્રિયાએ એવો પણ દાવો કર્યો હતો કે, કરિશ્માના બાળકોને આર.કે. ફેમિલી ટ્રસ્ટ હેઠળ રૂ.૧૯૦૦ કરોડની સંપત્તિ મળી હતી. આ વાદીઓને ટ્રસ્ટ હેઠળ રૂ.૧૯૦૦ કરોડની સંપત્તિ મળી. મને ખબર નથી કે તેમના માટે કેટલી સંપત્તિ પૂરતી છે. કરિશ્માના બાળકોએ આરોપ લગાવ્યો હતો કે, પ્રિયાએ તેમના પિતાની સંપત્તિ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવા માટે તેમની વસિયતનામા બનાવટી બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બાળકોએ મિલકતનું વિભાજન, ખાતાઓનું વિતરણ અને પ્રતિવાદીઓને સામે કાયમી મનાઈ હુકમની માંગ કરી છે. આ દાવામાં પ્રિયા, તેના સગીર પુત્ર, તેની માતા રાની કપૂર અને વસિયતનામાના કથિત અમલકર્તા, શ્રદ્ધા સૂરી મારવાહનું નામ પ્રતિવાદી તરીકે છે. અરજદાર વતી હાજર રહેલા એડવોકેટ મહેશ જેઠમલાણીએ જણાવ્યું હતું કે : 'પૂછપરછ દરમિયાન પ્રિયા કપૂર દ્વારા વાદીઓને કહેવામાં આવ્યું હતું કે, કોઈ વસિયત નથી. કેટલીક મિલકત ટ્રસ્ટ પાસે છે. થોડા સમય પછી પૂર્વ પત્ની અને હાલની પત્ની વચ્ચેની મીટિંગો અને વાતચીત પછી, ટ્રસ્ટની જોગવાઈઓ પર ચર્ચા કરવા માટે તાજ માનસિંહ દિલ્હી ખાતે એક બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.'

# કોંગ્રેસે પીએમ મોદી પર કટાક્ષ કર્યો, ટ્રમ્પના '૩૫ વખત' યુદ્ધવિરામના દાવાની યાદ અપાવી

(એજન્સી) તા.૧૦

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ચીજવસ્તુઓ પર ૫૦% ટેરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. આવી સ્થિતિમાં જ્યારે ચર્ચા ગરમ થઈ ગઈ, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ એકબીજા સાથે ગરમ સંદેશાઓની આપ-લે કરી. આ પછી કોંગ્રેસે હવે આ મામલે કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે કટાક્ષમાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે, શું ભારત અને અમેરિકા ખરેખર એટલા સારા મિત્રો છે કે ટ્રમ્પે પોતાને ૩૫થી વધુ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામના શિલ્પી તરીકે વર્ણવ્યા છે ? તમને જણાવી દઈએ કે આ મામલે વધી રહેલા વિવાદ વચ્ચે, ટ્રમ્પે મંગળવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો ચાલી રહી છે અને તેમને વિશ્વાસ છે કે બંને દેશો ટૂંક સમયમાં સફળ કરાર પર પહોંચશે. તેમણે કહ્યું કે, તેઓ તેમના સારા મિત્ર વડાપ્રધાન મોદી સાથે ટૂંક સમયમાં વાત કરવા માટે ઉત્સાહિત છે. આના જવાબમાં, પીએમ મોદીએ બુધવારે X પર લખ્યું કે ભારત અને અમેરિકા સારા મિત્રો અને કુદરતી ભાગીદાર છે. અમારૂં માનવું છે કે ચાલી રહેલી વેપાર વાટાઘાટો બંને દેશો માટે અપાર શક્યતાઓના દરવાજા ખોલશે. આવી સ્થિતિમાં કોંગ્રેસના નેતા જયરામ રમેશે પીએમ મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીએ ટ્રમ્પને કહ્યું કે,



ભારત અને અમેરિકા 'કુદરતી ભાગીદાર' છે. પ્રશ્ન એ છે કે, શું એ એટલું 'કુદરતી' છે કે ટ્રમ્પે ૧૦ મેની સાંજે ૩૫ વખત દાવો કર્યો કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવ્યો અને તેમાં વેપારને હથિયાર તરીકે ઉપયોગ કર્યો ? બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર તીક્ષ્ણ હુમલો કર્યો. તેમણે કહ્યું કે, તે બંને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા માંગતા નથી. ગુજરાતના જૂનાગઢમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે ખડગેએ આ નિવેદન આપ્યું હતું. ખડગેએ કહ્યું કે, અમારૂં લક્ષ્ય ફક્ત ચૂંટણી જીતવાનું નથી, પરંતુ બંધારણ અને લોકશાહીને બચાવવાનું છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ પર, અમે તેમનું સન્માન કરીએ છીએ, પરંતુ આજે દેશમાં બે લોકો છે જે બંધારણ અને લોકશાહી સુરક્ષિત રહે તેવું ઈચ્છતા નથી.

# ગૂગલ એન્જિનિયરો માટે નવી માર્ગદર્શિકા : સોફ્ટવેર એન્જિનિયરોએ ફક્ત...

(એજન્સી) તા.૧૦

ગૂગલે કડક નવી માર્ગદર્શિકા જારી કરી છે જેમાં તેના સોફ્ટવેર એન્જિનિયરોને કોડિંગ કાર્યો માટે ફક્ત કંપનીના આંતરિક કૃત્રિમ બુદ્ધિ મોડેલોનો ઉપયોગ કરવાની જરૂર છે, કારણ કે, બધા કર્મચારીઓ પર AI કુશળતા દર્શાવવા માટે દબાણ વધે છે અથવા પ્રદર્શન મૂલ્યાંકનમાં પાછળ રહી જવાનું જોખમ રહે છે. બિઝનેસ ઈનસાઈડરના અહેવાલ મુજબ એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ મેગન કાચોલિયાએ જૂનમાં સોફ્ટવેર એન્જિનિયરોને એક ઈ-મેઈલ મોકલીને કોડિંગ ઉત્પાદકતા સુધારવા માટે AI ટૂલ્સનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો હતો. માર્ગદર્શિકામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, એન્જિનિયરોએ નોન-કોડિંગ કાર્યો માટે કોઈપણ તૃતીય-પક્ષ AI ટૂલ્સનો ઉપયોગ કરતા પહેલા મંજૂરી લેવી જોઈએ, જેમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ કાર્ય માટે ગૂગલની આંતરિક સિસ્ટમો પર વિશિષ્ટ નિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નિર્દેશ એવા સમયે આવ્યો છે જ્યારે CEO સુંદર પિચાઈએ જુલાઈમાં સર્વસંમતિ બેઠક દરમિયાન સ્પષ્ટ સંદેશ આપ્યો હતો : ગૂગલે તેની સ્પર્ધાત્મક ધાર જાળવી રાખવા માટે AIને સ્વીકારવું જોઈએ. ગૂગલના ઘણા વર્તમાન કર્મચારીઓએ, અનામી રીતે બોલતા, બિઝનેસ ઈનસાઈડરને જણાવ્યું હતું કે, મેનેજરો હવે કર્મચારીઓને તેમના દૈનિક AI ઉપયોગનું પ્રદર્શન કરવા માટે કહી રહ્યા છે. 'એ કોઈ સરળ બાબત નથી કે તમારે આગળ વધવા માટે તેનો ઉપયોગ કરવો પડે,' એક ગૂગલ કર્મચારીએ કહ્યું, જ્યારે બીજાએ અહેવાલ આપ્યો કે, AI-સંચાલિત વર્કફ્લો વિકસાવવાથી જે અન્ય ટીમના સભ્યોને લાભ થાય છે તે સક્રિય રીતે પુરસ્કાર આપવામાં આવે છે.

**ગૂગલમાં AI અપનાવવું એક સ્પર્ધાત્મક જરૂરિયાત બની ગઈ છે :** ગૂગલનું આક્રમક આંતરિક AI અભિયાન વ્યાપક ઉદ્યોગ વલણોને પ્રતિબિંબિત કરે છે, જ્યાં ટેક જાયન્ટ્સ બજાર પ્રભુત્વ માટે સ્પર્ધા કરતી વખતે તેમના ઓપરેશન્સમાં કૃત્રિમ બુદ્ધિમત્તાને એકીકૃત કરવા માટે દોડી રહ્યા છે. કંપની નોંધપાત્ર ઉત્પાદકતામાં વધારો નોંધાવે છે, જેમાં પિચાઈએ અહેવાલ આપ્યો છે કે, ગૂગલમાં લખાયેલા ૩૦%થી વધુ કોડ હવે AI-જનરેટેડ છે, જે ઓક્ટોબરમાં ૨૫%થી વધુ છે. અપડેટેડ એન્જિનિયર રોલ પ્રોફાઈલ્સ હવે સમસ્યાઓ ઉકેલવા માટે AIનો ઉપયોગ કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે, જે નોકરીની અપેક્ષાઓમાં ઔપચારિક પરિવર્તનનો સંકેત આપે છે. ગૂગલે આંતરિક સાધનો વિકસાવ્યા છે જેમાં સાઈડરનો સમાવેશ થાય છે, એક વિકાસ પ્લેટફોર્મ જેમાં કોડિંગ એજન્ટો સામેલ છે જે વિવિધ આંતરિક મોડેલો ચલાવે છે, જેમાં 'Gemini for Google' જે અગાઉ Goose તરીકે ઓળખાતું હતું - જે ખાસ કરીને કંપનીના આંતરિક તકનિકી ડેટા પર તાલીમ આપવામાં આવ્યું હતું. કોડિંગ ઉપરાંત વેચાણ અને કાનૂની વિભાગોના કર્મચારીઓને તેમના કાર્યપ્રવાહમાં NotebookLM જેવા AI સાધનોનો સમાવેશ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે અને કેટલાકને તેમની ચોક્કસ ભૂમિકાઓ માટે AIના Gemini AIના કસ્ટમ સંસ્કરણો બનાવવા માટે પણ તાલીમ આપવામાં આવી રહી છે. કંપનીએ તાજેતરમાં AI કોડિંગ સ્ટાર્ટઅપ વિન્ડસર્ફમાંથી મુખ્ય પ્રતિભાઓને હસ્તગત કરવા માટે ૨.૪ અબજ ડૉલરનું રોકાણ કર્યું છે, જેમાં CEO વરૂણ મોહનનો પણ સમાવેશ થાય છે, જે 'એજન્ટિક કોડિંગ' ક્ષમતાઓને આગળ વધારવા માટે ગૂગલની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે. જો કે, ગૂગલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કામગીરી સમીક્ષાઓમાં AIનો ઉપયોગ ઔપચારિક રીતે મૂલ્યાંકન કરવામાં આવતો નથી, ઘણા કર્મચારીઓ અપેક્ષા રાખે છે કે, તેમની AI કુશળતા કારકિર્દી પ્રગતિની તકોને પ્રભાવિત કરશે. કેટલાક આંતરિક પ્રતિકાર ઉભરી આવ્યા છે, કર્મચારીઓએ ગૂગલના સંદેશ બોર્ડ પર મીમ્સ પોસ્ટ કરીને પ્રશ્ન ઉઠાવ્યો છે કે, શું નોકરીની સુરક્ષા જાળવવા માટે ખરેખર અસરકારક ટેક્નોલોજીનો ફરજિયાત સ્વીકાર જરૂરી છે.

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ટ્રમ્પે EUને ભારત અને ચીન પર ૧૦૦% સુધી ટેરિફ લાદવા કહ્યું

**આ રિપોર્ટ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી વચ્ચે ભારત-અમેરિકા સંબંધો અંગે સકારાત્મક દૃષ્ટિકોણની આપ-લે થયાના થોડા સમય પછી આવ્યો છે**

(એજન્સી) તા.૧૦

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન (EU)ને યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે રશિયા પર દબાણ વધારવાના સંયુક્ત પ્રયાસના ભાગરૂપે ભારત અને ચીન પર ૧૦૦% સુધી ટેરિફ લાદવા કહ્યું છે. ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-અમેરિકા સંબંધો વિશે સકારાત્મક દૃષ્ટિકોણની આપ-લે કરી અને વેપાર કરાર કરવાના ચાલુ પ્રયાસોનો ઉલ્લેખ કર્યાના થોડા સમય પછી આ રિપોર્ટ સામે આવ્યો છે. મોસ્કો માટે યુદ્ધના આર્થિક ખર્ચને વધારવાના માર્ગો પર ચર્ચા કરવા માટે વોશિંગ્ટનમાં ભેગા થયેલા વરિષ્ઠ યુએસ અને EU અધિકારીઓ વચ્ચે મંગળવારે થયેલી બેઠકમાં વાતચીત કર્યા પછી રાષ્ટ્રપતિએ આ અસાધારણ માંગ કરી હતી. એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે, વોશિંગ્ટન યુરોપિયન યુનિયન દ્વારા ચીન અને ભારત પર લાદવામાં આવેલા કોઈપણ ટેરિફને અપનાવવા તૈયાર છે. ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર ટેરિફ ડબલ કરીને ૫૦ ટકા કર્યા બાદ નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધોમાં ભારે અસર થઈ છે, જેમાં રશિયાના ક્રૂડ ઓઈલની ખરીદી માટે ૨૫ ટકા વધારાની ડ્યુટીનો સમાવેશ થાય છે. ભારતે અમેરિકાના આ પગલાને 'અન્યાયી અને ગેરવ્યાજબી' ગણાવ્યું હતું. જો કે, સોશિયલ મીડિયા પર મોદી અને ટ્રમ્પ વચ્ચેની વાતચીત સંબંધોને ફરીથી સ્થાપિત કરવાના કેટલાક પ્રયાસો દર્શાવે છે. છેલ્લા કેટલાક દિવસોમાં વ્હાઈટ હાઉસના વેપાર સલાહકાર પીટર નાવારો સહિત ટ્રમ્પ વહીવટીતંત્રના ઘણા અધિકારીઓએ રશિયાના ક્રૂડ ઓઈલની ખરીદી માટે ભારતની ટીકા કરવા માટે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો છે. તેમણે તાજેતરમાં જ કહ્યું હતું કે, ભારતની તેલ લોબીએ વિશ્વની સૌથી મોટી લોકશાહીને 'મોટા રિફાઈનિંગ હબ અને ક્રેમલિન માટે તેલ મની લોન્ડ્રોમેટ'માં ફેરવી દીધું છે. રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીનો બચાવ કરતા ભારતે કહ્યું છે કે, તેની ઊર્જા ખરીદી રાષ્ટ્રીય હિત અને બજાર ગતિશીલતા પર આધારિત છે.

# એક મુસ્લિમ વ્યક્તિને પોતાનો ધર્મ જાહેર કર્યા બાદ પાછો મોકલી દેવામાં આવ્યો

(એજન્સી) તા.૧૦

આસામના એક યુવાન મુસ્લિમ વ્યક્તિએ આરોપ લગાવ્યો છે કે લોકપ્રિય જોબ પોર્ટલ ઈન્ડીડ દ્વારા મિકેનિકલ એન્જિનિયર પદ માટે અરજી કર્યા પછી તેને ધાર્મિક ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. શમીમ બારભુઈયાએ ઈન્ડીડ દ્વારા સિલચરના બિહાર રેલવે સ્ટેશન યાર્ડના એક યુનિટમાં નોકરી માટે અરજી કરી હતી. નોકરીના વર્ણનમાં જણાવાયું હતું કે, 'ઉમેદવાર જન્મથી બંગાળી અને જન્મથી ભારતીય હોવો જોઈએ અને ત્રણ મુખ્ય ભાષાઓનું જ્ઞાન હોવું જોઈએ.' ભારતમાં રેલવે સ્ટેશન યાર્ડમાં સરકારી (નિયમિત) અને આઉટસોર્સ્ડ (કોન્ટ્રાક્ટ) બંને કામદારો દ્વારા સ્ટાફ રાખી શકાય છે, કારણ કે, ભારતીય રેલવે (IR) તેના કાયમી કર્મચારીઓને મુખ્ય કાર્યો માટે રોજગારી આપે છે અને કાર્યક્ષમતા સુધારવા માટે જરૂરિયાત મુજબ જાળવણી અને સફાઈ જેવા બિન-મુખ્ય અથવા આનુષંગિક કાર્યોને આઉટસોર્સ કરે છે. ભરતીના તમામ તબક્કા પૂર્ણ કર્યા પછી HR વિભાગે શમીમને ૧૮,૦૦૦ રૂપિયાનો પગાર ઓફર કર્યો. જો કે, અધિકારીએ તેમને ૯ સપ્ટેમ્બર પછી ઓફર લેટર વિના જોડાવા કહ્યું, ધ ઓબ્ઝર્વર પોસ્ટના અહેવાલ મુજબ. તેમણે કહ્યું, 'તેઓએ મને ઓફિસમાં આવવા કહ્યું, પરંતુ મને જોડાવાનો પત્ર ન મળતાં હું તેમના દાવાઓ પર શંકા કરવા લાગ્યો. જ્યારે મેં આ વિશે પૂછ્યું, ત્યારે મારો પ્રશ્ન ટાળી દેવામાં આવ્યો.' ઘણી વાર પ્રયાસ કર્યા પછી HRએ પૂછ્યું, 'તમે હિન્દુ છો કે મુસ્લિમ ?' જ્યારે શમીમે જવાબ આપ્યો કે તે મુસ્લિમ છે, ત્યારે અધિકારીએ કહ્યું કે, કોઈ ખાલી જગ્યા નથી, જેનાથી તે ચોંકી ગયો. શમીમ આ સ્પષ્ટ ધાર્મિક ભેદભાવથી ખૂબ જ દુઃખી છે.

# ડુંગરપુરના 'બળજબરીથી ખાલી કરાવવાના' કેસમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમખાનને જામીન આપતી અલ્હાબાદ હાઈકોર્ટ


**રામપુરની ડુંગરપુર કોલોનીના રહેવાસીઓએ એમને બળજબરીથી હાંકી કાઢવામાં આવ્યા હોવાનો સપાના નેતા પર આરોપ મૂક્યો હતો આ કેસમાં એમના જામીન અદાલતે મંજૂર કર્યા છે, રામપુરની એમપી/એમએલએ કોર્ટ દ્વારા સભાના સિનિયર નેતાને દોષિત ઠરાવીને દસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી તેની સામે સપાના નેતાએ કરેલી અપીલ પર જસ્ટિસ સમીર જૈન દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે**

(એજન્સી) અલ્હાબાદ, તા.૧૦

અલ્હાબાદ હાઈકોર્ટે રામપુરની ડુંગરપુર કોલોનીના રહેવાસીઓને બળજબરીથી ખદેડી મૂકવાના આરોપ અંગેના કેસમાં સમાજવાદી પાર્ટીના સિનિયર નેતા આઝમખાનના જામીન મંજૂર કર્યા હતા. આ કેસમાં રામપુરની એમપી/એમએલએ અદાલત દ્વારા ખાનને દોષિત ઠરાવીને દસ વર્ષની કેદની સજા સંભળાવવામાં આવી હતી. આઝમખાને આ ચુકાદા સામે કરેલી અપીલ પર અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સમીર જૈન દ્વારા તેમના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. આઝમખાને એમની સજાના ચુકાદા સામે જે અપીલ કરી છે તે અંગેનો ચુકાદો જો કે હાઈકોર્ટે અનામત રાખ્યો છે.

# કેવી રીતે યુપીના આરોગ્ય વિભાગમાં એક વ્યક્તિએ છ જિલ્લાઓમાં છ નોકરીઓ કરી

**લગભગ નવ વર્ષ સુધી, નકલ કરનારાઓએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું**



(એજન્સી) તા.૧૦

જ્યારે આપણામાંથી મોટાભાગના લોકોને એક પણ નોકરી જાળવી રાખવામાં મુશ્કેલી પડી શકે છે, ત્યારે ઉત્તર પ્રદેશના આરોગ્ય વિભાગના ભરતી અર્પિત સિંહ છ જિલ્લાઓમાં નોકરીઓ સંભાળી રહ્યા હતા-એક 'પરાક્રમ' જે તાજેતરમાં સામે આવ્યું છે. વ્હિસલબ્લોઅર ચેતવણીઓ અને ડિજિટલ ઓડિટને કારણે ઔપચારિક તપાસ થઈ, જેમાં ઓછામાં ઓછા છ વ્યક્તિઓનો પર્દાફાશ થયો, દરેક પોતાને 'અર્પિત સિંહ' તરીકે રજૂ કરતા હતા, જેમણે બાંદા, બલરામપુર, શામલી, અમરોહા, ફર્રૂખાબાદ અને રામપુરમાં સમાન વ્યક્તિગત વિગતોનો ઉપયોગ કરીને પૂર્ણ-સમયના એક્સ-રે ટેકનિશિયનની નોકરીઓ મેળવી હતી. લગભગ નવ વર્ષ સુધી, આ લોકોએ એક સાથે દરેક જિલ્લામાંથી અલગ પગાર મેળવ્યો, જેના પરિણામે સરકારી ખજાનાને અંદાજિત રૂા.૪.૫ કરોડથી વધુનું નુકસાન થયું. રાજ્યના આરોગ્ય વિભાગના ડિજિટાઈઝેશન અભિયાન દ્વારા આ મહિને આ ગેરરીતિ સૌપ્રથમ પ્રકાશમાં આવી હતી, જેણે તેના માનવ સંસાધન વ્યવસ્થાપન પોર્ટલ પર ડેટાનું ક્રોસ-ચેકિંગ શરૂ કર્યું હતું. આ ડેટાબેઝ સરખામણીમાં જાણવા મળ્યું કે 'અર્પિત સિંહ' નામ, જે એક જ પિતાનું નામ અને જન્મ તારીખ સાથે હતું, તે ૨૦૧૬ની એક્સ-રે ટેકનિશિયન ભરતી યાદીમાં વારંવાર દેખાય છે. છ પોસ્ટિંગમાંથી ચારમાં સંપૂર્ણપણે સમાન કાયમી સરનામાં દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે બેમાં ફક્ત નાના તફાવત હતા. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં, અધિકારીઓએ શોધી કાઢ્યું કે દરેક નકલ કરનાર પાસે એક અનન્ય કર્મચારી કોડ અને ઘણીવાર, એક અનન્ય આધાર નંબર હતો, જે સિસ્ટમમાં ઊંડા ચકાસણી ખામીઓને પ્રકાશિત કરે છે. આ ખુલાસા પછી આરોગ્ય વિભાગે અનેક જિલ્લાઓમાં તપાસ શરૂ કરી. મુખ્ય તબીબી અધિકારીઓ પાસેથી હકીકત-શોધ અહેવાલો સોંપવામાં આવ્યા હતા અને પ્રારંભિક તપાસમાં વધુ વિસંગતતાઓ બહાર આવી હતી. તારણોએ વહીવટીતંત્રને ચોંકાવી દીધું હતું : આ કપટી નિમણૂકોએ ઘણા લોકોને નબળા પૃષ્ઠભૂમિ તપાસ અને જિલ્લા કચેરીઓ વચ્ચે વાસ્તવિક સમયના સંકલનના અભાવનો લાભ લેવાની મંજૂરી આપી હતી.

**આ ઘટનાક્રમનો સંક્ષિપ્ત સમયરેખા નીચે મુજબ છે :**

**જાન્યુઆરી ૨૦૧૬ :** યુપી સબઓર્ડિનેટ સર્વિસીસ સિલેક્શન કમિશન (UPSSSC)એ એક્સ-રે ટેકનિશિયનની જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી, ૨૯ જાન્યુઆરી સુધીમાં અરજીઓ બંધ કરી.

**મે-જુલાઈ ૨૦૧૬ :** ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા અને અંતિમ મેરિટ યાદી બહાર પાડવામાં આવી, જેમાં મેળ ખાતા ઓળખપત્રો ધરાવતા અનેક 'અર્પિત સિંહો'નો સમાવેશ થાય છે. છ અલગ-અલગ જિલ્લાઓમાં પોસ્ટિંગ્સ મંજૂર કરવામાં આવી.

**૨૦૧૬-૨૦૨૪ :** છેતરપિંડી શોધી કાઢવામાં આવી ન હતી, દરેક ઢોંગીને તેમના અનન્ય કોડ હેઠળ અલગ માસિક પગાર મળતો હતો, તેમનો રોજગાર લગભગ નવ વર્ષ સુધી સમાંતર ચાલતો હતો.

**૨૦૨૫ની શરૂઆતમાં :** જેમ-જેમ રેકોર્ડ ડિજિટાઇઝ્ડ અને સરખામણી કરવામાં આવી, તેમ-તેમ વિસંગતતાઓ સામે આવી, જેના કારણે ઔપચારિક વિભાગીય તપાસ શરૂ થઈ.

**૭-૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** પેરામેડિકલ સર્વિસીસના ડિરેક્ટર, ડૉ. રંજના ખરેએ લખનૌના વઝીરગંજ પોલીસ સ્ટેશનમાં છ 'અર્પિત સિંહો'ના નામ અને ૧૮ પાનાના દસ્તાવેજી પુરાવા જોડ્યા.

**૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ :** મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક જાહેર કાર્યક્રમમાં આ મુદ્દો ઉઠાવ્યો, વ્યાપક તપાસ અને નીતિગત સુધારાનો નિર્દેશ આપ્યો. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ઓછામાં ઓછા છ લોકોએ આગ્રાના અનિલ કુમાર સિંહના પુત્ર અર્પિત સિંહનું નામ આપ્યું હતું. તે UPSSSC ૨૦૧૬ મેરિટ લિસ્ટમાં સીરીયલ નંબર ૮૦ પર મળી આવ્યો હતો. આ વ્યક્તિઓએ છ જિલ્લાઓમાં નોકરી મેળવવા માટે બનાવટી અથવા અલગ-અલગ આધાર વિગતોનો ઉપયોગ કર્યો હતો પરંતુ તેમની પાસે સમાન માતાપિતાની માહિતી હતી. બધાએ સમાંતર પગાર મેળવ્યો હતો, જેના કારણે મોટા પાયે નાણાકીય નુકસાન થયું હતું. છેતરપિંડી, બનાવટી અને નકલ સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ નોંધાયેલો કેસ ૧૮ પાનાના પુરાવા પર આધારિત છે. ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હોવાના અહેવાલ છે અને કેટલાક જિલ્લાઓમાં અગાઉની ફરિયાદોમાં ગેરરીતિઓનો સંકેત આપવામાં આવ્યો હતો. પોલીસે તપાસ શરૂ કરી છે અને વિભાગ સંડોવાયેલા કર્મચારીઓને સસ્પેન્ડ કરતી વખતે ગુમાવવામાં આવેલ પગાર પાછા મેળવવાના પડકારનો સામનો કરી રહ્યો છે. ભવિષ્યની ભરતીમાં જગ્યાઓ ખાલી થવાની અને ફરીથી ખોલવાની શક્યતા છે. આ કૌભાંડે ભરતી પ્રણાલીમાં ઘણી ઊંડી ખામીઓ ઉજાગર કરી છે. આમાં જિલ્લાઓમાં નબળી ચકાસણી અને પૃષ્ઠભૂમિ તપાસનો સમાવેશ થાય છે; અલગ કર્મચારી કોડ્સ સાથે દેખરેખ અને મેન્યુઅલ સ્થાનિક રેકોર્ડ મેનેજમેન્ટ પર નિર્ભરતા જે છેતરપિંડીને કેન્દ્રીય ચકાસણીને અવગણવાની મંજૂરી આપે છે; અપૂર્ણ અથવા ડુપ્લિકેટ આધારના ઉપયોગથી અનન્ય ઓળખ પ્રણાલીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી પારદર્શિતા અને સુરક્ષા નબળી પડી; વિલંબિત ડિજિટાઈઝેશન અને રીઅલ-ટાઈમ કેન્દ્રીયકૃત ઓડિટિંગ મિકેનિઝમનો અભાવ; નબળી જવાબદારી અને અસરકારક વ્હિસલબ્લોઅર સુરક્ષાનો અભાવ, શંકાઓ ઉભા થયા પછી પણ સુધારાત્મક કાર્યવાહીમાં વિલંબ. નિષ્ણાતો તાત્કાલિક સુધારાઓ પર ભાર મૂકે છે, જેમાં રીઅલ-ટાઈમ ક્રોસ-ડિસ્ટ્રિક્ટ વેરિફિકેશન માટે કેન્દ્રીયકૃત આધાર-લિંક્ડ HR પ્લેટફોર્મ લાગુ કરવા, બાયોમેટ્રિક અને ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરીને ફરજિયાત સ્વચાલિત ઓડિટ અને નુકસાન વસૂલવા અને છેતરપિંડીને સજા કરવા માટે સ્પષ્ટ જવાબદારી પ્રોટોકોલનો સમાવેશ થાય છે.

# 'નેપાળ તરફ જુઓ' : મહેબૂબાએ AAPના મેહરાજ મલિક સામે FIRની નિંદા કરી, લોકોના અવાજને 'દબાવવા' સામે ચેતવણી આપી

(એજન્સી) તા.૧૦



પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે જમ્મુ અને કાશ્મીરમાં હઝરતબલ પ્રતીક વિવાદ પરથી ધ્યાન હટાવવા માટે આપ ધારાસભ્ય મેહરાજ મલિકને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે. આપના જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ મલિકને સોમવારે ડોડા જિલ્લામાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના આરોપસર કડક કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં તેમને કઠુઆ જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યા હતા. અહીં પાર્ટી મુખ્યાલયમાં પત્રકારો સાથે વાત કરતા, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, "હઝરતબલમાં ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી. માફી માંગવા અને વકફ બોર્ડ અને તેના અધ્યક્ષ સામે કાર્યવાહી કરવાને બદલે, તેમણે અપમાન સામે ગુસ્સો વ્યક્ત કરનારાઓ સામે કેસ નોંધ્યા છે." "ડોડાના ધારાસભ્ય મેહરાજ મલિકે કઠોર શબ્દો અથવા અપશબ્દોનો ઉપયોગ કર્યો હશે, પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિ પર પીએસએ હેઠળ કેસ નોંધવો એ હઝરતબલ ઘટનાને કારણે કાશ્મીરની પરિસ્થિતિ પરથી ધ્યાન હટાવવાની યુક્તિ લાગે છે." પીડીપીના વડાએ કહ્યું કે ડોડા તાજેતરના ભારે વરસાદની અસર હેઠળ હતા અને લોકોને રાહત આપવાને બદલે, વહીવટીતંત્રે ધારાસભ્ય સામે કેસ દાખલ કર્યો હતો. "આ જમ્મુ અને કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દર્શાવે છે," તેણીએ કહ્યું. મહેબૂબાએ કહ્યું કે ઉપરાજ્યપાલે હઝરતબલ ઘટનાના સંદર્ભમાં લોકો સામે કાર્યવાહી બંધ કરવી જોઈએ અને ધારાસભ્ય ડોડાને પણ મુક્ત કરવા જોઈએ. "હું ઉપરાજ્યપાલને અપીલ કરૂં છું કે હઝરતબલ ઘટનામાં નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચી લે અને ધારાસભ્ય ડોડાને પણ મુક્ત કરે. તેમણે કઠોર ભાષાનો ઉપયોગ કર્યો હશે પરંતુ પીએસએ કે જેલ તેની સજા નથી,"પીડીપીના વડાએ કહ્યું કે જો લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવાઈ જશે અથવા તેમનો અવાજ દબાવવામાં આવશે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. તેમણે કહ્યું, "બાંગ્લાદેશ, શ્રીલંકા કે નેપાળની પરિસ્થિતિ જુઓ...ડોડામાં વિકસી રહેલી પરિસ્થિતિ જુઓ. લેફ્ટનન્ટ ગવર્નરે જમીની સ્તરે પરિસ્થિતિનું ધ્યાન રાખવું જોઈએ અને (હઝરતબલમાં) FIR પાછી ખેંચીને અને ધારાસભ્ય ડોડાને મુક્ત કરીને વાતાવરણને યોગ્ય બનાવવું જોઈએ."

# ભારતના પાડોશી દેશોમાં અશાંતિ વધી રહી છે; દિલ્હીએ આ પરિસ્થિતિ પર ધ્યાન આપવું જોઈએ : પૂર્વ ભારતીય રાજદૂતોનો નિર્દેશ

**સોમવારે નેપાળમાં સોશિયલ મીડિયા પર સરકારના પ્રતિબંધ અને કથિત ભ્રષ્ટાચારના વિરોધમાં હિંસક યુવાનોના વિરોધ પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦ ઘાયલ થયા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

નેપાળમાં મોટા પાયે સરકાર વિરોધી પ્રદર્શનો વચ્ચે અશાંતિ હોવાથી વિવિધ પૂર્વ ભારતીય રાજદૂતોએ કહ્યું છે કે, નવી દિલ્હીએ આ પરિસ્થિતિ પર 'ખૂબ જ ધ્યાન' સાથે નજર રાખવી જોઈએ, કેટલાકે ભાર મૂક્યો કે ભારતનો પાડોશી પ્રદેશમાં 'ખરેખર અશાંતિ' છે, જે સ્વસ્થ સંકેત નથી. તેમણે તાજેતરના વર્ષોમાં શ્રીલંકા અને બાંગ્લાદેશમાં રાજકીય ઉથલપાથલ અને સરકારો ઉથલાવી પાડવાના જાહેર વિરોધ પ્રદર્શનોના ઉદાહરણો પણ આપ્યા જેમાં મોટાભાગે યુવાનોનો સમાવેશ થતો હતો.

કાઠમંડુમાં મોટા પાયે દેખાવો વચ્ચે મંગળવારે વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ રાજીનામું આપી દીધું છે અને પ્રદર્શનકારીઓએ બાલકોટમાં નેપાળી નેતાના ખાનગી ઘરને આગ લગાવી અને વિવિધ પૂર્વ મંત્રીઓના નિવાસસ્થાનો પર હુમલો કર્યો છે, જેના કારણે આ રાષ્ટ્ર ગંભીર રાજકીય સંકટનો સામનો કરી રહ્યો છે. સોમવારે સોશિયલ મીડિયા સાઈટ્સ પર સરકારના પ્રતિબંધ સામે યુવાનો દ્વારા થયેલા હિંસક વિરોધ પ્રદર્શનમાં નેપાળ હચમચી ગયું, પોલીસે બળપ્રયોગ કરીને ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા. અનુભવી રાજદ્વારી વેણુ રાજામોનીએ કહ્યું કે, નેપાળમાં જે થઈ રહ્યું છે તે માત્ર આઘાતજનક જ નહીં પણ ચિંતાજનક પણ છે. આવું જ શ્રીલંકા અને બાંગ્લાદેશમાં બન્યું છે. તેથી તે અર્થમાં પાડોશી દેશોમાં અસ્થિરતાની શ્રેણીબદ્ધ ઘટનાઓ બની છે, જેના કારણે શાસન પતન થયું છે અને તેમના નેતાઓ ભાગી ગયા છે. તે સ્પષ્ટપણે સ્વસ્થ સંકેત નથી. ૨૦૧૭થી ૨૦૨૦ સુધી નેધરલેન્ડ્સમાં ભારતના રાજદૂત તરીકે સેવા આપનારા રાજામોની અને અન્ય વિવિધ રાજદૂતોએ સૂચન કર્યું હતું કે, ભારતે નેપાળમાં 'પ્રક્રિયા ચાલવા દેવી જોઈએ' અને નવી દિલ્હીએ પાડોશી દેશમાં પરિસ્થિતિ પર કાળજીપૂર્વક નજર રાખવી જોઈએ. મને લાગે છે કે, આપણે વસ્તુઓ સ્થાયી થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. પરંતુ આપણે આ ખૂબ કાળજીપૂર્વક જોવું જોઈએ, કારણ કે, તેના આપણા અને નેપાળમાં આપણા હિત માટે શું અસરો થઈ શકે છે. ૧૯૯૭થી ૨૦૦૦ સુધી નેપાળમાં કાઠમંડુમાં ડેપ્યુટી ચીફ ઓફ મિશન તરીકે સેવા આપી ચૂકેલા અશોક કાંઠાએ પણ હાલ માટે 'થોભો અને રાહ જુઓ' અભિગમ અપનાવવાની હાકલ કરી હતી. મારો પોતાનો અનુભવ રહ્યો છે કે, આપણે ઘરેલુ પ્રક્રિયા ચાલવા દેવી જોઈએ. મને નથી લાગતું કે, આ સમયે આપણી ખરેખર કોઈ ભૂમિકા હોઈ શકે છે અને આપણો હસ્તક્ષેપ પ્રતિકૂળ કૃત્ય બનશે. તેથી આપણે પહેલા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું પડશે. જો કે, તેમણે નેપાળમાં ભારતીયોનું રક્ષણ થાય અને ભારતના હિતોનું રક્ષણ થાય તેની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાઠમંડુમાં ભારતીય દૂતાવાસે મંગળવારે નેપાળમાં તેના નાગરિકો માટે કટોકટી સંપર્ક નંબરો જારી કર્યા, જેમાં તેમને કોઈપણ કટોકટી અથવા સહાયની જરૂર હોય તો સંપર્ક કરવા જણાવ્યું છે. ભારત-ચીન સંબંધો સુધરી રહ્યા છે ત્યારે નેપાળમાં અશાંતિ થઈ રહી છે તેવા સૂચનો પર, કાંથાએ કહ્યું, મને લાગે છે કે, આપણે આ બધી બાબતોને ચીન સાથેના આપણા સંબંધોના પ્રિઝમ દ્વારા જોવી જોઈએ નહીં. રાજામોનીએ કહ્યું, મને નથી લાગતું કે ચીન અહીં કોઈ પરિબળ છે પરંતુ આપણો પાડોશી ખરેખર અશાંતિમાં છે. શ્રીલંકાના કિસ્સામાં ૨૦૨૨ના વિરોધ પ્રદર્શનો પછી સ્થિરતા છે અને બાંગ્લાદેશ ચૂંટણી તરફ આગળ વધી રહ્યું હોવાનું માનવામાં આવે છે.

# ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શન : ૨૦૦થી વધુ લોકોની ધરપકડ; બસોમાં આગ લગાવવામાં આવી, ટ્રેનો રોકવામાં આવી-'આ બળવાનો હેતુ' શું છે ?

**ફ્રાન્સમાં હાલમાં રાષ્ટ્રપતિ મેક્રોનની સરકાર સામે લોકોના ગુસ્સાને કારણે વ્યાપક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મુખ્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ કરી, રસ્તાઓ બ્લોક કર્યા અને આગ લગાવી, જેના કારણે ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અશાંતિ કરકસરનાં પગલાં અને રાજકીય અસ્થિરતાને કારણે છે, જેમાં યુનિયનો અને કાર્યકરો પરિવર્તનની માંગ કરી રહ્યા છે અને વધુ કાર્યવાહીની અપેક્ષા છે, જેનાથી સતત વિક્ષેપ થવાની ચિંતા વધી રહી છે**

(એજન્સી) તા.૧૦

ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે અને પેરિસ અને અન્ય શહેરોમાં પ્રદર્શનકારીઓ પોલીસ સાથે અથડામણ, રસ્તાઓ બ્લોક અને આગની ઘટનાઓ બની છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકાર સામે લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે. અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે, અશાંતિના પહેલા કલાકો દરમિયાન ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, અને હજારો લોકો 'બ્લોક એવરીથિંગ' ચળવળના બેનર હેઠળ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. રાજધાનીમાં, વિરોધીઓએ બેરિકેડ સળગાવી દીધા હતા અને પોલીસ ટીયર ગેસના ગોળા વડે તેમને વિખેરવામાં આવ્યા હતા. ગૃહમંત્રી બ્રુનો રિટેલ્યુએ જણાવ્યું હતું કે, રેન્સમાં એક બસને આગ લગાવવામાં આવી હતી અને દક્ષિણપશ્ચિમમાં પાવર લાઈનને નુકસાન થયા બાદ ટ્રેન સેવાઓ બંધ કરવામાં આવી હતી. તેમણે વિરોધીઓ પર 'બળવાનું વાતાવરણ' બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. મેક્રોન સરકારે મોટા પાયે અવ્યવસ્થાને રોકવા માટે દેશભરમાં ૮૦,૦૦૦ પોલીસ અધિકારીઓને તૈનાત કર્યા હતા. આ હોવા છતાં, વિરોધીઓ બેરિકેડ ઊભા કર્યા, આગ લગાવી અને અનેક પ્રદેશોમાં પ્રદર્શનો કર્યા. પેરિસમાં કચરાના ડબ્બાઓ સળગાવી દેવામાં આવ્યા હતા, જ્યારે મુસાફરોએ મુખ્ય માર્ગો પર અવરોધોની જાણ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમય મુજબ સવારે ૯ વાગ્યા સુધીમાં રાજધાનીમાં ૭૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી, પરંતુ અશાંતિ ફેલાતાં દિવસભર ધરપકડોમાં સતત વધારો થયો હતો. બપોર સુધીમાં, પોલીસે દેશભરમાં લગભગ ૨૦૦ અટકાયતોની પુષ્ટિ કરી. 'બ્લોક એવરીથિંગ' ચળવળ દેશમાં પરિવહન, કાર્યકારી મુસાફરી અને રોજિંદા જીવનને ખોરવી નાખ્યું છે.

**આ વિરોધ શા માટે થયો ?**

ફ્રાન્સમાં એક અઠવાડિયાના રાજકીય ઉથલપાથલ પછી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. સોમવારે, વડાપ્રધાન ફ્રાકોઈસ બાયરોએ જાહેર રજાઓમાં કાપ મૂકવા અને પેન્શન સ્થગિત કરવા સહિતના વ્યાપક કરકસરનાં પગલાંની જાહેરાત બાદ સંસદીય વિશ્વાસ મત ગુમાવ્યો હતો. બાયરોએ હાર પછી તરત જ રાજીનામું આપ્યું. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ઝડપથી આગળ વધ્યા, મંગળવારે સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુને નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા-ફક્ત ૧૨ મહિનામાં આ પદ સંભાળનારા ચોથા વ્યક્તિ છે. ટીકાકારોએ મેક્રોન પર વ્યાપક અસંતોષને અવગણવાનો આરોપ લગાવ્યો. યુનિયનો અને વિરોધ નેતાઓએ કહ્યું કે, બાયરોના રાજીનામાથી તેમની ચિંતાઓ ઓછી થઈ નથી. સરકારનું પતન સારૂં છે, પરંતુ તે અપૂરતું છે.

**ફ્રાન્સની નાણાકીય સ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે :** જાહેર નાણાકીય સ્થિતિ બગડવાની પૃષ્ઠભૂમિ સામે ફ્રાન્સનું રાજકીય સંકટ સામે આવી રહ્યું છે. મેક્રોને એક વર્ષમાં ચોથા વડાપ્રધાન તરીકે નિમણૂક કરી છે. દેશ વધતી ખાધ, વધતા ઉધાર ખર્ચ અને ખર્ચ સુધારાઓ પર સંમત થવામાં અસમર્થ સંસદનો સામનો કરી રહ્યો છે. પહેલા રોગચાળો, પછી ઉર્જા સંકટ : ફ્રાન્સે ૧૯૭૩થી તેના બજેટને સંતુલિત કર્યું નથી, સ્થિર વૃદ્ધિ અને લોન દ્વારા એક વિશાળ કલ્યાણકારી રાજ્યને ટકાવી રાખ્યું છે. મેક્રોને, પહેલા અર્થતંત્ર મંત્રી તરીકે અને પછી રાષ્ટ્રપતિ તરીકે, કર કાપ, ખર્ચ અને નિવૃત્તિ વય ૬૨થી વધારીને ૬૪ જેવા સુધારાઓને આગળ ધપાવ્યા છે. પરંતુ દેવું પહેલાથી જ વધુ હતું-૨૦૦૮થી GDPના ૯૦%થી વધુ છે. રોગચાળા અને ૨૦૨૨માં રશિયાના યુક્રેન પરના આક્રમણથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. ફ્રાન્સે ઘરો અને વ્યવસાયોને સુરક્ષિત રાખવા માટે સબસિડી પર ભારે ખર્ચ કર્યો, જ્યારે વિશ્વભરમાં વ્યાજ દરમાં તીવ્ર વધારો થયો. દેવું ૨૦૧૯માં GDPના ૯૮%થી વધીને ૨૦૨૦માં ૧૧૪% થયું છે. ગયા વર્ષે ખાધ ૫.૮% સુધી પહોંચી ગઈ, જે EUની ૩%ની મર્યાદાથી ઘણી વધારે છે. રાજકીય ભૂલોએ કટોકટીને વધુ ખરાબ કરી : યુરોપિયન સંસદના મતદાનમાં તેમના પક્ષના નબળા પ્રદર્શન પછી નવી ચૂંટણીઓ બોલાવવાના મેક્રોનના નિર્ણયથી સરકાર વધુ અસ્થિર થઈ ગઈ. નવી રાષ્ટ્રીય સભા ડાબેરી જૂથ, મરીન લે પેનના રાષ્ટ્રવાદી પક્ષ અને મધ્યપંથીઓ વચ્ચે વિભાજીત થઈ ગઈ છે. ફ્રાન્સ પર GDPના ૪૩.૮% સાથે EUમાં સૌથી વધુ કર બોજ છે, જે પેન્શન, સિવિલ સેવકોના વેતન અને સંરક્ષણ પર સમાન રીતે ખર્ચ દ્વારા છે. વધતા વ્યાજ દરોને કારણે દેવા પર વાર્ષિક વ્યાજ ચૂકવણી €૬૭ બિલિયન થઈ ગઈ છે. શાળાઓ, આરોગ્યસંભાળ અથવા કલ્યાણ માટે ભંડોળ હવે ઉપલબ્ધ નથી. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે ફ્રાન્સને આગામી વર્ષોમાં GDPના લગભગ ૫% જેટલા કર વધારો અને ખર્ચમાં ઘટાડો કરવાની જરૂર પડશે.

**'બ્લોક એવરીથિંગ'નો ઉદય**

'બ્લોકન્સ ટાઉટ' અથવા 'બ્લોક એવરીથિંગ' ચળવળ આ ઉનાળામાં શરૂ થઈ હતી, જેણે TikTok, X અને એન્ક્રિપ્ટેડ મેસેજિંગ ચેનલો દ્વારા ઓનલાઈન વેગ મળ્યો હતો. હડતાળ, બહિષ્કાર અને શેરી વિરોધ માટેના તેના આહવાન કામદારો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો સાથે હતા જેઓ માનતા હતા કે, મેક્રોનની નીતિઓ અસમાનતાને વધારે છે.

### કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં પસાર

# કામદાર ૧૨ કલાક કામ કરશે પણ અઠવાડિયામાં ૪૮ કલાકથી વધુ કામ નહીં કરી શકે : ઉદ્યોગમંત્રી

## કામકાજના ૬ દિવસ કરતા વહેલા કામના ૪૮ કલાક થઈ જશે તો કામદારને રજા અને વેતન પણ આપવું પડશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

વિધાનસભા સત્રનો છેલ્લો દિવસ આ સત્રનો સૌથી લાંબો દિવસ રહ્યો. સવારે ૯ વાગ્યે શરૂ થયેલી કામગીરી લગભગ સાંજે પાંચ વાગ્યા સુધી ચાલી હતી. આ કામગીરીમાં સૌથી વધારે સમય કારખાના બિલ ઉપર ચર્ચામાં ગયો હતો.

ત્રણ દિવસના સત્રનો આજે ૧૦ સપ્ટેમ્બરે ત્રીજો દિવસ હતો. સત્રની શરૂઆત પ્રશ્નોત્તરીકાળથી કરવામાં આવી હતી. બાદમાં ચર્ચાના અંતે વિધાનસભામાં વિધેયકો સર્વાનુમતે પસાર કર્યા બાદ ચોમાસુ સત્ર પૂર્ણ થયું હતું.

'કારખાનાં (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫' પરની ચર્ચા દરમિયાન ઉમેશ મકવાણાએ ગૃહમાં બિલની કોપી ફાડી હતી.

અઠવાડિયામાં ૪૮ કલાકની કામગીરીમાં કામદારો ૧૨ કલાક કામ કરી શકશે અઠવાડિયામાં ૪૮ કલાકની કામગીરીમાં કામદારો ૧૨ કલાક કામ કરી શકશે. એ માટે તેમની મંજૂરી પણ જોઈશે અને એક્સ્ટ્રા કલાકોના કામ માટે ડબલ મજૂરી આપવામાં આવશે. કોઈપણ કામદાર પાસે ૪૮

ગોપાલ ઈટાલિયા કરી રહ્યા હતા. ત્યારે ધારાસભ્ય કાંતિ અમૃતિયા અકળાઈ ગયા. તેમનાથી રહેવાયું નહીં એટલે ઊભા થઈ ગયા અને કહ્યું કે શું વાત કરો છો, બહારના લોકો ગુજરાતમાં મજૂરી કરવા આવે છે. જો કે આ વખતે ગોપાલ ઈટાલિયા પણ ચૂપ ના રહ્યા. તેમણે કહ્યું કે અહીંથી લોકો અમેરિકા મજૂરી કરવા જાય છે

બાદ વિધાનસભામાં આ મુદ્દાને લઈને ભારે ચર્ચા થઈ હતી અને ખુદ કેટલાક મંત્રીઓ પણ માને છે કે શિક્ષણમંત્રીએ ગૃહની અંદર આ પ્રકારનું નિવેદન આપવાની જરૂરત નહોતી. નોંધનીય છે કે ઈમરાન ખેડાવાલા મુસ્લિમ સમાજમાંથી આવતા ધારાસભ્ય છે અને સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા કરનાર વિદ્યાર્થી પણ મુસ્લિમ સમાજનો

કરાવવાનું હતું. અત્યાર સુધીમાં રાજ્યને પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે ૩૬ હજારથી વધુ અરજીઓ મળી હતી. રજિસ્ટ્રેશન વિના ચાલતી ચિકિત્સા સંસ્થાને રુ.૨૫ હજારથી રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ છે.

ઉમેશ મકવાણાએ કહ્યું કે, પ્રાઈવેટ સેક્ટરમાં પણ અનામત લાગુ કરવામાં આવે. સાથે જ

### ● વિધાનસભામાં વિધેયકો સર્વાનુમતે પસાર કર્યા બાદ ચોમાસુ સત્ર પૂર્ણ ● ઉમેશ મકવાણાએ ગૃહમાં બિલ ફાડ્યું

તેનું શું ? બંનેને અધ્યક્ષ દ્વારા શાંત કરવામાં આવ્યા. ફરીથી ગોપાલ ઈટાલિયાની સ્પીચ ચાલુ થઈ ત્યાં તો થોડીવારમાં પાછા કાંતિ અમૃતિયા અકળાઈને ઊભા થઈ ગયા.

પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ કેટલીક શાળાઓમાં કેટલાંક બાળકો સાથે ભેદભાવપૂર્વક વર્તન કરવામાં આવે છે એ સંદર્ભનો પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્ન અગાઉ તેમણે એવું કહ્યું હતું કે મણિનગરની

વિદ્યાર્થી છે. આમ, ચોક્કસ સમુદાયને લઈને ધ્યાન રાખવાનું શિક્ષણમંત્રીના નિવેદનથી ભારે ચર્ચા તથા ટીકાઓ થઈ રહી છે.

ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ સુધારા વિધેયક સર્વાનુમતે પસા થઈ ગયું છે. આ સુધારા વિધેયકથી જ્યાં જ્યાં 'Board' શબ્દનો ઉલ્લેખ કરાયો છે ત્યાં 'Council' શબ્દ ઉપયોગ થશે. આ સુધારા વિધેયક અમલી બનતા ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિનનું નામ ગુજરાત

તેમણે ગૃહમાં બિલ ફાડી નાખ્યું. અધ્યક્ષે તેમને આ બાબતે ઠપકો આપ્યો હતો.

ઉમેશ મકવાણાએ જણાવ્યું હતુ કે, ધારાસભ્યએ ૧૨ કલાક કામ કરવું જોઈએ. આ દરમિયાન અર્જુન મોઢવાડિયાએ ઊભા થઈને કહ્યું ધારાસભ્ય ૨૪*૭ કામ કરે છે. તેમને કોઈ કલાક હોતા નથી. જે કામ ન કરે એ ચૂંટાય જ નહીં.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે કહ્યું કે મજૂરો પ્રત્યે લાગણી છે કે ઉદ્યોગપતિ પ્રત્યેનો પ્રેમ કંઈ સમજાતું નથી. ચૂંટાયેલા ધારાસભ્ય

નથી. CAGના રિપોર્ટ અનુસાર બે મહિનામાં એકવાર બેઠક મળવી જોઈએ એ પણ મળતી નથી. ૪ દિવસમાં ૪૮ કલાક કામ કરશે તો બાકીના ૨ દિવસનો કોઈ પગાર આપશે નહીં. બિલ તો પાસ થઈ જ જશે પરંતુ બાકીના ૨ દિવસનો પગાર નહીં મળે તેનો પુરાવો આવતા સત્રમાં આપીશું.

કારખાના વિધેયકની ચર્ચા દરમિયાન ઉદ્યોગ મંત્રીએ કહ્યું કે, કામદાર ૧૨ કલાક કામ કરશે, પરંતુ અઠવાડિયામાં ૪૮ કલાકથી વધુ કામ નહીં કરી શકે. એટલે દિવસમાં ૮ કલાકથી વધુ કામ કરશે તો ઓવરટાઈમના પૈસા પણ મળશે. કામકાજના ૬ દિવસ કરતા વહેલા કામના ૪૮ કલાક થઈ જશે તો કામદારને રજા પણ આપવી પડશે અને વેતન પણ આપવું પડશે.

અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભાની સમિતિઓની મુદત વધારવા જાહેરાત કરી છે. નાણાંકીય અને બિન નાણાકિય સમિતિઓની મુદત આઠમાં સત્ર સુધી લંબાવાઈ છે.

ચૈતર વસાવાએ સવાલ પૂછતા કહ્યું કે આજની મોંઘવારીને જોતા

### ઈમરાન ખેડાવાલાના શિક્ષણને લગતા સવાલ બાદ જવાબ આપવા ઊભા થયેલા શિક્ષણમંત્રી કુબેર ડિંડોરના ચોક્કસ સમુદાયને લઈને ધ્યાન રાખવાના નિવેદનથી ભારે ચકચાર

કલાકથી વધુ સમય માટે કામ નહીં કરાવી શકાય. આ કારખાના બિલની મુખ્ય જોગવાઈ હતી.

આ બિલની ચર્ચામાં અનેક લોકોએ પક્ષે અને અનેક લોકોએ વિપક્ષમાં પોતાની વાત રજૂ કરી હતી. સૌ પહેલા તો બિલ રજૂ કરવામાં આવી રહ્યું હતું ત્યારે તે બિલને સંબંધિત વિભાગના અધિકારીઓ જ ત્યાં હાજર ન હતા. તે જોઈને અધ્યક્ષે ઠપકો આપ્યો અને તેમને તાત્કાલિક ગૃહમાં હાજર કરવાની સૂચના પણ આપી હતી.

જિગ્નેશ મેવાણીએ બિલ પર આકરા પ્રહારો કર્યા.

કારખાના બિલનો વિરોધ

સેવન્થ ડે હાઈસ્કૂલમાં જે ઘટના બની તેનું મને ખૂબ જ દુઃખ છે અને હું એને વખોડી કાઢું છું. ત્યારબાદ જવાબ આપવા ઊભા થયેલા શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે એવું કહ્યું કે તમારે ધ્યાન રાખવું જોઈએ, છોકરાઓમાં ઝનૂન કેમ ફેલાય છે. તમારે સમજાવું જોઈએ. શિક્ષણમંત્રીના આ જવાબથી ગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો અને તરત જ કોંગ્રેસના ધારાસભ્યોએ ઊભા થઈને હોબાળો મચાવ્યો હતો, પરંતુ અધ્યક્ષ શંકર ચૌધરીએ હાથના ઈશારાથી ધારાસભ્યને બેસાડી દીધા હતા.

પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા

કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન થશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગુજરાત વિધાનસભા ગૃહમાં 'ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક-૨૦૨૫' રજૂ કર્યું હતું. આ વિધેયક ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયું હતું. આ સુધારા વિધેયક હેઠળ રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજી કરવાનો સમય સાત માસ એટલે કે તા.૩૦-૪-૨૦૨૬ સુધી વધારવામાં આવશે. અગાઉ તા. ૧૨-૯-૨૦૨૫ સુધી રજિસ્ટ્રેશન

૬ મહિનામાં ૩ દિવસના થઈને ૪૮ કલાક ગૃહમાં બેસી કામ કરી શકતા નથી અને મજૂરોના ૧૨ કલાક કામ કરવાની વાત કરે છે. સાથે જ શૈલેષ પરમારે બળવંતસિંહ રાજપૂતને ટોણો મારતા કહ્યું કે મંત્રી પોતે ઉદ્યોગપતિ છે. ૨૪% મહિલાઓ શ્રમિક તરીકે કામ કરી રહી છે. સરકારના ઓર્ડિનન્સનો હજુ ચુકાદો નથી આવ્યો ત્યાં મંત્રી બિલ લઈ આવ્યા. સરકારને કામદારોને ૧૨ કલાક રોજીરોટી આપવાની બહુ ઉતાવળ છે. કામદાર કલ્યાણ બોર્ડમાં જગ્યાઓ ખાલી છે. પ્રતિનિધિની જગ્યા પણ ખાલી છે એ જગ્યા તો ભરવામાં આવતી

કુવરબાઈના મામેરાની સહાય ૧૨૦૦૦થી વધારવાની સરકારની કોઈ વિચારણા છે ? આ પ્રશ્નનો જવાબ આપતા કુવરજી હળપતિએ કહ્યું કે જરૂર પડશે ત્યારે ચોક્કસ વધારવામાં આવશે. આ જવાબ બાદ હસતા હસતા શંકર ચૌધરીએ નીતિન પટેલને યાદ કરી કહ્યું કે કુંવરજીભાઈએ તો સારો જવાબ આપ્યો નીતિનભાઈ હોત તો કહે કે તમારી વખતે તો મામેરા જેવું કંઈ હતું જ નહીં. ગોપાલ ઈટાલિયાએ કહ્યું વિદ્યાર્થીઓને સમયસર સહાય મળતી નથી. કંટાળીને સહાય માંગવાની બંધ કરી છે. કોઈ સમયમર્યાદા નક્કી કરવી જોઈએ.

### નેપાળથી વીડિયો બનાવી સરકાર પાસેથી મદદ માંગી

# નેપાળમાં ફાટી નીકળેલી હિંસામાં ૩૦૦થી વધુ ગુજરાતીઓ ફસાયા

### ભાવનગરના ૪૩ અને અમદાવાદના ૯ સહિત ગુજરાતના ૩૦૦થી વધુ લોકોને સિક્યુરિટી સાથે સુરક્ષિત જગ્યાએ રખાયા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, અમદાવાદ, તા.૧૦

નેપાળમાં ચાલી રહેલી રાજકીય કટોકટી વચ્ચે ભાવનગરના ૪૩ અને અમદાવાદના ૯ સહિત ગુજરાતના ૩૦૦થી વધુ લોકો ફસાયા છે. આ તમામ ગુજરાતીઓને હાલ હોટલ, વૃદ્ધાશ્રમ સહિતની જગ્યાઓ પર સિક્યોરિટી સાથે સુરક્ષિત રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ભાવનગરના નારી ગામના ૪૩ શ્રદ્ધાળુ ૨૯ ઓગસ્ટના રોજ નેપાળ પ્રવાસ માટે રવાના થયા હતાં. નેપાળમાં ફાટી નીકળેલી હિંસાને કારણે તમામ લોકોનું બહાર નીકળવું પણ મુશ્કેલ બનતાં તેઓ પોખરાની એક હોટલમાં પુરાયા છે.

નેપાળથી તેમણે એક વીડિયો બનાવી સરકાર પાસે મદદ માગી છે. સ્થાનિક કોર્પોરેટર ઉપેન્દ્રસિંહને આ માહિતી મળતાં તેમણે તમામ ફસાયેલા લોકોના સમાચાર મેળવી તાત્કાલિક ધારાસભ્ય જિતુ વાઘાણીને આ અંગે જાણ કરી હતી. જિતુ વાઘાણીએ ફસાયેલા લોકો સાથે ફોન પર વાત કરી અને સૌને સુરક્ષિત સ્થળે રહેવાની સૂચના આપી છે. આ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આ સ્થિતિથી વાકેફ કર્યા છે. ભારત સરકાર ફસાયેલા તમામ લોકોને જલદી આ આફતમાંથી બહાર કાઢશે એવી મુખ્યમંત્રીએ ખાતરી આપતી X પર પોસ્ટ કરી છે. અમદાવાદ જિલ્લાના કોઈપણ

નાગરિકો હાલ નેપાળના પ્રવાસે હોય તો તે અંગેની જાણ તેમના સ્વજનો દ્વારા તુરંત હેલ્પલાઈન નંબર પર કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત નેપાળના કાઠમંડુ ખાતે ફસાયેલા ભારતીય પ્રવાસી નાગરિકો સંપર્કમાં હોય તો તેઓને કાઠમંડુ સ્થિત ભારતીય એમ્બેસીના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. અમદાવાદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રઃ- ૦૭૯-૨૭૫૬૦૫૧૧ ગાંધીનગર રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રઃ- ૦૭૯-૨૩૨૫૧૯૦૦/૯૦૨/૯૧૪ નેપાળના કાઠમંડુમાં ભારતીય એમ્બેસીઃ- +૯૭૭-૯૮૦૮૬ ૦૨૮૮૧, +૯૭૭-૯૮૧૦૩ ૨૬૧૩૪

# વકીલોનો અનાદર, ન્યાયાધીશોનું અપમાન : અક્ષય કુમારની ફિલ્મ જોલી LLB 3 વિરૂદ્ધ નવી અરજી દાખલ

### હાઈકોર્ટમાં થઈ પીટીશન, આજરોજ થશે સુનાવણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

બોલિવૂડ કલાકારો અક્ષયકુમાર, સૌરભ શુક્લા અને અરશદ વારસીની આગામી ફિલ્મ જોલી એલએલબી-૩ના ટીઝરમાં ન્યાયધીશના પાત્ર અયોગ્ય રીતે રજૂ કરતું હોવાની રજૂઆત સાથે ફિલ્મના ટીઝર અને ફિલ્મ પર સ્ટે મૂકવાની માગ કરતી અરજી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી આવતીકાલે જસ્ટિસ નિરલ મહેતાની કોર્ટમાં સુનાવણી માટે લિસ્ટ કરાઈ છે. અરજદાર યતીન દેસાઈ દ્વારા પાર્ટી ઈન પર્સન તરીકે કરવામાં આવેલી અરજીમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સર્ટિફિકેશન, ડાયરેક્ટર સુભાષ કપૂર, એક્ટર અક્ષય કુમાર, અરશદ વારસી અને સૌરભ શુકલાને પ્રતિવાદી પક્ષકાર તરીકે દર્શાવવામાં આવ્યા છે. રિટ અરજીમાં ફિલ્મના ટીઝરને અપાયેલા સર્ટિફિકેશનને પણ પડકારવામાં આવ્યું છે. અરજીમાં માગણી કરવામાં આવી છે કે, આ મૂવીના ટીઝરમાં ન્યાયાધીશને અયોગ્ય ભાષામાં વાત કરતા બતાવ્યા છે અને તેનું ફિલ્મમાં ન્યાયિક કાર્યવાહીને હાસ્યાસ્પદ વર્ણનમાં ફેરવીને કોર્ટની ગરિમાને ઓછી કરવાનો પ્રયાસ થયો છે. અરજીમાં માગણી કરવામાં આવી છે કે, ફિલ્મના રિલીઝ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માગતા નથી પરંતુ તેની રિલીઝ પહેલા નિવૃત ન્યાયમૂર્તિઓ, ન્યાયમૂર્તિઓ અને વકીલોની કમિટી દ્વારા તેનું મૂલ્યાંકન કરાવવું જોઈએ. અગાઉની જોલી એલએલબી-૨ ફિલ્મમાં પણ કેટલાક વાંધા જનક દશ્યો હતા અને દૂર કરવામાં આવ્યા હતા. મૂવીના કેટલાક દશ્યો અદાલતના તિરસ્કાર સમાન છે. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ જોલી એલએલબી-૩ તા.૧૯ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થવાની છે ત્યારે તે પહેલાં તા.૧-૮-૨૦૨૫ના રોજ ફિલ્મના ટીઝરનું સીબીએફસી દ્વારા સર્ટિફિકેટ ઈશ્યુ કરાયુ છે, ટીઝરમાંન્યાયાધીશના અયોગ્ય ચિત્રણ બતાવવામાં આવ્યું છે. તા.૧૨-૮-૨૦૨૫ના રોજ જોલી એલએલબી-૩ ટીઝર રિલીઝ થયા બાદ તે યુટયુબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને એક્સ ટવીટર ડીજીટલ અને સોશ્યલ મીડિયામાં વાયરલ કરાયું હતું. ફિલ્મમાં ન્યાયાધીશ તેમ જ અન્ય પાત્રોના ડાયલોગમાં પણ મર્યાદાયુક્ત શબ્દોનો પ્રયોગ કરાયો નથી, જેના કારણે ન્યાયિક ગરિમા અને બંધારણીય જોગવાઈઓનું હનન થાય છે, જે ન્યાયતંત્ર, વકીલઆલમ અને સમાજ માટે એક ચિંતાનો વિષય બની રહે છે. તેથી ન્યાયના હિતમાં ફિલ્મના રિલીઝ પહેલાં કોઈપણ સંજોગોમાં ટીઝર પર સ્ટે ફરમાવવામાં આવે. સાથે સાથે ફિલ્મને પણ તા.૧૯મી સપ્ટેમ્બરે રિલીઝ કરતાં પહેલા તેનું કમિટી દ્વારા રિવ્યૂ કરવામાં આવે.

### ગ્રામીણ લોકોની હાલત કફોડી બની; વરસાદે વિરામ લીધા બાદ પણ ગામોમાં વરસાદી પાણી ઓસર્યા નથી

ચોતરફ વરસાદી તારાજીના દૃશ્યો

# ભારે વરસાદે રાધનપુર અને સાંતલપુરમાં તબાહી મચાવી





(તસવીર : ઈલ્મુદ્દીન સૈયદ, પાટણ)





(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૦

પાટણ જિલ્લામાં પડેલા ભારે વરસાદથી સૌથી વધુ વરસાદ સરહદી સાંતલપુર, રાધનપુર તાલુકાઓમાં ખાબકતા વિસ્તારના ગ્રામીણ લોકોની હાલત કફોડી બની ગઈ છે. સાંતલપુર તાલુકાના વૌવા, રણમલપુરા, કલ્યાણપુરા, ધોકાવાડા, બરારા, જાખોત્રા, એવાલ, મઢુત્રા જેવા ગામોમાં વરસાદે વિરામ લીધા પછી પણ વરસાદી પાણી ઓસર્યા નથી.

બે દિવસ ખાબકેલા અતિભારે વરસાદના પગલે ગામોમાં મકાનો પડી ગયા છે. અનાજ સહિતની ઘરવખરી પલળી જતાં ઢોર-ઢાંખર તણાઈ જવા અને શાળા, માર્ગો તેમજ ખેતરોમાં ઊભા મોલ સાથે પંથકના એકમાત્ર મીઠા ઉદ્યોગને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

સાંતલપુર તાલુકામાં

### ૫૦૦થી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયા : ઘરવખરી પાણીમાં તણાઈ

ખાબકેલા ૧૮ ઈંચ જેટલા વરસાદમાં સૌથી વધુ અસરગ્રસ્ત ગામો પૈકી વૌવામાં ભારે તારાજી સર્જાઈ છે. ગામની ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલના મુખ્ય દરવાજા પાસે ૨૦ ફૂટ

રણમલપુરા ગામની છે જ્યાં ૪૦૦ જેટલા ઘરમાં અને કલ્યાણપુરામાં ૧૫૦ જેટલા ઘરમાં પાણી ભરાઈ ગયા છે. એવાલ, બકુત્રા, ધોકાવાડા, બરારા, મઢુત્રા સહિતના

### શાળાના મુખ્ય દરવાજા પાસે ૨૦ ફૂટ જેટલો મોટો ભૂવો પડ્યો

જેટલો મોટો ભુવો વોકળો પડી ગયો છે. પ્રાથમિક શાળાનો વરંડો પડી ગયો છે. સંખ્યાબંધ મકાનોને નુકસાન પહોંચ્યું છે.

ગામોમાં સ્થિતિ વિકટ જોવા મળી રહી છે.

અતિભારે વરસાદને પગલે મીઠા ઉદ્યોગની માઠી પરિસ્થિતિ

### મીઠાનો જથ્થો પાણીમાં ધોવાઈ જતાં મીઠા ઉદ્યોગમાં કરોડો રૂપિયાના આર્થિક નુકસાનની ભીતિ

ઘરવખરી પાણીમાં તણાઈ જવા સાથે ઘરમાં સંગ્રહ કરેલી ખેત ઉત્પન્ન માલ પલળી ગયો હતો. વીજળીના થાંભલાઓ પણ પડી ગયા છે. ચોતરફ વરસાદી તારાજીના દશ્યો જોવા મળ્યા હતા. આવી જ હાલત તાલુકાના

સર્જાઈ છે. ફેક્ટરીઓમાં મોટા પ્રમાણમાં તૈયાર જથ્થો અને મીઠાના અગરોમાં રહેલો જથ્થો પાણીમાં ધોવાઈ જતાં કરોડો રૂપિયાના આર્થિક નુકસાનની ભીતિ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણી વેપારી અને

પ્રમુખ એવા પ્રદીપભાઈ રાજગોરે વ્યક્ત કરી હતી.

ભારે વરસાદથી પ્રભાવિત ગામોમાં વીજ થાંભલાઓ ધરાશાયી થયા હોવાથી છેલ્લા

તે સમસ્યા વચ્ચે ભયભીત હાલતમાં કપરા દિવસો પસાર કરવાની સ્થાનિકોને ફરજ પડી રહી છે.

સાંતલપુર તાલુકાના આઠ

રાધનપુર શહેરની હાલત પણ વ્યાપક વરસાદે કફોડી બનાવી છે. નગરના હાઈવે ચાર રસ્તાથી રાજગઢી સુધીના મુખ્ય બજાર વિસ્તારમાં કેડસમા પાણી

પગલે સર્જાતી આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવાની તંત્રવાહકોની વાતો માત્ર કાગળ ઉપરની કામગીરી સ્વરૂપે જ અત્યારસુધી જોવા મળી છે.

### વીજ થાંભલાઓ ધરાશાયી થતાં છેલ્લા ત્રણ દિવસથી વીજળી વગર અંધારપટમાં લોકોને રહેવાની ફરજ પડી

ત્રણ દિવસથી વીજળી વગર અંધારપટમાં લોકોને રહેવાની ફરજ પડી છે. આ સ્થિતિમાં વીજ કર્મીઓ, અધિકારીઓ સહાયરૂપ બનવાની જગ્યાએ પોતાના મોબાઈલ ફોન પણ સ્વાચઓફ કરી બેસતાં લોકોએ તેમના પ્રત્યે હૈયાવરાળ ઠાલવી હતી. ગામડાઓમાં વીજળી વગર અનાજ દળવાની ઘંટીઓ બંધ હોવાથી જેમની પાસે લોટ ખુટી પડ્યો તેમને અનાજ દળાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે. મોબાઈલ ડિસ્ચાર્ડ અને અંધારપટ વચ્ચે તાકીદની સ્થિતિમાં કેવી રીતે સંપર્ક સાધવો

જેટલા ગામોમાં વરસાદી પાણી ફરી વળતાં માનવજાતની મુશ્કેલી તો તે ગમે તે વ્યવસ્થા કરીને પેટનો ખાડો પુરી રહ્યા છે પરંતુ અબોલ પશુધનની હાલત કફોડી બની છે. ચોતરફ પાણી વચ્ચે લીલો ઘાસચારો રહ્યો નથી કે નથી રહ્યો સુકો ઘાસચારો ત્યારે ગાય, ભેંસ સહિતના પશુધનને ખવડાવવું શું ? અને જીવાડવા કેવી રીતે તે મુંઝવણમાં જીવદયા પ્રેમીઓને સુકા ઘાસચારાની વ્યવસ્થા કરવા સ્થાનિક પશુપાલકોએ આજીજી કરી છે. પંથકની આર્થિક પાટનગરી એવા

શરૂઆતમાં ભરાયા બાદ મુખ્ય માર્ગ ઉપરની દુકાનોમાં પાણી પ્રવેશતા માલસામાનને મોટું નુકસાન થવા પામ્યું છે અને સંપૂર્ણ રસ્તો ધોવાઈ ગયો હોઈ વાહનો અને રાહદારીઓને પસાર થવામાં મુશ્કેલીઓ પડી રહી છે. નગરના વિઠ્ઠલનગર વિસ્તારમાં અને મશાલી રોડ ઉપર પણ ઢીંચણસમા પાણી ભરાતા પરિસ્થિતિ કફોડી બની જવા પામી હતી. મુખ્ય બજારમાં દુકાનોમાં ભરાયેલા પાણી બહાર કાઢવા વેપારીઓએ ભારે મથામણ કરવી પડી હતી. વર્ષોથી નગરમાં ભારે વરસાદના

વર્ષોવર્ષ ભારે નુકસાની સહન કરવાનો વારો સામાન્ય પ્રજાજનોને આવે છે. પણ તંત્રવાહકો માત્ર ઠાલા આશ્વાસનો આપવા સિવાય ઉકેલની દિશામાં નક્કર કામગીરી નહીં કરતાં હોઈ સત્તાધીશો સામે પ્રજાનો રોષ વધતો જોવા મળી રહ્યો છે. પાટણ જિલ્લામાં ભારે વરસાદના પગલે માર્ગ વાહન વ્યવહારને વિપરીત અસર પડી છે. રસ્તાઓ ઉપર ભરાયેલા પાણી, કેટલાક રસ્તાઓનું ધોવાણ થતાં રાજ્ય અને પંચાયત હસ્તકના ૨૬ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે સંપૂર્ણ બંધ કરવાની ફરજ પડતાં જનજીવન અતિ પ્રભાવિત થવા પામ્યું છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS